# આગમ જ્યોત




વર્ષ ૧૨


-: પ્રકાશક :-

શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા.

કપડવંજ, ૦ (ખેડા)

॥ श्री वर्धमानस्वामिने नमः ॥

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી માણિક્યસાગર-સૂરીશ્વરજી ભગવંતની મંગળપ્રેરણાથી ધ્યાનસ્થ સ્વ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી ભગવંતના તાત્ત્વિક વ્યાખ્યાનાદિ સાહિત્ય પીરસતું શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળાનું પ્રાણવાન પ્રકાશન.

कत्थ अम्हारिसा पाणी, दूसमादोसदूसिया ।
हा ! अणाहा ! कहं हुंता, जई ण हुंतो जिणागमो ॥

● ● ●

प्रकाशितं जिनानां यै-र्मतं सर्वनयाश्रितम् ।
चित्ते परिणतं चेदं, येषां तेभ्यो नमोनमः ॥

● ● ●

गीतार्थाय जगज्जन्तु—परमानंददायिने ।
गुरवे भगवद्धर्म—देशकाय नमोनमः ॥

● ● ●

પ્રાકૃત-ગુજરાતી-મરાઠી-સંસ્કૃત-હિંદી-અંગ્રેજી ભાષામાં
卐 પૂ શ્રી આગમોદ્ધારક આચાર્યદેવશ્રીની સ્તુતિ 卐

सिद्धद्दौ भाणुदंगे वरसुयभवणा શૈલતામ્રાગમોના
સ્થાપ્યા जैनागमाचा निरवधि प्रसरासाठीं केले सुयत्ना ।
पक्षं पद्मं श्रिता ये हिततनुममता आखरीकालमेंभी,
ऐसे श्रीसागरानंद मुनिपति जिन्हें
MOST GAIN ACCLOMATION

● ● ●

सम्यक् तत्त्वोपदेष्टारं, शास्त्रैदम्पर्यबोधकम् ।
कान्तं दान्तं सदा शान्तं गच्छेशं प्रणमाम्यहम् ॥

卐 जिनाज्ञा परमो धर्मः 卐

॥ श्री वर्द्धमानस्वामिने नमः ॥

આગમજ્ઞ-ધુરંધર પ્રૌઢ-તાત્ત્વિક
વ્યાખ્યાતા પ્રાવચનિક મૂર્ધન્ય
પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના
તાત્ત્વિક-વ્યાખ્યાનોના સંગ્રહસ્વરૂપ

# શ્રી
# આગમ-જ્યોત

( બારમું વર્ષ )

आगमदर्पणेऽवभासते जगत्समस्तं

आ. श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा

સુવિહિત આગમધરની નિશ્રા,
કિરિયા ફળ નિપજાવે જી ।
ગુરુમુખે શુદ્ધ ક્રિયા કરંતા
ભવ-ભવ ભ્રમણા જાવે જી ॥

મૂલ્ય
ચા...ર...રૂ...પિ...યા
( સ્થાયી ગ્રાહકો ન હોય તેમના માટે )

( આગમિક પદાર્થોની સૂક્ષ્મ વિવેચનાવાળા આ વ્યાખ્યાનસંગ્રહની આશાતનાથી બચવા વિનંતિ છે )

પ્રકાશક :
રમણલાલ જેચંદભાઈ
કાર્યવાહક :
શ્રીઆગમોદ્ધારક ગ્રંથમાળા
કાપડબજાર
મુ૦ કપડવંજ (જિ. ખેડા)

પુસ્તક-પ્રાપ્તિસ્થાન :
પં. હરગોવનદાસ એસ. શાહ
શ્રી. ગુ. જૈન ઉપાશ્રય
દલાલવાડો
મુ૦ કપડવંજ
(જિ. ખેડા)

## ન....મ્ર....નિ....વે....દ....ન

* આગમજ્યોત પ્રતિવર્ષ આસો સુદ પૂર્ણિમાએ (ચાર અંક ભેગા) પુસ્તકરૂપે પ્રગટ થાય છે.
* વાર્ષિક-લવાજમની યોજના બંધ કરી પૂ. સાધુ-સાધ્વીજી મહારાજાઓ, જ્ઞાનભંડારો તથા તત્ત્વરુચિ-ગૃહસ્થોને ભેટ અપાય છે.
* સ્થાયી-કોષની યોજના ચાલુ છે, જેમાં ઓછામાં ઓછા રૂા. ૧૦૧) લેવાય છે.
* છુટક ભેટ યોજનામાં પાંચ રૂપિયા કે તેથી વધુ ગમે તે રકમ સ્વીકારાય છે.

મુદ્રક :
શ્રી શક્તિ પ્રિન્ટરી
ઠક્કર પોપટલાલ ગોકળદાસ
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧.

ટાઈટલ પ્રિન્ટીંગ :
દીપક પ્રિન્ટરી
રાયપુર દરવાજા બહાર
અમદાવાદ.

2245

જેઓએ ૭૫ વર્ષની વૃદ્ધવયે કોઈપણ જાતના ટેકા વિના રોગગ્રસ્ત દશામાં પણ છેલ્લા ૧૫ દિવસ અર્ધપદ્માસને કાઉસગ્ગ મુદ્રાએ રહી પૂર્વકાલીન અનશન સમાધિ મરણની ઝાંખી કરાવી



આગમસમ્રાટ્ આગમજ્યોતિર્ધર બહુશ્રુત સૂરિપુરંદર
ગીતાર્થ સાર્વભૌમ ધ્યાનસ્થ સ્વર્ગત

**પૂ. આ. શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજ**

॥ श्री वर्द्धमानस्वामिने नमः ॥

प्रકાશકીય

# નમ્ર નિવેદન

□

મહામંગળકારી શ્રી જિનશાસનની પરમકૃપા અને તારક શ્રી દેવગુરુના પ્રતાપે વીસમી સદીના મહાન આગમજ્યોતિર્ધર, બહુશ્રુત, આચાર્ય-ધુરંધર પૂ૦ આગમોદ્ધારક આચાર્ય ભગવંતશ્રીના તાત્ત્વિક-આગમિક-વ્યાખ્યાનોના સંકલન રૂપે વિ. સં. ૨૦૨૨ થી પૂ૦ સ્વ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીના મંગળ આશીર્વાદથી શરૂ થયેલ "**શ્રી આગમજ્યોત**"નું વાર્ષિક પ્રકાશન આજે બારમા વર્ષમાં પગલાં માંડે છે, તે અમારે મન ખૂબ આનંદની વાત છે.

અમારી શક્તિ-સીમા બહારનું ભગીરથ આ કાર્ય સ્વ. પૂ૦ ગચ્છાધિપતિશ્રીના આશીર્વાદ તથા સાગર સમુદાયના પૂ૦ સાધુ-સાધ્વીજી ભગવંતોના ઉપદેશ, પ્રેરણા, તેમજ તત્ત્વરુચિવાળા જૈન શ્રી સંઘો તેમજ ધર્મપ્રેમી ગુણાનુરાગી-ગૃહસ્થોના મંગળ સહકારથી આ કાર્ય સફળતાપૂર્વક ચાલી રહ્યું છે.

અમારી ગ્રંથમાળાના વિવિધ પ્રકાશનોમાં આ પ્રકાશન ગુજરાતી ભાષામાં આગમિક-પદાર્થોની રજૂઆત અધિકારી જીવો સમક્ષ કરનારું સુરુચિકર શૈલિથી સંપાદિત થઈ પ્રગટ થાય છે. તે સૌથી વધુ મહત્ત્વનું અમે લેખીએ છીએ.

પ્રસ્તુત પ્રકાશનમાં પરોક્ષ અને અપરોક્ષ રીતે સહાય આપનારા સહુની ગુણાનુરાગભરી અનુમોદના કરવા સાથે વિશેષમાં જણાવવાનું કે આ પ્રકાશનના આર્થિક ક્ષેત્રને સુસમૃદ્ધ બનાવવા ખંતભર્યો શ્રમ ઉઠાવનાર **પૂ. પં. શ્રી સૂર્યોદય સાગરજી મ. શ્રી**ના ધર્મપ્રેમની બહુમાનભરી અનુમોદના.

વળી પ્રસ્તુત પ્રકાશનના સંપાદનની જવાબદારી સ્વીકારી સર્વાંગ-સુંદર બનાવવા પ્રયત્નશીલ પ૦ પૂ૦ પરમ તપસ્વી શાસન સંરક્ષક **ઉપાધ્યાય ભગવંત શ્રી ધર્મસાગરજી મ.શ્રીના** શિષ્યરત્ન **પૂ. પં. શ્રી અભય-સાગરજી મ. શ્રીને** અત્યંત ભાવભરી વંદનાંજલિ.

આ સિવાય પ્રકાશનને પગભર બનાવવા માટે ઉપદેશ-પ્રેરણા આપનાર પૂ૦ સાધુ-સાધ્વીજી ભગવંતો તથા શ્રી જૈન સંઘ અને સદ્‌ગૃહસ્થો આદિની શ્રુત-ભક્તિની હાર્દિક સદ્‌ભાવનાભરી અનુમોદના.

તેમાં ખાસ કરીને પૂ૦ **આ.દેવશ્રી હેમસાગરસૂરીશ્વરજી મ.** પૂ. આ. દેવશ્રી દેવેન્દ્ર-સાગર **સૂરીશ્વરજી મ.** પૂ૦ પં. **શ્રી કંચન-સાગરજી મ.,** પૂ૦ પં. **શ્રી દોલતસાગરજી મ.,** પૂ૦ પં. **શ્રી યશોભદ્ર-સાગરજી મ.,** પૂ૦ પં. શ્રી **સૌભાગ્યસાગરજી મ.,** પૂ. **મુનિશ્રી** ગુણ-**સાગરજી મ.,** પૂ. **મુનિશ્રી અભ્યુદયસાગરજી મ.** આદિ મુનિ ભગવંતો તથા સાગર સમુદાયના સર્વ સાધ્વીગણ તથા છાપવા માટેની અનેક સામગ્રી ઉદારભાવે આપનાર **શ્રી ચંદ્રસાગર સૂરીશ્વરજી જ્ઞાનમંદિર, ઉજ્જૈનના** કાર્યવાહક **શ્રી કુંદનલાલજી મારૂ** આદિ અનેક પુણ્યવાન-ગૃહસ્થો આદિ ચતુર્વિધ શ્રી સંઘના ધર્મપ્રેમભર્યા સહયોગની કૃતજ્ઞતા-ભાવે સાદર નોંધ લઈએ છીએ.

વધુમાં આ પ્રકાશન અને વ્યવસ્થા-તંત્રમાં નિઃસ્વાર્થ ભાવે સેવા આપનાર ધાર્મિક **શિક્ષક શ્રી હરગોવનદાસભાઈ** (પ્રધાનાધ્યાપક શ્રી અભયદેવસૂરિ જ્ઞાનમંદિર-કપડવંજ) તથા **બાબુલાલ કેશવલાલ શાહ ચાણસ્માવાળા** (૧૧. નગરશેઠ માર્કેટ, રતનપોળ, અમદાવાદ) તેમજ સંપાદન પ્રકાશન અંગેની ઝીણવટભરી ખંતપૂર્વક તપાસ અને પ્રુફરીડિંગ આદિની મૂકસેવા આપનાર **શ્રી રતીલાલ ચી. દોશી** (અધ્યાપક શ્રી હેમચંદ્રાચાર્ય જૈન પાઠશાળા, અમદાવાદ) પ્રુફ મેટર વગેરે સંબંધી હાર્દિક સેવા આપનાર **આશિષકુમાર માણેકલાલ શાહ** તથા **રાજેશભાઈ જયંતિલાલ શાહ** (સાતભાઈની હવેલી ઝવેરીવાડ, અમદાવાદ) તથા પ્રેસ કોપી વગેરેની ખંતભરી સેવા આપનાર **શ્રી આશ્વિનકુમાર એસ. દવે** તથા (પાલિતાણા) **પોપટલાલ ગોકળદાસ ઠક્કર** (શક્તિ પ્રીન્ટરીના માલિક) ટાઈટલ પેજ આદિનું સુંદર સ્વચ્છ કામ કરી આપનાર દીપક

પ્રિન્ટરીના કાર્યવાહકો આદિ સઘળા સહયોગી-મહાનુભાવોની કૃતજ્ઞતા-પૂર્વક સ્મરણાંજલિ.

છેલ્લે આ પ્રકાશનમાં છદ્મસ્થતાના કારણે જે કંઈ ક્ષતિઓ રહેવા પામી હોય તે માટે ક્ષમા-યાચના સાથે પુસ્તક-પ્રકાશનનો સદુપયોગ કરી પુણ્યવાન-વિવેકી આત્માઓ જીવનને તત્ત્વદૃષ્ટિ સંપન્ન બનાવે એ જ મંગલ કામના.

નિવેદક
રમણલાલ જેચંદભાઈ શાહ
મુખ્ય કાર્યવાહક
શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા
કપડવંજ (જી. ખેડા)

વીર. નિ. સં. ૨૫૦૩
વિ. સં. ૨૦૩૩
ધિ. શ્રા. વ. ૦)) મંગલ
૧૩-૯-૭૭

## વિચાર કણિકા

આપણે ધર્મ કાર્ય કરતાં પહેલાં મને શું મળશે? કેવી રીતે મળશે? ક્યારે મળશે? કેટલું મળશે? આ બધો વિચાર કરીએ છીએ, પણ આ વિચારોની ગડમથલમાં આપણી ફરજ તરીકે કરવા લાયક પ્રવૃત્તિરૂપ સમ્યક્ કારણોને સેવવાથી જ આ કાર્ય થશે એ વાતને ભૂલી જઈએ છીએ.

એટલે કોઈ પણ ક્રિયા કરીએ ત્યારે તે રૂપ જે કારણો છે તે વિધિપૂર્વક સમ્યક્ પ્રકારે સેવન કરી શકીએ તે રીતનો પ્રવૃત્તિમાં આગ્રહ રાખી ક્રિયા કરીએ તો એવી શંકાનું સ્થાન હૃદયમાં રહી શકે નહિ.

॥ नमः श्री जिनशासनाय ॥

## સંપાદકીય

# કહેવા જોગું !!!

શ્રી વીતરાગ-પરમાત્માના શાસનને ઓળખવા માટે વિવેકચક્ષુની નિર્મળતા આગમિક-પદાર્થોના ગુરુગમની ધારણા પ્રમાણે મેળવેલ રહસ્યરૂપ અંજનથી વધુ પ્રમાણમાં મેળવાય છે.

તે રીતે કલિકાળમાં આગમિક પદાર્થોની જાણકારી ધરાવનારા બહુશ્રુત-ગીતાર્થ ભગવંતો મશાલરૂપ બની રહે છે.

તે રીતે આગમની મશાલ વધુ ને વધુ પ્રજ્વલિત રહી ભવ્ય જીવોને આત્મહિતકર માર્ગ સુવ્યવસ્થિતપણે બતાવી શકે, તે માટે તે તે કાળના આગમધર મહાપુરુષો બાળજીવોના કલ્યાણ માટે વિશિષ્ટ આગવી શૈલીથી આગમિક ગહન પદાર્થોને પણ છણાવટભરી રીતે સમજાવતા હોય છે.

આવા આગમ-મશાલના પ્રતીકરૂપ અનેક બાબતોને બાળસુલભ આગમશૈલીથી સમજાવનાર ચતુર્વિધ શ્રી સંઘને હિતકારી "આગમજ્યોત" જેવા ઉત્કૃષ્ટ સ્વાધ્યાય ગ્રંથનું સંપાદન કરવાનું સૌભાગ્ય દેવગુરુ કૃપાએ આ સેવકને પૂ. સ્વ. ગચ્છાધિપતિશ્રીના અનુગ્રહપૂર્ણ આશિષબળે પ્રાપ્ત થયેલ છે, જે બદલ મારી જાતને ધન્ય-કૃતાર્થ લેખવું છું !

સ્થૂલ બુદ્ધિના ટૂંકા ક્ષેત્રમાં દોડાદોડ કરતી-વિચરનારી વ્યાવહારિક પ્રજ્ઞાને કદાચ આમાંથી કંઈ સંતોષ ન મળે, પણ ગંભીરભાવે-તત્ત્વગ્રાહી પ્રજ્ઞાને વિકસાવનારા પુણ્યવાનોને આ પ્રકાશનમાં પૂ-આગમોદ્ધારક-આચાર્ય-દેવશ્રીએ છૂટે હાથે વિવિધ રીતે પીરસેલ આગમિક અમૃત-ભોજનના વિવિધ નમૂનાઓના રસાસ્વાદ એવો અદ્ભુત મળશે કે જેના દ્વારા તેઓને પોતાની પ્રજ્ઞાને આ ક્ષેત્ર સિવાય બીજામાં લઈ જવી જ અનર્થકારી લાગશે !!!

આવા પરમોચ્ચ-સ્વાધ્યાય કક્ષાના આ ગ્રંથનું સંપાદન એટલે બે બાહુના બળે દરિયો તરવાની જેમ મારા માટે અશક્ય કામ છતાં મારા આરાધક-જીવનના ઘડવૈયા, કરુણાનિધાન વાત્સલ્ય સિંધુ પૂ. સ્વ. ગચ્છાધિપતિશ્રીની નિષ્કારણ કરુણાનો જ એ વરદ પ્રતાપ અનુભવાય છે કે-આગમિક ક્ષેત્રમાં વર્ણમાળાના ચૌદમા અક્ષર જેવા મારા હસ્તક **'આગમજ્યોત'** જેવા ગંભીર-આગમિક પદાર્થોથી ભરપૂર આગમિક ઉત્કૃષ્ટ સ્વાધ્યાય ગ્રંથનું બારમું સંકલન દેવગુરુ કૃપાએ થવા પામેલ છે.

જો કે, આ સંપાદનમાં વડીલોની કૃપા, સહયોગીઓનો પવિત્ર સહકાર અને વિવિધ મળી આવતા યોગ્ય સહકારી નિમિત્ત કારણોએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

તેમ છતાં પૂ. સ્વ. **ગચ્છાધિપતિશ્રી**ની વરદકૃપા ભર્યા આશીર્વાદ તો મુખ્ય છે જ ! એ નિઃશંક બીના છે !!!

આ ઉપરાંત મારા જીવનને અથ થી ઇતિ સુધી ઘડવામાં અજબનો ફાળો આપનાર મારા તારકવર્ય, પૂ. પરમારાધ્ય પરમોપકારી, ગુરુદેવશ્રી **ઉપાધ્યાય ભગવંત**ની કરુણાનો વિશિષ્ટ સ્મરણીય ફાળો છે કે-જેના પ્રતાપે યત્કિંચિત્ પણ સર્વતોમુખી જીવન-શક્તિઓની સફળતાની કક્ષાએ જાતને લઈ જઈ શક્યો છું.

આ ઉપરાંત પ્રસ્તુત સંપાદનની સફળતામાં નીચેના મહાનુભાવોના કરુણાભર્યા ધર્મ-સહયોગની નોંધ નમ્રાતિનમ્ર ભાવે કૃતજ્ઞતાપૂર્વક લઉં છું.

પરમ પૂજ્ય શાસન પ્રભાવક પૂ-આ. **શ્રી હેમસાગર સુરીશ્વરજી મ.** જેઓએ નિર્વ્યાજ-ધર્મસ્નેહ અને અંતરની લાગણી સાથે પૂ. આગમોદ્ધારકશ્રીની શ્રી **તત્ત્વાર્થ સૂત્રની** વાચનાની આખી પ્રેસકોપી સાદર મને આપી, તે ઉપરાંત બીજી પણ ઘણી મહત્ત્વની સૂચનાઓ દ્વારા યોગ્ય સહકાર આપ્યો છે.

પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના ઉપસંપદા પ્રાપ્ત શિષ્યરત્ન વિદ્વર્ય પ-પૂ-પં શ્રી કંચનસાગરજી મ.

પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના લઘુશિષ્યરત્ન કર્મગ્રંથાદિ-વિચાર-ચતુર-સહૃદયી પૂ. પં. શ્રી સૂર્યોદયસાગરજીમ.

પરમ પૂજ્ય ગુણગરિષ્ઠ ધર્મસ્નેહી મુનિરત્ન શ્રી ગુણસાગરજી મ.

આ ઉપરાંત આ સંપાદનમાં આજ્ઞા થતાંની સાથે નાની-મોટી દરેક જાતની કામગીરી કરી વિનીતભાવ દર્શાવનાર ધર્મસ્નેહી **મુનિશ્રી નિરૂપમ સાગરજી, મુનિશ્રી નયશેખર સાગરજી મ. બાલમુનિશ્રી પુણ્યશેખર સાગરજી મ.** આદિ અનેક મહાનુભાવોના સહયોગના ફળરૂપે આ સંપાદન વ્યવસ્થિત થઈ શક્યું છે.

યથાશક્ય જાગૃતિ રાખી પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના આશય વિરુદ્ધ કંઈ ન થાય તેની તકેદારી રાખવા છતાં છદ્મસ્થતાના કારણે જિનાજ્ઞા કે પરંપરા વિરુદ્ધ કંઈ સંપાદન થવા પામ્યું હોય, તો તે બદલ ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ હાર્દિક મિથ્યા દુષ્કૃત દેવા સાથે પુણ્યવાન તત્ત્વરુચિવાળા જિજ્ઞાસુ-મહાનુભાવો આ પ્રકાશનને જ્ઞાની-ગીતાર્થ-ગુરુ ભગવંતની નિશ્રાએ વાંચી-વિચારી અંતરંગ-તત્ત્વદૃષ્ટિની સફળ કેળવણી કરી સંપાદકના અનુભવની જેમ પોતે પણ જિનશાસનની રસાસ્વાદપૂર્વક સફળ-આરાધનાનો લાભ લેવા ભાગ્યશાળી બને, એજ મંગળ અભિલાષા...

વીર સં. ૨૫૦૩, વિ. સં. ૨૦૩૩
દ્વિ. શ્રા વ. ૧૧ શુક્ર
અઠ્ઠાઈધર દિન, ૯-૯-૭૭
શેઠશ્રી નેમુભાઈની વાડી
જૂની અદાલત, ગોપીપુરા
સુરત-૨

નિવેદક

**શ્રી શ્રમણ સંઘ સેવક**

**પૂ. ઉપાધ્યાય તપસ્વી ગુરુદેવ**
**શ્રી ધર્મસાગર ગણિવર ચરણસેવક**
**અભયસાગર**

શ્રી

# આ....ગ....મ....જ્યો....ત

વર્ષ-૧૨

પુસ્તક ૧-૨-૩-૪

## વિ....ષ....ય....દ....ર્શ....ન


પૃષ્ઠ

પ્રકાશકીય............૩

સંપાદકીય............૬

અનુક્રમણિકા............૯

પૃષ્ઠ

પુસ્તક-૧............૧ થી ૩૨

પુસ્તક-૨............૧ થી ૪૦

પુસ્તક-૩............૧ થી ૪૪

પુસ્તક-૪............૧ થી ૨૮


### પુસ્તક-૧

પૃષ્ઠ ૧ થી ૩૨


ધર્મનું અદ્ભુત રહસ્ય ... ૧ થી ૧૦

ધર્મનો લક્ષ્યાર્થ-ભાવાર્થ શો?... ... ... ... ૧ થી ૨

ધર્મ-શબ્દનો લક્ષ્યાર્થ અને વાચ્યાર્થ ... ... ... ૩ થી ૧૦

## તીર્થયાત્રા-સંઘયાત્રા

શીર્ષક-પરિચય ... ...૧૧
વિશિષ્ટ-પરિચય ... ...૧૨

### તીર્થયાત્રા-સંઘયાત્રા
### મહાનિબંધ પૃષ્ઠ ૧૩ થી ૩૧

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૦ તીર્થ-ચૈત્યનો મહિમા સર્વોત્તમ કેમ? ... | ૧૩ |
| ૦ તીર્થભૂમિ સમ્યક્ત્વની મજબૂતીનું કારણ ... | ૧૪ |
| ૦ સ્વ અને પરના લાભ માટે યાત્રીગણનો નેતા શું કરે? ... | ૧૫ |
| ૦ છ'રી પાળતો સંઘ અનુમોદનીય હોઈ શકે? ... | ૧૬ |
| ૦ ધનશેઠના અધિકારમાં શું જણાવે છે? ... | ૧૮ |
| ૦ પ્રાસંગિક સૂચન ... | ૧૯ |
| ૦ શ્રી તીર્થંકર ભગવંતોનો પ્રભાવ કેવો? ... | ૨૦ |
| ૦ આગમની અત્યુત્કૃષ્ટતા શામાં? ... ... | ૨૧ |
| ૦ પ્રવૃત્તિ આગમાનુસારે હોવી જોઈએ ... ... | ૨૨ |
| ૦ સ્વ-કલ્પિત પ્રવૃત્તિ સંસાર-વૃદ્ધિનું કારણ બને છે ... | ૨૩ |
| ૦ જિનેશ્વર મહારાજનો અત્યુત્તમ ઉપકાર શો? ... | ૨૪ |
| ૦ ઉપકારીનું ઉપકારકપણું એક-સરખું જ હોય? ... | ૨૫ |
| ૦ દેવતાઓ પણ પુસ્તક-રત્નની આરાધના કરે ... | ૨૬ |
| ૦ સાત-ક્ષેત્રોમાં ત્રીજે નંબરે આગમક્ષેત્ર આરાધ્ય બને ... | ૨૭ |
| ૦ મંદિરનું પ્રમાણ કેટલું? ... ... ... | ૨૭ |
| ૦ દેવોની વિપુલ સંખ્યાએ પણ ચૈત્યનું પ્રમાણ મોટું હોવું જોઈએ ... ... ... | ૨૮ |
| ૦ મનુષ્યોમાં પણ તેમજ હોય છે. ... ... | ૨૮ |
| ૦ સંપ્રતિરાજા આદિના સમયનાં ચૈત્યો શું જણાવે છે ... | ૨૯ |
| ૦ દેવલોકના સુવર્ણમય દહેરાંનો ઉલ્લેખ શાસ્ત્રોમાં પણ છે ... | ૩૦ |
| ૦ જિનચૈત્ય માટે જે કંઈ કરો તે થોડું ... | ૩૦ |
| ૦ શાસનની મહત્તા ... ... ... | ૩૧ |
| ૦ જૈન સાધુઓ ઉત્તમ કેમ? ... ... | ૩૨ |

## પુસ્તક-૨
### પૃષ્ઠ ૧ થી ૪૦


પૃષ્ઠ

કલ્યાણક દિવસોની આરાધનાનો દૃષ્ટિકોણ ... ...૧ થી ૫

શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્રનું હૃદયગ્રાહી વિવેચન ...૬ થી ૩૮

જીવનની સફળતા શામાં? ... ... ૩૯

સાધુઓનું સંઘમાં સ્થાન ... ... ૪૦


## પુસ્તક-૩
### પૃષ્ઠ ૧ થી ૪૪


જૈનશાસનમાં જ્ઞાનનું સ્વરૂપ ... ... પૃષ્ઠ ૧ થી ૬


## દીવાદાંડીનાં અજવાળાં
### પૃષ્ઠ ૭ થી ૩૮


પૃષ્ઠ

વિભાગ પરિચય-૭

શ્રુતજ્ઞાનનું મહત્ત્વ અને તેની વિશિષ્ટ-પરિણતિ... ... ૭

સાધ્ય-સાધન શૂન્ય દેવનો ઉપદેશ નિષ્ફલ છે? ... ...૧૭

० આત્મ-હિતકર દેવ-ગુરુનું સ્વરૂપ ... ... ૧૮

० શ્રોતાને પ્રથમ ઉપદેશ કયો આપવો? ... ... ૨૧

० શ્વેતામ્બરોની માન્યતામાં મોક્ષની અટકાયત નથી ... ૨૨

० ચારિત્રની મહત્તા ... ... ... ૨૮

० તપસ્યાની મહત્તા ... ... ... ૩૮

## પુસ્તક-૪
**પૃષ્ઠ ૧ થી ૨૮**


○ ધર્મના સ્વરૂપનું ફળમુખી વિવેચન ... ... ૧ થી ૯


## હૈયાનો ઝંકાર
**પૃષ્ઠ ૧૦ થી ૧૬**


○ શ્રી તારંગા તીર્થાધિપ સ્તુતિ ... ... ૧૦
○ શ્રી પોસીના પાર્શ્વનાથ સ્તુતિ ... ... ૧૧
○ શ્રી વીતરાગ-પરમાત્મ-સ્તુતિ ... ... ૧૧
○ શ્રી સિદ્ધાચલજી સ્તવન ... ... ૧૩
○ શ્રી „ „ ... ... ... ૧૪
○ શ્રી અજિતનાથ „ ... ... ... ૧૪
○ શ્રી આદીશ્વરભગવાન સ્તવન ... ... ૧૫
○ શ્રી સુપાર્શ્વનાથ સ્તવન ... ... ૧૫
○ સરસીમંડન શ્રી ચન્દ્રપ્રભ સ્તવન ... ... ૧૬


## ગુરુ ચરણમાંથી મળેલું
**પૃષ્ઠ ૧૭ થી ૨૮**


○ વિભાગ પરિચય ... ... ... ૧૭
○ મહત્ત્વના પ્રશ્નોત્તરો ... ... ... ૧૮ થી ૨૨
○ 'તાત્ત્વિક પ્રશ્નોત્તરાણિ' ગ્રંથનો સંક્ષિપ્ત
ગુર્જરાનુવાદ પ્રશ્ન ૯૩ થી ૯૭ ... ... ૨૩ થી ૨૮
○ શ્રી 'આગમજ્યોત' સ્થાયીનિધિમાં લાભલેનાર ...
ભાગ્યશાળીઓની નામાવલિ ... ... ૨૮

શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

# આગમ જ્યોત

વીર નિ. સં. ૨૫૦૩ ✿ વિ. સં. ૨૦૩૩

વર્ષ ૧૨ ✿ પુસ્તક ૧

## दुर्गतिप्रपतज्जन्तुधारणा-द्धर्म उच्यते નું અદ્ભુત રહસ્ય

★

### ધર્મનો લક્ષ્યાર્થ-ભાવાર્થ શો ?

**ધર્મ** શબ્દના વ્યુત્પત્તિ-અર્થ પ્રમાણે આ લોક સંબંધી વિવિધ-પીડાઓથી બચાવીને સ્વસ્થ-સ્થિતિમાં જીવને રાખવો, તેમજ અન્ય ભાવી-આપત્તિઓથી પણ બચાવીને જીવને સારી અવસ્થામાં રાખવો એ **ધર્મનું** તત્ત્વ છે.

આ પ્રમાણે વ્યુત્પત્તિ-અર્થ છતાં બહુલતાએ ધર્મનું સાધ્ય પરભવના દુઃખોથી બચવાનું ગણવામાં આવે છે, અને તેથી

दुर्गतिप्रपतज्जंतुधारणाद् धर्म उच्यते ।

એમ અથવા તો

दुर्गतिप्रसृतान् जंतून्, यस्माद् धारयते ततः;  
धत्ते चैतान् शुभे स्थाने, तस्माद् धर्म इति स्मृतः ॥

એવા એવા વાક્યોથી શાસ્ત્રકાર-મહારાજાઓ પણ ધર્મનું

પ્રયોજન, દુર્ગતિનું નિવારણ અને શુભગતિની પ્રાપ્તિ છે એમ જણાવી ધર્મનું મુખ્ય તત્ત્વ અન્ય જિંદગીને અંગેજ જણાવે છે.

એનું કારણ એમ જણાય છે કે-

આ ભવના દુઃખોના નિવારણમાં જો કે પૂર્વ-ભવે કરેલાં પુણ્યો મુખ્ય ભાગ ભજવે છે, અને તેથી આ ભવના દુઃખોનું પણ નિવારણ પૂર્વ-ભવમાં કરેલા ધર્મથી થએલા પુણ્યદ્વારા થાય છે, તો પણ સામાન્ય દૃષ્ટિવાળો મનુષ્ય આ ભવના દુઃખના નિવારણમાં ઉદ્યમને પ્રત્યક્ષ દેખતો હોવાથી અને પુણ્યપ્રકૃતિ સૂક્ષ્મ હોઈ અરૂપી જેવી હોવાને લીધે તેને નહિ દેખનો હોવાથી ઉદ્યમજન્ય માની લેવાની ભૂલ કરે-એ સ્વાભાવિક છે.

જગતમાં ખેતરની માટી અને વરસાદનું પાણી એકસરખું હોવા છતાં જેમ જુદી જુદી જાતનાં વૃક્ષો ઉત્પન્ન થાય છે, તેથી જુદાં જુદાં બીજો વાવ્યાનું અનુમાન સ્હેજે કરી શકાય છે, તેમ એક કુલમાં એક માતાની કૂખે જન્મેલા, એક-સરખા સંજોગોને ધારણ કરનારા પુત્રોમાં, સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય વગેરે સુખના સાધનોની પ્રાપ્તિની વિચિત્રતાને જોનારો સામાન્ય દૃષ્ટિવાળો મનુષ્ય પણ પુણ્યની વિચિત્રતાનું અનુમાન કરી શકે છે. આમ છતાં જેઓની તેવી કારણ-ગવેષણાની દૃષ્ટિ પહોંચતી નથી, તેઓ આ લોકના સર્વ સુખ-સાધનોને માત્ર ઉદ્યમજન્ય માનવા તૈયાર થાય છે.

જેમ કોઈ ન કલ્પી શકાય તેવો ગમાર મનુષ્ય ક્ષેત્રમાં પાકની વિવિધતાના મૂળ કારણરૂપ વાવવાના બીજોનું જુદાપણું નહિ સમજતાં માત્ર ક્ષેત્ર અને પાણીનોજ પ્રભાવ જાણે, માને અને કહે, તેવા રીતે કેટલાક અજ્ઞાન જીવો પણ બુદ્ધિ અને પ્રયત્નનેજ માત્ર દેખતાં આ ભવમાં થતી સુખના સાધનોની વિચિત્રતાને તે બુદ્ધિ અને પ્રયત્નનાજ ફળરૂપ માને છે, પણ બીજની વિચિત્રતાની માફક પરભવના કર્મોની વિચિત્રતાને માનવા ન કલ્પી શકાય તેવા ગમાર માણસની માફક તૈયાર થતા નથી.

## ધર્મ-શબ્દનો લક્ષ્યાર્થ અને વાચ્યાર્થ

કેટલાક આર્યાવર્તમાં જન્મ પામ્યા છતાં પણ અનાર્યના જડ-વાદની જમાવટ કરવાવાળા મનુષ્યો ધર્મશબ્દનો વાચ્યાર્થ અને લક્ષ્યાર્થરૂપે અર્થભેદ નહિ છતાં અથવા એકાર્થપણું છતાં લક્ષ્યાર્થ અને વાચ્યાર્થને છૂટા પાડે છે, અને સ્પષ્ટપણે તેઓ જાહેર કરે છે કે-

"અન્ય-જિંદગીમાં દુઃખથી બચાવનાર અને સુખને મેળવી આપનાર ધર્મ શિવાય બીજો કોઈ પદાર્થ છેજ નહિ એવું જે કહેવામાં આવે છે તે માત્ર વાચ્યાર્થ તરીકે એટલે શબ્દાર્થ તરીકેજ છે, પણ ધર્મ-શબ્દનો લક્ષ્યાર્થ તો એજ છે કે તે ધર્મના નામે મનુષ્ય આ જિંદગીમાં હિંસા, જૂઠ વગેરે જૂલમના અને અન્યાયના કાર્યોથી બચે અને તેવી રીતે જુલમ અને અન્યાયોથી બચવાવાળો મનુષ્ય સારી નીતિ અને સારી ચાલ-ચલગતવાળો થઈ સર્વ પ્રકારે યોગ્ય-ઉદ્યમ કરવાવાળો થાય અને તેથી મરણપર્યંત સુખના સાધનોને મેળવી શકે."

આવી રીતે લક્ષ્યાર્થદ્વારા ધર્મ સમજાવવાનું તેઓ એટલા માટે જરૂરી માને છે કે-જો આવતી જિંદગીના દુઃખોથી બચવા અને સુખોને મેળવવાની કારણતારૂપ વાચ્યાર્થતાદ્વારા ધર્મને ન સમજાવતાં ઉપર જણાવેલા લક્ષ્યાર્થદ્વારા ધર્મ જણાવવામાં આવે તો 'સત્તા આગળ શાણપણ ચાલે નહિ' એ લોકોક્તિ મુજબ સત્તાધીશ મનુષ્યો પોતાની સત્તાનો અનુપયોગ કે દુરૂપયોગ કરતાં કોઈ પણ અંશે સંકોચાય નહિ.

કારણ કે તેવા સત્તાધીશોને કોઇ પણ બીજી સત્તાનો ડર હોતો નથી, ક્યારેક સજ્જન ગણાતા મનુષ્યો પણ સત્તાધીશોની શ્લાઘાની સરિતા વહેવડાવવા સર્વદા આત્માનું સમર્પણ કરવા તૈયાર હોય છે, તેથી તેઓને પોતાના સત્તાધીશપણાના પ્રભાવથી અપકીર્તિપણાનો અંશે પણ ડર હોતો નથી, એટલું જ નહિ પણ સત્તાધીશોએ અન્યાયથી લીધેલાં રાજ્યો, અયોગ્ય રીતિએ કરેલા શત્રુસૈન્યના સંહારો

વિગેરે જગતમાં મહાપુરુષ તરીકે ગણાતા પ્રખર કવિઓએ કાવ્યદ્વારા યશોગાનની ગીતામાં ગોઠવી દીધેલાં હોય છે, માટે તેવા સત્તાધીશોને સન્માર્ગની સડક ઉપર સફર કરાવવાનું કોઈ પણ જો સાધન હોય તો તે ઉપર જણાવેલો ધર્મશબ્દનો વાચ્યાર્થરૂપે અર્થ કરવો તેજ છે.

આવી રીતે ધર્મશબ્દના વાચ્યાર્થને અલગ રાખી માત્ર લક્ષ્યાર્થને નામે લોકોને દોરવવા એ ધર્મને નામે નાસ્તિકતાનું નરકદ્વાર ખોલવા જેવું છે, કેમકે પ્રથમ તો **"લક્ષ્યાર્થ ત્યાંજ જુદો હોય કે જ્યાં મુખ્યાર્થનો બાધ હોય છે."** અહીં ધર્મશબ્દના વાચ્યાર્થ તરીકે અન્ય, જિંદગીમાં આવનારા દુઃખોથી બચવું અને સુખોની પ્રાપ્તિ કરવી એવો જે મુખ્યાર્થ જણાવેલો છે, તેમાં કોઈ પણ પ્રકારે બાધ થતો નથી, માટે તે વાચ્યાર્થરૂપી મુખ્યાર્થથી ભિન્ન એવો લક્ષ્યાર્થ લેવાની આસ્તિકોને કોઈ પણ પ્રકારે જરૂર નથી.

લક્ષણાના જહલ્લક્ષણા વિગેરે વિભાગો કરી પૂર્વ-મહર્ષિઓએ અન્ય-જિંદગીમાં આવનારા કર્મો-દુઃખો દૂર કરનાર તથા સુખને પ્રાપ્ત કરાવનાર તરીકે જણાવેલો વાચ્યાર્થ નહિ છોડતાં काकेभ्यो दधि रक्ष्यताम् । એ વાકયમાં જેમ દહીંને ખાઈ જનાર કાગડાથી દહીંનું રક્ષણ કરવાનું છે, અને બીજા પણ કુતરા, બિલાડા વિગેરે જે દહીંને ખાઈ જનારા છે, તેઓથી પણ દહીંનું રક્ષણ કરવાનું છે એવું તત્ત્વ હોવાથી અજહલ્લક્ષણા નામની લક્ષણા જણાવી લક્ષ્યાર્થ જણાવાય છે, તેવી રીતે અહીં અન્ય જિંદગીમાં આવનારા દુઃખથી બચાવ અને સુખની પ્રાપ્તિરૂપ ધર્મશબ્દનો મુખ્યાર્થ સાબીત રાખી જો આ જિંદગીના દુઃખના બચાવ અને સુખના સાધનોને પણ ધર્મશબ્દના અર્થમાં ગોઠવી જેમ काकेभ्यो० વાળા વાક્યમાં દધિને નાશ કરનારા માત્રનો અર્થ લેવામાં આવે છે, તેવી રીતે ધર્મશબ્દના અર્થમાં પણ અન્ય જિંદગીના દુઃખોને દૂર કરવાના અને સુખોને મેળવવાનું સાધન ધર્મ છે, એમ માનવા સાથે આ જિંદગીના દુઃખોને દૂર કરવાનું

અને સુખોને પ્રાપ્ત કરવાનું સાધન ધર્મ છે, એમ અ-જહલ્લક્ષણાથી માનવામાં આવે તો કોઈપણ જાતની અડચણ નથી,

પણ આ રીતે અ-જહલ્લક્ષણાથી લક્ષ્યાર્થને માનનારો મનુષ્ય કેવળ સત્તાધીશોની સત્તાના દુરૂપયોગ અને અનુપયોગના નિવારણને માટે જ ધર્મનો વાચ્યાર્થ છોડી દઈ માત્ર લક્ષ્યાર્થ માટે ઉપયોગ થએલો છે, એમ માનવા તૈયાર નહિ.

અર્થાત્ આ જિંદગી અને અન્ય જિંદગીમાં રાજા કે રંક, પંડિત કે મૂર્ખ, શ્રીમાન્ કે દરિદ્ર, રોગી કે નીરોગી, મનુષ્ય કે જાનવર દરેકને દુઃખથી બચાવનાર અને સુખ પ્રાપ્ત કરાવનાર જો કોઈ ચીજ હોય તો તે માત્ર ધર્મ જ છે, એમ અ-જહલ્લક્ષણાદ્વારા કહી શકાય,

પણ-अ-सिद्धमर्थं शासत् शास्त्रमर्थवद् भवति। એ ન્યાયે આ ભવમાં દુઃખોને દૂર કરવાના અને સુખોને પ્રાપ્ત કરવાના સાધનભૂત ધર્મ એ સિદ્ધ થએલી વસ્તુ છે, એને કોઈપણ પ્રકારે સાધ્ય-દશામાં મેલી શકીએ તેમ નથી, પણ અન્ય જિંદગીમાં દુઃખોને દૂર કરવા અને સુખોને પ્રાપ્ત કરવાના સાધનરૂપ ધર્મ એ બહુલતાએ સાધ્યદશામાંજ છે, અને તેવા સાધ્યરૂપ રહેલા ધર્મને અ-સિદ્ધ ગણી તેને માટે શાસ્ત્રકારો ઉપદેશ આપે અને આવતી જિંદગીના દુઃખને નિવારણ કરવા અને સુખને પ્રાપ્ત કરવાના અર્થને ધર્મશબ્દના અર્થ તરીકે જણાવે તો તે સર્વ પ્રકારે યોગ્ય છે.

આ હકીકત વિચારનારા મનુષ્યને ધર્મના વ્યુત્પત્તિ-અર્થમાં **અન્ય-જિંદગીના દુઃખોને દૂર કરવા અને સુખોને પ્રાપ્ત કરવા એટલે દુર્ગતિ રોકવી અને સદ્ગતિ મેળવવી એજ** અર્થ **ધર્મ**શબ્દના અર્થ તરીકે લીધો, તે વિધેયની અપેક્ષાએ છે અને **ધર્મસ્વાખ્યાતતા** નામની છેલ્લી-બારમી ભાવનામાં આ જિંદગીના દુઃખોને નિવારવા અને સુખને પ્રાપ્ત કરવાના સાધનો મેળવી આપનાર તથા સાધનો થનાર વસ્તુઓ મેળવી આપનાર ધર્મજ

છે એવું કરેલું નિરૂપણ અનુવાદની અપેક્ષાએ છે એમ સહેજે સમજી શકે તેમ છે.

આવી રીતે **સામાન્ય રીતે—**

"આ લોક અને પરલોક=ઉભયમાં દુ:ખને દૂર કરી સુખ પ્રાપ્ત કરાવનારો ધર્મ"

**વિધેયની અપેક્ષાએ—**

"દુ:ખને દૂર કરી સુખને પ્રાપ્ત કરાવનારો ધર્મ"

તથા **અનુવાદની અપેક્ષાએ—**

આ લોકમાં દુ:ખને દૂર કરાવનાર તથા સુખોને પ્રાપ્ત કરાવનાર તથા તેને અનુકૂળ સાધનો મેળવી આપનાર ધર્મ.

એમ **વ્યુત્પત્તિઅર્થ, વિધેયઅર્થ** અને **અનુવાદઅર્થની** અપેક્ષાએ માનવામાં કોઈપણ વિચક્ષણ-મનુષ્યને અડચણ રહેશે નહિ.

એ વાત જરૂર ધ્યાનમાં રાખવાની છે કે જ્યાં જ્યાં અનૂદ્ય અને વિધેય એ બંને અર્થોનો પ્રસંગ હોય ત્યાં ત્યાં સામાન્ય-નિયમથી **અનૂદ્ય-અર્થ કરતાં વિધેય-અર્થનું બલવત્તરપણું હોય છે,** અને તેથી મહાપુરુષો ધર્મના વ્યુત્પત્તિ-અર્થને જણાવતાં અન્ય **જિંદગી સંબંધી દુ:ખપરિહાર** અને **સુખપ્રાપ્તિરૂપ ફળ જણાવે** તો તે અત્યંત યોગ્યજ છે.

જો કે ધર્મશબ્દનો મુખ્ય અર્થ પૂર્વ-મહર્ષિઓએ જણાવ્યો છે તેમ અને ઉપર કહ્યા પ્રમાણે આવતી-જિંદગીના દુ:ખોને દુર કરવા અને સુખોને પ્રાપ્ત કરવાં એ જ છે, છતાં તેના આનુષંગિક-અર્થને વિચારીએ તો ધર્મના અર્થને અંગે પહેલા ભવમાં કરેલા ધર્મના પ્રતાપે વર્તમાન-ભવમાં દુર્ગતિ થઈ નથી અને સારા મનુષ્યપણારૂપી સદ્‌ગતિ મળી છે, તેથી **દુર્ગતિનિવારણ** અને **સદ્‌ગતિપ્રાપ્તિરૂપ** ધર્મશબ્દનો અર્થ વર્તમાન મનુષ્યજન્મમાં પણ અનુભવાય છે અને તે અપેક્ષાએ પૂર્વમહર્ષિઓની વ્યુત્પત્તિ જે ધર્મશબ્દને અંગે જણાવવામાં

આવી છે, તે વ્યાપકજ ઠરે છે, અને આ ભવમાં પણ ધર્મશબ્દના મુખ્ય અર્થની ચરિતાર્થતા છે જ.

જો કે ત્રિલોકનાથ તીર્થંકર-મહારાજાઓએ ધર્મતત્ત્વનું નિરૂપણ માત્ર પૌદ્ગલિક-દુઃખોના નિવારણ અને પૌદ્ગલિક-સુખોની પ્રાપ્તિ માટે કે નરકાદિક દુર્ગતિઓનું નિવારણ કરી મનુષ્યત્વાદિક સદ્ગતિઓની પ્રાપ્તિ માટે કરેલું નથી, કેમકે કેવળ મોક્ષપ્રાપ્તિને માટેજ ઉદ્યમ કરવા કટિબદ્ધ થએલા ખુદ તીર્થંકર-મહારાજ વિગેરે તો શું ? પણ માત્ર સમ્યગ્દર્શનને ધારણ કરવાવાળા જીવોને પણ મનુષ્યપણું, દેવપણું કે ચક્રવર્તીપણું એ સર્વ દુનિયાદારીની દૃષ્ટિએ સુખમય હોઈ સદ્ગતિરૂપે ગણાય છે, છતાં તે બધું કર્મથીજ થવાવાળું હોઈ આત્માની સિદ્ધદશાનો બાધ કરનાર હોવાથી તેમજ આત્માથી પર એવા પુદ્ગલોથી ઉત્પન્ન થતા સુખોનાજ સામ્રાજ્યવાળું હોવાથી દુઃખરૂપ અને છાંડવારૂપજ જણાવેલું છે.

આ કારણથી સ્થાન-સ્થાન પર શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે—

**"સમ્યગ્દૃષ્ટિ જીવ જો તાત્ત્વિક સમ્યગ્દર્શનને પામેલો હોય તો કોઈપણ કાળે મોક્ષ સિવાય અન્ય પદાર્થની એટલે દેવત્વાદિકની પણ ઈચ્છા કરનારો હોય નહિ."**

આ સ્થાને ચતુર્વિધ-સંઘરૂપી સમ્યગ્દર્શનના ધોરી પુરુષોને પોતાના સમ્યગ્દર્શનને નિર્મળ રાખવા તથા દૃઢ રાખવા એ ખાસ જરૂરી છે, કે-

કોઈપણ કાળે અને કોઈપણ પ્રકારે પરમપદરૂપ જે મોક્ષ તે શિવાયના નરેન્દ્રત્વ, ચક્રવર્ત્તિત્વ, દેવત્વ કે ઈંદ્રત્વ આદિ પરભવમાં મળતાં પૌદ્ગલિક-ફળો કે આ ભવમાં મળતા ઈષ્ટ-વિષયોની પ્રાપ્તિ અનિષ્ટ-વિષયોનું નિવારણ, રોગાદિકનો નાશ, ઋદ્ધિ-સમૃદ્ધિની પ્રાપ્તિ કે યશ-કીર્તિનો ફેલાવો કોઈ દિવસ પણ ધર્મના ફળ તરીકે તો શું ? પણ સાધ્ય તરીકે કોઈ દિવસ પણ ધારવું જોઈએ નહિ.

યાદ રાખવું કે यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः । એ સૂત્ર *લૌકિક-માર્ગવાળાને જેમ માન્ય છે, તેમ લોકોત્તર માર્ગવાળાને પણ* માન્ય જ છે પણ લૌકિક-મતવાળા અભ્યુદય એટલે સાંસારિક સર્વ પ્રકારના સુખો આદિની પ્રાપ્તિ ધર્મના સાધ્યફળ તરીકે ગણે છે, અને તેથી જ તેઓ स्वर्गकामोऽग्निहोत्रं जुहुयात् વગેરે શ્રુતિના સૂત્રોથી દેવલોક, ઋદ્ધિ-સમૃદ્ધિ, યશઃકીર્તિ કે પુત્ર-પૌત્રાદિકને માટે ધર્મરૂપ મનાએલા યજ્ઞનું વિધાન કરે છે,

પણ-લોકોત્તર-દૃષ્ટિની અપેક્ષાએ પૌદ્ગલિક ફળરૂપ અને સંસારના ચક્રાવારૂપ ઋદ્ધિ-સમૃદ્ધિ આદિને સાધ્ય-ફળરૂપે ગણવામાં આવતું નથી,

કેમ કે ભગવાન તીર્થંકર વિગેરે આરંભ અને પરિગ્રહના તથા વિષય અને કષાયના ત્રિવિધ ત્રિવિધ પ્રકારે ત્યાગી હોઇ જો તે આરંભાદિમય એવા નરેન્દ્રત્વ અને દેવત્વાદિને સાધ્ય તરીકે ગણાવી તેના કારણ તરીકે તે પ્રાપ્ત કરવા માટે ધર્મનું નિરૂપણ કરે તો જૈન-શાસનના મુદ્દા પ્રમાણે તેઓ પોતાની પ્રતિજ્ઞાને તોડનારા થાય અને તેઓને વદતો વ્યાઘાતવાળી દશા પ્રાપ્ત થાય,

માટે લોકોત્તર દૃષ્ટિએ અભ્યુદય એટલે પૌદ્ગલિક-સમૃદ્ધિ સાધ્ય-ફળ હોઈ શકે નહિ અને તેને માટે ધર્મનું નિરૂપણ પણ હોય નહિ,

પરંતુ કર્ષક જેમ ખેતી કરતી વખતે ધાન્યનેજ મુખ્ય ફળ હોવાથી સાધ્ય તરીકે ગણે છે, છતાં તે ધારેલા ધાન્યની નિષ્પત્તિ પહેલાં વાવેલા ધાન્યની જાતિ પ્રમાણે તરેહ તરેહના ઘાસોને પામે છે, તેથી તે ખેતીની ક્રિયાનું મુખ્ય એટલે સાધ્યફળ ધાન્ય એટલે અનાજ જ કહી શકાય, પણ અનાજ વાવવાથી થયેલા ઘાસની પ્રાપ્તિ એ મુખ્ય ફળ એટલે સાધ્યફળ ન ગણાતા આનુષંગિક એટલે પ્રાપ્ય-ફળ તરીકે ગણી શકાય છે,

તેવીજ રીતે ધર્માનુષ્ઠાનના પ્રતાપે મોક્ષરૂપી સાધ્યફળ મેળવ-

વાનું છતાં પણ પૌદ્‍ગલિક-સમૃદ્ધિરૂપી અભ્યુદયની જે વચમાં પ્રાપ્તિ થાય છે, તે આનુષંગિક એટલે પ્રાપ્ય ફળ તરીકે ગણી શકાય.

ઉપર કહેલી વાત બરાબર સમજવામાં આવશે તો વાચકો સ્પષ્ટ રીતે સમજી શકશે કે-

જેમ જે અનાજ વાવવાથી કિંમતી એવા ધાન્યરૂપી મુખ્ય એટલે સાધ્ય-ફળની પ્રાપ્તિ થઈ શકતી હોય તેવા અનાજને જો કર્ષક પણ ઘાસ આદિકને માટે વાવે તો તે કર્ષકની લાઈનમાં પણ અણસમજુ કે મૂર્ખજ ગણાય છે.

તેવી રીતે ધર્માનુષ્ઠાનો પણ મુખ્ય એટલે સાધ્ય એવા મોક્ષરૂપ ફળને દેવાવાળા છતાં તે ધર્માનુષ્ઠાનોથી અભ્યુદય એટલે પૌદ્‍ગલિક ફળો કે જે ધર્માનુષ્ઠાનના ગૌણ એટલે કે માત્ર પ્રાપ્યફળ છે, તેની જો ધર્માનુષ્ઠાનથી સાધ્યતા રાખી બેસે તો તે મનુષ્ય ધર્માનુષ્ઠાન વિશુદ્ધપણે અને ભાવોલ્લાસથી કરતો હોય તો પણ તેને દ્રવ્ય-અનુષ્ઠાન કરવાવાળોજ શાસ્ત્રકારો જણાવે છે,

અર્થાત્ "**મોક્ષતત્ત્વની શ્રદ્ધા કરી તેનીજ સાધ્યતા છે એમ મનમાં નિશ્ચિત કરી તેને માટે જ હું ધર્માનુષ્ઠાન કરૂં છું એવી ધારણા જ્યાં સુધી થાય નહિ ત્યાં સુધી જીવ ભાવ-અનુષ્ઠાનવાળો થયો છે**" એમ કહી શકાય જ નહિ.

આ દ્રવ્યાનુષ્ઠાન અને ભાવાનુષ્ઠાનનું નિરૂપણ દરેક આત્માનું સ્વરૂપ ઓળખવા માટે જરૂરી છે, પણ જે કેટલાક અજ્ઞાની જીવો પોતે ભાવાનુષ્ઠાનને માટે તૈયાર ન થતાં માત્ર બીજા જીવોવડે કરાતાં ધર્માનુષ્ઠાનોને દ્રવ્યાનુષ્ઠાનો તરીકે ઓળખાવી કે તે ધર્માનુષ્ઠાનોને ભાવાનુષ્ઠાનોની શૂન્યતાના નામે છોડાવી દે છે અગર છોડાવવા પ્રયત્ન કરે છે તેવા જીવોની અનુકૂળતા થવા માટે કે કરવા માટે આ દ્રવ્યાનુષ્ઠાન-ભાવાનુષ્ઠાનનું સ્વરૂપ કહેવામાં આવ્યું જ નથી.

કેમ કે પ્રથમ તો અન્ય જીવ મોક્ષતત્વને જાણતો નથી, માનતો નથી, તેને પરમસાધ્ય તરીકે ગણતો નથી કે તે ધર્માનુષ્ઠાન મોક્ષની

પ્રાપ્તિ કરવા માટે કરતો નથી એ જાણવાનું તે અજ્ઞાની જીવોને માટે અશક્યજ છે.

જો કે ભગવાન હરિભદ્રસૂરિએ તો મોક્ષનું સ્વરૂપ જાણવું, માનવું કે તેની સાધ્યતા રાખી ધર્માનુષ્ઠાન કરવું એ ભાવાનુષ્ઠાન હોઈ કરવા લાયક છે એમ જણાવવા સાથે તેટલું બધું જ્ઞાન વિગેરે ન હોય અને માત્ર જિનેશ્વર મહારાજે આ કરવાનું કહેલું છે, માટે કરવું જોઇએ એવી ધારણા રાખવાવાળાના દ્રવ્યાનુષ્ઠાનને પણ ભાવાનુષ્ઠાનના કારણરૂપ જણાવી કરવાલાયક જણાવ્યું છે.

એટલે જિનેશ્વર–મહારાજના શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલા અનુષ્ઠાનો મોક્ષપ્રાપ્તિને માટે કરવાં આવશ્યક છે, છતાં કદાચ તેવી વિશાળબુદ્ધિ ન હોય અને મોક્ષતત્ત્વનું જ્ઞાન વિગેરે ન મેળવી શકયો હોય, તોપણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને આ અનુષ્ઠાનો કરવાનાં કહ્યાં છે માટે કરવાં જોઈએ એવી માત્ર ધારણા રાખી, ધર્માનુષ્ઠાનને કરનારો મનુષ્ય અસ્ખલિત તો શું પણ કદાચિત્ સ્ખલિત એવા ધર્માનુષ્ઠાનો કરે તોપણ ભગવાન્ **હરિભદ્રસૂરિજી મહારાજ** સ્પષ્ટ ફરમાવે છે કે–

**"તે ભવિષ્યમાં ભાવ–અનુષ્ઠાનને જરૂર પામશે, અને તેના ફળરૂપ મોક્ષને પણ અનુક્રમે પામશે."**

અર્થાત્ જિનેશ્વર મહારાજના શાસનમાં જે જે ધર્માનુષ્ઠાનો નિરૂપણ કર્યાં છે તે સર્વ મોક્ષ કે જિનેશ્વર ભરોંસાની બુદ્ધિથી કરવામાં આવે તો તે પર્યંતે ભાવાનુષ્ઠાનના મોક્ષરૂપ ફળને આપ- નારા થાય છે, તેથી જેઓ પોતે ધર્માનુષ્ઠાનોથી વિમુખ થઈ બીજા ભદ્રિક–જીવોના જિનેશ્વર–મહારાજના વચનના ભરોસે પણ કરાતાં અનુષ્ઠાનને રોકવા દ્રવ્યાનુષ્ઠાનના નામે પ્રયત્ન કરે છે, તેઓ સ્વયં નષ્ટ થએલા હોઈ બીજાઓને નાશ કરનારા છે એમ સમજવું,

**એટલે તત્ત્વદષ્ટિવાળો કોઈપણ મનુષ્ય જિનેશ્વર મહારાજના ધર્મના અનુષ્ઠાનોનો નિષેધ કરનારો હોય નહિ, કેમકે તે અનુષ્ઠાનો પૂર્વે જણાવ્યા પ્રમાણે જિનેશ્વર ભગવાનોએ મોક્ષની પ્રાપ્તિ માટે જ જણાવેલાં છે.**




ભવ-સમુદ્રથી તારવાવાળા તીર્થોને

જુહારવા માટે થતી

મંગળકારી-ભવભયહારિણી

# તીર્થયાત્રા-સંઘયાત્રા



卐 તત્ત્વપ્રેમી-જિજ્ઞાસુઓ 卐

માટે

॰ રસથાળ ॰

આગમોના તળસ્પર્શી વ્યાખ્યાતા પૂ. આગમોદ્ધારકશ્રી-એ સિદ્ધચક્ર (વર્ષ ૬ અંક ૪થી) માં "**તીર્થયાત્રા અને સંઘયાત્રા**" નામથી ઘણી મોટી લેખમાળા લખેલ.

જેમાં તીર્થની મહત્તા, આરાધક-જીવોને તેની ઉપયોગિતા તથા તે અંગેના મહત્ત્વના શાસ્ત્રીય-દૃષ્ટિકોણો જણાવવા સાથે તીર્થની યાત્રા કરનારાના કર્તવ્યો, છ'રી પાળતા સંઘને લઈ જવાની આદર્શ વિધિ વગેરેનું અદ્ભુત વર્ણન સુંદર રીતે કરેલું.

"**આગમજ્યોત**"ના પ્રથમ-પુસ્તકમાં સળંગ લેખનમાળા આપવાનું ધારાધોરણ છે.

તે મુજબ આઠ વર્ષ સુધી "**આગમ રહસ્ય**" લેખમાળા ચાલી, તે પુરી થયેથી નવમા વર્ષથી "**તીર્થયાત્રા-સંઘયાત્રા** નામની લેખમાળા શરૂ કરેલ છે. તેનો ત્રીજો હપ્તો આ પુસ્તકમાં અપાય છે.

જિજ્ઞાસુ-વાંચકો ગુરૂગમથી આ લેખોને વાંચે !! વિચારે !!!

સં.

આગમવાચનાદાતા, જૈનાગમમંદિરસંસ્થાપક
ધ્યાનસ્થ-સ્વર્ગત પૂ. આ૦ આગમોદ્ધારકશ્રીએ
તીર્થયાત્રિકોના આત્મહિતાર્થે

લખેલ

તીર્થયાત્રાને લગતી-માર્મિક-અનેક મહત્ત્વપૂર્ણ
બાબતોને સૂચવતો મહાનિબંધ

# તીર્થયાત્રા-સંઘયાત્રા

[પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ "તીર્થયાત્રા" સંબંધી શાસ્ત્રીય-મર્યાદાઓ અને મહત્ત્વની બાબતોને જણાવતો મહાનિબંધ વિ. સં. ૧૯૯૩માં લખેલ.

તે વખતે **જામનગરથી** શેઠ પોપટભાઈનો શ્રી સિદ્ધગિરિનો છરી પાળતો સંઘ નિકળેલ, તે નિમિત્તે લેખમાળા રૂપે આ નિબંધ "**સિદ્ધચક્ર**" પાક્ષિકમાં વિ. સં. ૧૯૯૩માં ઘણા અંકો સુધી ચાલેલ.

અત્યંત-ઉપયોગી જાણી નવમા-વર્ષના પ્રથમ-પુસ્તકથી આ નિબંધ આપવો શરૂ કર્યો છે. ગતવર્ષના પ્રથમ પુસ્તક (પા-૪૦) થી હવે આગળ ચાલે છે. સં.]

## તીર્થ-ચૈત્યનો મહિમા સર્વોત્તમ કેમ?

ઉપર જણાવ્યા પ્રમાણે ગૃહચૈત્ય કરતાં ગ્રામચૈત્યની વિશિષ્ટતા

છે, એ સમજાશે ત્યારે ગ્રામચૈત્ય કરતાં પણ તીર્થચૈત્યની વિશિષ્ટતા હદબહારની છે, એમ સમજાયા સિવાય રહેશે નહિં, કારણ કે-

ગ્રામચૈત્યમાં જે સાધુમહાત્માના દર્શન થાય તેના કરતાં તીર્થોમાં ઘણા ઘણા ક્ષેત્રોથી આવેલા અને મહા-પ્રભાવશાલી શાસન-ધુરંધરોના દર્શનાદિ થવાનો સ્હેજે સંભવ રહે.

વળી દેશભરના ભાવિક શ્રાવક-સાધર્મિકોનો સમાગમ પણ તીર્થમાં ઘણો ઘણો બને તેમાં પણ કાંઈ નવાઈ નથી, તથા ગૃહચૈત્ય અને ગ્રામચૈત્યની સેવા વખતે સાંસારિક ઉપાધિઓ હૃદયમાં વાસ કરેલી હોય અને તે ઉપાધિઓ નહિં નીકળવાથી પ્રભુના દર્શન-પૂજનાદિથી અને મહાત્માઓના દર્શન અને સાધર્મિક-સંસર્ગ આદિથી જે સ્થિરતાપૂર્વક ભાવ-ઉલ્લાસથી ફાયદાઓ મેળવવાના હોય તે ન મેળવાય, તેથી તીર્થસ્થાનમાં આવનાર મનુષ્ય ફીકરના કોટમાંથી નિકળેલો હોઈ નિરૂપાધિક થઈ સ્થિરતાવાળો થાય અને તીર્થમાં ભગવાન જિનેશ્વર મહારાજની દર્શન-પૂજાદિથી તથા સાધુ-મહાત્મા અને સાધર્મિકોના સંસર્ગથી અનહદ લાભ મેળવી શકે, એ સ્વાભાવિક છે.

## તીર્થભૂમિ સમ્યક્ત્વની મજબૂતીનું કારણ

શાસ્ત્રકાર-મહારાજાઓ પણ ત્રિલોકનાથ તીર્થંકરની જન્મભૂમિ આદિ તીર્થોનાં દર્શન વિગેરેથી સમ્યક્ત્વની મજબૂતી જણાવે છે, એ વાત પર્યુષણના વ્યાખ્યાન સાંભળનાર ભવ્ય જીવોની જાણ-બહાર નથી.

આ બધી હકીકત વિચારતાં **શ્રીશત્રુંજયઆદિ** તીર્થોના ચૈત્યો કેટલા બધા મહા-ઉપકારને કરનારા છે? અને તેના દર્શન-પૂજન વિગેરે આત્માને કેવી રીતે મોક્ષ-માર્ગની નજીક નજીક લઈ જાય છે? તે સમજમાં આવ્યા સિવાય રહેશે નહિં.

આવી રીતે તીર્થ અને તીર્થના ચૈત્યની અધિકતા જ્યારે વાસ્તવિક રીતે સમજાય ત્યારે તેવા તીર્થો અને તેવા તીર્થના ચૈત્યોના દર્શન, પૂજન આદિ કરવા માટે ભાવિક આત્મા તૈયાર થાય અને

તેવો લાભ પોતાના તરફથી અન્ય ભવ્ય-જીવોને નિર્વિઘ્નપણે મળે એવી ધારણા કરનારો ભાગ્યશાળી પુરૂષ યાત્રિક-ગણનો નેતા બને અને તેવા અપૂર્વ-તીર્થ અને તીર્થચૈત્યોના લાભને માટે સકળ-સંઘના સમુદાયને સાથે લઈ ધર્મ-પરાયણતામાં આત્માને ઓતપ્રોત કરે તેમાં આશ્ચર્ય શું ?

## સ્વ અને પરના લાભ માટે યાત્રીગણનો નેતા શું કરે ?

યાદ રાખવું કે જિન-દર્શન આદિ કાર્યમાં પ્રવર્તવાવાળા મહાનુભાવો કોઈ પણ દિવસ સમુદાયથી કંટાળવાવાળા હોતા નથી.

શું અંસખ્યાત દેવતાઓ મેરૂપર્વત ઉપર આવે તેથી ભગવાન જિનેશ્વર-મહારાજના જન્માભિષેકનો મહિમા ઈન્દ્ર-મહારાજાઓ ઓછો ગણે ખરા ?

શું લાખો મનુષ્યો ભગવાન જિનેશ્વર-મહારાજની દેશના વિગેરેમાં આવે તેથી યોગી-મહાત્માઓ દેશનાના લાભથી વંચિત રહે ખરા !

ખરી રીતે તો જે વસ્તુ સ્વ અને પરને લાભદાયી છે. તેમાં પોતાના આત્માનું પ્રવર્તન થાય તે જેમ શ્રેયસ્કર માનવાનું છે. તેમ અન્ય આત્માઓ પણ તે તે પવિત્ર કાર્યો તરફ જોડાય તે ખરેખર લાભદાયી છે, એમ વિવેકી-પુરૂષોએ તો માનવુંજ જોઈએ.

આ કારણથી વિવેકી પુણ્યાત્મા અન્ય-જીવોના અને પોતાના આત્માના ઉદ્ધાર માટે યાત્રિક-ગણનો નેતા બની સંઘનો લાભ લેનારો થાય તેમાં કોઈ જાતનું આશ્ચર્ય નથી ! ! !

## તીર્થ-સેવા સમ્યકત્વનું ભૂષણ છે.

વાંચકોએ ધ્યાન રાખવાની જરૂર છે કે પૂર્વાચાર્યોએ શ્રાવકના કૃત્યોને જણાવતાં રથયાત્રાની સાથે तित्थजत्ता य એમ કહીને તીર્થ-યાત્રાની પણ શ્રાવક-જન્મની સફળતાને માટે આવશ્યકતા જણાવેલી છે.

વળી ધર્મના મૂળરૂપ એવા સમ્યક્ત્વના ભૂષણોમાં પણ તીર્થસેવાને મહર્ષિઓએ જણાવેલ છે.

તીર્થસેવા એ સમ્યક્ત્વનું છેલ્લામાં છેલ્લું ભૂષણ છે, એમ પણ સ્પષ્ટ કરેલું છે

તીર્થયાત્રાને માટે નિકળનારો મનુષ્ય ગૃહસ્થપણાનો અનુબંધ એટલે દુઃખની પરંપરાને દેનારી આરંભની પરંપરા જેનાથી થાય એવા અનુબંધરૂપી અસદારંભથી નિવૃત્તિ પામે છે, અને તે પણ નિવૃત્તિ સામાયિક-પૌષધાદિકને અંગે જ્યારે ઘણી ટુંક મુદતની જ હોય છે, ત્યારે આ તીર્થયાત્રાને અંગે થતી અ-સદારંભની નિવૃત્તિ ઘણી લાંબી મુદતની હોય છે.

આ વાતને નહિ સમજનારા અને ધ્યાનમાં નહિ લેનારા મનુષ્યજ માત્ર તીર્થયાત્રા કરવા માટે રેલ વિગેરેના વાહનની થયેલી સગવડને અભિનંદન આપી શકે, પરન્તુ જેઓ અનુબંધ-હિંસાના કટુ-ફલોને સમજે છે, તથા કૃષિ-પશુપાલકપણું-વેપાર અને રોજગાર વિગેરેમાં થતા આરંભો આત્માને અત્યંત-કટુક ફલને દેવાવાળા=પાપોને બંધાવનારા છે, એ વસ્તુ જે સમ્યગ્દષ્ટિ સુજ્ઞ-મનુષ્યના હૃદયમાં આવેલી હોય છે તે મનુષ્ય સ્વપ્ને પણ રેલ્વે વિગેરે સાધનોથી થતી ટુંકી-મુદતની યાત્રાને અનુમોદે કે પ્રશંસે નહિજ.

## છ'રી' પાળતો સંઘ અનુમોદનીય હોઇ શકે

યાદ રાખવું કે ચક્રવર્તી **ભરત મહારાજા** પાસે ચર્મરત્નનું સાધન હતું, અને તેમાં બેસાડવા દ્વારા આખા સંઘને તે જલ્દીથી તીર્થયાત્રા કરાવી શકત, વળી ચક્રવર્તીઓના તાબામાં હજારો દેવતાઓ હોવાથી તે દેવતાઓ દ્વારા વિમાનની વિકુર્વણા કરાવીને યાત્રા કરાવી શકત, પણ ચક્રવર્ત્તીએ ચર્મરત્નદ્વારા કે દેવતાદ્વારા વિમાન કરીને સંઘને યાત્રા કરાવી નથી, પરન્તુ મુખ્યતાએ છ'રી પાળવાની સાથે યાત્રાઓ કરાવી છે, તે વિચારનારો મનુષ્ય વર્ત્તમાનકાળમાં નિકળતા રેલવેના સંઘને કોઈ પણ પ્રકારે અભિનંદન આપી શકે તેમ નથી.

બીજી વાત અહીં વિચારવા જેવી છે કે આજે સંઘયાત્રામાં ક્યારેક સંજોગોવશ વ્યાખ્યાનાદિનો લાભ યાત્રિકો ન લઈ શકે

તેટલા માત્રથી કેટલાક સ્થૂળબુદ્ધિવાળા ગોકીરો કરી મુકે છે કે-"શું આ સંઘ! વ્યાખ્યાન વિનાના આ સંઘનું શું મહત્ત્વ?" આદિ.

પણ અહિં વાત એ છે કે-સંઘયાત્રામાં છ'રીપાળવાની મહત્તા, આરંભ સમારંભનો ત્યાગ, સંસારી સાવદ્ય-પ્રવૃત્તિનો ત્યાગ અને નિરારંભીપણાનો અભ્યાસ વગેરે બાબતોનું મહત્ત્વ છે.

તેમાં વ્યાખ્યાન પ્રેરક છે, એ વાત સાચી! પણ કારણ-સંજોગ-વશ વ્યાખ્યાનાદિ કયારેક ન થવા પામે તો તેટલા માત્રથી તે સંઘ-યાત્રા નકામી કે અર્થવગરની કેમ કહેવાય!

તેઓ રેલગાડી કે બસ-મોટરોદ્વારા નિકળતા સંઘની અનુ-પાદેયતા બોલતા પણ નથી, વળી તેવાઓને પણ નંદીની ક્રિયા કરાવી માળારોપણ કરે છે-એ શી રીતે શાસ્ત્રીય?

માટે અભિનિવેશ કે આવેશ એ તો તત્ત્વવિચારણામાં સાવ અનુપયોગી હોઈ તેને છોડી વિવેકબુદ્ધિથી સાપેક્ષરીતે વિચારવું જરૂરી છે.

હકીકતમાં આવું બોલનારા ગુરુચરણે બેસી પરમાર્થને પામી શકયા નથી!

સંઘયાત્રા-તીર્થયાત્રાનો આશય ગૃહસ્થોને આરંભ-સમારંભથી બચાવી પ્રભુશાસનના=વિરતિધર્મના પંથે આગળ વધવારવાનો છે.

માટે ઉપલકીયા જ્ઞાન કે આવેશ-અભિનિવેશ-બળે વ્યાખ્યાનાદિ ન હોવા માત્રથી સંઘયાત્રા-તીર્થયાત્રાની અ-સારતા કહેનારાઓની ભાવદયા ચિંતવવી.

આ કથનની મતલબ એ નથી કે યાત્રિકગણનો સમુદાય વ્યાખ્યાનનો લાભ ન લે, યાત્રિક-ગણનો સમુદાય જ્યાં જ્યાં જ્યારે જ્યારે વ્યાખ્યાનનો સંયોગ મેળવી શકયો અથવા તેઓને વ્યાખ્યાનનો યોગ મળે ત્યારે ત્યાં ત્યાં વ્યાખ્યાનનું જરૂર શ્રવણ કરે,

કેમકે સામાન્યરીતે શ્રાવકપણુંજ જિનેશ્વરમહારાજની વાણીના શ્રવણુમાં રહેલું છે, પરન્તુ વ્યાખ્યાન-શ્રવણુની ભાવના છતાં વ્યાખ્યાન શ્રવણુનો જોગ ન મળે; અગર કથંચિત્ આલસ્યાદિથી વ્યાખ્યાનનું શ્રવણુ ન પણુ થાય તો તેટલા માત્રથી શ્રાવકપણાને કલંક લાગે છે એમ કહી શકાય નહિં, તો પછી સંઘયાત્રામાં પણુ વ્યાખ્યાન-શ્રવણુની રૂચિ છતાં કદાચ વખત નહિ મલવાને લીધે અગર બીજાં કેટલાંક કારણોને લઈને વ્યાખ્યાન ન થાય અગર તેનું શ્રવણુ ન થાય તેટલા માત્રથી યાત્રિકગણુનો નેતા અગર યાત્રિકનો સમુદાય લંછનવાળો બને છે અગર સંઘને લંછન લાગે છે એમ કહેવું તે માર્ગને અનુસરનારાને તો શોભે નહિ અને જો એવી માન્યતા કોઈ ધરાવે તેને સમ્યગ્દર્શન પણુ મુશ્કેલીભર્યું થઈ પડે.

## ધનશેઠના અધિકારમાં શું જણાવે છે.

**શ્રીસંઘાચારભાષ્યમાં ધનનામના શેઠે શ્રીસિદ્ધાચલજી અને ગિરનારજીના** કાઢેલા સંઘનો અધિકાર જેઓએ જોયો હશે તેઓ જાણી શકશે કે—

તે સંઘયાત્રામાં પ્રથમ તો સાધુમહાત્માઓનો સહચાર નથી, તો પછી વ્યાખ્યાનનું નિયમિત શ્રવણુ થવાની કલ્પના કરવી તે તો આકાશને કુસુમ ઉગાડવા જેવું થાય છે, જો કે ચાલુ પ્રયાણુમાં ઉત્તમ મુનિ-મહારાજાઓના સંયોગો બહુ મળ્યા છે, અને જે જે જગો પર ઉત્તમ મુનિ-મહારાજાઓના સંયોગો મળ્યા છે, ત્યાં ત્યાં વંદનાદિકને માટે યાત્રિકગણુના નેતા વિગેરે ગયા છે, પરન્તુ ત્યાં પણુ વ્યાખ્યાન-શ્રવણુનો અધિકાર લેવાયો નથી, છતાં જેઓ વ્યાખ્યાનની અ-સત્તાને લીધે સંઘને કલંક ગણુતા હોય તેઓએ શાસ્ત્રોને વાંચવાની-વિચારવાની બહુ જરૂર છે, અને એમ થાય તો શાસ્ત્રવિરૂદ્ધ બોલવાનું થતું અટકે ?

## તીર્થયાત્રામાં મુખ્ય ધ્યેય શું ?

પ્રાસંગિક વાત જણુાવી મૂળમુદ્દા ઉપર આવતાં જણુાવવું જોઈએ કે તીર્થચૈત્યને જુહારવા આવનારાઓની મુખ્ય અભિલાષા

ત્રિલોકનાથ તીર્થંકર-ભગવાનની સેવા-પૂજામાં વધારે હોય છે અને તીર્થયાત્રામાં મુખ્ય ધ્યેય પણ ભગવાન જિનેશ્વર-મહારાજની પૂજા-યાત્રાની દિન-પ્રતિદિન પ્રવૃત્તિ વધારે થાય તે હોય છે.

**પ્રાસંગિક સૂચન**

વાચક-મહાશયે ધ્યાન રાખવું કે આટલું લખાણ લખવાની એટલીજ જરૂર પડી છે કે ભવ્યજીવો સંઘયાત્રા જેવા અને તીર્થયાત્રા જેવા કાર્યની અનુમોદનામાં શિથિલ ન બને અગર તેનાથી બહિષ્કૃત ન થાય, માટે તેવાઓનો બચાવ કરવાનું અ-નિવાર્ય ગણ્યું છે.

આ સ્થાને વ્યાખ્યાનની હકીકત એટલાજ માટે લખવી જરૂરી ગણી છે કે-ભગવાન્ જિનેશ્વરમહારાજની પ્રતિમારૂપી અને તેઓશ્રીના મન્દિરરૂપી બે ક્ષેત્રના નિરૂપણ પછી જિનેશ્વરમહારાજના આગમરૂપી ત્રીજા ક્ષેત્રનું નિરૂપણ કરતાં જે કંઈ આગમની મહત્તાને માટે અને તેના શ્રવણની પરમ ઉત્તમતાને માટે જણાવવામાં આવે તેનો ઉપયોગ યાત્રિકગણ અને તેના નેતાઓને દૂષિત કરવામાં કોઈ ન કરી લે.

જો કે શાસ્ત્રોમાં **નિશ્રાકૃત, અ-નિશ્રાકૃત, ભક્તિચૈત્ય, મંગલચૈત્ય** અને **સાધર્મિકચૈત્ય** એવી રીતે પાંચ પ્રકારનાં ચૈત્યો જણાવેલાં છે, પરન્તુ શાસ્ત્રકારોએ ગ્રામચૈત્યોમાં જ નિશ્રાકૃત અને અ-નિશ્રાકૃત એવા ભેદો રાખી **શ્રી અષ્ટાપદજી** આદિ તીર્થસ્થાનોમાં માત્ર **ભક્તિચૈત્ય** અને **અ-નિશ્રાકૃતચૈત્યોનું** સ્થાન જણાવેલ છે. એટલે ગ્રામના ચૈત્યોમાં કદાચ મઠવાસી અને પાસત્થાદિની નિશ્રાવાળાં એવાં નિશ્રાકૃત ચૈત્યો હોય, જેથી ભવ્ય-આત્માઓને ગ્રામચૈત્યો તેવા લાભદાયક ન પણ લાગે, અને ગ્રામચૈત્યોમાં નિશ્રા કરનાર પાસત્થાદિકને ઉચિતતાની ખાતર નમસ્કાર કરવો પડે, તેથી તે દ્વારા શુદ્ધ આત્માઓને સંકોચ રહે.

યાદ રાખવું કે **શ્રીદેવેન્દ્રસૂરિજીમહારાજ** સરખા શાસન-ધુરંધરો **નિશ્રાકૃતચૈત્યમાં** પાસત્થાદિકોને ઉચિતપણે નમસ્કારાદિ કરવાનું સ્પષ્ટપણે જણાવે છે,

વળી તીર્થચૈત્યો, અ-નિશ્રાકૃત અને ભક્તિચૈત્યો નિઃશંકપણે આમચૈત્યો કરતાં સ્થિર આરાધનાનું કારણ બને છે, અને તેથી પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરવાની ઈચ્છાવાળો ધર્મપરાયણ પુરૂષ યાત્રિક-ગણનો નેતા બની પોતે અને પોતાની સાથે આવનાર સર્વ યાત્રિક-સમુદાયને તીર્થચૈત્યોના દર્શનાદિ દ્વારાએ નિશ્શંકપણે મ્હોટા લાભને લેવાવાળો થવા સાથે લેવડાવવા ભાગ્યશાળી થાય.

ધ્યાન રાખવું કે ઇન્દ્રાદિ દેવગણો ભગવાન જિનેશ્વરમહારાજના જન્માદિ-કલ્યાણકોનો મહિમા મેરૂએ કરીને તરત સીધા દેવલોકમાં જતા નથી અને તે દેવલોકના પોતાની સત્તામાં રહેલા મંદિરમાં અઠાઇ-મહોચ્છવ કરતા નથી, પરન્તુ શ્રીનન્દીશ્વરદ્વીપ જેવા તીર્થ-સ્થાનોમાં જઈને તીર્થચૈત્યોમાં અઠ્ઠાઈમહોચ્છવ કરે છે. એટલે ભવ્યાત્માઓએ ચૈત્યોની વિશિષ્ટતા માન્યા છતાં પણ તીર્થચૈત્યોની અધિકતા અવશ્ય માનવી જોઈએ, અને જો તેવી માન્યતા શાસ્ત્રને અનુસરનારી થાય, તો દરેક ભવ્યાત્મા ચૈત્યક્ષેત્રની અને વિશેષે કરીને તીર્થચૈત્યોની આરાધના કરવા કટિબદ્ધ થાય અને તેથી સંઘયાત્રાની અત્યંત ઉપયોગિતા ગણે એ સ્વાભાવિક છે.

## શ્રીતીર્થંકરભગવંતોનો પ્રભાવ કેવો?

ભગવાન્ જિનેશ્વરમહારાજની મૂર્તિ અને તેનાં ચૈત્યો શાસ્ત્રની રીતિને યથાસ્થિત રીતે સમજવાવાળાઓને મુખ્યતાએ યથાસ્થિત ઉપકાર કરી શકે છે, તેમાં તો બે મત છે નહિ, પરંતુ જેઓ ભદ્રિક-સ્થિતિના અને અલ્પ-બુદ્ધિવાળા હોય અને તેથી તેઓને ભગ-વાન જિનેશ્વરમહારાજની યથાસ્થિત-પરોપકારિપણાની દશા, મોક્ષનો માર્ગ વહેવડાવનાર, મહાપુરૂષોના-આધાર,ઇંદ્ર-નરેન્દ્ર વિગેરેને અતિશ-યાદિદ્વારાએ પણ પૂજ્ય, એવા તીર્થંકર ભગવાન દરેક હિતની કામના-વાળા મનુષ્યને સર્વથા પ્રકારે દર્શન કરવા લાયક-સેવા લાયક-પૂજા-લાયક અને ધ્યાનકરવા લાયક છે, એ વિગેરે હકીકત ધ્યાનમાં ન આવે તેમાં આશ્ચર્ય નથી.

પરંતુ તેઓ ભગવાન જિનેશ્વર-મહારાજની મૂર્ત્તિ ઉપરથી વીતરાગપણાની દશા, વિષય, કષાય અને આરંભ-પરિગ્રહાદિથી રહિત સ્ત્રી, હથિયાર વિગેરેથી રહિતપણું, મુખ-કમળની પ્રસન્નતા, કાયોત્સર્ગ તથા પલ્યંક આસન અને દૃષ્ટિનું નાસિકા ઉપર નિયમિતપણું દેખીને સામાન્ય રીતે ભગવાન જિનેશ્વર-મહારાજના શાસનની ત્યાગ મુદ્રાને અનુસરે તેમાં આશ્ચર્ય નથી, છતાં એ વાત તો વાચકોએ ધ્યાન બહાર રાખવાની નથી કે-

જેમ સંસારરૂપી અટવી ઓલંઘવાના બે માર્ગોમાં શ્રાવકધર્મનો માર્ગ જો કે સુખાળો છે, શાન્તિથી તે રસ્તે ચાલી શકાય છે, પરન્તુ શાશ્વત-આનંદમય **મોક્ષપુરની પ્રાપ્તિ તો સાધુધર્મ રૂપી કઠિન અને દુઃખમય સંયમમાર્ગમાં આવ્યા સિવાય થતીજ નથી,** એવી રીતે અહિં પણ સામાન્ય ભદ્રિક મનુષ્યોને ભગવાન જિનેશ્વર-મહારાજની મૂર્તિથી વીતરાગત્વાદિ જે જિનેશ્વરમહારાજના ગુણો છે, તેનું ભાન થાય, તો પણ પર્યન્તમાં ભગવાન્ જિનેશ્વરમહારાજના માર્ગોપદેશકપણા આદિ ગુણોનું ભાન થયા શિવાય અને તે ભગવાન્ જિનેશ્વરમહાજારાએ મોક્ષની પ્રાપ્તિ માટે જણાવેલ અ-બાધિત-માર્ગનું આચરણ કર્યા વિના પરમફલ પ્રાપ્ત થવું મુશ્કેલજ છે.

## આગમની અત્યુત્કૃષ્ટતા શામાં ?

આ હકીકત જે ભવ્યજીવના ધ્યાનમાં આવશે તે ભવ્ય-જીવ ભગવાન જિનેશ્વર-મહારાજની મૂર્તિ અને મન્દિરની અત્યંત ઉપયોગિતા સમજવા સાથે ભગવાનના માર્ગ-પ્રણયનરૂપી આગમની પરમમહત્તા સમજ્યા શિવાય રહેશે જ નહિ, આ વસ્તુને ધ્યાનમાં રખનાર મનુષ્ય શાસ્ત્રકારે કહેલા નીચેના વાકયને બરોબર સમજી શકશે.

શાસ્ત્રકાર મહારાજ જણાવે છે કે :-

" आगमं आयरंतेणं अत्तणो हिअकंखिणा ।
तित्थणाहो गुरू धम्मो, सव्वे ते अणुमण्णिया "

અર્થાત્-આત્માનું હિત કરવાની જેને ઈચ્છા હોય તે પુરૂષે જો આગમનો આદર કર્યો એટલે આગમવચનને પ્રમાણભૂત માન્યા અને આગમવચનમાં કહ્યા પ્રમાણે વર્તવામાંજ આત્માનું કલ્યાણ છે તથા આગમથી વિરૂદ્ધ વર્તનારાઓનાં દાન-શીલ-તપ-અને ભાવ, વૈરાગ્ય-ચારિત્ર તપસ્યા-વિનય-વૈયાવચ્ચ-ધ્યાન-સમાધિ વિગેરે ધર્મ-કાર્યો આત્માની ઉન્નતિના અંશે પણ સાધન બની શકતાં નથી, એટલું જ નહિં, પરન્તુ તે આગમની વિરાધના કરનારાઓને અનાદિ-અનંત સંસાર-કંતારમાં ભટકવું પડે છે, એમ ધારી આગમના માર્ગે જવાની અભિલાષા રાખીને આગમના માર્ગને આદરવાવાળા મહાપુરૂષોનો અત્યંત સત્કાર-સન્માન-ભક્તિ-વિનય-વૈયાવચ્ચ, આદિ કરવા દ્વારા આગમનો જેણે આદર કર્યો તે પુરૂષે તીર્થંકર મહારાજ કે જેઓ શાસનના માલિક અને મોક્ષમાર્ગના શરૂથી ઉપદેશક છે તેઓનો આદર કરેલો સમજવો,

આ રીતે ગુરૂમહારાજ કે જેઓ ભગવાન જિનેશ્વરમહારાજાઓના વચનને આધારે મહાવ્રતાદિધર્મ દ્વારા મોક્ષ પ્રાપ્ત કરવા કટિબદ્ધ થયેલા છે અને ભવ્યજીવોને સંસારસમુદ્રથી તારવા માટે અહર્નિશ શ્રમણધર્માદિનો ઉપદેશ કરી ભવઅટવીથી પાર પમાડવા તૈયાર થયા છે, તેવા ગુરૂમહારાજાઓનો પણ તેવા આગમને આદરનારે અંગીકાર કરેલો છે.

વળી દુર્ગતિથી બચાવવાવાળો અને મોક્ષસુધીની સદ્ગતિની પ્રાપ્તિ કરાવવાવાળો જે ભગવાન્ જિનેશ્વર મહારાજે દુર્લભ એવો ધર્મ અકલંકપણે નિરૂપણ કરેલો છે, તેવા ધર્મનો આદર પણ તે આગમને આદરવાવાળાએ એટલે આગમની આરાધનામાં મશગુલ બનેલાએ કરેલો છે એમ સમજવું.

## પ્રવૃત્તિ આગમાનુસાર હોવી જોઈએ.

આ હકીકત જાણનારો મનુષ્ય ભગવાન્ જિનેશ્વરની મૂર્તિ અને તેમના ચૈત્યની સેવા કરતાં આગમના આદરની અંશે પણ ન્યૂનતા

ન સમજતાં પરમ-કરણીયતા સમજશે. એમાં કાંઈ પણ નવાઈ નથી, એવી રીતે આગમની સર્વોત્કૃષ્ટતા જાણવાવાળો મનુષ્ય મૂર્તિ અને મન્દિરની માફક આગમની તરફ પણ મીટ માંડીને દૃષ્ટિ રાખ્યા જ કરશે તે સ્વાભાવિક છે.

વળી ભગવાન્ જિનેશ્વર મહારાજની મૂર્તિ અને તેમના મંદિરોને અંગે ભવ્યજીવોએ જે પણ આત્માના કલ્યાણને માટે પ્રવૃત્તિ કરવાની છે, તે બધી ભગવાન્ જિનેશ્વર મહારાજના આગમને અનુસરીને જ જો કરવાની હોય તો તે આત્માનું યથાર્થ કલ્યાણ કરી શકે, પરંતુ જે ભગવાન્ જિનેશ્વરમહારાજની મૂર્તિ અને તેમના મંદિરને અંગે હોવાથી ભગવાન્ જિનેશ્વરમહારાજને ઉદ્દેશીને હોય, પરંતુ જો તે આગમના વચનોથી વિરૂદ્ધ કે બાધિત હોય તો તે પ્રવૃત્તિ મુમુક્ષુજીવોએ કોઈ પણ પ્રકારે આદરવાની નથી, એટલું જ નહિ, પરંતુ તે ચલાવી લેવા જેવી પણ નથી.

## સ્વ-કલ્પિત પ્રવૃત્તિ સંસાર-વૃદ્ધિનું કારણ બને છે.

આટલા જ માટે ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી ફરમાવે છે કે-

समइपवित्ती सव्वा, आणाबज्झत्ति भवफला चेव ।
तित्थयरुद्देसेणवि ण तत्तओ सा तदुद्देसा ॥

અર્થાત્-સિદ્ધાંતના વચનોથી નિરપેક્ષપણે માત્ર પોતાની બુદ્ધિથી જે કોઈ પ્રવૃત્તિ કરવામાં આવે તે પ્રવૃત્તિઓ ભગવાન્ જિનેશ્વર મહારાજની આજ્ઞાથી વિરૂદ્ધ અને બાહ્ય છે, માટે તે પ્રવૃત્તિઓનું ફલ સંસારની વૃદ્ધિમાંજ આવે છે.

કદાચ કહેવામાં આવે કે અમે જે આ પોતાની બુદ્ધિથી પણ પ્રવૃત્તિ કરીએ છીએ તે વિષય-કષાય-કુટુંબકબીલા અને ધનધાન્યની પ્રાપ્તિ માટે કે તેના ટકાવ માટે અગર તેની વૃદ્ધિ માટે નથી કરતા, પરંતુ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌ની ભક્તિ માટે કરીએ છીએ, એટલે ભગવાન્ જિનેશ્વરમહારાજને ઉદ્દેસીને આ સ્વમતિથી પણ

પ્રવૃત્તિ હોવાથી તે આજ્ઞાબાહ્ય નહિં થાય, અને તેથી સંસારની વૃદ્ધિરૂપી ફલને દેનારી પણ નહિં થાય, એવું કહેવામાં આવે તો તેને અંગે ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે—

"જો કે ભક્તિ અને પ્રવૃત્તિને કરનારો મનુષ્ય તે ભક્તિ અને પ્રવૃત્તિમાં કુટુમ્બ–કબીલાદિનો ઉદ્દેશ રાખતો નથી, પરંતુ ત્રિલોકનાથ-તીર્થંકર ભગવાનનો જ ઉદ્દેશ રાખે છે, પરંતુ તે પ્રવૃત્તિ ભગવાન્ જિનેશ્વર મહારાજની આજ્ઞાવિરૂદ્ધ અને સ્વ–મતિકલ્પિત હોવાથી ભગવાન્ તીર્થંકરને ઉદ્દેશીને થયેલી ગણાય નહિ."

આ હકીકત ધ્યાનમાં રાખનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે દેવ, ગુરૂ અને ધર્મનો આદર તે ભગવાન્ જિનેશ્વર મહારાજના વચનરૂપી આગમનો આદર, તે શિવાય ભગવાન્ જિનેશ્વર મહારાજનો યાવત્ ગુરૂમહારાજ કે ધર્મનો પણ આદર ગણે તો પણ તે આત્માની કલ્યાણદશા સાધનારો થતો નથી, માટે ભગવાન્ જિનેશ્વર મહારાજની આરાધના કરવા માટે તેઓશ્રીની મૂર્તિ અને તેઓશ્રીના મંદિરની આરાધના કરવા તત્પર થનાર મનુષ્યે આગમઆદિનું અનિવાર્યપણું સમજવું જોઈએ. અને એ વાત જ્યારે સમજાશે ત્યારે ત્રીજા ક્ષેત્ર તરીકે કહેલા જ્ઞાનનામના ક્ષેત્રની આરાધ્યતા બરોબર સમજમાં આવશે.

## જિનેશ્વર મહારાજનો અત્યુત્તમ ઉપકાર શો?

ભગવાન્ જિનેશ્વર મહારાજનો જગત્‌ના જીવમાત્રની ઉપર અનહદ ઉપકાર છે, પરંતુ જેમ વૃક્ષ નીચે બેઠેલા મુસાફરને માત્ર તે વૃક્ષ છાયાથી એ ઉપકાર કરે છે, પરંતુ ફળ અને પુષ્પાદિકદ્વારા થતો વિશેષ ઉપકાર વૃક્ષના માલિકને થાય છે, તેવી રીતે જગત્‌ના સામાન્યજંતુઓને તો ભગવાન્ જિનેશ્વર મહારાજે નિરૂપણ કરેલા યથાસ્થિત જીવરક્ષાઆદિકના વચનો દ્વારા થાય છે, પરંતુ મોક્ષમાર્ગની પ્રાપ્તિ પ્રભુશાસનના વિશિષ્ટ–આરાધક ભવ્ય જીવોને થાય છે કે જે શાસનના આધારે સમ્યગદર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ થઈ છે,

નરક અને તિર્યંચની ગતિરૂપ દુર્ગતિઓથી બચવાનું થયું છે, સ્વર્ગની સીડી પગ આગળ ખડી થયેલી છે, મોક્ષની મહેલાત નજર આગળ ચમકી રહેલી છે, મોક્ષ પ્રાપ્ત કરવાનાં સાધનો હસ્તગત થઈ શકયાં છે, આત્માને આરંભ-પરિગ્રહ આદિથી નિવૃત્તિ થવા પામી છે. વિષય કષાયથી નિવૃત્તિ કરાવી તે નિવૃત્તિમાં દઢ રાખી દિન-પ્રતિદિન મોક્ષની પ્રાપ્તિની નજીક લઈ જનાર એવો શ્રમણસંઘ અને તેનો સંસર્ગ અનન્તાકાળે દુર્લભરીતે જે પ્રાપ્ત થયો છે, તે બધા ઉપકારના કારણ તરીકે જ્યારે જિનેશ્વર-મહારાજને ધ્યાનમાં લઈએ ત્યારે ભગવાન્ જિનેશ્વર મહારાજથી કેવાં ઉત્તમ ફલો આ આત્માને પ્રાપ્ત થયાં છે? તે ખ્યાલમાં આવે.

કેટલાક ભવ્યજીવોને માટે ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ જ્યારે દીપક સમાન ઉપકારી થાય છે, ત્યારે કેટલાક ભવ્યજીવોને આશ્રયી તો તે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન સૂર્યસમાન પ્રકાશ કરનારા થાય છે, એટલે જગત્માં જે પ્રમાણે પ્રકાશને ગ્રહણ કરનારી દષ્ટિ હોય તે પ્રમાણે પ્રકાશ કરનારની ઉત્તમતા પ્રકાશને લેવાવાળો સમજે, તેવીરીતે અહિં ત્રિલોકનાથ તીર્થંકરભગવાનની સર્વોત્તમતા તેજ મનુષ્ય સમજી શકે કે જે મનુષ્ય ભગવાન્ જિનેશ્વર-મહારાજના આગમરૂપી તેજને અવલોકન કરવાને માટે શક્તિમાન હોય,

## ઉપકારીનું ઉપકારિપણું એક-સરખુંજ હોય?

યાદ રાખવું કે ભગવાન જિનેશ્વરમહારાજ ત્રણે લોકના ઉપકારને માટે એક સરખી રીતે પ્રવર્ત્તેલા છે, છતાં પણ તે ત્રિલોકનાથ તરફથી ઉપકારની ન્યૂનાધિકતા પાત્રની ન્યૂનાધિકતા ઉપરથી થાય છે જગતમાં વરસાદનું થવું એક સરખી રીતે થાય છે, છતાં પણ મોતીની ઉત્પત્તિ તો શુક્તિ (છીપ)માં પડેલા જલબિન્દુઓથી થાય છે, તેવી રીતે ભગવાન્ જિનેશ્વરમહારાજનો સાચો અને ઘણો ઉપકાર અપ્રમત્તપણે જીવન વ્યતીત-કરનાર મહાપુરૂષોમાંજ થાય છે.

જો કે જલધરની ધારાથી વનસ્પતિઓમાં જેવી રીતે પણ પોતપોતાને લાયક ફલ-ફૂલ વિગેરે થાય છે, તેવી રીતે પ્રમત્ત આદિ

ભવ્યજીવોમાં પણ ભગવાન્ જિનેશ્વરમહારાજના વચનરૂપી જલધારાથી યથાયોગ્ય સમ્યક્ત્વ-દેશવિરતિ-સંયતતા વિગેરે ઉપકારો થાયજ છે, પરન્તુ જેમ જલધરના એક જલબિંદુથી છીપમાં ઉત્પન્ન થયેલા મોતીની કિંમત આગળ તે ફળ-ફૂલના સમુદાયની કંઈપણ કિંમત ગણી શકાય નહિં, તેવી રીતે ભગવાન્ જિનેશ્વરમહારાજના વચનોથી બુદ્ધિનિધાન એવા ગણધરાદિ મહાપુરૂષોને જે ઉપકાર થાય તે ઉપકારની અપેક્ષાએ બીજા જીવોને જે સમ્યગ્દર્શન પ્રાપ્તિ આદિ ઉપકાર થાય છે તે કિંમતી ન ગણાય તે સ્વાભાવિક છે, પરન્તુ જેમ વાદળનો (મેઘનો) જે ઉપકાર છે તે જળદ્વારા છે. જો જલધારાની વિવક્ષા કરવામાં ન આવે તો મેઘ જેવી કોઈ વસ્તુ રહેતી નથી, તેવી રીતે ભગવાન્ જિનેશ્વર-મહારાજનો જે અત્યંત ઉપકાર છે, તે બધો તેઓશ્રીએ કહેલા આગમરૂપી માર્ગદ્વારા છે, જો આગમરૂપી માર્ગની વિવક્ષા કરવામાં ન આવે તો કહેવું જોઈએ કે અરિહંતપણા જેવી કોઈ ચીજ નથી.

આ હકીકત ભવ્યજીવો જ્યારે ધ્યાનમાં લેશે ત્યારે તેઓને સમજવામાં આવશે કે દેવલોકમાં પણ જેવી રીતે ભગવાન્ જિનેશ્વર મહારાજાઓની પ્રતિમાઓ આદર અને આરાધનાને પાત્ર ગણવામાં આવી છે, તેવી રીતે ત્યાં દેવલોકમાં પુસ્તકરત્નો પણ આદર અને આરાધનાને પાત્ર ગણવામાં આવ્યાં છે, તે બરોબર વાસ્તવિક છે.

## દેવતાઓ પણ પુસ્તકરત્નની આરાધના કરે.

દેવલોકમાં માત્ર સામાન્ય ઉત્તમ પુસ્તકો છે અને તેથી તે પુસ્તકોને પુસ્તકરત્ન કહેવાય છે એમ નથી, પરન્તુ તે દેવલોકનાં પુસ્તકોમાં સ્ફટિકરત્નનાં જ પાનાં છે અને તે સ્ફટિકરત્નના પાનાં ઉપર રિષ્ઠરત્ન કે જે કાળું હોય છે તેના અક્ષરો છે, પુસ્તકનાં પાનાં અને તેના અક્ષરો આવી રીતે રત્નનાં છે એમ નહિં; પરન્તુ તે પુસ્તકરત્ન લખાય એવાં અગર લખાયેલાં નહિ છતાં પણ પુસ્તક લખવાની પદ્ધતિને પ્રમાણભૂત ગણવાની હોય તેની પેઠે ત્યાં મશી-

ભાજન-મશી અને કલમ વિગેરેના પણ સાધનો એકસરખી રીતે રત્નમય જણાવવામાં આવેલાં છે, અર્થાત્ શાસ્ત્રોમાં દેવતાઓને પણ ભગવાન જિનેશ્વર મહારાજની મૂર્ત્તિનો આદર અને આરાધ્યતા જેવી રીતે જણાવવામાં આવ્યાં છે, તેવી જ રીતે પુસ્તકરત્નની આરાધ્યતા અને તેના સાધનોની જરૂરીયાત પણ સ્પષ્ટ-શબ્દોમાં જણાવવામાં આવી છે.

## સાત ક્ષેત્રોમાં ત્રીજે નંબરે આગમક્ષેત્ર આરાધ્ય બને.

આ વાત જ્યારે ભવ્યો સમજશે, ત્યારે મહારાજા **કુમારપાળે** કરોડો સોનૈયા ખરચી કરેલા અનેક આગમભંડારો અને મંત્રી **વસ્તુપાલ** અને **તેજપાલે** કરોડો રૂપીયા ખરચી કરેલા અનેક ભંડારોની વાસ્તવિકતા અને એની ઉત્તમતા સમજાયા સિવાય રહેશે નહિ.

ઉપર જણાવ્યા પ્રમાણે ભગવાન જિનેશ્વર મહારાજની મૂર્ત્તિ અને મંદિરોની માફક જ્યારે પુસ્તકરત્નોની ઉત્તમતા જાણવામાં અને માનવામાં આવશે ત્યારે તે દરેક જીવ ભગવાનની મૂર્ત્તિ અને મંદિરની માફક જ્ઞાન એટલે આગમક્ષેત્રને અનન્તર નંબરે માનવા તૈયાર થયા સિવાય રહેશે નહિં.

## મન્દિરનું પ્રમાણ કેટલું ?

સુજ્ઞમનુષ્યો જ્યારે ભગવાન જિનેશ્વર મહારાજે અર્થથી પ્રરૂપેલા અને સૂત્રથી ગણધર મહારાજે ગુંથેલા આગમોનું બહુમાન કરનારા થશે, ત્યારે ભગવાન જિનેશ્વર મહારાજાઓની મૂર્ત્તિઓની પાંચસે પાંચસે ધનુષ્ય જેવી મહત્તા અને જિનેશ્વર મહારાજના મન્દિરોની પાંચસે પાંચસે યોજન જેવી મહત્તા માનવાને તૈયાર થશે! શ્રદ્ધાલુજનો શાસ્ત્રની અપેક્ષાએ જેવી રીતે મૂર્ત્તિ અને મન્દિરની મહત્તા માને તેવી જ રીતે તર્કાનુસારીયોને પણ તે મૂર્ત્તિ અને મન્દિરની મહત્તા જરૂર માનવી પડશે.

## દેવોની વિપુલ સંખ્યાએ પણ ચૈત્યનું પ્રમાણ મોટું હોવું જોઈએ.

તર્કાનુસારીઓએ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે **સૌધર્મદેવલોકના** ઇન્દ્રાવતંસકને બાદ કરીએ તો **સૌધર્મદેવલોકના** આવલિકાપ્રવિષ્ટ એક વિમાનની લંબાઈ અસંખ્યાતા જોજનોની છે.

હવે એ તર્કાનુસારીયોએ સમજવાની જરૂર છે કે આવા અસંખ્યાતા જોજન લાંબા પહોળા વિમાનની સ્થિતિની અપેક્ષાએ ન્હાનામાં ન્હાનું મન્દિર હોય, તો પણ તે પાંચસો યોજનથી તો ન્હાનું હોઈ શકે નહિ અને જો તે મન્દિર પાંચસો યોજનથી ન્હાનું હોય તો પ્રથમ તો વિમાનના પ્રમાણની અપેક્ષાએ શોભે નહિ. અને તે વિમાનમાં રહેવાવાળા દેવતાઓનો સમાવેશ પણ થઈ શકે નહિ, એટલે વિમાનના પ્રમાણની અપેક્ષાએ જેમ દહેરાની મહત્તાની જરૂર છે, તેવી રીતે તે તે વિમાનના દેવતાઓની સંખ્યાને અંગે પણ ચૈત્યની મહત્તાની જરૂર રહે એમાં નવાઈ નહિ.

વળી તર્કાનુસારીએ ધ્યાનમાં લેવાનું છે કે જ્યારે જ્યારે વિમાનના માલિક વિગેરે દેવતાઓ પૂજા કરવાને આવે છે, ત્યારે તે વિમાનમાં રહેનાર દેવતાઓનો મ્હોટો ભાગ તે મુખ્ય દેવતાની જોડે પૂજામાં સામેલ હોય છે, એટલું નહિં પરન્તુ તે સાથે આવેલા દેવતાઓમાં મ્હોટો ભાગ પૂજાની સામગ્રીઓ હાથમાં લઈને તે મુખ્ય દેવતાની સાથે સાથે ફરનારો હોય છે, હવે વિચાર કરો કે તે મુખ્ય દેવતા અને તેની સાથે પરિવારમાં રહેલો મોટો ભાગ ફરી શકે એવું જો ચૈત્ય ન હોય તો દેવતાને અનુકૂળ ન આવે તે સ્વાભાવિક છે.

વળી મનુષ્યોમાં જેમ સરઘસ વિગેરેમાં બધા એક સાથે સાજનની લાઈનમાં ચાલવાવાળા હોતા નથી, પરન્તુ કેટલાક કૂદવાવાળા, નાચવાવાળા અને અનેક પ્રકારના તમાસા કરવાવાળા હોય છે, તો ચૈત્યની તેવી પાંચસો જોજન જેવી મહત્તા ન હોય તો તે સાથે

આવેલા સામાન્ય દેવતાઓને તેવી ચેષ્ટા કરવાનું સ્થાન રહે જ નહિ, માટે આ સઘળી વાત વિચારાય તો તર્કાનુસારીને દેવલોકના અને બીજા પણ શાશ્વતચૈત્યોની મહત્તા ન માનવામાં મિથ્યાત્વ સિવાય બીજું કંઈ નડે તેમ નથી.

### મનુષ્યોમાં પણ તેમ જ હોય છે

વર્ત્તમાનકાળમાં પણ શહેરોર્માં જે પ્રમાણમાં વસ્તી હોય છે તે પ્રમાણે ઘણે ઘણે અંશે લોકોનો ભક્તિભાવ હોય છે, અને ભક્તિવાળા લોકોની અપેક્ષાએ ચૈત્યની મહત્તા રાખવી જ પડે છે, તે વાત નિર્મળ-ચક્ષુએ દેખનારાને તો સ્હેજે જણાય તેમ છે, અને એ રીતિએ જ્યાં જ્યાં વિમાનના દેવતાઓ ભેળા થતા હોય અગર અનેક દેવલોકના દેવતાઓ એકઠા થતા હોય, ત્યાં ત્યાં ચૈત્યોની મહત્તા હોય, તેમાં આશ્ચર્ય જ નથી ?

### સંપ્રતિ રાજા આદિના સમયનાં ચૈત્યો શું જણાવે છે.

એ વાતને બીજી બાજુએ તપાસીએ, તો એ વાત માનવાને પણ કારણ મળે છે કે-મહારાજા **કુમારપાળ** અને મહારાજા **સંપ્રતિની** વખતે બનેલાં દહેરાં અત્યંત મ્હોટા કેમ હતાં ? તેનો ખુલાસો થશે અને તેની સાથે તે વખતના જૈનોનો કેટલો બધો જિનેશ્વર ભગવાનની પૂજાને અંગે દઢરાગ હશે ? તે પણ જણાશે, આ ધોરણે શ્રી **રાણકપુરજીનું** દહેરૂં, **ગોલવાડનાં** જૂનાં દહેરાં, **આબુજીનાં** દહેરાં વિગેરેની મહત્તાનું પ્રયોજન આપોઆપ જણાઈ આવશે.

બીજું દેવલોકનાં દહેરાંઓ કંચનનાં હોય, તેમાં કેટલાક શ્રદ્ધાની ઓછાંશવાળા અગર શુષ્કતર્કને અનુસરવાવાળા અશ્રદ્ધા રાખે, પરંતુ તેઓએ સમજવું જોઈએ કે-દેવતાઓનાં પોતાનાં વિમાનો જ્યારે રત્નનાં હોય તો પછી તે જિનેશ્વર ભગવાનનાં દહેરાં કંચનનાં રાખે અને હોય તેમાં નવાઈ શું ? જેમ **સૌધર્મ્માદિક** વિમાનોની ઉંચાઈ સત્તાવીસસો યોજનની છે અને તેની અપેક્ષાએ ભગવાન જિનેશ્વર મહારાજાના મન્દિરોની ઉંચાઈ અઢીસેં જોજનની હોય તેમાં આશ્ચર્ય

નથી, તેવી રીતે રત્નના વિમાનોમાં કંચનનાં ચૈત્યો અને રત્નની મૂર્તિઓ હોય તેમાં આશ્ચર્ય શું ?

## દેવલોકના સુવર્ણમય દહેરાંનો ઉલ્લેખ શાસ્ત્રોમાં પણ છે ?

આ બધી વસ્તુ શ્રદ્ધાનુસારી આગમની શ્રદ્ધાને આધારે માને અને તર્કાનુસારીઓ વ્યુદ્ગ્રાહિતપણું છોડીને જો વિચાર કરે તો તેઓને પણ માનવું પડે. જ્યારે દેવલોકની અંદર સોનાનાં દહેરાંઓની હયાતી છે ત્યારે શાસ્ત્રકારોને પણ તે સોનાનાં દહેરાંની ઘટના અનેક સ્થાને કરવી પડી છે.

શાસ્ત્રોને સાંભળનારા અને સમજનારાઓ સારી રીતે સમજે છે કે, સોનાનું ભવન (ચૈત્ય) કરનારને જેટલું ફળ થાય તેના કરતાં નિયમિત એક સામાયિક કરનારને શાસ્ત્રકારો ઘણું ફળ બતાવે છે. અર્થાત્ દેવલોકોમાં સોનાનાં ભવનો છે, તેની અપેક્ષાએ આ સોનાનાં ભવનોની ઘટના કરવી એ અસંભવિત નથી.

વળી શ્રી **મહાનિશીથસૂત્રમાં** પણ હજારો સોનાના થાંભલાવાળું અને સોનાથી જેનાં તળીયાં મઢેલાં છે, એટલે ચારે બાજુ જે મન્દિરને સુવર્ણ લગાડવામાં આવ્યું છે, તેવાં મન્દિર કરાવનારને જે ફળની પ્રાપ્તિ થાય, તેના કરતાં પૂર્ણબ્રહ્મચર્યને ધારણ કરનાર, અગર સર્વ-સંયમને ધારણ કરનારને અધિક ફળ બતાવ્યું છે, તે પણ દેવલોકના સોનાના અને સુવર્ણમય ચૈત્યોને અનુલક્ષીને હોઈ શકે.

## જિનચૈત્ય માટે જે કંઈ કરો તે થોડું.

વળી શાસ્ત્રકારો એ પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે "ભગવાન જિનેશ્વરમહારાજના મન્દિર માટે જે જ્ઞાનનો ઉપયોગ થાય, જે કારીગરીનો ઉપયોગ થાય, જે બળનો ઉપયોગ થાય, જે પુરૂષાતનનો ઉપયોગ થાય, જે ઋદ્ધિનો ઉપયોગ થાય, તેજ સફળ અને મહાફળને દેનારો છે" એમ ધર્મિષ્ઠ-મનુષ્ય માને. એ અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો દરેક શ્રાવકની તેમ ફરજ રહે કે જ્ઞાન-

વિજ્ઞાન યાવત્ ઋદ્ધિ-સમૃદ્ધિનો ઉપયોગ ઊંચામાં ઊંચા પ્રકારે ભગવાન જિનેશ્વર મહારાજના ચૈત્ય વિગેરેમાં કરવો.

જે જૈનો સામાન્ય રીતે આવશ્યક-સૂત્રને સમજી શકે છે, તેઓ કબુલ કરશે કે, ભગવાન્ જિનેશ્વરમહારાજની ભક્તિમાં કોઈપણ દિવસ શ્રાવકને સંતોષ હોય જ નહિ અને એટલા જ માટે શ્રાવકો સામાયિક, પૌષધ શિવાયની અવસ્થામાં ભગવાન જિનેશ્વરમહારાજના વન્દન-પૂજન-સત્કાર-સન્માન સર્વ કરે છે, છતાં તે કરાતા વન્દનાદિથી કોઈ દિવસ પણ શ્રાવક-જનતાને સંતોષ થાયજ નહિ. અને તેથીજ તેઓ સાધુપણાના જેવી સામાયિકની અવસ્થામાં હોય તો પણ वन्दणवत्तिआए० વિગેરે પાઠ બોલી તે વન્દન-પૂજનાદિથી થતા લાભોને મોટું સ્થાન આપે છે,

આ ઉપરથી સ્પષ્ટ માલમ પડશે કે-શ્રાવકવર્ગ કોઈ દિવસ પણ ભગવાન્ જિનેશ્વરમહારાજના પૂજનઆદિકમાં ચ્હાય જેટલો દ્રવ્યનો વ્યય થાય તો પણ સંતોષને માનનાર તો હોય નહિ,

આ વાત જ્યારે સમજવામાં આવશે ત્યારે ભગવાન્ જિનેશ્વર-મહારાજાઓ કોઈપણ દિવસે, કોઇપણ જીવથી સર્વોત્તમ પ્રકારે પૂજાતા નથી, એ વાતનો નિશ્ચય થશે, અને જ્યારે તેનો નિશ્ચય થશે ત્યારેજ મહારાજા **દશાર્ણભદ્રજીએ** "ભગવાન જિનેશ્વરમહારાજની વન્દનામાં કોઈએ પણ ન વાંદ્યા હોય તેવી રીતે હું વાંદું" એ રીતે કરેલું અભિમાન અ-યોગ્ય ગણાયું તે સમજાશે, અને તે **દશાર્ણભદ્રજીના** અભિમાનને ટાળવા માટે ઇન્દ્રને કેમ આવવું પડ્યું ? તે પણ સમજાશે.

## શાસનની મહત્તા

ભાવશુદ્ધિ, ક્રિયાશુદ્ધિ વિના ન થાય, ક્રિયાશુદ્ધિ જ્ઞાનીની નિશ્રા વિના ન થાય, જ્ઞાનીની નિશ્રા શાસનની મહત્તાના જ્ઞાનથી મેળવી શકાય છે, તેથી વિવેકી આરાધકોએ શાસનનું મહત્ત્વ સુયોગ્ય રીતે ધ્યાનમાં લેવું ઘટે.

# જૈન સાધુઓ ઉત્તમ કેમ?

જગતભરમાં સર્વ આસ્તિકવર્ગ દુનિયાદારીની માયા–જંજાળ છોડીને કેવળ મોક્ષ મેળવવાની મુસાફરી કરનારને જ વાસ્તવિક ગુરૂ તરીકે માને છે. એમાં બે મત છે નહિ.

પણ ધ્યાન રાખવાની જરૂર છે કે જેમ મનોરથ માત્રથી કાર્યની સિદ્ધિ થઈ શકતી નથી, તેવી જ રીતે અન્ય સાધન કે અ–સાધનમાં પ્રવૃત્તિ કરવાથી કાર્યસિદ્ધિ થઈ શકતી નથી.

મોક્ષ સાધવાવાળાઓને મોક્ષની મુસાફરી કરવા પહેલાં અન્ય દ્રોહ અને સ્વમમત્વ એ બેનો સર્વથા પરિહાર કરવો જ પડે, એવી માન્યતામાં કોઈપણ વિચારવંત આસ્તિક વિરોધ કરી શકે નહીં.

વળી દરેક આસ્તિક શાસ્ત્રકારોએ એકીવચને એ વાત કબૂલ કરેલી જ છે. અને કબૂલ કરવી પડે તેમ છે. કે દ્રોહ **અને મમત્ત્વ એ જ્વાલામાંથી બહાર ખસ્યા સિવાય મોક્ષની મુસાફરી બનતી જ નથી.**

એવી રીતે સર્વ લોકો, સર્વ આસ્તિકો અને સર્વ દર્શનકારોનો દ્રોહ અને મહત્ત્વ છોડવામાં એકમત છતાં પણ અન્ય–દર્શનકારોના વર્તન તરફ ધ્યાન દઈએ તો તેઓ પરિગ્રહની પીઠિકા ઉપર પદ્માસન જમાવીને બેઠેલા છે. પરિગ્રહથી સર્વથા પર રહેવાનો માર્ગ જણાવ્યો હોય અને તેનો અમલ બરાબર ચલાવ્યો હોય તો તે જૈનધર્મના સાધુઓએ જ છે એ વાત સર્વકાલના ઇતિહાસકારોને પણ કબૂલ કર્યા સિવાય ચાલતી નથી.

( આગમો૦ સાહિત્ય-સંગ્રહ પૃ. નં. ૧૫ માંથી )

શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

# આગમજ્યોત

વીર નિ. સં. ૨૫૦૩ ✽ વિ. સં. ૨૦૩૩

વર્ષ ૧૨ ✽ પુસ્તક ૨

## કલ્યાણક-દિવસોની આરાધનાનો દૃષ્ટિકોણ

★

**तवोवहाणादियावि णियसमप।**
**अणुहवं कायव्वा जिणाण कल्लाणदियहेसु॥**

જૈન-જનતામાં દાન, શીલ, તપ અને ભાવની પ્રવૃત્તિ કરીને ધર્મની આરાધના હંમેશાં કરવાની હોય છે, અર્થાત્ જૈનશાસનના નિયમ પ્રમાણે કોઈપણ દિવસ એવો ગણવામાં આવેલો નથી કે જે દિવસે દાન, શીલ, તપ અને ભાવરૂપી ધર્મની પ્રવૃત્તિ કરવાની ન હોય, અગર કરવાનો નિષેધ હોય !

પરન્તુ એ વાત તો ચોક્કસ છે કે દાન, શીલ, તપ અને ભાવરૂપી ધર્મની પ્રવૃત્તિ સતત કરવા લાયક હોવા છતાં બારે માસ નિયમિત ન બને અને કોઈક વખત બને તો તે કેટલાકોને માટે અસંભવિત નથી, ઘણાજ ઓછા એવા ભાગ્યશાળી પુરૂષો હશે કે જેઓ બારે માસ દાન, શીલ, તપ અને ભાવમાં સતતપણે અને એકસરખા-ભાવથી પ્રવૃત્તિ કરી શકે. જૈનજનતાનો મ્હોટો ભાગ તો એવોજ હોય છે અને હોય કે જે દાન, શીલ, તપ અને ભાવની પ્રવૃત્તિ કોઈક-કોઈક વખત કરવાવાળો હોય તો તેવા જૈનજનતાના

મ્હોટાભાગે ઉપર જણાવેલું ભગવાન **હરિભદ્રસૂરિજી**નું વાક્ય બરોબર ધ્યાનમાં રાખવું જોઈએ.

ઉપરના વાક્યમાં ભગવાન્ **હરિભદ્રસૂરીજી** જણાવે છે કે જૈન-જનતાએ તપસ્યા વિગેરે જિનેશ્વર-મહારાજના કલ્યાણકના દિવસોમાં ઉચિતતા પ્રમાણે જરૂર કરવાં જોઈએ.

આ કારણથી ભગવાન્ જિનેશ્વર-મહારાજના કલ્યાણકના દિવસોની આરાધના કરવા માટે કલ્યાણકને અંગે તપ કરવાને પૂ. મ. **શ્રી હરિભદ્રસૂરીજી** ઓગણીસમા **તપ**નામના પંચાશકમાં જણાવે છે, તે **તપપંચાશક**માં ભગવાન્‌ની દીક્ષાનું તપ અને ભગવાનના કેવલજ્ઞાનનું તપ જણાવવા સાથે ભગવાનના મોક્ષનું તપ કરવા માટે પણ જણાવે છે.

જેઓ અનુકરણની પવિત્ર-વાસનાને અનુચિત માને છે, તેઓએ આ તીર્થંકરભગવાન્‌ના દીક્ષા, જ્ઞાન અને મોક્ષના તપના અનુકરણને જલાંજલિ આપવી પડશે.

વાચકપુરૂષોએ ધ્યાન રાખવાની જરૂર છે કે-કેટલાક આચાર્યો ભગવાન્ જિનેશ્વરમહારાજાઓના દીક્ષાદિકના તપને અનિયમિતપણે એટલે કે તે તે મહિના કે દિવસના લક્ષ્ય રાખ્યા વગર કરવાનું જણાવે છે, જ્યારે કેટલાક પૂ. આ. શ્રી **હરિભદ્રસૂરિજી** કરતાં પ્હેલાના કાલના આચાર્યો તે દીક્ષા આદિકના તપને દીક્ષાઆદિના મહિના અને દિવસને ઉદ્દેશીનેજ કરવાનું જણાવે છે.

અર્થાત્ ભગવાન્ **ઋષભદેવજીના** દીક્ષાનો તપ ચૈત્ર (ફાગણ) વદિ આઠમે છટ્ઠ કરીને કરવો અને યાવત્ ભગવાન્ **મહાવીરમહારાજનો** દીક્ષાનો છટ્ઠ માગશર (કાર્તિક) વદિ દશમે દીક્ષાનો તપ કરવો. એટલે ચોવીસે ભગવાન્‌ના દીક્ષાની તપસ્યાનું અનુકરણ તે તે ભગવાન્‌ના તે તે દીક્ષાના મહિને તે તે દિવસે કરવું. એમ સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે, એકલી તપસ્યાનુંજ અનુકરણ કરવાનું જણાવ્યું એમ નહિં, પરન્તુ પારણે પણ જે જે ભગવાન્‌ને જે જે વસ્તુ શેલડીના રસ વિગેરેની મળેલી છે, તે તેજ વાપરવાનું વિધાન પણ જણાવે છે.

એટલે ભગવાન્ તીર્થંકરની દીક્ષાના તપનુંજ અનુકરણ કરવું એમ નહિ, પરન્તુ તેમના પારણાનું અનુકરણ પણ કર્તવ્ય છે, એમ પૂ. આ. શ્રી **હરિભદ્રસૂરિજી** તપનામના ઓગણીસમા **પંચાશકમાં** જણાવે છે.

ભગવાન્ જિનેશ્વર મહારાજ જેવા પવિત્રપુરૂષોના વર્ત્તનના અનુકરણને અનુચિત માનનારા વર્તમાનકાલમાં ભગવાન્ના વર્ષીતપને અનુસરીને વર્ષીતપ કરવાનું કયા આધારે રાખતા હશે ? વળી વર્ષીતપના પારણે રસ વાપરવાની પ્રવૃત્તિ તો ખરેખર અત્યંત મુંઝવનારીજ થઈ પડશે.

જો કે શક્તિ રહિત કાર્યનું અનુકરણ કરવું અગર આચરણા ઉડાવીને અનુકરણ કરવું એ શાસ્ત્રની શ્રદ્ધાવાળાને માટે ઈષ્ટ હોતું જ નથી અને હોય પણ નહિં, પરન્તુ જેઓએ સર્વથા અનુકરણનોજ નિષેધ કરેલો છે, તેઓના મતે વર્ષીતપ કરવાનું તથા વર્ષીતપનું પારણું નિયમિત દિવસે (વૈશાખ સુદી ત્રીજે) કરવાનું અને તે પણ ઈક્ષુરસથીજ કરવાનું તો અનુકરણ નહિં માનવાને લીધે બનેજ નહિ.

વળી તેઓના મતે ચૈત્રવદિ આઠમથી વર્ષીતપની શરૂઆત અને વૈશાખ સુદિ ત્રીજે વર્ષીતપની પૂર્ણાહુતિ એ બેનું સર્વથા અયોગ્યપણું ગણાય તો પછી વૈશાખ સુદિ ત્રીજના વર્ષીતપનું પારણું કરતાં શેલડીનો રસ વાપરવો એ તો સ્વપ્ને પણ યોગ્ય હોયજ શાનો ? પરન્તુ શ્રીપંચાશકજીના તપપંચાશકમાં તીર્થંકરભગવાન્ની દીક્ષાના તપને જણાવતાં ચૈતર વદ આઠમે પ્રારંભ કરવો એમ પણ જણાવે છે, (ચૈતર વદ આઠમના છઠની અપેક્ષાએ ચૈતર વદ સાતમે પ્રથમ ઉપવાસ આવી શકે.) તથા વૈશાખ સુદિ ત્રીજે પારણું કરવામાં પણ શેલડીનો રસ લઈને પારણું કરવું એમ પણ જણાવે છે.

એટલે ભગવાન્ હરિભદ્રસૂરિજીના પ્હેલાના કાળથી પણ ભગવાન્ની દીક્ષાના તપ અને પારણાનું અનુકરણ થતું હતું એ સ્પષ્ટપણે નકકી થાય છે,

પરંતુ શાસ્ત્રોના પાઠો ઓળવવા, ફેરવવા, ન માનવા અને વિપરીત પ્રરૂપણા કરવા તરફ વલણવાળા અભિનિવેશવાળાઓ તે શાસ્ત્રોકત વસ્તુઓ ન માને તો તેમાં આશ્ચર્ય નથી ?

જેવી રીતે ભગવાન્‌ના દીક્ષાઆદિકના તપોનું અનુકરણ કરવાનું શાસ્ત્રકાર ફરમાવે છે, તેવીજરીતે ભગવાન્ જિનેશ્વરમહારાજના ચ્યવનાદિકે પાંચે કલ્યાણકોમાં તપ આચરવું જરૂરી ગણાવવાની સાથે શરીરના સત્કાર વિગેરેને પણ શાસ્ત્રકારો જરૂરી ગણાવે છે. એટલે ભગવાન્ જિનેશ્વરમહારાજાના કલ્યાણક મહોત્સવો જેવીરીતે તપથી આરાધવાના જણાવે છે, તેવી જ રીતે શરીરસત્કાર, અમારી પડહો, વિશિષ્ટ દાન, રથયાત્રા વિગેરે કરીને પણ સર્વ કલ્યાણકોના દિવસો આરાધવાની જરૂર શાસ્ત્રકારમહારાજા ફરમાવે છે.

એક વાત વાચકવર્ગે જરૂર ખ્યાલમાં રાખવાની છે કે ભગવાન્ જિનેશ્વરોનાં ચ્યવનાદિક સર્વ-કલ્યાણકો સામાન્યથી તપ કરીને આરાધવાનાં હોય છે અને તેથી જ શાસ્ત્રકાર कल्याणकाराधको हि प्रायस्तपःकारको भवति એમ જણાવે છે અને એમ જણાવી કલ્યાણકને અંગે પર્વતિથિ માનવાપણું છતાં બીજી આરાધનાનું ગૌણપણું રાખી સામાન્ય અને વિશેષ તરીકે પર્વતિથિઓના ભેદો જણાવે છે, અને આ કારણથી જેઓ શાસ્ત્રકારોએ પર્વતિથિના ક્ષયે પૂર્વની અપર્વતિથિનો કહેલો ક્ષય ઉડાવી દેવા જે કલ્યાણકતિથિઓને આગળ કરે છે તે તેઓના કુતર્ક શિવાય બીજું કાંઈ કરતા નથી.

સામાન્ય રીતે સર્વ કલ્યાણકો તપ અને દાનાદિદ્વારા આરાધવાનાં હોય છે, પરન્તુ ચ્યવન અને જન્મકલ્યાણકમાં ભગવાનની તપસ્યા ન હોવાથી માત્ર સામાન્ય તપ અને ઓચ્છવરૂપ આરાધના હોય છે, જ્યારે દીક્ષા, કેવલજ્ઞાન અને મોક્ષ એ ત્રણ કલ્યાણકોમાં તપસ્યા અને અનશન હોવાથી તેમનું અનુકરણ કરવાનું તપસ્યાદ્વારા બને છે, માટે દીક્ષાદિક-કલ્યાણકો ઉજવવાને સાચી રીતે તૈયાર હોય તેઓને તે તે કલ્યાણકને દિવસે તપસ્યા, શરીર-સત્કાર, દાન, રથયાત્રા વગેરે શાસ્ત્રકારોએ જણાવેલાં કાર્યોમાં જરૂર ઉદ્યમ કરવો જોઈએ. એકલી જયંતી કે ઉજવણીના નામે લોકોનો સમુદાય એકઠો કરીને કે શાસ્ત્રવિરૂદ્ધ વાતોનું પોષણ કરવા માટે બખાળા કાઢીને કે

ફરફરીયાં કે પુસ્તકો વ્હેંચીને જે આરાધના કરાય તે શાસ્ત્રને અનુસરતી કેમ ગણી શકાય? એકલા જન્મકલ્યાણકને આગળ કરી દીક્ષા અને કેવલજ્ઞાનના કલ્યાણકો ભગવાન્ મહાવીરમહારાજનાં મંદરીતે ઉજવાય અગર મુદ્દલ ન ઉજવાય તે યોગ્ય નથીજ! એ વસ્તુ શાસનને અનુસરનારાઓએ વિચારવા જેવી છે.



આગમને આધારે જે પ્રવૃત્તિ થાય છે. થઈ છે અને થશે તે જ પ્રવૃત્તિ માત્ર નિર્જરા અને સંવર કરનારી છે. અન્ય પ્રવૃત્તિ નહિં.

આ રીતે સૂત્રો અને સૂત્રના રચનારાઓને આ શાસને સર્વોપરિ-શાસનના આધારસ્તંભ જેવા ગણ્યા છે,

આ રીતે સૂત્ર અને સૂત્ર-કર્ત્તાને આધાર રૂપ ગણ્યા તેનું કારણ એ છે કે શાસન રૂપી રથ જે ઘોડાઓ ખેંચે છે, તે ઘોડાઓને ભગવાનની સૂત્ર રચના રૂપી લગામ અંકુશમાં રાખે છે. જો એ અંકુશ ન હોય તો શાસનનો રથ ગમે ત્યાં જઈને ઉંધો જ પડયો હોત!

'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ટકી રહે છે, વધે છે, શુદ્ધ થાય છે. એ સઘળું આગમને આધારે બને છે.

**શ્રી સિદ્ધચક્ર માહાત્મ્ય પૂ. આગમો૦ શ્રી—પૃ. ૧૨૭**

# શ્રી તત્ત્વાર્થાધિગમ-સૂત્રનું ❀

# હૃદયગ્રાહી વિવેચન

❀ વિવેચનકાર ❀

❀ પૂ:-આગમોદ્ધારક આચાર્યશ્રી ❀ ❀

શ્રી દેવસૂર-તપાગચ્છ-સામાચારીસંરક્ષક, અજોડ સૂક્ષ્મ-વ્યાખ્યાતા-પ્રવર પ્રાવચનિક, આગમિક-ઐદંપર્યાર્થજ્ઞાતા, ધ્યાનસ્થ સ્વ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ અપૂર્વ પ્રતિભાભર્યા વિશિષ્ટ ક્ષયોપશમ બળે ગહન-તાત્ત્વિક પદાર્થોને પણ હૃદયભોગ્ય શૈલિથી છણાવટ સાથે ઘણીવાર વ્યાખ્યાન-વાચના-પ્રશ્નોત્તરી આદિરૂપે ચર્ચેલ છે.

વિ. સં. ૧૯૯૮માં પન્નાલાલ બાબૂની ધર્મશાળા-પાલીતાણાના ચાતુર્માસ દરમ્યાન સુજ્ઞ વિવેકીઓના લાભાર્થે **શ્રી તત્ત્વાર્થાધિગમ-સૂત્ર** ઉપર ઝીણવટભરી તાત્ત્વિક વિવેચના બપોરના સમયે ફરમાવેલ.

જેની નોંધ તે વખતે પૂ. આ. **શ્રી વિજયધર્મસૂરીશ્વરજી** મ. શ્રીએ સ્વ-પરાવબોધાર્થે ટુંકમાં પણ મુદ્દાસરની કરેલ, જેના ઉપરથી પૂ. આ. **શ્રી હેમસાગરસૂરીશ્વરજી** મ. શ્રીએ પોતાની નોંધના આધારે સુવ્યવસ્થિતપણે તૈયાર કરી શુદ્ધ સુંદર મુદ્રણ યોગ્ય વ્યવસ્થિત નકલ તૈયાર કરેલ.

તેઓશ્રી પાસેથી જિજ્ઞાસુઓના હિતાર્થે તે ઉતારાની આખી ફાઈલ મેળવી "આગમ જ્યોત" માં [વર્ષ-૯ પુ. ૨] આપવાની શરૂઆત કરેલ.

ત્રણ હપ્તા આના છપાઈ ગયા.

જેમાં ગયા વર્ષે ત્રીજા હપ્તાના પ્રારંભે સખેદ નોંધ લેવી પડેલ કે-ગમે તે અજ્ઞાત કારણે વર્ષ ૧૦ (પુ. ૨ પૃ. ૪૦)માં બીજા સૂત્રનું વિવેચન પૂર્ણ થયા પછી ત્રીજા સૂત્રનું વિવેચન નોંધમાં મલ્યું

જ નહીં', તેથી ત્રીજા હપ્તામાં ગયા વર્ષે (પુ. ૧૧ પૃ. ૨ પૃ. ૯થી) ચોથા-સૂત્રનું વિવેચન આપેલ.

પણ પરમ-હર્ષની વાત છે કે દેવ-ગુરુકૃપાએ પ્રેસકોપીનાં બંડલોમાંથી ખૂટતા ત્રીજા-સૂત્રના વિવેચનનાં પાનાં આડાં-અવળાં થયેલ, તે જડી આવ્યાં, જેથી રહી જવા પામેલ વચલું (ત્રીજા સૂત્રનું) વિવેચન યોગ્ય સુધારા-વધારા સાથે સુસંપાદિત કરી તત્ત્વપ્રેમી વાચકોના હિતાર્થે આ વર્ષે રજુ કરવામાં આવે છે.

વિવેકી સુજ્ઞ-વાચકોએ અર્થગંભીર-નયસાપેક્ષ આ વિવેચનના પરમાર્થને સમજવા યોગ્ય જ્ઞાની-ગુરુભગવંતના ચરણોમાં બેસી યોગ્યતા-મુમુક્ષુતાનો વિકાસ કરવો. સં. ]

જગતમાં જેમ સાચી વસ્તુનો સંગ્રહ કરનાર મનુષ્ય નકલી વસ્તુના સંગ્રહથી હંમેશાં સાવચેત રહે તેવી રીતે શાસન સેવાના મહાત્મપણાની મજાને લેવાવાળા મનુષ્યે સ્વસેવાના નામે જગતમાં પ્રસરેલો વિશ્વનો મેળો ન વળગી પડે તે બાબત પૂરેપૂરી સાવચેતી રાખવાની જરૂર છે,

કેમકે હું એટલે શાસન, મારો ભક્ત એટલે શાસન, સમાજ, મારી અને ભક્તોની સેવા એટલે શાસન કે સમાજની સેવા, મારૂં અને મારા ભક્તોનું બહુમાન એજ શાસનની ઉન્નતિ, હું અને મારો પરિવાર એજ શાસનનાં અંગો.

આવી આવી સર્વથા બીભત્સ અને ગલીચ ભાવનાઓ શાસન સેવાને નામે સડી ગયેલા મગજવાળાઓ ધારણ કરી બેસે.

પરન્તુ શાસનની સાચી શિક્ષા અને શ્રદ્ધાને પામેલા સત્પુરૂષો તેવા સડેલા સંસ્કારો ક્ષણભર પણ પોતાના હૃદયમાં ધારે નહિ. વચનથી ઉચ્ચારે પણ નહિ અને તેવાં કથન કરનારા-ઓની છાયાએ પણ છવાય નહિ.

પૂ. શ્રી આગમોદ્ધારકની તાત્ત્વિકવાણી પા. નં. ૬૦-૬૧

પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ
વાચનારૂપે ફરમાવેલ

# શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રનું તાત્ત્વિક વિવેચન

(વર્ષ ૧૧. પુ. ૨, પા. ૪૦ થી ચાલુ)

**અવતરણ**

જેનું યત્કિંચિત્ સ્વરૂપ જણાવેલું છે, તે સમ્યગ્દર્શન જે કારણથી જેટલા પ્રકારનું કહેવાય છે, તે જણાવવા માટે ત્રીજું સૂત્ર કહે છે,

**સૂત્ર**–तन्निसर्गादधिगमाद् वा (सूत्र–३)

**સૂત્રાર્થ—**

તે સમ્યગ્દર્શન નિસર્ગ=અ–પરોપદેશથી અથવા અધિગમ (પરોપદેશાદિ નિમિત્ત) થી થાય છે.

भाष्य-तदेतत् सम्यग्दर्शनं द्विविधं भवति, निसर्गसम्यग्दर्शनमधिगमसम्यग्दर्शनं च, निसर्गादधिगमाद्वोत्पद्यते इति–द्विहेतुकं–द्विविधं, निसर्गः परिणामः स्वभावः अ–परोपदेश इत्यनर्थान्तरम् ।

**ભાષ્યાર્થ-**

તે આ સમ્યગ્દર્શન બે પ્રકારે, નિસર્ગ સમ્યગ્દર્શન અને અધિગમસમ્યગ્દર્શન.

નિસર્ગથી કે અધિગમથી ઉત્પન્ન થાય છે, તેથી બે હેતુવાળું સમ્યગ્દર્શન બે પ્રકારે કહેવાય છે.

નિસર્ગ, પરિણામ, સ્વભાવ, બીજાના ઉપદેશ વિના એ બધા પર્યાયવાચી છે.

વિવેચન

ચાલુ પ્રકરણથી જ સમ્યગ્ દર્શન નિસર્ગ અથવા અધિગમથી થાય છે, એમ સ્પષ્ટ જણાઈ શકે તેમ હોવા છતાં સૂત્રકાર મહારાજાએ સૂત્રમાં " તદ્ " એવું સર્વનામસંજ્ઞક પદ આપ્યું છે, તે અત્યંત સૂક્ષ્મ-સંક્ષિપ્ત વ્યાખ્યા તેમજ અત્યંત બાદર-વિસ્તૃત વ્યાખ્યા ન કરતાં સર્વ શિષ્યોના હિતાર્થે મધ્યમ વ્યાખ્યા જણાવવા માટેનું છે.

અર્થાત્ અત્યંત-સંક્ષિપ્ત વ્યાખ્યા કરવામાં આવે અને પ્રથમ આવી ગયેલી વસ્તુ માટે તદ્ વિગેરે સર્વનામ-સંજ્ઞક પદો ન વાપરવામાં આવે તો સર્વ-શિષ્યોને બોધ ન થઈ શકે, તે પ્રમાણે અત્યંત લાંબી લાંબી વ્યાખ્યા કરવામાં આવે અને સર્વનામસંજ્ઞક પદો ન વાપરતાં વારંવાર તે તે પ્રસંગે સમ્યગ્ દર્શનાદિ પદો આપવામાં આવે તો પણ કંટાળાદિના કારણે સર્વ શિષ્યોને બોધ ન થઈ શકે, માટે મધ્યમપણે વ્યાખ્યા થાય.

તે મધ્યમપણે વ્યાખ્યા-કરતાં અગાઉ આપેલી બાબતો માટે સર્વનામ સંજ્ઞકાદિ પદો આપવામાં આવે તો સર્વ શિષ્યોનું હિત થઈ શકે છે.

આ વસ્તુ જણાવવા માટે સૂત્રકાર મહર્ષિએ તદ્ એ સર્વ-નામ-સંજ્ઞક-પદનો પ્રયોગ કર્યો છે, એમ ટીકાકારનું કથન છે.

આખા સૂત્રનો અર્થ આ પ્રમાણે છે કે-

મૂલ હેતુ (અર્થાત્ કારણનું કારણ) બે પ્રકારનું હોવાથી સમ્યક્ દર્શન બે પ્રકારનું કહેવાય છે.

અહિં એટલો ખ્યાલ રાખવાનો છે કે-આગળ જણાવવા મુજબ ઉત્પત્તિના કારણે **નિસર્ગ** તથા **અધિગમ** બે પ્રકારનું સમ્યગ્ દર્શન છે, પરંતુ તે બન્ને નિમિત્તોથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન રૂપ કાર્ય એક જ પ્રકારનું છે.

આ વસ્તુ ભાષ્યકાર મહારાજા સૂત્રોના અવયવોનો અર્થ કરવા પૂર્વક સ્પષ્ટ કરે છે તદેતદિતિ,

સૂત્રમાં આપેલો તદ્ શબ્દ एतद् શબ્દના અર્થમાં છે. એટલે ગયા સૂત્રમાં જે સમ્યગ્દર્શનની વાત કરી હતી, તે સમ્યગ્દર્શન નિમિત્ત બે પ્રકારનું હોવાથી બે પ્રકારનું છે. નિસર્ગ સમ્યગ્ દર્શન તથા અધિગમ સમ્યગ્દર્શન

તેમાં પરના ઉપદેશ સિવાય જ તથાભવ્યત્ત્વ-દશાનો પરિપાક થવાથી થયેલા કર્મના ઉપશમથી ઉત્પન્ન થતું જે સમ્યગ્ દર્શન તે **નિસર્ગ સમ્યગ્ દર્શન** કહેવાય, અહિં **નિસર્ગનો અર્થ** સામાન્ય રીતિએ જે **સ્વભાવ** થાય છે, તે અથવા જેને દુનિયા કુદરત કહે છે તે લેવાનો નથી, પરંતુ ઉપર જણાવ્યા મુજબ **તથા-ભવ્યત્વદશાનો પરિપાક, ભવિતવ્યતાનો યોગ** જે કે અમુક અવસરે જ્ઞાનીની દૃષ્ટિએ જે કોઈ પણ બાહ્ય-નિમિત્ત વિના થવાનો છે- તે અર્થ લેવાનો છે.

જો તે પ્રમાણે ન લેવામાં આવે અને સ્વભાવ અથવા કુદરતને **નિસર્ગ** પદથી ગણવામાં આવે તો આત્માને અનાદિ શુદ્ધ માનવાનો પ્રસંગ આવી જાય, જે વસ્તુ બારીકાઈથી વિચારતાં સમજી શકાય તેવી છે.

આવું **નિસર્ગ સમ્યગ્ દર્શન મરૂદેવા** અથવા અ-તીર્થ સિદ્ધ વિગેરે કોઈ-કોઈ આત્મામાં મલી આવે.

પરના ઉપદેશથી (અથવા જાતિસ્મરણાદિ) બાહ્ય-નિમિત્તની અપેક્ષા દ્વારા થતા કર્મના ઉપશમાદિ વડે જે સમ્યગ્ દર્શન થાય તે **અધિગમ સમ્યગ્ દર્શન** કહેવાય.

આથી તત્ત્વ એ થયું કે નિસર્ગ-સમ્યગ્ દર્શનમાં જેમ તથા-ભવ્યત્વનો પરિપાક વિગેરે અંતરંગ કારણ સિવાય બીજા કોઈ પણ બાહ્ય કારણની અપેક્ષા નથી. તે પ્રમાણે આમાં નથી, આ અધિગમ

સમ્યગ્દર્શનમાં પરોપદેશ, જાતિસ્મરણ, પ્રતિમાદિદર્શન વગેરે બાહ્ય કારણની ખાસ અપેક્ષા રહે છે.

યદ્યપિ બન્ને પ્રકારમાં તથાભવ્યત્વના પરિપાક સિવાય કર્મનો ઉપશમ થવાનો નથી, એ કર્મના ઉપશમાદિ થયા સિવાય સમ્યગ્ દર્શન થવાનું નથી. તો પણ ભવિતવ્યતાના યોગે નિસર્ગસમ્યગ્ દર્શનવાળાને કોઇ પણ બાહ્ય કારણ સિવાય જ દુષ્કૃત-ગર્હા સુકૃતાનુમોદનાદિ અંતરંગ નિમિત્તોથીજ તથાભવ્યત્વદશાનો પરિપાક થાય છે અને અધિગમ-સમ્યક્ત્વવાળાને પરોપદેશાદિ બાહ્ય-નિમિત્તોથી તથાભવ્યત્વદશાનો પરિપાક થાય છે.

ભાષ્યમાં " वा " પદ નિમિત્તનો ભેદ બતાવવા માટે છે, એટલે કે એક જ સમ્યગ્દર્શનના નિસર્ગ અને અધિગમ એવા બન્ને કારણો નથી, અર્થાત્ કોઈ કોઇ એવો અર્થ કરી નાખે કે નિસર્ગોપ-લક્ષિત અધિગમ હોય તો સમ્યગ્દર્શન થાય, એમ અર્થ કરવાનો નથી.

निसर्गाधिगमाभ्यां એમ સમાસ ન કરતાં निसर्गाद् अधिगमाद् એમ અ-સમસ્ત બન્ને પદો રાખ્યાં છે, તેનું કારણ પણ તેજ છે એટલે કે નિસર્ગથી સમ્યગ્દર્શન થાય અથવા અધિગમથી સમ્યગ્-દર્શન થાય, સમ્યગ્દર્શન રૂપ કાર્ય એક, પરંતુ સમ્યગ્દર્શનના નિમિત્ત કારણ બે, નિસર્ગ અથવા અધિગમ, જો આ પ્રમાણે અર્થ ન કરાય તો ' वा પદ નકામું પડે છે.

હવે કદાચ એમ શંકા થાય કે- જ્યારે જુદા જુદા કારણો છતાં સમ્યગ્દર્શન રૂપ કાર્ય એક જ થાય છે, ત્યારે તે સમ્યગ્દર્શનને નિસર્ગ સમ્યગ્ દર્શન અથવા અધિગમ સમ્યગ્દર્શન એવા નામથી કેમ કહેવામાં આવે છે? તો તે શંકાના નિરાસ માટે ભાષ્યકાર સ્વયં જણાવે છે કે— निसर्गादित्यादि, निसर्गादधिगमाद्वोत्पद्यत इति, આ વાકયમાં જે ઇતિ પદ છે तस्माद्- તે કારણથી એ અર્થમાં સમજવાનું છે. જ્યારે ' इति , પદનો ' तस्मात् , એવો અર્થ કરવામાં

આવે તો यत्तदोर्नित्याभिसम्बन्धात्, यत् અને तद्‌નો નિત્ય સંબંધ હોવાથી અર્થાત્ જ્યાં यत् આવે ત્યાં ત્યાં तद् આવવું જ જોઇએ અને જ્યાં तत् નો પ્રયોગ આવે ત્યાં यत् પદનો પ્રયોગ હોવોજ જોઈએ.

આ કારણથી હવે આખા ભાષ્ય વાકયનો એવો અર્થ થયો કે જે કારણથી આગળ જેનું સ્વરૂપ કહેવામાં આવશે એવા નિસર્ગ અથવા અધિગમથી સમ્યગ્‌દર્શન ઉત્પન્ન થાય છે, તે કારણથી તે તે નિસર્ગ–સમ્યગ્‌દર્શન અથવા અધિગમ સમ્યગ્‌દર્શન કહેવાય છે.

આ વસ્તુ દૃષ્ટાંતથી સમજાવે છે કે–જેમ ડાંગર, યવ–ઘઉં વિગેરેના અંકુરાઓમાં અંકુરપણું સમાન હોવા છતાં અસાધારણ કારણ–ભૂત યવથી ઉત્પન્ન થયેલા અંકુરને यवांकुर કહેવાય છે, તેજ પ્રમાણે અસાધારણ કારણ તરીકે રહેલા નિસર્ગ અથવા અધિગમથી ઉત્પન્ન થતા સમ્યગ્‌દર્શનને નિસર્ગ–સમ્યગ્‌દર્શન અથવા અધિગમ સમ્યગ્‌દર્શન કહેવામાં આવે છે.

તાત્પર્ય એ છે કે– નિસર્ગ તથા અધિગમ એ બન્ને હેતુઓ ભિન્ન છે. અભિન્ન હેતુઓથી સમ્યગ્‌દર્શન રૂપ એક કાર્યની ઉત્પત્તિ છતાં હેતુની ભિન્નતાને અંગે નિસર્ગસમ્યગ્દર્શન તથા અધિગમ સમ્યગ્દર્શન એવા નામોથી સંબોધવામાં આવે છે.

શંકા :– અત્યાર સુધીના વિવરણ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે આ સૂત્રદ્વારા તમો હેતુનું પ્રતિપાદન કરતા હો તો ભાષ્યકાર મહારાજાએ આ સૂત્રના ભાષ્યની આદિમાં ‘तदेतत् सम्यग्दर्शनं द्विविधं भवति’ ‘આ અનન્તરાધિકૃત સમ્યગ્ દર્શન બે પ્રકારનું છે, એવું જે વિવરણ કર્યું છે તે અયોગ્ય છે, ભાષ્યકારે આ પ્રમાણે કથન કરવાની જરૂર હતી કે–‘ तस्य सम्यग्दर्शनस्य द्वौ हेतू, સમ્યગ્‌દર્શનના નિસર્ગ તથા અધિગમ એવા બે હેતુઓ છે, કારણ કે સૂત્ર દ્વારા હેતુનું દ્વિવિધપણું ઇષ્ટ ગણવામાં આવ્યું છે

[ તાત્પર્ય એ છે કે– આ સૂત્રમાં વિધાનનું પ્રતિપાદન નથી પરંતુ જ્યારે હેતુના ભેદનું જ પ્રતિપાદન કરવું ઈષ્ટ છે તો પછી तन्निसर्गाद् अधिगमाद्वा એટલું સૂત્ર કહેવા કરતાં ' तस्य निसर्गाधिगमौ द्वौ हेतू એ પ્રમાણે સૂત્ર કરવાની જરૂર હતી, આટલો દ્રાવિડી પ્રાણાયામ કરવાની શી જરૂર હતી ?

**સમાધાન** :– तदेतत् सम्यग्दर्शनं द्विविधं भवति એ વાક્યમાં જે દ્વિવિધ પદ છે. તે પદથી સમ્યગ્ દર્શન બે પ્રકારનું છે. એમ ન સમજાય અને ઉપરની શંકાને સ્થાન ન રહે તે માટે ભાષ્યકાર પોતેજ द्विविध પદનો અર્થ કરે છે કે ' द्विहेतुकं द्विविधमिति, અહિં **દ્વિવિધ** એટલે **દ્વિહેતુક** બે હેતુવાળું સમ્યગ્ દર્શન છે. એમ અર્થ કરવાનો છે.

द्विहेतुक પદનો વિગ્રહ કરે છે, द्वौ निसर्गाधिगमाख्यौ प्रत्येका-समासकरण–ज्ञापितौ हेतू यस्य तद् द्विहेतुकम्, નિસર્ગ અને અધિગમના જુદા જુદા સમાસ નહિં કરવા દ્વારા જણાવેલા બે હેતુઓ એના છે તે द्विहेतुक ગણાય

આ પ્રમાણે **દ્વિવિધ** પદનો અર્થ **દ્વિહેતુક** કહેવાનો છે, પરંતુ સમ્યગ્–દર્શનના મુખ્ય ભેદો જણાવનારૂં નથી.

તમો કહો છો કે–**દ્વિવિધ** પદનો **દ્વિહેતુક** અર્થ કરી **દ્વિવિધ** હેતુની દ્વિવિધતા જણાવનાર છે, તો એને માટે પ્રમાણ શું ? તેના **સમાધાનમાં** ટીકાકાર ભાષ્યકારના પક્ષકાર થઈને સાફ કહે છે કે, સમ્યગ્ દર્શનના પ્રકાર જણાવવા માટે निर्देशस्वामित्वसाधनाधिकरण-स्थितिविधानतः એ સૂત્ર આગળ આવવાનું હોવાથી આ સૂત્ર હેતુનુંજ દ્વૈવિધ્ય જણાવનારૂં છે, એ સિદ્ધ થાય છે.

**શંકા**– ઉપરની વાત જવા દો પરંતુ સમ્યગ્–દર્શનની ઉત્પત્તિમાં તમો **નિસર્ગ**ને કારણ માનો છો તો '**નિસર્ગ**, એટલે શું ?

અને તેનું સ્વરૂપ શું ? અર્થાત્ નિસર્ગ શબ્દનો શો અર્થ ? તેનું કેવા પ્રકારનું સ્વરૂપ છે ?

**સમાધાન** :- નિસર્ગ-પરિણામ-સ્વભાવ-અ-પરોપદેશ એ અનર્થાન્તર છે અર્થાત્ જે **નિસર્ગ** શબ્દ આગળ કરવાના છીએ તે અર્થવાળો જાણવો પરંતુ તેથી બીજા અર્થમાં લેવાનો નથી,

निसर्ग :-परिणाम-स्वभाव-अ-परोपदेश-इत्यनर्थान्तरम् એ પ્રમાણે જે લખ્યું છે પરંતુ इति पर्याया અથવા अनर्थान्तराणि લખ્યું નથી, તેનું કારણ ઉપર જણાવેલું તે છે.

એટલે કે પર્યાયવાચક શબ્દ માનવાથી વ્યવહારમાં પાણી ભરવાનો ઘડો, લગ્નની ચોરીનો ઘડો, મદિરા ભરવાનો ઘડો એમ જુદા જુદા પ્રકારના ઘડાને યદ્યપિ **ઘટ** કહેવાય છે, પરંતુ તેનો ઉપયોગ જેમ જુદા જુદા કાર્યમાં થાય છે, તે પ્રમાણે અહિં પણ વ્યવહાર-દૃષ્ટિએ નિસર્ગ, પરિણામ વિગેરે શબ્દો પર્યાયવાચક ગણવાના છે, પરંતુ નિશ્ચયથી તે દરેક પદનો અર્થ જુદો છે. જે ટીકાકાર મહારાજાએ સ્પષ્ટ કર્યો છે. અને આપણે પણ અહિં સ્પષ્ટ કરીશું, એમ છતાં **નિસર્ગ** પદના એકંદર અર્થથી તે દરેક પદોનો અર્થ જુદો પડવાનો નથી, તે ખાસ ખ્યાલમાં રાખવાનું છે.

ભાષ્યકાર મહારાજાએ નિસર્ગ-પરિણામ, સ્વભાવ અને અ-પરોપદેશ એવા જે અનર્થાન્તર પદો કહ્યાં છે. તેનો અર્થ આ પ્રમાણે—

**અપૂર્વ કરણ પછી થવાવાલું જે અનિવૃત્તિ કરણ તે નિસર્ગ,**

જો કે સમ્યગ્દર્શન વાલાને તો યથાપ્રવૃત્ત તથા અપૂર્વકરણ બન્ને અ-પરોપદેશ=નિસર્ગથી જ થવાના છે. તો પણ સમ્યક્ત્વ પુરસ્કૃતપણું એટલે કે તત્ત્વસ્વરૂપ સમ્યગ્દર્શનનું અનન્તર-કારણ અનિવૃત્તિ-કરણ છે. અનિવૃત્તિ કરણ પૂર્ણ થતાં તુર્ત્તજ સમ્યગ્

દર્શન થાય છે, માટે અહિં નિસર્ગ પદથી અપૂર્વકરણાનન્તર થવાવાલું અનિવૃત્તિ કરણનું ગ્રહણ કરવામાં આવ્યું છે.

કારણ કે અનિવૃત્તિ કરણ પછી તત્ત્વ-રૂચિ થાય છે.

આ પ્રમાણે નિસર્ગનું કયું સ્થાન હોય ? તે જણાવ્યા બાદ 'નિસર્ગ', પદની 'વ્યુત્પત્તિ દ્વારા ઉપરના અર્થને વધુ પુષ્ટિ આપવામાં આવે છે.

'निसृज्यते-त्यज्यते तत्त्वरुच्याख्यकार्यनिर्वृत्तौ सत्यामिति निसर्गः તત્ત્વ રૂચિ નામનું કાર્ય થયે જેનો ત્યાગ કરાય છે, તેનું નામ નિસર્ગ, સમ્યગ્દર્શન ઉત્પન્ન થયે અનિવૃત્તિ કરણનો ત્યાગ થાય છે !

અર્થાત્ જ્યાં સુધી જીવ અનિવૃત્તિ-કરણમાં હોય છે, ત્યાં સુધી એટલે અનિવૃત્તિના છેલ્લા સમય સુધી મિથ્યાત્વ-મોહનીનો ઉદય છે, પરંતુ તે અનિવૃત્તિ-કરણનો ત્યાગ થાય=અનિવૃત્તિકરણ કાલ પૂર્ણ થાય, એટલે તુર્તજ તત્ત્વરૂચિ સ્વરૂપ સમ્યગ્ દર્શનની ઉત્પત્તિ થાય છે, કારણ કે હવે અનિવૃત્તિ કરણની જરૂર નથી, કારણનું જ કાર્યરૂપે પરિણામાન્તર થતાં કારણનો=અનિવૃત્તિકરણરૂપ સમ્યગ્ દર્શનના કારણનો ત્યાગ થાય છે, અર્થાત્ નિસર્ગાવસ્થામાં આત્મા જે અનિવૃત્તિ કરણ કરતો હતો, તે જ આત્મા હવે તત્ત્વરૂચિરૂપ સમ્યગ્દર્શનમય બન્યો છે, એટલે કારણનું કાર્યરૂપે પરિણામાન્તર થયું, તેમ નથી એ જ બાબત જણાવવા માટે 'નિસર્ગ' પદનો અનર્થાન્તર 'પરિણામ,' જણાવે છે.

**પરિણમવું એ અવસ્થામાંથી બીજી અવસ્થામાં જવું તે પરિણામ!** અનિવૃત્તિ કરણવાળો જીવ કાંઈક અનિવૃત્તિના ત્યાગ કરવા રૂપ તત્ત્વરૂચિરૂપ સમ્યગ્ દર્શનના પરિણામવાળો થાય છે, માટે **તે પરિણામ** કહેવાય છે.

હવે પરિણામમાં પ્રયોગ-પરિણામ અને વિશ્રસા-પરિણામ એવા બે પ્રકાર છે, ઘટ પટાદિ-પદાર્થો પ્રયોગ પરિણામવાળા છે અને વાદળાં, ઈન્દ્ર ધનુષ્યાદિ વિસ્રસા-પરિણામવાળા છે.

એમ અહિં જે નિસર્ગ રૂપ અનિવૃત્તિ કરણમાંથી તત્ત્વરૂચિ રૂપ આત્મા નો પરિણામ થાય છે, તે વિસ્રસા પરિણામ છે કે પ્રયોગ પરિણામ છે? તો તેના ઉત્તરમાં સમજવું કે તે વિસ્રસા પરિણામ છે.

અહીં શંકા કદાચ થશે કે જે પરિણામમાં યત્કિંચિત્ પણ જીવનો પ્રયત્ન હોય તે પ્રયોગ પરિણામ ગણાય. અહીં તત્ત્વરૂચિ થવામાં સ્વાભાવિક થયેલા અધ્યવસાય રૂપ આત્મ પ્રયત્ન તો છે? તો તેને વિશ્રસા પરિણામ કેમ કહેવાય?

એ બાબતથી એમ સમજવું ઉચિત છે કે—સામાન્યતઃ અન્ય વ્યક્તિના અર્થાત્ જે વસ્તુમાં પરિણામ માનવો હોય તે વસ્તુ સિવાય અન્યના માનસિક, વાચિક કે કાયિક પ્રયત્ન દ્વારા તે પરિણામ તે વ્યક્તિમાં અથવા વસ્તુમાં ઉત્પન્ન થયો તો તે **પ્રયોગ પરિણામ** કહેવાય. પરંતુ અન્ય પ્રયત્નની જે પરિણામમાં અપેક્ષા રહેતી નથી તે વિશ્રસા પરિણામ છે.

આ બાબતની પુષ્ટિ માટે **નિસર્ગ** પદનો અનર્થાન્તર પરિણામ આપ્યા બાદ હવે **સ્વભાવ** એવો ત્રીજો અનર્થાન્તર આપે છે.

स्वेन आत्मनैव तथाभव्यत्वादिना जनितोऽयमनिवृत्तिरूपभावः इति स्वभावः પોતાના આત્મા વડે તથા ભવ્યત્વાદિથી આ અનિવૃત્તિ રૂપ ભાવ ઉત્પન્ન થયો છે. એમાં બીજા કોઈની પણ અપેક્ષા નથી તથાભવ્યત્વદશાનો પરિપાક થવાથી પરનો ઉપદેશ વિગેરે કોઈપણ નિમિત્ત સિવાય જ જે આત્મામાં અનિવૃત્તિરૂપ ભાવ પેદા થાય છે માટે નિસર્ગનો અનર્થાન્તર '**સ્વભાવ**' આપેલ છે.

નિસર્ગ–સમ્યગ્દર્શનવાળો તથા અધિગમ–સમ્યગ્દર્શનવાળો એ બંનેને તથાભવ્યત્વદશાનો પરિપાક એજ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું કારણ છે, પરંતુ નિસર્ગવાળાને તે પરિપાક પરોપદેશાદિ વગેરે કોઈ પણ બાહ્ય સામગ્રીની અપેક્ષા સિવાય થાય છે, જ્યારે અધિગમ-વાળાને પરોપદેશાદિ બાહ્ય સામગ્રીની અપેક્ષાએ તે પરિપાક છે.

આંબા ઉપર પાકેલી કેરી જેમ ઘાસ વિગેરેની સામગ્રી સિવાય જ પરિપકવ થયેલી છે, જ્યારે ઘાસમાં નાખેલી કેરી ઘાસની મદદથી પરિપકવ થએલી છે.

આ ઉદાહરણથી એમ પણ સમજવાનું નથી કે જો ઘાસની સામગ્રી ન મળે તો કેરીને પરિપાક જેમ મોડો થાય, તેમ પરોપદેશાદિ સામગ્રી ન મળે તો અધિગમવાળાને તથાભવ્યત્વનો પરિપાક મોડો થાય.

જ્ઞાની-ભગવંતોની દૃષ્ટિએ જે વખતે જે સામગ્રીથી તથા ભવ્યત્વનો પરિપાક થવાનો જોવાએલો હોય અને તેને અંગે તે વ્યક્તિ તરફથી જે જે પુરૂષાર્થ સેવન પણ જોવાએલ હોય, તે બધું તે પ્રમાણે જ થાય છે. જ્ઞાનીની દૃષ્ટિએ જોવાએલ હોય તેમાં ફારફેર થતો જ નથી, આપણને એ ભાવીનું અજાણપણું હોવાથી પુરૂષાર્થ માટે પ્રયત્ન કરવાનું હોવું જ જોઈએ.

નિસર્ગ-પરિણામ-સ્વભાવ, એ ત્રણે અનર્થાન્તરોના અર્થ જણાવ્યા બાદ હવે ઉપસંહાર કરતાં ભાષ્યકાર જણાવે છે કે अ-परोपदेशः જે અનિવર્તિકરણરૂપ ભાવ પ્રાપ્તિમાં અન્યનો ઉપદેશ નથી, તે 'અ-પરોપદેશ' કહેવાય. એ પ્રમાણે વ્યવહારથી વિચારીએ તો **નિસર્ગ, પરિણામ, સ્વભાવ,** અને **અપરોપદેશ** એ ચારે અનર્થાન્તર છે, એ નિસર્ગાદિ શબ્દોનું જુદા જુદા અર્થમાં રહેવાપણું નથી, પરંતુ વ્યવહારથી લગભગ એકાર્થપણું જ છે, વ્યુત્પત્તિની અપેક્ષાએ જુદા જુદા અર્થો પણ છે.

હવે આ નિસર્ગ સમ્યગ્દર્શન જેને જે પ્રમાણે પ્રાપ્ત થાય છે તે જણાવવા માટે ભાષ્યકાર મહારાજા ज्ञानदर्शने થી લઈને येनास्या-नुपदेशात् सम्यग्दर्शनमुत्पद्यते ત્યાં સુધીની પંક્તિઓ જણાવે છે.

કોઈ જ્ઞાનનું દર્શન એવો તત્પુરૂષ સમાસ ને કરે તે માટે ટીકાકાર સ્પષ્ટ કહે છે કે ज्ञानं च दर्शनं च ज्ञान-दर्शने એમ દ્વંદ્વ સમાસ કરવો અર્થાત્ જ્ઞાન અને દર્શન એમ અર્થ કરવો તેમાં જ્ઞાન એટલે विशेषा-

ધ્યવસાયો જ્ઞાનમ્ અને દર્શન એટલે સામાન્યાઽધ્યવસાયો દર્શનમ્ એવો ટીકાકાર મહર્ષિએ કર્યો છે.

લગભગ દરેક ઠેકાણે સામાન્યબોધાત્મક દર્શન અને વિશિષ્ટબોધાત્મક જ્ઞાન એવી અથવા એવાજ ભાવાર્થવાળી વ્યાખ્યાઓ જ્ઞાન-દર્શનના સ્વરૂપ માટે આવે છે, પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે **અધ્યવસાય** પદયુક્ત વ્યાખ્યા પ્રાયઃ કયાંઈ જોવામાં આવી નથી, આ વિશેષાધ્યવસાયો જ્ઞાનં તથા 'સામાન્યાઽધ્યવસાયો દર્શનમ્' એ વ્યાખ્યા કરવામાં ટીકાકાર મહર્ષિની ઘણીજ બુદ્ધિમત્તા જોવાય છે.

ભગવાન્ **જિનભદ્રગણી, ક્ષમાશ્રમણજી**, પૂ. આ. **શ્રી મલ્લવાદીજી** તથા પૂ. આ. શ્રી **સિદ્ધસેન દિવાકરને** જ્ઞાનોપયોગ તથા દર્શનોપયોગ સંબંધી ક્રમિક ઉપયોગ, યુગપદુપયોગ અને એક ઉપયોગ એ બાબતમાં જબ્બર વાદસ્થળ ઉપસ્થિત થયું છે. તે સમગ્ર વાદસ્થળનો ઉપરના વ્યાખ્યાનથી નિરાસ થઈ જાય છે.

જંગલમાં ચાલી જતી બે વ્યક્તિને પર્વતમાં ધૂમનું દર્શન થતાં એકને 'વન્હિમાન્ પર્વતઃ' એવું પર્વતની મુખ્યતાવાળું અને અગ્નિની ગૌણતાવાળું જ્ઞાન થાય છે જ્યારે બીજાને 'પર્વતે વન્હિઃ એવી અગ્નિની મુખ્યતાવાળું અને પર્વતની ગૌણતાવાળુ જ્ઞાન જેમ ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે ઘટને દેખતાં પણ 'ઘટત્ત્વવાન્ ઘટઃ' ઈત્યાકારક કોઈક વ્યક્તિને જ્ઞાન થાય છે જ્યારે બીજાને ઘટેઘટત્વમ્ એવું પણ જ્ઞાન થાય છે. આ બંને પ્રકારના જ્ઞાનમાં ઘટત્ત્વવાન્ ઘટઃ ઈત્યાકારક ઘટત્વની ગૌણતાવાળો અને ઘટની મુખ્યતાવાળો જે અધ્યવસાય તે **જ્ઞાન** કહેવાય. અને ઘટે ઘટત્ત્વં ઈત્યાકારક ઘટની ગૌણતા અને ઘટત્વની મુખ્યતાવાળો જે પરિણામ-અધ્યવસાય, તે **દર્શન** કહેવાય.

જો કે જ્ઞાનોપયોગમાં સામાન્ય ધર્મ તથા વિશેષ ધર્મ બન્નેનું જાણપણું છે, પરંતુ સામાન્ય ધર્મને ગૌણ રાખી વિશેષ ધર્મનું મુખ્ય જાણપણું થયેલ છે, માટે તે **જ્ઞાનોપયોગ-જ્ઞાન** કહેવાય. તેજ

પ્રમાણે દર્શનોપયોગમાં પણ જો કે સામાન્ય-વિશેષ બંને ધર્મનું જાણપણું છે, પરંતુ વિશેષ ધર્મને ગૌણ રાખી સામાન્ય ધર્મનું મુખ્ય તથા જાણપણું થયું છે માટે તે **દર્શનોપયોગ-દર્શન** કહેવાય છે.

તેજ પ્રમાણે કેવળી ભગવંતને પણ જે સમયે કેવલ-જ્ઞાનોપયોગના બળવડે લોકાલોકવર્ત્તી સર્વ દ્રવ્ય-પર્યાયોનું વિશેષપણે જાણપણું થાય, તે સમયે ગૌણપણે તે સર્વ દ્રવ્ય-પર્યાયોનું સામાન્યજ્ઞાન તો અંતર્ગત છે જ, અને જ્યારે કેવલ-દર્શનનો ઉપયોગ હોય છે અને લોકાલોક વર્ત્તી સર્વ દ્રવ્ય-પર્યાયોનું સામાન્ય જાણપણું મુખ્યત્વે હોય છે, તે સમયે ગૌણપણે તે પદાર્થોનો વિશિષ્ટ બોધ અંતર્ગત તો છે જ!

આ ઉપરથી કેવળજ્ઞાન કેવળ દર્શનનું આવરણ અને કેવળદર્શન કેવળજ્ઞાનનું આવરણ બને છે, ઈત્યાદિ શંકાઓને સ્થાન રહેતું નથી.

**વિશેષાધ્યવસાયે તે જ્ઞાન અને સામાન્યાધ્યવસાય દર્શન** તે વસ્તુ ઉપર જણાવી ગયા, તે જ્ઞાન અને દર્શન એ બે જે ઉપયોગ અર્થાત્ વિશેષાધ્યવસાય સ્વરૂપ **જ્ઞાનોપયોગ** અને સામાન્યાધ્યવસાય સ્વરૂપ **દર્શનપયોગ** એ બંને પ્રકારના ઉપયોગો એ જેનું લક્ષણ છે એવો જે જીવ તે અહીં લેવાનો છે પરંતુ તતः સંજાયતે બુદ્ધિર્મહાનિતિ યકોચ્યતે ' ઈત્યાદિ સાંખ્ય દર્શનનું જે મહદાદિરૂપે મંતવ્ય છે, તે ગ્રહણ કરવાનું નથી.

અહીં એક વસ્તુ વિચારવાની રહે છે તે એ કે જ્યારે જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ એ સંસારી જીવનું લક્ષણ છે, તો અપાંતરાલગતિમાં તથા સુપ્તમત્તમૂર્છિતાદિને કયો ઉપયોગ માનવો? કારણકે અપાતરાલ ગતિમાં દ્રવ્યેંદ્રિયોની નિષ્પત્તિ થયેલી નથી અને સુપ્તાદિ-અવસ્થામાં દ્રવ્યેંદ્રિયો શૂન્ય છે. દ્રવ્યેન્દ્રિયો સિવાય સામાન્ય રીતે છદ્મસ્થ-આત્માઓને જ્ઞાનોપયોગ કે દર્શનોપયોગ આ બેમાંથી

કોઈપણ ઉપયોગ હોવો દુઃશકય છે, માટે અપાંતરાલ-ગતિમાં કયો ઉપયોગ માનવો ?

એ શંકાના સમાધાનમાં સમજવાની જરૂર છે કે સૂત્ર-ભાષ્યકાર પોતે જ આગળ ઓઘજ્ઞાન નામનું જ્ઞાન કહેવાના છે, તે ઓઘજ્ઞાન રૂપી ઉપયોગ માનવો, અથવા લબ્ધિરૂપે દર્શન તથા જ્ઞાન બંને અપાંતરાલગતિમાં તથા સુપ્તાદ્યવસ્થામાં હોવાથી સામાન્ય દર્શનોપયોગ માનવામાં પણ વિરોધ આવે તેમ નથી, આ બાબતની ચર્ચા આગળ સવિશેષપણે આવશે, એટલે અહીં વિસ્તાર કર્યો નથી.

ઉપર કહ્યા પ્રમાણે જ્ઞાન-દર્શનોપયોગ લક્ષણવાળો તેમજ અનાદિ-સંસારમાં પરિભ્રમણ કરનાર એવો આત્મા આગળ જણાવાતા ક્રમ પ્રમાણે **નિસર્ગ સમ્યગ્ દર્શન** પ્રાપ્ત કરનાર છે, તે વસ્તુને મુલતવી રાખીને **ભાષ્યકાર મહર્ષિએ** આપેલાં '**અનાદિ**' પદ ઉપર ટીકાકાર મહારાજા ચર્ચા ચલાવે છે.

જેની આદિ નથી તેનું નામ અનાદિ; જગત્ કે જેને જૈન પરિભાષાની અપેક્ષાએ પંચાસ્તિકાયમય માનવામાં આવે છે, અન્ય દર્શનીઓ જેને ચરાચર-સ્વરૂપ માને છે તે જગતમાં કોઈપણ પદાર્થ દ્રવ્યાપેક્ષયા નવો ઉત્પન્ન થતો જ નથી. સર્વ પદાર્થો દ્રવ્યાપેક્ષયા આદિ વિનાના અનાદિ છે, જો અમુક પદાર્થનો સર્વથા અભાવ માનવાની સાથે દ્રવ્યાપેક્ષયા પણ તે પદાર્થની ઉત્પત્તિ માનવામાં આવે તો અસત્-પદાર્થનો સદ્ભાવ માનવાનો પ્રસંગ આવશે અને તે તો કોઈ રીતે બની શકે નહિં. તેમ માનવા જતાં અનેક સ્થલોમાં અતિવ્યાપ્તિના પ્રસંગો આવશે.

વળી જે પદાર્થ દ્રવ્યાપેક્ષયા નહિં છતાં જો ઉત્પન્ન થયેલા હોય તો પછી પોતાની મેળે જ તેનો ક્ષય થવાનો પ્રસંગ આવી જશે એટલે કે અસદ્નો પણ સદ્ભાવ માનવો, અનેક સ્થળોમાં અતિવ્યાપ્તિ આવવી અને પોતાની મેળે જ ક્ષય થવો, જગતની આદિ માનવામાં

આવે, આ બધા દોષો આવતા હોવાથી જગતને અનાદિ માનવું એજ શાસ્ત્ર તેમજ યુક્તિથી યોગ્ય છે.

એવો અનાદિ સંસાર-જગત અહિં લેવાનું છે 'સંસાર' એટલે નરકાદિ ગતિઓમાં જવું એવો અર્થ કરવો! અહીં નરકાદિ ગતિમાં જવું ફકત તેટલી અવસ્થાને જ સંસાર કહેવો નથી, પરંતુ ઉપલક્ષણથી નરકાદિમાં જવા સાથે ત્યાં રહેવું એ પણ સંસાર જ સમજવાનો છે. એથી એકંદર તત્ત્વ એ થયું કે **નરકાદિ ગતિઓમાં જવું અને ત્યાં રહેવું તદ્રૂપ સંસાર છે,** अनादौ संसारे એવું જે ભાષ્યકારે પદ આપ્યું છે, તેથી અન્યદાર્શનિકો જે જગતનું આદિપણું અને જગતનો ઈશ્વર કર્તા છે એવું જે માને છે તેનો નિરાસ થાય છે.

એ દાર્શનિકોનું એ કથન છે કે સામાન્ય રીતે એક કુંભનો બનાવનાર પણ જ્યારે કુંભકાર હોય છે, તો પછી આ જગતનો કોઈપણ સ્રષ્ટા હોવો જ જોઈએ. સ્રષ્ટા સિવાય જગત્‌ની ઉત્પત્તિ સંભવી શકે નહિં.

હવે તે અન્યમતવાળાની અપેક્ષાએ જગતના સ્રષ્ટા તરીકે કોઈને માની લઈએ તો તે સ્રષ્ટાને કોણે બનાવ્યો! તે સ્રષ્ટાને બનાવનાર બીજો કોઈ માનવામાં આવે તો તે બીજાને ઉત્પન્ન કરનાર ત્રીજી કોઈ વ્યક્તિ માનવી પડશે અને ત્રીજી માટે ચોથી એમ પરંપરા ચાલવાથી અનવસ્થા દોષ આવશે. જો જગત્‌ના ઉત્પાદક માટે અન્ય સ્રષ્ટાની જરૂર ન માનવી હોય તો જગતની ઉત્પત્તિ માટે સ્રષ્ટા માનવાની શી જરૂર! અને જગત્‌નો ઉત્પાદક અનાદિ સૃષ્ટિ વિનાનો છે, તે પ્રમાણે જગત્ પણ અનાદિ સૃષ્ટિ વિનાનું માનવામાં શું બાધ! એક વખત તમારા સંતોષને ખાતર માની લઈએ કે ઈશ્વરે જગતને ઉત્પન્ન કર્યું છે. પરંતુ ઈશ્વર તમે કોને કહો છો! વીતરાગ રૂપે ઈશ્વર માન્યા સિવાય તમારે પણ ચાલે તેમ નથી.

જો ઈશ્વરને વીતરાગ રૂપે માનતા હો તો રાગાદિ રહિત જગત્ ઉત્પન્ન કરવાનું પ્રયોજન શું ! **‘એ તો ઈશ્વરની ક્રીડા છે,’** એમ કહો તો ક્રીડાવાળા ઈશ્વરમાં બાળક વગેરેની માફક રાગાદિપણું આવી જશે ‘तुष्यतु–दुर्जन’ ન્યાયેન રાગાદિમત્વ છતાં ઈશ્વરપણું માની લઈએ અને એવા ઈશ્વરે જગતને બનાવ્યું. એમ માનીએ તો સુખી–દુઃખી એ બે વિભાગના દેવ, નારક, મનુષ્ય, તિર્યંચોને શા માટે બનાવ્યા ! આ તો કારણ વગરનો નિરર્થક પક્ષપાત ગણાશે. **‘એ તો એવો એમનો સ્વભાવ છે’** એવું કહેવામાં આવે તો તેમાં કાંઈ પ્રમાણ નથી. એવી રીતે સ્વભાવથી જ સુખી–દુઃખી એવા બે વિભાગની ઉત્પત્તિ થઇ શકે નહિ.

હવે તમો એમ માનો કે જીવો જે સુખી–દુઃખી એવા બે વિભાગમાં ઉત્પન્ન થાય છે, તેમાં તે જીવોનું કર્મ ઈશ્વરને પ્રેરણા કરે છે અને તેથી જીવોને બે પ્રકારવાળા બનાવે છે. ઈશ્વર સ્વયં તો પક્ષપાત વગરના છે, જ્યારે કર્મની પ્રેરણા તો માનવી છે, પછી જીવોએ કરેલા કર્મની પ્રેરણા ઈશ્વરને થાય અને તેથી ઈશ્વર જગત ઉત્પન્ન કરતી વખતે જીવોને સુખી–દુઃખી બનાવે એવું માનીને વચ્ચે અંતર્ગડુરૂપે ઈશ્વર ન નંખાય ! કર્મના પ્રયોગથી જીવો જ સુખી દુઃખી થાય છે. એમ કથન કરવામાં હરતક શું છે ? આ તો તમોને ઈશ્વર ઉપર એક ભક્તિ, એટલે દરેક બાબતમાં વચ્ચે ઈશ્વર તો ખરો જ.

જો દરેક બાબતમાં ઈશ્વર હાજર હોય તો જીવો જે વખતે કુકર્મ કરે છે તે અવસરે હાજર રહેલા ઈશ્વર તે કુકર્મથી કેમ તે આત્માઓને અટકાવતા નથી ? આ ચર્ચા ઘણી લાંબી છે અને તે ઘણા જ વિસ્તારથી શાસ્ત્રવાર્તા સમુચ્ચયાદિ ગ્રંથોમાં ચર્ચા કરવા પૂર્વક નિર્ણિત કરેલી હોવાથી અહિં તે વાતને સંકેલી લેવામાં આવે છે.

તત્ત્વ એ છે કે જગત અનાદિ છે અને તેમાં સ્વકર્માનુસારે એક ગતિથી ગત્યંતરમાં જીવો પરિભ્રમણ કર્યા કરે છે, अनादौ संसारे

પર્યટતઃ એ ત્રણ પૈકી અનાદૌ અને સંસારે એ પદની વ્યાખ્યા કર્યા બાદ તેમજ એ બે પદથી જગતના અનાદિત્વની તેમજ અકર્તૃત્વની સિદ્ધિ કર્યા બાદ હવે પર્યટત : એ જીવના વિશેષણની વ્યાખ્યા કરે છે. **પર્યટત :** એટલે પરિભ્રમણ કરતો એવા જીવનું, એ સંબંધ આગળ જોડવાના છે, અર્થાત્ અનાદિ એવા સંસારમાં પરિભ્રમણ (કરનાર જીવને, તે ज्ञान-दर्शनोपयोगस्वाभाव्यात् નિસર્ગ સમ્યકત્વ ઉત્પન્ન થાય છે. ઇત્યાદિ સંબંધ આગળ જોડવાનો છે. '**અનાદિ**' અને '**સંસાર**' એ બે પદથી જેમ અનાદિત્વની અને અકર્તૃત્વની સિદ્ધિ થઈ તે પ્રમાણે 'पर्यटत :' એ પદથી **આત્મા સક્રિય છે** અને **અસર્વગત** છે એ બંને બાબતો સિદ્ધ થાય છે.

અન્ય-મતવાળાઓના મંતવ્ય માફક આત્મા જો નિષ્ક્રિય હોત અને સર્વગત હોત, તો આ આત્માને ગતિથી ગત્યંતરમાં પરિભ્રમણ કરવાનો પ્રસંગ ઉપસ્થિત ન થાત, માટે આત્મા સક્રિય તેમજ અ-સર્વગત છે અને તેથી જ સ્વકર્માનુસારે ગતિથી ગત્યંતરમાં પરિભ્રમણ કરે છે,

હવે જે નિમિત્તે આત્માનું સંસારમાં પરિભ્રમણ થાય છે; તે તે બાબત તેમજ આ **નિસર્ગ સમ્યગ્ દર્શનની** ઉત્પત્તિ સંબંધી ચાલુ પ્રકરણને ઉપયોગી બાબત જણાવવા માટે ભાષ્યકાર કહે છે. कर्मतः एव कम्मणः स्वकृतस्य ત્યાંથી पुण्य पाव फलमनुभवतः ત્યાંસુધી પ્રકૃત જ્ઞાનાવરણી કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા નિમિત્ત વડે આત્માએ પોતે જ બાંધેલા અન્ય જે જ્ઞાનાવરણીયાદિ કર્મો (તે કર્મોના જુદા જુદા પ્રકારનાં ફળોનો અનુભવ કરતાં એ સંબંધ પણ આગળ જોડવાનો છે) कर्मतः एव कर्मणः स्वकृतस्य ત્યાંથી 'पुण्य-पापफलमनुभवतः' ત્યાં સુધી પ્રકૃત જ્ઞાનાવર્ણીય કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ નિમિત્ત વડે આત્માએ પોતે જ બાંધેલા અન્ય જે જ્ઞાનાવરણીયાદિ કર્મો, તે કર્મોના જુદા પ્રકારના ફળનો અનુભવ કરતાં એ સંબંધ પણ આગળ જોડવાનો છે, कर्मतः एवकर्मणः स्वकृतस्य આ પદોથી એ બાબત સિદ્ધ

થાય છે કે આત્મા અન્ય કર્મોદયના નિમિત્તથી અપેક્ષા વડે અન્ય કર્મોને કરે છે, પરંતુ અન્યદર્શનકારો आदि कर्म स्वभावत: આદિ કર્મ તો સ્વભાવથી થાય છે અને ત્યારબાદ અન્ય કર્મ સંતતિ પોતાની કરેલી હોય છે, એવું જે માને છે તે નિરાસ થાય છે.

કારણ કે જો આદિ કર્મને સ્વભાવથી થવાવાળું માનવામાં આવે તો કર્મરહિત સિદ્ધોને પણ આદિ કર્મ થવાંનો સ્વભાવથી પ્રસંગ આવશે. માટે क्रमत: एव એ પદ આપીને કર્મથી જ એટલે કર્મના ઉદયથી જ કર્મનો બંધ થાય જે, એવું જે અવધારણ આપ્યું છે તે બરાબર અને સફળ છે. કર્મનું અનાદિપણું હોવાથી આદિ કર્મ છે જ નહિ.

**શંકા :–** क्रियते इति कर्म કરાય તેનું નામ કર્મ, આ વ્યુત્પત્તિની અપેક્ષાએ કોઈપણ કર્મ કરાયેલું જ છે અને જો તે પ્રમાણે સર્વ કર્મ કરાએલું જ હોય તો કરાએલું છતાં કેમ અનાદિ હોઈ શકે?

**સમાધાન :–** ભૂતકાલના દષ્ટાંતની માફક પ્રવાહરૂપે કર્મ અનાદિ છે, તે પ્રમાણે જેટલો કાળ વ્યતીત થયો તે બધોય કાળ એક વખત વર્તમાનપણામાં હતો, વર્તમાનપણા સિવાય અતીતપણું સંભવી શકે નહિં જે માટે કહ્યું છે કે

भवति स नामातीत:, प्राप्तो वर्त्तमानत्वं ।
एष्यंश्च नाम स भवति, यः प्राप्स्यति वर्तमानत्वम् ॥१॥

જે વર્તમાનપણાને પ્રાપ્ત થએલો છે તે જ ભૂતકાળ થાય છે અને જે વર્તમાનપણાને પ્રાપ્ત કરશે તે જ ભવિષ્યકાળ થશે એ શબ્દથી કહેવાય છે.

આમ છતાં એટલે કે એક વખત જે વર્તમાન હતો તે જ ભૂતકાળ થયો છે, એમ છતાં તે ભૂતકાળ જેમ અનાદિ કહેવાય છે

તે જ પ્રમાણે સર્વ કર્મ અમુક વખતે કરાએલું હોવા છતાં પણ તે પ્રવાહની અપેક્ષાએ અનાદિ જ છે. કૃતકપણાનું વર્તમાનપણાની સાથે સાદૃશ્ય હોવાથી દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિક બંનેની યોજના બરાબર બંધબેસતી છે. આ કર્મના અનાદિપણા માટે હજુ ઘણી ચર્ચા થઈ શકે તેમ છે, પરંતુ ગ્રંથ-વિસ્તરાદિ ભયને અંગે એ સંક્ષેપી લેવાય છે.

स्वकृतस्व એ પદ વડે કર્મ સહિત આત્મા હોય તે જ કર્મનો કરનાર છે એ જણાવે છે.

કદાચ એમ શંકા થાય કે આ આત્મા સ્વતંત્ર હોવા છતાં કેમ પોતાના અહિતમાં જ પ્રવૃત્તિ કરે છે? તો તે માટે એ સમાધાન છે કે વ્યાધિથી મુંઝાએલો માણસ અહિતકારી અપથ્ય છે, એમ જાણવા છતાં અપથ્યમાં પ્રવૃત્તિ કરે છે, તે જ પ્રમાણે કર્મથી મુંઝાએલો આત્મા અ-હિત કરનાર કર્મના બંધમાં પ્રવૃત્ત થાય છે.

એકાન્ત સ્વતંત્ર છતાં તે કર્મથી કેમ મુંઝાયો? એવો પ્રશ્ન પણ કરવાની જરૂર નથી. કારણ કે એકાંત-સ્વાતંત્ર્ય કે એકલો આત્મા કર્મનો કર્તા છે, એવું અમો સ્વીકારતા જ નથી. કર્મ સહિત હોય તે જ કર્મ-નો કર્તા છે, જે અમો પ્રથમ પણ જણાવી ગયા છીએ, પરંતુ એકાંત સ્વતંત્ર એવા સિદ્ધને કર્મના કર્તા તરીકે માનતા જ નથી, આ પ્રમાણે કર્મના ઉદયથી જ પોતે કરેલા કર્મોના ફળોને અનુભવનાર આત્માને આગળ કહેવાતી રીતિએ સમ્યગ્ દર્શન ઉત્પન્ન થાય છે. સ્વકૃત-કર્મોના ફળો જેની અપેક્ષા રાખવા સાથે ભોગવવા યોગ્ય થાય છે, તે વસ્તુ જણાવે છે. અર્થાત્ કર્મોના ફળો એમને એમ અનુભવમાં નથી આવતાં, પરંતુ બન્ધ, નિકાચના, વેદન અને નિર્જરાની અપેક્ષા રાખીને ઉદયમાં આવે છે. એટલે કે બંધ થયો હોય તો જ તેનો ઉદય થાય, નિકાચના થઈ હોય તો જ તે કર્મનું અવશ્ય વેદન હોય, બંધ હોય, નિકાચના થઈ હોય, પણ ઉદય-કાળ આવે ત્યારે જ ફળનો અનુભવ થાય, એ પ્રમાણે સમજવાનું છે.

એવું નથી સમજવાનું કે આત્મ પ્રદેશોની સાથે (બંધ સિવાય) સ્પર્શપણે સંબંધ પામેલા કાર્મણપુદ્‌ગલો સુખ–દુઃખાદિ ફળો આપી શકે, અથવા બંધ થયો હોય તો પણ બંધ થયા બાદ તુર્તજ ફળ આપે. પરંતુ આગળ કહેવાતી રીતિએ જ તે તે કર્મોના ફળો આત્માને ભોગવવા પડે છે.

તેમાં બંધ એટલે **કર્મનો આત્માની સાથે એકાકાર સંબંધ, તે બંધ** પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ, પ્રદેશબંધ એમ આગળ કહેવાતા ચાર પ્રકારનો છે. **નિકાચન** એટલે **આત્મ-પ્રદેશોની સાથે કર્મ પ્રદેશોનું એક પિંડપણું** અર્થાત્ બન્ધમાં એક પિંડપણું=એકાકારપણું હતું પરંતુ નિકાચન અવસ્થામાં તો અગ્નિથી તપાવેલ સોયોના સમૂહને ખૂબ ટીપવામાં આવે એટલે જુદા–જુદા પણું જરા પણ ન રહે. તેવું એકાકારપણું લેવાનું છે. ઉદય એટલે વિપાક અર્થાત્ **ઉદયાવલિકામાં દાખલ થએલા કર્મોનો ભોગવટો તેનું નામ ઉદય,** અને **ઉદય દ્વારા થતા અનુભવબાદ તુર્તજ થતો આત્મપ્રદેશોથી કર્મપ્રદેશોનો જે પરિશાટ–ખસવાપણું તેનું નામ નિર્જરા.**

આ બંધ, નિકાચન, ઉદય અને નિર્જરા એ ચારેનો સમાસ કરીને કર્મમાં અત્ પ્રત્યય કરીને बन्ध–निकाचनो–दय–निर्जरापेक्षं એ પ્રમાણે પદ બનાવવાનું છે.

સ્વકૃત–કર્મનું ફળ બંધ, નિકાચના, ઉદય અને નિર્જરાની અપેક્ષાવાળું છે, એમ શાથી કહેવામાં આવે છે! એવો પ્રશ્ન થાય તો તેના ઉત્તરમાં સમજવું જોઈએ કે બંધ વિગેરે જો ન હોય તો તે કર્મના ફળનો સંભવજ નથી.

હવે અહીં વિચાર જરૂર થાય કે સ્વ–કૃત કર્મના ફળને બંધ, નિકાચના અને ઉદયની અપેક્ષા તો જરૂર રહે, પરંતુ નિર્જરાની અપેક્ષા કર્મના ફળમાં શા માટે ગણવામાં આવી! હજુ વધુ એ ઠીક

હતું કે નિર્જરાના સ્થાને ઉદીરણા રાખવાની જરૂર હતી, કારણકે ઉદયને અપ્રાપ્ત-કાળવાળા દલિકો ઉદીરણાથી પણ ઉદયમાં આવી શકે છે. આમ છતાં નિર્જરાને કેમ કર્મ-ફળની અપેક્ષામાં દાખલ કરી!

તો તે બાબત સમજવું કે કોઈપણ કાર્ય-સિદ્ધિમાં પ્રતિબંધકાભાવ પણ કારણ છે. નિર્જરા એ કર્મના ફળમાં પ્રતિબંધક છે. કારણકે નિર્જરા થઈ એટલે ફળ સમાપ્ત થયું અને જ્યાં સુધી નિર્જરા ન થઇ હોય ત્યાં સુધી ફળનો સંભવ રહે છે. આ અપેક્ષાએ પ્રતિબંધકાભાવરૂપે નિર્જરા પણ કર્મના ફળમાં અપેક્ષિત છે. પોતે કરેલા કર્મોના ફળોને બંધ, નિકાચના, ઉદય અને નિર્જરાની અપેક્ષાએ ભોગવતા એવા જીવને આગળ કહેવાતા ક્રમ પ્રમાણે સમ્યગ્ દર્શન થાય.

હવે તે કર્મોના ફળોને કયાં અનુભવે! તે માટે આપેલા ભાષ્યકારના नरक-तिर्यग्योनि-मनुष्या-मरभवग्रहणेषु એ પદની વ્યાખ્યા કરે છે. નરક અને તિર્યંચોનું જે ઉત્પત્તિ સ્થાન જે બીજા અધ્યાયમાં કહેવાશે, તે તેમજ મનુષ્યો અને દેવો જ્યાં ઉત્પન્ન થાય છે, ગ્રહણ એટલે શરીર વિગેરેનું બનાવવું, અર્થાત્ જે નારક તિર્યંચ, મનુષ્ય અને દેવોના ભવોમાં શરીરાદિનું ગ્રહણ વિગેરે થાય છે તે અનાદિ સંસાર સ્વરૂપ જુદા જુદા ભવોમાં સ્વકૃત કર્મના ફળોને ભોગવનારો એવો આ જીવ અહીં લેવાનો છે

હવે ફળને કેવી રીતે ભોગવે? શું એક સરખું ભોગવે? કે ભિન્ન-ભિન્ન પ્રકારે ભોગવે? તો તે માટે જ ભાષ્યકારે विविधं पुण्य-पापफलमनुभवतः એ પદ આપ્યું છે, એટલે સાતાવેદનીય, સમ્યકત્વાદિ અનેક પ્રકારે રહેલું જે પુણ્ય કર્મ અને જ્ઞાનાવરણીયાદિ ભિન્ન ભિન્ન પ્રકારનું જે પાપ કર્મ, તે વિવિધ પ્રકારના પુણ્ય તથા પાપ કર્મના સ્વ-રસ વિકારરૂપ ફળને ભોગવનારો જીવ અહિં ગ્રહણ કરવાનો છે.

પુણ્ય એટલે આત્માને ઉપકારક સાતાવેદનીય વિગેરે, અને પાપ એટલે આત્માના જ્ઞાનાદિ ગુણોનું ઘાતક, અહિં સમ્યકત્વ, પુરૂષ-

વેદ, હાસ્ય, રતિને પણ પુણ્યમાં ગણાવેલા છે, આગળ પણ સૂત્ર-કાર પોતે જ सद्वेद्यसम्यक्त्व हास्य-रति पुरुषवेद-शुभायुर्नामगोत्राणि पुण्यम् એ સૂત્રથી એ જ વાત કહેવાના છે, જ્યારે કર્મગ્રંથાદિ સિદ્ધાંતોમાં મોહનીયાદિ ચારે ઘાતી કર્મોની સર્વ પ્રકૃતિઓને પાપ તરીકે જ કહેવામાં આવેલ છે, તેમાં આ પ્રમાણે સમાધાન કરવું ઉચિત લાગે છે.

શુભયોગે જે બંધાય અને જેનું ફળ શુભપણે અનુભવાય તે પુણ્ય એ તત્ત્વાર્થકારનું મંતવ્ય છે અને શુભયોગે બંધાય કે શુભપણે ભોગવાય, પરંતુ આત્મ-ગુણનું જે ઘાતક છે તે પુણ્ય નહિ, પરંતુ પાપ છે. સમ્યક્ત્વાદિ-પ્રકૃતિનું વેદન ભલે શુભપણે થતું હોય પરંતુ આત્માના યથાર્થરૂચિતાદિ ગુણ માટે સ્વચ્છ પણ આવરણો છે.

अनुभवतः એ ભાષ્યકારના પદમાં अनु પશ્ચાદ્ અર્થની અંદર વપરાએલો છે, અર્થાત્ પ્રથમ વિવક્ષિત-કર્મનું ગ્રહણ, ત્યારબાદ તે કર્મનો ભોગવટો હોય છે. તે માટે भुञ्जानस्य એટલું ન આપતાં अनुभवतः એ પ્રમાણે ભાષ્યકારે પદ આપ્યું છે.

હવે અહીં શંકા થાય કે એ કાર્મણ-સ્કંધોનો આત્માની સાથે જેમ સંબંધ છે, તેમ આકાશ, ધર્માસ્તિકાય એ દરેક સાથે સંબંધ છે, છતાં આત્માને જ ફળનો અનુભવ થાય છે. અને બીજાને ન થાય, તેનું શું કારણ? એ પ્રશ્નના ઉત્તર માટે જ ભાષ્યકાર બોલ્યા છે કે ज्ञान-दर्शनोपयोगस्वाभाव्यात् વિશેષાધ્યવસાય રૂપ જ્ઞાન અને સામા-ન્યાધ્યવસાયરૂપ દર્શન એમ બે જ્ઞાન-દર્શનની વ્યાખ્યા થઈ ગઈ છે, તે જ્ઞાન અને દર્શન એ આત્માના ગુણ છે અને દર્શન-જ્ઞાનના ઉપયોગના સ્વભાવપણાને અંગે આત્માને જ કર્મના ફળોનો અનુભવ થાય છે.

તાત્પર્ય એ છે જ્યારે જ્યારે આત્મા કર્મના ફળ ભોગવે છે, ત્યારે ત્યારે હું સુખી છું દુઃખી છું વિગેરે સાકારોપયોગ અને નિરાકારોપયોગ એ બંનેથી આત્મા યુક્ત હોવાથી અવ-

શ્ય પોતે કર્મના ફળ ભોગવે છે, તે સમજે છે, આકાશાદિમાં કર્મનો સ્પર્શાત્મક સંબંધ છતાં અજીવત્વને અંગે જ્ઞાન-દર્શનોપયોગ સ્વભાવનો અભાવ હોવાથી તેને કર્મનું ગ્રહણ નથી અને કર્મના ફળોપભોગ પણ નથી, દુનિયામાં પણ જોવાય છે કે જેને જે બાબતનો ખ્યાલ હોય તેને તે બાબતનો અનુભવ કરવાનો પ્રસંગ આવે તો તે અનુભવ સમજી શકાય, પરંતુ તે બાબતનો ખ્યાલ ન હોય તો તે બાબતના અનુભવના પ્રસંગમાં આ શું? કંઈક હશે! એવો સામાન્ય-અનુભવ થાય, પરંતુ સ્પષ્ટ-નિર્દેશરૂપ અનુભવ થતો નથી.

કર્મના ફળોપભોગમાં જ્ઞાન-દર્શનનું હેતુત્વ જણાવવા 'ज्ञानदर्शनोपयोग-स्वाभाव्यात्' એ પદને ભાષ્યકારે આપ્યું, તે પદનો तानि तानि परिणामाध्यवसाय-स्थानान्तराणि गच्छतः એ વાક્યની સાથે પણ સંબધ કરવાનો છે, અર્થાત્ કર્મના ફળોપભોગમાં જેમ જ્ઞાન-દર્શનોપયોગ હેતુ છે, તે પ્રમાણે ભિન્ન-ભિન્ન પરિણામ વડે અધ્યવસાયોના પરાવર્તનમાં જ્ઞાન-દર્શનોપયોગનું સ્વભાવપણું એ જ હેતુ છે. જ્ઞાન-દર્શનોપયોગના સ્વભાવપણાથી પરિણામ વડે જેનું સ્વરૂપ ચોક્કસ નથી, તેવા જુદા જુદા અધ્યવસાયોને આ આત્મા પ્રાપ્ત કરે છે, અને એ પ્રમાણે અધ્યવસાયોને પ્રાપ્ત કરનાર આત્મા સમ્યગ્દર્શન પામે છે. આ સંબંધ આગળ આવવાનો છે.

હવે અહિં એ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે-પરિણામ તથા અધ્યવસાય એ બંને શબ્દો લગભગ પર્યાયવાચક જેવા છતાં બેઉ શબ્દો શા માટે રાખ્યા! બેઉમાંથી એક રાખત તો પણ ચાલત. તો તેને માટે એમ સમજવું જોઈએ કે જિનેશ્વર મહારાજના શાસનમાં આત્માને ઉપલક્ષણથી પુદ્‌ગલાદિ-દ્રવ્યોને પણ પરિણામી માનેલ છે. વર્તમાનમાં આત્મા કોઈ અધ્યવસાયમાં હોય અને ક્ષણવારમાં આત્મા અન્ય અધ્યવસાયવાળો થાય તો અન્ય-દર્શનકારોના મંતવ્યની માફક આત્મા બદલાતો નથી, પરંતુ આત્મા પરિણામી હોવાથી તેનો પરિણામ બદલાય છે.

આ વસ્તુ જણાવવા માટે ભાષ્યકાર મહાજાએ परिणाम-अध्यवसाय-स्थानान्तराणि એમ પદ આપ્યું છે. અને ટીકાકાર જે परिणामेन अध्यवसाय-स्थानान्तराणि એવો સ્પષ્ટ અર્થ કર્યો છે. અર્થાત્ અધ્યવસાયોનું જે સ્થાનાન્તર થાય છે, તે પરિણામ વડે થાય છે. પરંતુ નિર્મૂલ-નિરન્વય થવા દ્વારા અધ્યવસાયનું સ્થાનાંતર (પરિવર્તન) થતું નથી. આત્મામાં પ્રથમ જે અધ્યવસાય હતો, તે અધ્યવસાયના સંસ્કારવાળો આત્મા અન્ય-અધ્યવસાયમાં દાખલ થાય છે, એમ માનવાનું છે. પરંતુ એ પ્રથમના અધ્યવસાયોનો સદંતર નાશ માનવાનો નથી.

નિરન્વય-નિર્મૂલ વિચ્છેદમાં પણ જો કાર્યનો સદ્ભાવ હોય અગર માનવામાં આવે તો તત્ત્વથી અસદ્ વસ્તુ પણ સત્ થઈ જશે. વળી સર્વથા અસદ્ વસ્તુમાં વસ્તુના જ અસત્પણાને અંગે અમુક શક્તિનો નિયમ પણ નહિ રાખી શકાય, દૃષ્ટાંત તરીકે યવમાં સર્વથા જો યવાંકુરની શક્તિ વિનષ્ટ થઈ હોય તો પછી તે યવમાંથી યવાંકુર જ થવો જોઈએ એવો નિયમ નહીં રહે. ગોધૂમાંકુર થઈ શકશે. કારણકે અસદ્ વસ્તુમાંથી અન્ય કાર્ય થવા સાથે કાર્યનો અભાવ પણ માનવાનો પ્રસંગ ઉપસ્થિત થશે. એટલે યવમાંથી સર્વથા યવની શક્તિ વિનષ્ટ થઈ ગયા બાદ જેમ તેમાંથી ગોધૂમાંકુરરૂપ અન્ય કાર્ય થવાનો સંભવ છે, તે પ્રમાણે યવાંકુર ન થવાનો પણ તેટલો જ સંભવ છે. માટે અહીં નિરન્વય-વિચ્છેદ માનવાનો નથી, પરંતુ પરિણામ દ્વારા વિચ્છેદ માનવાનો છે અર્થાત્ સર્વથા વિચ્છેદ થતો નથી, પરંતુ પૂર્વ અધ્યવસાયના સંસ્કારોથી યુક્ત અદ્યતન અધ્યવસાયમાં દાખલ થાય છે. ઈત્યાદિ બુદ્ધિપૂર્વક વિચારવું.

અન્ય અન્ય અધ્યવસાયો જીવ પ્રાપ્ત કરે છે, તે અધ્યવસાયોમાં અહિં સિદ્ધાંતમાં કહેલા અનુકંપા, બાલતપ, અકામનિર્જરા આદિગર્ભિત લેવાના છે. પણ મન્દ, મધ્યમ અને તીવ્ર એમ ત્રણે પ્રકારના હોવા સાથે પરંપરાએ સમ્યક્ત્વના કારણભૂત બોધસ્વરૂપ લેવાના છે. આવા

અધ્યવસાયોને પ્રાપ્ત કરનાર પણ કેવો હોય તેને સમ્યગ્દર્શન થાય ? તો કહે છે કે अनादि-मिथ्यादृष्टिः મિથ્યાદષ્ટિ બે પ્રકારના છે, એક સાદિ મિથ્યાદષ્ટિ, બીજો અનાદિ મિથ્યાદષ્ટિ. **સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે ગયેલો હોય તે સાદિ મિથ્યાદષ્ટિ અને જેને કોઈપણ વખત સમ્યક્ત્વ પ્રાપ્ત થયું જ નથી, તે અનાદિ-મિથ્યાદષ્ટિ કહેવાય.**

અહિં અનાદિ મિથ્યાદષ્ટિ લેવાનો છે. અને अपि પદથી સાદિ-મિથ્યાદષ્ટિનું પણ ગ્રહણ સમજવાનું છે. વળી सतः એ પદથી સદ્વર્તનવાળો જીવ લેવાનો છે. એટલે સંક્લિષ્ટ પુરૂષોએ આચરેલા ભાવો તેથી અતિક્રાન્ત એટલે તેવા દુષ્ટ ભાવોમાં નહિ વર્તનાર પરંતુ સદ્વિચારમાં રહેનાર આત્માને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. સદ્વર્તનવાળા અનાદિ-મિથ્યાદષ્ટિ તથા સાદિ-મિથ્યાદષ્ટિને પણ પરિણામ વિશેષથી એવા પ્રકારનું અપૂર્વકરણ પ્રાપ્ત થાય છે. કે જેને ઉપદેશાદિ કોઈપણ બાહ્ય કારણ સિવાય પણ સમ્યગ્ દર્શન ઉત્પન્ન થાય છે. એમ ભાષ્યકારનું કથન છે.

હવે તેમાં પરિણામ-વિશેષ એટલે શું ? તેના માટે ટીકાકાર સ્પષ્ટ અર્થ કરે છે, પરિણામ એટલે અધ્યવસાય અથવા ચિત્ત.

અહિં અધ્યવસાયથી આત્મા લેવાનો છે. હવે પરિણામનો અર્થ આત્મા ન થઈ શકે, પરંતુ પરિણામવાળો એવો આત્મા બની શકે, તો તે કેમ થાય ? તેને માટે વ્યાકરણનો નિયમ છે કે 'अनव्य-यकृदभिहितो भावो द्रव्यवत् प्रकाशते અવ્યયવાળા કૃદંતપ્રત્યયો સિવાય બીજા કૃદંતપ્રત્યયોથી કહેવાયેલો ભાવ દ્રવ્યની માફક પ્રકાશે છે.

આ નિયમથી પરિણામ એ ભાવ છતાં આત્મારૂપી દ્રવ્ય એ પરિણામ પદથી લઈ શકાય છે. અથવા ક્ષણ-ક્ષણ પરાવર્તન પામવાવાળા પરિણામથી અધ્યવસાય અર્થાત્ આત્માનું ગ્રહણ ન કરવું હોય તો મનોવર્ગણાના આધારે ચિન્તન પરિણામ રૂપ જે **ભાવ મન થાય છે, તે મન** અહીં લેવું. તે પરિણામની અર્થાત્ અધ્યવસાયની વિશેષતા

એટલે, પૂર્વ-પૂર્વના જઘન્ય પરિણામની અપેક્ષાએ આગળ-આગળ-નો વિશેષ પરિણામ કહેવાય. અને પરિણામનો અર્થ ચિન્તન સ્વરૂપ ભાવમન લેવાનું છે કારણકે તેમાં જ બધા જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ પરિણામો આવવાના છે. આ **પરિણામ વિશેષ** પદથી અહિં **યથાપ્રવૃત્તકરણ** લેવાનું છે. ત્યાર બાદ **અપૂર્વકરણ** આવે છે. રાગ-દ્વેષની ગ્રન્થિનો ભેદ કરતા આત્માને તે અધ્યવસાયાન્તર જેવો બીજો અધ્યવસાય પ્રાપ્ત થયો જ નથી-માટે અપૂર્વકરણ કહેવાય છે. અને ત્યારબાદ ગ્રંથિ-ભેદના ઉત્તર-કાળમાં થવાવાળું અનિવૃત્તિકરણ આત્મા પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી સમ્યકત્વ ન પામે ત્યાં સુધી આ અવસ્થામાંથી પાછો ફરતો નથી માટે અનિવૃત્તિ કરણ કહેવાય છે.

જો કે અપૂર્વકરણ પણ એવું જ છે, અપૂર્વકરણમાં દાખલ થયો અને ગ્રંથિનો ભેદ કર્યો એટલે આત્માને સમ્યકત્વની પ્રાપ્તિ પર્યંત પાછા ફરવાપણું છે જ નહિં, છતાં સમ્યકત્વનું અનંતર-કારણ અનિવૃત્તિકરણ હોવાથી પૂર્વોક્ત અર્થ અનિવૃત્તિકરણમાં શાસ્ત્રકારો એ સ્થળે સ્થળે ઘટાવ્યો હોય તેમ સંભવે છે.

ભાષ્યમાં તો એકલું અપૂર્વકરણ 'अपूर्वकरणं तादृग् भवति' એ વાકયથી જણાવ્યું છે, તો અનુક્ત છતાં અનિવૃત્તિકરણ કયાંથી આવ્યું ? એ પ્રશ્ન થશે, પરંતુ એના ઉત્તરમાં સમજવું જોઈએ કે અન્ય ગ્રંથોમાં અનિવૃત્તિકરણ પ્રસિદ્ધ હોવાથી અહિં ભાષ્યકારે તેનું ગ્રહણ કર્યું નથી. એ સમાધાનમાં પુનઃ શંકા થાય કે-એ પ્રમાણે તો અપૂર્વકરણ પણ ગ્રંથાન્તરોમાં પ્રસિદ્ધ છે. તો પછી અપૂર્વકરણ પણ શા માટે ગ્રહણ કર્યું ! માટે ટીકાકાર બીજું સમાધાન આપે છે. સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરનાર ભવ્યાત્મા જેમ અપૂર્વકરણ અવશ્ય પ્રાપ્ત કરે છે. તે પ્રમાણે અનિવૃત્તિકરણ પણ અવશ્ય પ્રાપ્ત કરે છે. તેથી અપૂર્વકરણથી અનિવૃત્તિકરણનું ગ્રહણ પણ સાથે આવી ગયેલું સમજવું, તેના સિવાય એટલે અનિવૃત્તિકરણ સિવાય સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ શકતું નથી, એટલા માટે ભાષ્યકાર મહારાજાએ લખ્યું કે अपूर्वकरणं तादृग् भवति તેવા પ્રકારનું અપૂર્વકરણ થાય છે કે જે યથા-

પ્રવૃત્તકરણનું' કાર્ય છે અને અનિવૃત્તિકરણનું કારણ છે અને જે વડે આત્માને ઉપદેશ સિવાય સમ્યગ્ દર્શન ઉત્પન્ન થાય છે.

ભાષ્યકાર મહારાજાએ अनुपदेशात् એવું જે પદ આપ્યું છે, તેનો અર્થ ઉપદેશ સિવાય એમ કરીને સમજવાનું એ છે કે કોઈપણ વિશિષ્ટ બાહ્ય-નિમિત્તની અપેક્ષા સિવાય જ સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય તેને નિસર્ગ સમ્યગ્ દર્શન કહેવું છે. અર્થાત્ તથાભવ્યત્વદશાનો પરિપાક વિગેરે આંતર કારણ-સામગ્રીથી આભ્યંતર દોષનો ઉપશમ થયો છે.

કહેવાનો આશય એ છે કે-આગળ જે અધિગમ સમ્યગ્દર્શનનું સ્વરૂપ કહેવું છે અને હમણાં જે નિસર્ગ સમ્યગ્દર્શનનું સ્વરૂપ કહ્યું, તે બંનેમાં આભ્યંતર દોષનો ઉપશમ હોવો જોઈએ. અને તથા-ભવ્યત્વદશાના પરિપાકને અંગે અંતઃકોડાકોડી સાગરોપમ જેટલી સ્થિતિને લાયક અધ્યવસાય-પરિણુતિ પણ આવવી જોઈએ, પરંતુ એ પરિણુતિ આવવામાં કોઈક સ્વાભાવિક રીતે ધાતુઓના પ્રગુણ્યથી જેમ દવા વિગેરે વિના પણ કોઈ વ્યક્તિને રોગની ઉપશાંતિ થાય છે. તે પ્રમાણે કોઈક વ્યક્તિને ઉપદેશાદિ બાહ્ય કોઈપણ નિમિત્ત સિવાય તેવા પ્રકારની પરિણુતિ થાય છે. જ્યારે બીજા કોઈકને દવા વિગેરેના નિમિત્તથી જેમ રોગાદિનું શમન થાય છે તે પ્રમાણે ઉપદે-શાદિ કારણ-સામગ્રીથી અંતઃકોડાકોડી જેટલી સ્થિતિમાં આવવા સાથે સમ્યગ્દર્શનને લાયક પરિણામ થાય છે. ઉપર જેનું સવિસ્તર સ્વરૂપ જણાવેલ છે તે **નિસર્ગ સમ્યગ દર્શન** છે.

હવે અધિગમ સમ્યગ્દર્શનનું સ્વરૂપ કહેવાય છે. તેમાં પ્રથમ અધિગમના અર્થાન્તર કહેવામાં આવે છે અધિગમ, અભિગમ, આગમ નિમિત્ત, શ્રવણ, શિક્ષા અને ઉપદેશ એ બધાય અર્થાન્તર છે.

તેમાં ગમ-જ્ઞાન અધિક જ્ઞાન તે **અધિગમ** અહીં જ્ઞાનનું અધિકપણું તે સામાન્ય જ્ઞાનની અપેક્ષાએ પરોપદેશજન્ય લેવાનું છે. મોક્ષ એ જ સાર છે! બાકી સમગ્ર સંસાર અસાર છે! એ પ્રમાણે જે અન્વય વિચારણા થાય તે **અભિગમ**, સંસાર અસાર છે. જગતમાં કંઈ પણ સાર નથી ઈત્યાદિ વ્યતિરેક વિચારણા તે **આગમ**, પ્રતિમા

વિગેરે જે ઉપદેશનું **નિમિત્ત** ગણાય, અર્થાત્ પ્રતિમાજી મહારાજના દર્શન કરવા જતાં ત્યાં બાહ્ય મંડપમાં ગુરૂમહારાજના ઉપદેશ શ્રવણનું કાર્ય થઈ જાય અથવા તો પ્રતિમાજીના દર્શનથી ઉત્પન્ન થતો જે બોધ તે પણ નિમિત્ત કાર્યમાં કારણના આરોપને અંગે જેમ आयुर्घृतं ઘી એ આયુષ્ય છે. એમ કહેવાય છે તે પ્રમાણે બોધમાં કારણભૂત પ્રતિમાજી પણ સમ્યગ્દર્શનનું નિમિત્ત છે. પ્રભુજીના આભૂષણાદિ ઉતારવાના પ્રસંગે ઉત્પન્ન થતો જે શબ્દ તેના શ્રવણથી થતો જે ચાલો, પૂજાનો સમય થઈ ગયો છે ઈત્યાકારક બોધ તે **'શ્રવણ'** પોતાની મેળેજ આપ્ત--પ્રણીત આગમોનો જે અભ્યાસ તે **શિક્ષા** અને ગુરૂના લક્ષણોથી યુક્ત એવા ગુરૂમહારાજની જે ધર્મ દેશના તે **ઉપદેશ**

ઉપદેશનો અર્થ ટીકાકાર મહારાજે કર્યો કે गुरुलक्षणयुक्तात् गुरोर्धर्मदेशना उपदेशः આ અર્થમાં એક શંકા જરૂર થશે કે અભવ્ય અથવા મિથ્યાદૃષ્ટિ ગુરૂના ઉપદેશથી સમ્યક્ત્વ થવાનો પ્રસંગ ન જ આવવો જોઈએ, કારણ કે તે ગુરૂમાં ગુરૂના લક્ષણો નથી.

આ શંકાના સમાધાન માટે એમ વિચારણા થવી જોઈએ કે ગુરૂ અભવ્ય અથવા મિથ્યાદૃષ્ટિ હોય છતાં પણ તે ગુરૂમાં જિનેશ્વર મહારાજના શાસનમાં ગુરૂ-યોગ્ય જે અનુષ્ઠાનાદિ કહ્યા છે, અને વસ્તુ-તત્ત્વનું યથાર્થ પ્રતિપાદન જે ફરમાવેલું છે, તે ગુણો હોય અને તેને અંગે ગુરૂ-બુદ્ધિનું અનુસંધાન શિષ્યાદિ વર્ગને થતું હોય તો અવશ્ય અભવ્ય મિથ્યાદૃષ્ટિ ગુરૂઓથી પણ **અંગારમર્દકાચાર્યના** શિષ્યોની જેમ શિષ્યવર્ગને સમ્યક્ત્વાદિ ગુણની ઉત્પત્તિ થાય છે.

અહીં એ શંકા કરવાની જરૂર નથી કે-ઉપર મુજબ જે અભવ્યાદિ ગુરૂઓથી પણ સમ્યક્ત્વાદિ ગુણની પ્રાપ્તિ થવાનો સંભવ હોય તો પછી અન્યદર્શનીઓ પણ પોતાના ગુરૂને ગુરૂ તરીકે અને દેવને દેવ તરીકે માને છે તો તેમને પણ તેવા દેવ-ગુરૂથી સમ્યગ્ દર્શનાદિ ઉત્પન્ન થઈ જશે. પણ તેમ બનતું નથી કારણ કે તે દેવ-ગુરૂ બાહ્ય ચિહ્નો શસ્ત્ર, સ્ત્રી વિગેરેથી એવી રીતે સંબંધવાળા છે

કે ત્યાં દેવત્વ-ગુરૂત્વની અનુસંધાન બુદ્ધિ થતી જ નથી અને તેવી અનુસંધાન બુદ્ધિના અભાવે સમ્યગ્ દર્શનાદિ ગુણની ઉત્પત્તિને પણ અવકાશ નથી.

**શંકા**-ઉપરના કથન મુજબ જ્યાં જ્યાં દેવ-ગુર્વાદિની અનુસંધાન બુદ્ધિ થતી હોય અને તેને અંગે સમ્યગ્દર્શનાદિ ગુણોત્પત્તિનો સંભવ માનવામાં જ્યારે આવે તો તે આરાધ્ય પણ ગણાય. અને અપેક્ષાએ પાષાણની પ્રતિમાજીના દર્શનથી દેવત્વની અનુસંધાન બુદ્ધિને અંગે તે આરાધ્ય ગણાય છે. તે પ્રમાણે પ્રતિમાજીના દર્શનથી દેવત્વની અનુસંધાન બુદ્ધિ દ્વારા સમ્યક્ત્વાદિ ગુણોનો ઉત્પાદ શાસ્ત્રમાં કહેલો હોઈ તે પત્થરપણ આરાધ્ય ગણવામાં આવશે.

**સમાધાન**-પ્રતિમાના આકારવાળા મત્સ્યદર્શનથી યદ્યપિ દેવત્વની બુદ્ધિનું અનુસંધાન અને સમ્યક્ત્વાદિ ગુણોનો આવિર્ભાવ થાય છે તે બરાબર છે, પરંતુ તે મત્સ્યમાં હિંસાદિ અન્ય-દોષો પ્રત્યક્ષપણે રહેલા છે અને જોવામાં આવતા હોવાથી તે આરાધ્ય નથી, જ્યારે પ્રતિમાજીમા દેવત્વની અનુસંધાન-બુદ્ધિ થાય છે અને અન્ય કોઈ પણ હિંસાદિ દોષ દૃષ્ટિગોચર થતા નથી, માટે તે આરાધ્ય છે.

આ પ્રમાણે અધિગમ, અભિગમ, આગમ, નિમિત્ત, શ્રવણ, શિક્ષા અને ઉપદેશ એ બધાય અનર્થાન્તર છે, એટલે વ્યુત્પત્તિની અપેક્ષાએ યદ્યપિ દરેકમાં અર્થભેદ છે તો પણ દરેક પદના અર્થમાં જ્ઞાન, આલોચના, બોધ ઈત્યાદિ પર્યાયવાચક પદોનું સામાન્યપણું હોવાથી તે અનર્થાન્તર કહેવાય છે. અર્થાત્ તે દરેકનો અર્થ એક બીજાના અર્થથી એકંદર રીતે જુદો થતો નથી. એ પ્રમાણે અનન્તર (પર્યાય) વાચકપદોનું નિરૂપણ કરીને હવે કેવી રીતે સમ્યગ્ દર્શન પામે છે? તે વસ્તુ જણાવવા એક જ પદથી અધિગમાદિ સર્વ પદોનો સમાવેશ થઈ જાય તેવું સૂચન કરે છે.

ભાષ્યકારે तदेवं परोपदेशात् ઈત્યાદિ પંક્તિ કહી છે તેમાં तदेवं પદનો અર્થ કહેલા પ્રકારે એમ કરીને એ સૂચવે છે, કે નિસર્ગ સમ્યગ દર્શના નિરૂપણ પ્રસંગે तस्य अनादौ संसारे ત્યાંથી શરૂ કરીને

परिणाम-विशेषादपूर्वकरणं तादृग् भवति ત્યાં સુધીનો બધો વાક્યાર્થ અહીં લેવાનો છે,

અર્થાત્ જીવનું અનાદિ સંસારમાં પરિભ્રમણ સ્વકૃત કર્મના ઉદયથી કર્મનો બંધ, બંધ-નિકાચના-ઉદય-નિર્જરાની અપેક્ષાએ નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવગતિમાં વિવિધ પુણ્ય-પાપના ફળોનો અનુભવ જ્ઞાન-દર્શન-ઉપયોગના સ્વભાવપણાથી તે તે અધ્યવસાયોને પરિણામ-વડે પ્રાપ્ત કરવું. અનાદિ મિથ્યાદૃષ્ટિ છતાં સદ્વર્તનવાળા થવું ઈત્યાદિ સર્વ રીતિ આ **અધિગમ સમ્યગ્ દર્શનમાં** પણ સમજવાની છે.

એ રીતિએ આગળ વધેલા જીવને તથાભવ્યત્વદશાના પરિપાકથી અન્ય પણ બાહ્ય-પ્રતિમાદિ નિમિત્તને આશ્રીને અપૂર્વકરણાદિ ક્રમ વડે વૈદ્યે બતાવેલા ક્રિયાનુષ્ઠાનાદિથી રોગની શાંતિની માફક તત્ત્વાર્થ શ્રદ્ધાનાત્મક સમ્યગ્ દર્શન ગુણ ઉત્પન્ન થાય છે.

અહીં એ ખ્યાલ રાખવાનો છે કે **અધિગમ સમ્યગ્ દર્શનવાળાને** સમ્યગ્-દર્શનની પ્રાપ્તિમાં તથાભવ્યત્વદશાનો પરિપાક તો અવશ્ય હોય છે, પરંતુ તે પરિપાક એ ગૌણ કારણ છે. જ્યારે પ્રતિમાદિ બાહ્ય નિમિત્ત એ પ્રબળ પ્રધાનકારણ છે. આંબાના ઝાડ ઉપરને ઉપર જો કેરીનો પાક થાય તેમાં કાળ એ જ મુખ્ય કારણ છે. અને ઘાસમાં નાખેલ કેરીના પરિપાકમાં કાળની સાથે પલાલ-ઘાસ એ મુખ્ય કારણ છે. તે જ પ્રમાણે અહીં નિસર્ગ તથા અધિગમ સમ્યગ્ દર્શન માટે સમજી લેવું.

**શંકા**-નિસર્ગ-સમ્યગ્દર્શન કાદાચિત્ક છે, જ્યારે ઘણા ખરા જીવોને અધિગમ સમ્યગ્દર્શન જ વધુ પ્રમાણમાં થાય છે, અર્થાત્ નિમિત્ત-સામગ્રી પામીને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થવાવાળા જીવો ઘણા છે. જ્યારે નિમિત્તની અપેક્ષા રાખ્યા સિવાય સમ્યગ્ દર્શનની ઉત્પત્તિવાળા તો મરૂદેવા માતાની જેમ કોઈ જવલ્લેજ હોય છે છતાં નિસર્ગ પ્રથમ રાખી અધિગમને પછી કેમ રાખવામાં આવ્યું ? तद्‌अधिगमात् निसर्गादपि એ પ્રમાણે રાખવાની જરૂર હતી.

**સમાધાન**-અહિં પરની અપેક્ષાપણું નહીં હોવાથી કોઈકને ઉપર રીતિએ (સ્વાભાવિક જણાવી ગયા તે પ્રમાણે) **નિસર્ગ સમ્યગ્ દર્શન** થઈ જાય, છતાં તેને પુનઃ અધિગમ પ્રાપ્ત થઈ શકે છે. કહેવાનો આશય એ છે કે નિસર્ગ સમ્યગ્ દર્શનવાળાને અધિગમ સમ્યગ્ દર્શનનો સંભવ છે, પરંતુ અધિગમ સમ્યકત્વ જેને પ્રાપ્ત થયું હોય તેને નિસર્ગ સમ્યક્ત્વ સંભવતું નથી.

આ ભાવ જણાવવા માટે પ્રથમ નિસર્ગને રાખી ત્યાર બાદ **અધિગમને** રાખવામાં આવેલ છે, જો એમ ન હોય તો જીવોની અપેક્ષાએ વધારે વિષયવાળા અધિગમ સમ્યગ્દર્શનને શા માટે નિસર્ગ સમ્યગ્દર્શન પછી રાખવામાં આવે ?

**શંકા**-સર્વ પ્રાણીઓને કર્મસંયોગ તો અનાદિનો તમો માનો છો, જ્યારે જ્યારે અનાદિ કર્મ-સંયોગની અપેક્ષાએ સર્વ પ્રાણીઓ સરખા છે, તો અમુક વ્યક્તિને અમુક વખતે, અમુકને અમુક વખતે સમ્યક્ત્વનો લાભ થાય છે એમ જુદા જુદા કાળે સમ્યકત્નો લાભ કેમ મનાય છે?

વળી કેટલાક સિદ્ધના જીવોની અપેક્ષાએ સમ્યકત્વનો લાભ તેમને અનાદિ છે. કેટલાકને આજે થાય છે કે કેટલાકને ભવિષ્યમાં અનંત કાળે લાભ થશે. કર્મસંયોગ અનાદિ છતાં આ પ્રમાણે ભિન્ન ભિન્નકાળે સમ્યક્ત્વ થવાનું કારણ?

**સમાધાન**-સમ્યગ્દર્શનનો લાભ વિશિષ્ટ કાળ-સ્વભાવ નિયતિ-કર્મ અને પુરૂષકાર (ઉદ્યમ) એ પાંચ કારણ સામગ્રીજન્ય છે. અહિં વિશિષ્ટ કાળ લેવાનો એ આશય છે કે સામાન્ય કાળાદિ પાંચે કારણો તો આત્માની સાથે સંબંધવાળા છે જ. પરંતુ તેમાં તથાભવ્યત્વ દશાના પરિપાકરૂપ વિશેષ કાળનો આત્માને સંબંધ થાય છે અને તે જ પ્રમાણે સ્વભાવ, નિયતિ. કર્મ અને પુરૂષકારમાં તેવું વિશિષ્ટપણું આવે છે ત્યારે જ આત્માને સમ્યગ્દર્શનાદિ લાભો

પ્રાપ્ત થાય છે. એ જણાવવા માટે છે અને એ વિશિષ્ટ કાળ, સ્વભાવાદિ પ્રત્યેક પ્રાણીને આશ્રયી ભિન્નભિન્ન છે. તેથી તથાભવ્યત્વરૂપ **સ્વભાવ, નિયતિ, કર્મ, કાળ** અને **પુરૂષકાર–ઉદ્યમ** એ પાંચેની અપેક્ષાવાળો જે પ્રાણીનો વિપાકકાળ = પરિપાકકાળ જ્યારે હોય ત્યારે જ તે પ્રાણીને સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થાય છે, તેથી કોઈપણ પ્રકારે તે કરેલી શંકા બાબતનો દોષ આવે તેમ નથી, કારણ કે સર્વ કાર્યો સર્વ સામગ્રી મળે તો જ બની શકે છે. જે માટે યથાવસ્થિત અરિહંત પ્રભુના મતને જાણનાર પૂ. આ. શ્રી. **સિદ્ધસેન દિવાકરજીએ** કહ્યું છે કે—

काल सहावो णियई, पुव्वकयं पुरिसकारऽणेगंता।
मिच्छत्तं ते चेव उ, समासओ होंति सम्मत्तं ॥

કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરૂષકાર અનેકાંતથી એ સર્વ માનવા યોગ્ય છે. કાળ જ છે અથવા સ્વભાવ જ છે એમ એવકાર સાથે જો તે કાલાદિ માનવામાં આવે તો તે મિથ્યાત્વ છે અને એકબીજાની અપેક્ષા રાખવા પૂર્વક સર્વને સાથે માનવામાં આવે તો સમ્યકત્વ છે.

આ વિષયને અંગે ઘણી ચર્ચા છે. પરંતુ અહીં તો સૂત્ર–ભાષ્યકારના અક્ષરોનો અર્થ જાણવા પુરતો જ પ્રયાસ હોવાથી તે વધુ ચર્ચામાં ઉતરવું યોગ્ય ગણતા નથી.

ઉપદેશપદાદિમાં આ બાબતમાં ખૂબ ચર્ચા પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાએ કરેલ છે. **ઉપદેશપદમાં** પુરૂષકારને **પંચવસ્તુમાં** સ્વભાવને અને **ષોડશકમાં** કાળને **પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજીએ** જે અન્ય કારણોને ગૌણ રાખવા સાથે મુખ્યતા આપેલી છે, તેમાં પ્રશ્નકારોના તે તે આશયો ધ્યાનમાં રાખીને જ અપાયેલ છે.

## જીવનની સફળતા શામાં?

卐

**ઉમાસ્વાતિજી** વાચક કહે છે કે મનુષ્યપણાનો સદુપયોગ ત્યારે જ કહેવાય કે (૧) પ્રાપ્ત કરવા લાયક ચીજનો નિશ્ચય કરવો. (૨) પ્રાપ્ત કરવા લાયક ચીજને સિદ્ધ કરવાનાં સાધનો મેળવવાં અને (૩) મળેલ સાધનોની સફળતા કરવી. આ ત્રણ ચીજ કરી શકો તો મનુષ્યભવની સફળતા.

તે શબ્દો પ્રચલિત લાવીએ તો **સમ્યગ્ દર્શન, જ્ઞાન** ને **ચારિત્ર** તે જ પ્રાપ્ત કરવા લાયક ચીજનો નિશ્ચય. તે જ મેળવવું છે; તે સિવાય બીજું નહિ. સર્વ કર્મનો ક્ષય કરી, શુદ્ધ સ્વરૂપ દશા પ્રગટ કરવી તે સિવાય બીજું નહિ. આ સ્થિતિ આવે તે જ **સમ્યગ્ દર્શન.** આશ્રવ છોડવો, સંવર નિર્જરા આદરવી, એમ જે જાણમાં આવે તે **સમ્યગ્જ્ઞાન** અને તે આદરાય તે **ચારિત્ર.**

આ સમ્યગ્ દર્શનાદિ રૂઢિથી બોલાય છે. તે આ જ નિશ્ચય, સાધન અને તેની સફળતા. આ ત્રણ વસ્તુ મેળવવા માટે મનુષ્ય ભવનો ઉપયોગ કરી શકીએ તો મનુષ્યભવ સફળ કરી શકીએ.

**શ્રી આગમોદ્ધારક દેશના સંગ્રહ ભા. ૧ દેશના ૩૪**
**પૃ. ૩૨૭-૩૨૮**

# સાધુઓનું સંઘમાં સ્થાન

જૈન જનતામાં **શ્રીસંઘ** શબ્દ એટલો બધો પ્રસિદ્ધ છે કે તે શબ્દને નહિ જાણનાર સૂર્યને નહિ જાણનાર જેવો ગણાય, પરંતુ **સંઘ** શબ્દના અર્થને સમજવામાં ઘણા લોકો અણસમજ ધરાવે છે.

**શ્રી સંઘને** ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ નમસ્કાર કરે છે. એ વાત સકલ જૈન-સમૂહમાં પ્રસિદ્ધ છે. પણ સુજ્ઞોએ સમજવું જોઈએ કે-

ભગવાન જિનેશ્વર મહારાજા णमो संघस्स એવું કોઈ દિવસ બોલતા નથી, ભગવાન્ તો દરેક સમવસરણમાં બિરાજતા ધર્મદેશનાની આદિમા नमो तित्थस्स એમ કહે છે, એટલે તેઓ તીર્થને નમસ્કાર કરે છે. અને તીર્થ શબ્દનો અર્થ પ્રથમ નંબરે પ્રથમ ગણધર મહારાજા છે. અને બીજે નંબરે શ્રી ચતુર્વિધ સંઘ છે.

તેમાં પ્રથમ ગણધર મહારાજા તો સ્વતંત્રતીર્થ તરીકે છે, પણ શ્રી ચતુર્વિધ સંઘ સ્વયં તીર્થના અર્થ તરીકે નથી. પરંતુ તીર્થ શબ્દનો સીધો અર્થ **પ્રવચન** છે. અને પ્રવચનનો અર્થ દ્વાદશાંગી છે. તે દ્વાદશાંગી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ શ્રી ચતુર્વિધ સંઘને આધારે છે. માટે આધેય જે દ્વાદશાંગી તેના નમસ્કારથી આધાર જે શ્રી ચતુર્વિધ સંઘ તે નમસ્કાર કરવા લાયક ગણાયો છે.

રત્નને ધારણ કરનાર સોનું કે હરકોઈ ધાતુ હોય ત્યાં રત્નની કિમ્મત થાય જ છે, તેમ દ્વાદશાંગીના મહિમાને લીધે શ્રી સંઘનો મહિમા થાય છે અને દ્વાદશાંગીના મુખ્ય અધિકારી दुवालसंगअहिज्जमाणेहिं એવા શ્રી ઉપાસકદશાંગ આદિના વચનથી સાધુઓ જ છે. માટે શ્રી સંઘમાં **સાધુઓ** અગ્રપદે છે ને સાધુ ભગવંતો હોય ત્યારે શ્રી સંઘ કહેવાય.

શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

# આગમ જ્યોત

વીર નિ. સં. ૨૫૦૩ ✻ વિ. સં. ૨૦૩૩

વર્ષ ૧૨ ✻ પુસ્તક ૩

ज्ञानं स्वपरावभासकं

## જૈન-શાસનમાં જ્ઞાનનું સ્વરૂપ

★

ભગવાન જિનેશ્વર મહારાજના શાસનમાં આત્માને જ્ઞાનસ્વરૂપ એટલે જ્ઞાનમય માનવામાં આવેલો છે, પણ જૈનેતર દર્શનોમાં આત્માને જ્ઞાનસ્વરૂપ કે જ્ઞાનમય માન્યો નથી. પરન્તુ જ્ઞાનના આધાર ભૂત માન્યો છે.

આવી રીતે આત્માના સ્વરૂપને અંગે જ ભિન્નતા હોવાને લીધે જૈનદર્શનકાર જ્યારે આત્માની મુક્ત-દશા થાય છે, ત્યારે પણ આત્મામાં કેવળજ્ઞાન રૂપી ગુણની હયાતી માને છે.

અન્ય-દર્શનોમાં જ્ઞાનને આત્માનું સ્વરૂપ કે સ્વાભાવિક ગુણ ન માનેલો હોવાથી તેઓને આત્માની મુક્તદશામાં જ્ઞાન માનવાનો અવકાશ રહેતો નથી, અર્થાત્ અન્ય-દર્શનકારોના મુદ્દા પ્રમાણે મુક્તિને પ્રાપ્ત થતા આત્મામાં જ્ઞાન હોતું નથી, રહેતું નથી, અને રહે પણ નહિં.

અન્ય દર્શનકારોએ ઇન્દ્રિય અને પદાર્થના સંયોગથી જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. અને તે આત્મામાં સમવાય-સમ્બન્ધથી રહે છે,

એમ માન્યું છે, તેથી આત્માની મુક્તદશામાં પણ તેઓને જ્ઞાન માનવાનો અવકાશ રહેતો નથી.

વસ્તુતઃ અન્ય-દર્શનકારોની મુક્તિ એવી જ છે કે સંસારભરમાં જે યત્કિંચિત્ તીવ્રતા-મંદતાએ જ્ઞાન છે, પણ મુક્તદશા થતાં તેનો નાશ થાય છે. એટલે સીધા શબ્દોમાં એમ કહીએ તો ખોટું નથી કે અન્ય દર્શનકારોની અપેક્ષાએ સંસારમાં રહેલા સર્વ આત્માઓ ચેતનવાળા છે, પરન્તુ મુક્તિને પામેલા આત્માઓ તો જ્ઞાન-રહિત હોવાને લીધે ચેતના-રહિત છે.

એટલું કહેવું જોઈએ કે અન્ય-દર્શનોના મંતવ્ય પ્રમાણે તે તે દર્શનને અનુસરનારાઓ મોક્ષને નામે કે મોક્ષને માટે જે જે ઉદ્યમ કરે છે, તે કેવલ આત્માના જ્ઞાનના નાશને માટે એટલે કે જડપણાને માટે જ કરે છે.

જ્યારે અન્ય-દર્શનોની મોક્ષને માટે આવી સ્થિતિ છે, ત્યારે જૈન-દર્શનકારો આત્માને જ્ઞાનમય અગર જ્ઞાનસ્વરૂપ માને છે, એટલું જ નહિં, પરંતુ તે સ્વરૂપે રહેલું જ્ઞાન કે તન્મય રહેલું જ્ઞાન ઇન્દ્રિય કે મનના સંયોગથી થવાવાળું છે. એમ માનવાનું રહેતું નથી.

જૈન-દર્શનકારો આત્માના સ્વરૂપે કે તન્મયરૂપે જે જ્ઞાન માને છે, તે સંપૂર્ણ એવા કેવલજ્ઞાનને માને છે. અર્થાત્ સૂર્યના વિમાનનો જેમ પ્રકાશ-સ્વભાવ છે અને તે પ્રકાશે છે, તેવી જ રીતે જૈન-દર્શનકારોની અપેક્ષાએ આત્મા પણ કેવલજ્ઞાન-રૂપ હોઈને સર્વતઃ જ્ઞાનરૂપ પ્રકાશવાળો છે. અને તેથી જૈન-દર્શનના હિસાબે મુક્તદશાને પામવાવાળા આત્મામાં પણ કેવલજ્ઞાન રહે છે, સર્વજ્ઞપણું રહે છે, અને તેથી જૈન-દર્શનના પ્રાર્થના-સૂત્રોમાં ભવસ્થપણાની અપેક્ષાએ ભગવાન જિનેશ્વર મહારાજની अप्पडिहय-वरणाण-दंसणधराणं -એમ કહીને કેવલજ્ઞાન અને કેવલ દર્શનને ધારણ કરવાનું જણાવ્યા છતાં સિદ્ધદશાની અપેક્ષાએ કેવલજ્ઞાન અને કેવલદર્શન જણાવવા

માટે જ सव्वण्णूणं सव्वदरिसीणं એમ કહીને ભગવાન જિનેશ્વર મહારાજને સિદ્ધદશામાં પણ કેવલજ્ઞાન અને કેવલ દર્શન જણાવવામાં આવ્યું.

વાચકે એ વાત ખ્યાલમાં રાખવી કે પ્રાર્થના-સૂત્રમાં જિન-પણું અને જાપકપણું, તીર્ણપણું અને તારકપણું, બુદ્ધપણું અને બોધકપણું, તથા મુક્તપણું અને મોચકપણું જે ભવસ્થપણાના છેડા સુધીને જણાવનાર હોઈ ત્યારપછી જણાવેલું સર્વજ્ઞ-સર્વદર્શીપણું સિદ્ધ અવસ્થાને માટે છે અને તેથી સર્વજ્ઞ-સર્વદર્શી પદની સાથે શિવાદિક વિશેષણવાળા સિદ્ધપદને પામ્યાની સ્તુતિ કરવામાં આવે છે.

જો કે એ વાત સાચી છે કે આ પ્રાર્થના-સૂત્ર ભાવતીર્થંકરની સ્તુતિ જણાવનારૂં છે અને ભાવ-તીર્થંકરપણામાં સિદ્ધપણું હોતું નથી. કેમકે ચાર ઘાતી કર્મો સહિત હોય ત્યાં સુધી ભાવ તીર્થંકરપણું હોય છે, અને સિદ્ધપણું તો પ્રથમ ચાર ઘાતીકર્મ મુકયા પછી પણ જ્યારે બાકીનાં ચાર અઘાતી કર્મોનો સર્વથા ક્ષય થાય ત્યારે થાય છે,

પરંતુ જેમ તીર્થંકર મહારાજાઓની અપેક્ષાએ દ્રવ્ય-તીર્થંકરોની પણ સ્તુતિ કરાય છે, તેવી રીતે સિદ્ધ મહારાજની અપેક્ષાએ તે ભગવાન જિનેશ્વર મહારાજની સિદ્ધપણાની અપેક્ષાએ દ્રવ્ય સિદ્ધ તરીકે ભગવાન જિનેશ્વર મહારાજને સ્તવવામાં કોઈ જાતની શાસ્ત્ર-બાધા રહેતી નથી.

પરન્તુ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે સૂત્રના પદાર્થમાં ભાવ તીર્થંકર-સ્તુતિનો અધિકાર જે ગણાય છે અને કહેવાય છે તે કથંચિત્ આ દ્રવ્યસિદ્ધને નમવાના અધિકારને લેવાથી ભંગ ગણી શકાય, પરન્તુ તે ક્ષમ્ય એટલા જ માટે છે કે ભગવાન જિનેશ્વર મહારાજાઓ કોઈપણ કાળે સિદ્ધિગતિ સિવાય બીજી કોઈપણ ગતિને પામે જ નહિ.

અર્થાત્ અન્ય-દર્શનકારો તો પોતાના ઈશ્વરોને મુક્તિ પામ્યા પછી પણ અર્થાત્ પોતાના મુક્તિ પામ્યા પછી પણ સંસારમાં

આવવાનું માને છે, જ્યારે ભગવાન જિનેશ્વર મહારાજને જે સિદ્ધદશા પ્રાપ્ત થાય છે, તે સિદ્ધદશામાંથી જન્માદિના ઉપદ્રવરૂપે સિદ્ધપણાના પ્રતિપાતને કોઈપણ કાલે થવાનું માનતા નથી.

એટલું જ નહિ પરન્તુ તે મોક્ષ એવો માનવામાં આવેલો છે કે મુક્તિદશા પામતી વખતે જે આત્મામાં ગુણ ધારણ કરેલા છે. અગર જે ગુણો આત્મામાં ક્ષાયિક ભાવપણે થઈને રહેલા છે, તેમાંથી ગુણના એક લેશનો ક્ષય પણ થવાનો નથી અને તે ગુણ સંપૂર્ણ અવ્યાબાધપણે રહેવાનો છે, એટલું જ નહિં પરંતુ ઈહલોકાદિ ગણાતા સાત ભયોમાં જે મરણ નામનો ભય જગતમાં વ્યાપકપણે રહેલો છે. તે મરણનો ભય પણ તે સિદ્ધદશા પામેલા ભગવાન જિનેશ્વર મહારાજાઓને હોતો નથી.

આ વસ્તુ જણાવવાને માટે સિદ્ધનું સ્વરૂપ વગેરે જણાવીને ભગવાન જિનેશ્વર મહારાજા દ્રવ્યસિદ્ધ રૂપે છતાં પણ તેમની પ્રાર્થના-સૂત્રમાં સ્તુતિ કરવામાં આવી છે.

ઉપર જણાવેલી હકીકત વિચારનારો મનુષ્ય સહેજે સમજી શકશે કે જૈન દર્શનકાર સંસારમાં રહેલા કે સિદ્ધપણું પામેલા દરેક આત્માને કેવલજ્ઞાન સ્વરૂપ માને છે અને આ કારણથી છદ્મસ્થપણામાં વર્તતા સર્વ આત્માઓને કેવલજ્ઞાનને રોકનારા એવા કેવલજ્ઞાના-વરણીય કર્મથી આવરેલા માનવામાં આવે છે, અને સમ્યગ્દર્શનાદિ દ્વારા જે આત્મા તે કેવલજ્ઞાનાવરણીયનો નાશ કરે, તે આત્મા કેવલજ્ઞાનને મેળવે છે, એમ માને છે. અને તે સ્વાભાવિક છે.

જગતમાં મનુષ્યોને જેમ દેખવાને માટે સ્વતંત્ર ચક્ષુદ્વારા દેખવું બની શકે છે, એવી રીતે જૈનદર્શનની અપેક્ષાએ આત્મા કેવલજ્ઞાન સ્વરૂપ છતાં પણ જ્યારે તે કેવલજ્ઞાનાવરણથી આવરિત હોય છે. ત્યારે તે આત્માને ઈન્દ્રિય અને મન આદિ દ્વારા જ્ઞાન કરવું પડે છે.

આ કારણથી જૈનશાસ્ત્રકારોએ જ્ઞાનના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન : પર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન એવા પાંચ ભેદો પાડેલા છે.

અર્થાત્ ઈન્દ્રિય અને મન દ્વારા જગતના સ્પર્શાદિક અને સ્વપ્નાદિક પદાર્થોનો બોધ જે પ્રગટ થાય, તેને **મતિજ્ઞાન** તરીકે ગણવામાં આવે છે,

જગતમાં પ્રસરતા ભાષાના શબ્દોને સાંભળીને તે ભાષા શબ્દથી જે તેના વાચ્યની સમજણ પ્રગટ થાય તેને **શ્રુતજ્ઞાન** કહેવામાં આવે છે.

ઇન્દ્રિય અને મનની મદદ વગર પણ અંતર્મુહૂર્ત જેવા દીર્ઘકાળ દૂર રહેલી પણ બાહ્ય વસ્તુને જણાવનારૂં જે જ્ઞાન થાય તેને **અવધિજ્ઞાન** કહેવામાં આવે છે,

જગતમાં વર્ત્તતા વિચારવંત પ્રાણીઓના વિચારોને જ માત્ર જાણી શકાય તેમાં ઇન્દ્રિય અને મનની જરૂર ન પડે. પરન્તુ અંતર્મુહૂર્ત જેવા દીર્ઘકાળે જ વિચારો જાણી શકાય એવી સ્થિતિને **મનઃપર્યવજ્ઞાન** કહેવામાં આવે છે,

જગતમાં રૂપી કે અરૂપી, ભૂત, ભવિષ્ય કે વર્તમાન, દૂર કે નિકટ, દ્રવ્યરૂપ કે પર્યાયરૂપ, કોઈપણ પદાર્થને બારીકમાં બારીક કાળ જે સમય નામનો છે. તેવા દરેક સમયે જાણવા અને દેખવાનું સામર્થ્ય **કેવલજ્ઞાનમાં** હોય છે અને તેથી તે કેવલજ્ઞાનને ધારણ કરનારો સર્વદ્રવ્ય, સર્વક્ષેત્ર, સર્વકાળ અને સર્વભાવને જાણનારો ગણાય છે,

એવી રીતે જ્ઞાનના પાંચ વિભાગો જૈન શાસ્ત્રકારોએ જણાવેલા છે. વાચકોએ ધ્યાન રાખવું કે કેવલજ્ઞાન કે તેની સાથે ઉત્પત્તિનો નિયમિત સંબંધ ધરાવનાર એવું પરમાવધિ કે વિપુલમતિ મનઃ-પર્યાય તેને છોડીને બાકીના કોઈપણ જ્ઞાન સર્વકાળને માટે અપ્રતિપાતી હોઈ શકે નહીં અને પરમાવધિ તથા વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાન પણ કેવલજ્ઞાનને ઉત્પન્ન કરવાથી સ્વ-સ્વરૂપ રહી શકતા નથી.

એટલે કહેવું જોઈએ કે સર્વજ્ઞાનોમાં જો અનંતપણે અક્ષયપણે અને એક સ્વરૂપે સર્વકાળ ટકી શકવાની સ્થિતિ ધરાવતું હોય તો

તે માત્ર કેવલજ્ઞાન છે. ઈન્દ્રિય અને મન આદિ દ્વારા થતાં જ્ઞાનો કોઈ દિવસ કેવલજ્ઞાનના સ્વરૂપને ધારણ કરી શકતા નથી.

ઉપર જણાવેલા જ્ઞાનના ભેદોને વાસ્તવિક રીતે સમજનારો મનુષ્ય કદી પણ એમ કબુલ કર્યા સિવાય રહેશે નહિં કે આત્માની અંદર સ્વાભાવિક રીતે પાંચ જ્ઞાનો જ રહેલાં છે અને તેથી તે પાંચે આવરણો જુદાંજુદાં માનવાની જરૂર પડે છે, એટલે મતિજ્ઞાનાવરણીય આદિ યાવત્ કેવલજ્ઞાનાવરણીય, એવી રીતે પાંચ પ્રકારના જ્ઞાનને રોકનારાં કર્મો જગતના સ્વભાવે છે.

આ વસ્તુ સ્થિતિને બારીક દૃષ્ટિથી જોનારો મનુષ્ય જૈન દર્શનકારોએ જ્ઞાનરૂપ માન્યા છતાં જ્ઞાનના પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આગમ એવા એવા ભેદો કે પ્રત્યક્ષ, અનુમાન આદિ ભેદો ન માનતાં મતિઆદિક ભેદો જ્ઞાનના જે માન્યા છે તે સ-હેતુક હોવા સાથે કલ્પિત નથી પણ વાસ્તવિક છે.

## સાચા ડૉકટર

૦ જેમ દરદી કાયાના વિકારોથી પરાધીન બની જાય, કોઈ ઉપાય રહે નહિ ત્યારે કાયા ડૉકટરને સોંપી દે,

૦ તેમ વિષયોની પાછળ દોડેલો, ક્રોધમાં સપડાયેલો, મિથ્યાત્વથી ઝકડાયેલો આ જીવ વિકારોથી પરાધીન બન્યો છે.

૦ આત્માના સર્વ વિકારોને જાણનાર ને વિકારોને ઉખેડી નાખવાના ઉપાયો જેના ધ્યાનમાં છે એવા જગતના નાથ શ્રી તીર્થંકર દેવ જ આત્માના અનાદિના આ રોગને દૂર કરવા સમર્થ છે.

૦ જે આત્મા તેમની પાસે આવે, પરિચયમાં આવે, સંસર્ગમાં આવે તેમનું કલ્યાણ તેઓ કરે જ કરે.




[ પૂ. બહુશ્રુત–સૂરિ પુરંદર, આગમોના તલસ્પર્શી વિવેચક, આગમિક–પદાર્થ–રહસ્યોદ્‌ઘાટક, આગમવાચના–દાતા, આગમોદ્ધારક-શ્રીના બહુમૂલ્ય તાત્ત્વિક–વ્યાખ્યાનોના વ્યવસ્થિત સંકલનરૂપે આગમિક–રસથાળ જેવા **આગમ જ્યોત**નું પ્રકાશન વિ. સં. ૨૦૨૧ થી કરૂણાનિધિ વાત્સલ્ય સિંધુ, પૂ. સ્વ. ગચ્છાધિપતિ આ. શ્રી **માણેકસાગર સૂરીશ્વર** ભગવંતના વરદ આશીર્વાદથી નિર્વિઘ્નપણે ચાલી રહેલ છે

તેમાં ત્રીજા પુસ્તકમાં પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના ટૂંકા–માર્મિક ગંભીર અર્થપૂર્ણ નિબંધો લેખો વ્યાખ્યાનોનો સંગ્રહ આ વિભાગમાં રજુ કરાય છે.

તે પ્રતિવર્ષના નિયમ પ્રમાણે આ વખતે મહત્ત્વના ચાર લેખો તત્ત્વરૂચિ જનતાના હિતાર્થે વ્યવસ્થિત સંકલન કરી રજુ કર્યા છે.

વિવેકી–વાચકોને જ્ઞાની–સદ્‌ગુરૂના ચરણોમાં બેસી યોગ્ય રીતે આના રહસ્યને સમજવા પ્રયત્ન કરવો. સં. ]

# શ્રુતજ્ઞાનનું મહત્ત્વ અને તેની વિશિષ્ટ-પરિણતિ

[૧]

[બહુમુખ આગમિક પ્રતિભાશાળી, પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવશ્રીએ આગમિક અનેક પદાર્થોને સુંદર સરળ શૈલીમાં વ્યાખ્યાનાદિ દ્વારા સમજાવવા ભગીરથ પુરુષાર્થ કરેલ છે, જેમાંના ઘણા લખાણો સ્થળ સમયની અનુકૂળતા પ્રમાણે પ્રકાશિત પણ થયા છે, તેમાંનું મહત્ત્વનું જ્ઞાન સંબંધી વિકૃત વિચાર-ધારાને રદીયો આપનારૂં લખાણ (કે જે શ્રી સિદ્ધચક્ર વર્ષ ૯ અં. ૫-૬માં પ્રકટ થયેલ, પણ અવાન્તર લખાણરૂપે ત્યાં હોઈ તેમજ વ્યવસ્થિતરૂપે ન હોઈ અહીં તેનું પુનર્મુદ્રણ કર્યું છે. સં.]

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે શ્રી અષ્ટકજીની રચનામાં જ્ઞાનાષ્ટકમાં જણાવે છે કે-

શાસ્ત્રોમાં દરેક સ્થલે સ્વરૂપ ભેદે જ્ઞાનના પાંચ ભેદો જણાવવામાં આવ્યા છે:- **૧ મતિજ્ઞાન ૨ શ્રુતજ્ઞાન ૩ અવધિજ્ઞાન ૪ મનઃપર્યવજ્ઞાન ૫ કેવલજ્ઞાન**

ઈન્દ્રિયો દ્વારા જે જ્ઞાન થાય તે **મતિજ્ઞાન**, શબ્દદ્વારા વાચ્યનું જે જ્ઞાન થાય તે **શ્રુતજ્ઞાન**, દૂર રહેલા રૂપી પદાર્થોનું જ્ઞાન ઇન્દ્રિયોની મદદ વગરનું થાય તે **અવધિજ્ઞાન**, નજીક હોય કે દૂર હોય, પણ અન્યના ચિત્તમાંની વસ્તુ, વિચાર, ભાવના જેનાથી જાણી શકાય તે **મનઃપર્યવજ્ઞાન**, દૂર હોય કે નજીક હોય સર્વ રૂપી-અરૂપી લોકાલોકના અને ત્રણ કાલના પદાર્થોને જેનાથી જાણવામાં આવે તે **કેવલજ્ઞાન**, સ્વરૂપભેદે જ્ઞાનના આ મુજબ પાંચ ભેદો છે.

અહીં એક વાત સમજવા જેવી છે કે-ચંદ્રમા રત્નોનું માંડલું ધરાવે છે. પણ તે શા કામનું? જે ચીજ લેવડ-દેવડના ઉપયોગમાં ન આવે તે શા કામની? તે રત્નથી તો રૂપીઓ સારો કે ઝટ કામ તો લાગે? જો કે રત્ન કરતાં રૂપીઓ કિંમતી નથી, પરંતુ લેવડ-દેવડમાં રૂપીઓ ઝટ ઉપયોગમાં આવે છે. લેવડ-દેવડ રૂપીઆની જ, છે, માટે રૂપીઓ કિંમતી

એટલે કે મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાન એ કોઈને અપાતું નથી તેમ કોઈની પાસેથી લેવાતું નથી, વ્યાપારમાં પણ તે કામ લાગતું નથી લેવા-દેવામાં-વ્યાપારાદિ વ્યવહારમાં **શ્રુતજ્ઞાન** ઉપયોગી છે. શ્રુતજ્ઞાન મેળવવાના આઠ આચાર છે. કાલ વિણએ બહુમાણે. કાલ, વિનય વગેરે આચારોનો વિચાર શ્રુતજ્ઞાનને અંગે છે. મતિ આદિ બીજા જ્ઞાન માટે તે વિચાર કરવામાં આવ્યો નથી.

અહીં ખાસ મહત્ત્વની વાત એ કે બીજા જ્ઞાનો મેળવવા માટે કંઈ વિશિષ્ટ વિધિ-વિધાન જરૂરી નથી, પણ શ્રુતજ્ઞાન માટે ઉપધાન કે યોગવહન જેવી મહત્ત્વની પ્રક્રિયા છે, અર્થાત્ શ્રુતજ્ઞાન એટલું મહત્ત્વનું કે તેને મેળવવા વિશિષ્ટ વિધિવિધાન જરૂરી ગણાય છે. વિધિ-વિનાનું કાર્ય વિધિસરનું ન કહેવાય. એક માણસનું કોઈ કન્યા સાથે સગપણ થયું, પણ ઘેર લાવવા માટે તેની સાથે વિધિસર લગ્ન કરવું પડે છે. ઉપાડીને લાવે તો તે વિધિસર લગ્ન કહેવાય નહિ તેમ નવકારાદિ વિધિસર ત્યારે જ કહેવાય કે જ્યારે ઉપધાનાદિ વહીને શીખાય!

**શ્રી વજ્રસ્વામીજીને** ઘોડીયામાં સૂતાં સૂતાં, સાધ્વીજી અભ્યાસ કરતાં બોલતાં હતાં તે સાંભળીને અગીયારે અંગ મોઢે થયાં હતાં, ગંભીર-આગમોને આઠ વર્ષની ઉંમરમાં તૈયાર કર્યા હતા, છતાં ઉપાશ્રયે સ્થાવિરો પાસે એકડો ઘુંટતા હતા અને બીજા ભણતા હોય ત્યાં ધ્યાન રાખતા. શાથી? નવા-જ્ઞાનની ઇચ્છાથી!

એક દિવસ એવો પ્રસંગ બન્યો છે કે-સાધુઓ ગોચરી ગયા છે. પછી આચાર્યજીને સ્થંડિલની શંકા થઈ, તેથી તેઓ સ્થંડિલ

ગયા છે, બાલકની મનોવૃત્તિ એકાંતમાં ખુલે છે, વજ્રસ્વામીજી પોતાનું ગુરૂનું આસન તથા બીજાઓના આસનો ગુરૂ-શિષ્યો બેઠા હોય તે રૂપમાં ગોઠવી પછી પ્રશ્ન-પરંપરા ચલાવે છે. અને ઉત્તર પણ પોતે જ આપે છે. પ્રશ્નો પણ મામૂલી નહિ! આચારાંગાદિના!

પહેલાં તો આચાર્યજીએ બહારથી તે સાંભળ્યું, નવાઈ પામ્યા કે "આ વજ્ર! ઓ હો! આ તો અગિયારે અંગ ભણેલો છે!" પણ તે જણાવવા આચાર્યજીએ એક દિવસ બહારગામ જવાની ઈચ્છા પ્રગટ કરી અને જતી વખતે શિષ્યોને યોગ કરવા તથા વાચના **શ્રી વજ્રસ્વામીજી** પાસે લેવા ફરમાવ્યું. શિષ્યોએ કબૂલ રાખ્યું, શ્રીવજ્રસ્વામીએ સુંદર રીતે વાચના આપી, ભલે! દેખાવમાં નાના હતા પણ જ્ઞાનમાં તો અધિક જ (મોટા જ) હતા, વાચના એવી તો સરસ આપી કે વાચના લેનાર શિષ્યોના મનમાં એવો વિચાર થયો કે ગુરૂજી બહારગામ બે દિવસ વધારે રહે તો ઠીક કે જેથી આમની વાચનાનો લાભ મળે.

ગુરૂજી (આચાર્યશ્રી) તો તરત પાછા પધાર્યા, એમને બહારગામમાં બીજું કયું કામ હતું? માત્ર વજ્રસ્વામીજીના જ્ઞાનને જાહેર કરવાની તક યોજવી હતી, ગુરૂએ શિષ્યોને પૂછ્યું કેમ? વાચના ચાલી? શિષ્યોએ કહ્યું-ગુરૂદેવ! શ્રેષ્ઠતમ ચાલી! હવે તો અમારા એજ વાચનાચાર્ય થાઓ!!

આચાર્ય શ્રી સિંહગિરિજી ના કહેતાં જણાવે છે કે-એ તો કાનચોરીઓ છે! જુઓ! વજ્રસ્વામીજી માટે કયો શબ્દ વાપર્યો? વિધિ-સહિત જ્ઞાન સંપાદન નથી કર્યું, માટે તેમ કહ્યું છે, વાચનાચાર્ય થવા માટે યોગાદિ કલ્પની જરૂર પડે અને તેથી શ્રી વજ્રસ્વામીજીને કલ્પથી યોગવહન કરાવ્યા અને તેમને વાચનાચાર્ય તરીકે સ્થાપન કર્યા.

શ્રુતજ્ઞાન માટે જ ઉપધાન છે, મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાન માટે ઉપધાન નથી, શ્રુતને અંગે અ-નિહ્નવપણું એટલે જે ગુરૂ પાસે જ્ઞાન લીધું હોય તેને ઓળવવા

નહિં, વ્યંજન=અક્ષર, અર્થ અને તદુભયનો ભેદ તે સર્વ આચાર શ્રુતજ્ઞાનને અંગે છે. છતાં તમે તેને જ્ઞાનાચાર કેમ કહો છો? શ્રુતાચાર કેમ કહેતા નથી? કારણુ કે 'જ્ઞાન' શબ્દથી વ્યવહારમાં મુખ્યતાએ શ્રુત જ લેવાય છે, સ્વરૂપથી જ્ઞાનના મતિજ્ઞાનથી માંડી કેવલજ્ઞાન સુધી પાંચ ભેદો જણુાવવામાં આવ્યા છે, પરન્તુ આચારની પ્રક્રિયાએ તથા વિધિની અપેક્ષાએ જ્ઞાનનેજ શ્રુતજ્ઞાન એટલે શાસ્ત્રનું જ્ઞાન એ જ અર્થ સર્વત્ર સમર્થ છે.

શાસ્ત્રશબ્દ અનેક પ્રયોગમાં વપરાય છે, ચોરી, જુગાર આદિના કાયદાઓના ગ્રંથને શાસ્ત્ર કહેવામાં આવે છે. મત-મતાંતરના ગ્રંથો પણુ શાસ્ત્ર કહેવાય છે. તેમાં પણુ કાયદા એટલે નિયમન તો હોય જ! જૈનદર્શન પણુ શાસ્ત્ર વગરનું ન હોય. જૈનશાસનમાં જે જે શાસ્ત્રો છે, તે તે શાસ્ત્રોના જ્ઞાનને અંગે વિચાર કરવામાં આવે છે.

નાની ઉંમરનો છોકરો નામું વાંચે, વંચાવે, કોના રૂપીઆ જમા? કોના ઉધાર? બધું વાંચી શકે, પણુ કઈ આસામી સારી? કઈ આસામી નરસી? શું લાભ? શું તોટો? તે બધું તે સમજી શકતો નથી: તેવી રીતે જીવાજીવા પુણ્ણં એ ગાથાઓ બોલે છે બધા, પણુ બાલકની જેમ બોલાય ત્યાં સુધી સાર્થક નથી.

જીવ ચેતનવાળો જાણ્યો, પણુ શ્રીજિનેશ્વરદેવે કહ્યા મુજબ કેવલજ્ઞાનવાળો જાણુવો જોઈએ. જીવનો સ્વભાવ કેવલજ્ઞાન છે એમ ન જાણે તે કેવલજ્ઞાનને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરશે કયાંથી? અને પ્રયત્ન વિના પ્રાપ્તિ થાયજ કયાંથી? કેવલજ્ઞાન પોતાનો સ્વભાવ છે એમ જો જાણે તો કયા કારણે તે પ્રાપ્ત નથી થતું? તે વિચારે, પછી કેવલજ્ઞાનને રોકવાવાળા કર્મોનેજ રોકવા પ્રયત્ન કરે અને વળગેલાં કર્મોને તોડવા પ્રયત્ન કરે, તો કેવલજ્ઞાન મેળવી શકે. દીવો છે પણુ દીવો ગોખલામાં મૂકીને બારણું બંધ કરવામાં આવે તો છતે-દીવે પણુ અજવાળું આવે કયાંથી?

કેવલજ્ઞાન એ જીવનું લક્ષણ છે ખરૂં, પણ તેને આડાં બારણાં રૂપ આવરણો લાગેલાં છે, તેથી તે પ્રકાશમાં આવતું નથી. ઘરમાં નવે નિધાન દટાયેલાં છે, પણ ભાજી લાવવાની હાલ ખીસામાં પાઈ પણ નથી, તેનું શું? નવ નિધાનની ખબર પડે તો ખોદેને!

શબ્દ સાંભળવો હોય તો કાનરૂપી દલાલ જોઈએ; તેમ સ્પર્શ, રસ, ઘ્રાણ તથા રૂપને માટે પણ તે તે સ્પર્શાદિ ઇંદ્રિયોરૂપી દલાલોની સદા જરૂરિયાત રહે છે. ઇંદ્રિયોનું જ્ઞાન કેવલજ્ઞાનના અનંતમા ભાગે છે, છતાં જ્ઞાન મેળવવામાં ઇંદ્રિયોની ઓશીયાળ રાખવી પડે છે.

આશ્ચર્ય તો જુઓ! કે આત્મા કેવલજ્ઞાનનો સ્વામી છતાં સામાન્ય જ્ઞાન માટે પણ તેને ચક્ષુ, કાન, નાસિકા, જીભ, ત્વચાદિ ઇંદ્રિયોની ગરજ સેવવી પડે છે. **ઠાકુરને ચાકરના ચાકર બનવું પડે છે.** નવનિધાન ઘરમાં (દટાયેલાં) મોજુદ છતાં શાકભાજી લાવવા પાઈ પૈસો પણ બીજા પાસે લાચારીથી માગવો પડે છે, ઘરમાંજ નવે નિધાન છે, તો તેને કાઢવામાં કોણ ઢીલ કરે?

તે રીતે સામાન્યજ્ઞાન માટે ઇંદ્રિયોની આટલી આટલી ગુલામી કરનાર આત્મા જાણે કે પોતે તો કેવલજ્ઞાનનો સ્વામી છે, ઇંદ્રિયો તો પોતાના સેવકો છે, તો પછી તે ઇંદ્રિય–સેવકોની સેવા કરે? ન જ કરે! તરત જ કેવલજ્ઞાન મેળવવા કટિબદ્ધ થાય.

કેવલજ્ઞાનને મેળવનાર, તેના વિઘ્નોને ટાળનાર, જગત્‌ને કેવલજ્ઞાન મેળવવાના ઉપાયો બતાવનાર જો કોઈ પણ હોય તો તે માત્ર ત્રિલોકનાથ દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાન છે. જીવમાં જીવન લાવનાર એજ દેવાધિદેવ છે:

ઇંદ્રિયો તો પુણ્ય કરો તેટલાં કામો કરી દે, પણ જ્યારે પુણ્યની મૂડી (આડત) ખલાસ થાય પછી કામ–જવાબ ન આપે. કેવલજ્ઞાન તો વગર આડતે કામ કરી આપે છે. કેવલજ્ઞાનથી કામની

પતાવટ સ્વતંત્રપણે થાય છે. કેવલજ્ઞાનીને પદાર્થ જોવામાં ઇંદ્રિયોની સહાયની જરૂર નથી.

કેવલજ્ઞાનવાળી દશામાં બે જ ચીજ! જોવાના પદાર્થો તથા જોનાર આત્મા: ત્રીજી ચીજની જરૂર નથી. આવું કેવલજ્ઞાન પ્રથમ પોતે મેળવનાર, પછી બતાવનાર તથા મેળવી આપનાર ત્રિલોકનાથ દેવાધિદેવ શ્રીતીર્થંકર દેવ છે. **સમ્યગ્દૃષ્ટિનું આવું જ્ઞાન તે પરિણતિજ્ઞાન છે.**

જ્ઞાનાવરણીયાદિ પાંચ ભેદો ભણીએ, ભણાવીએ, ગોખી જઇએ, પણ આત્મા સ્વયં કેવલજ્ઞાનમય છે, છતાં આ આવરણોએ તે જ્ઞાનને રોક્યું છે, તે આવરણો દૂર કરવાનો સચોટ ઉપાય બતાવનાર તીર્થના સ્થાપક, તીર્થનાયક શ્રીતીર્થંકર દેવ છે. હૃદયમાં આ ભાવના દૃઢીભૂત થાય એટલે પરમ-તારક દેવાધિદેવની નિત્ય-પૂજા કરવાની અહર્નિશ ભાવના રહે.

શ્રી ભરતમહારાજાની કચેરીનો દેખાવ જેઓએ ધ્યાનપૂર્વક અવલોકયો હોય તેઓ વિચારી શકે છે કે-બે વધામણી સાથે આવે છે, એક તો ચક્રરત્ન ઉત્પન્ન થયાની તથા બીજી શ્રી ઋષભદેવજી ભગવાનને કેવલજ્ઞાન પ્રાપ્ત થયાની, ચક્રરત્ન છ ખંડનું આધિપત્ય સિદ્ધ કરનાર છે, આપનાર છે, બાકીના તેર રત્નોને તે લાવનાર છે, બત્રીશ મુકુટબદ્ધ રાજાઓને નમાવનાર છે, અને ભગવાન્ શ્રીઋષભદેવજીના કેવલજ્ઞાનમાંથી તો પોતાને કંઈ મળવાનું નથી, ચક્ર તો પોતાને મળ્યું-કેવલજ્ઞાન તો પ્રભુજીને મળેલું સાંભળ્યું, પણ વધામણીમાં કયા શ્રવણને ભરતમહારાજાએ મહત્ત્વ આપ્યું? તે વિચારો!

ચક્ર દેવાધિષ્ઠિત છે, અપમાન થાય તો નવાજુની પણ થાય છતાં તેની અને દેવતાના ઉત્પાતની પણ દરકાર નહિં કરતાં ભગવાનના કેવલજ્ઞાનનો ઉત્સવ પહેલો કરે છે, ભગવાનને કેવલજ્ઞાન

ઉત્પન્ન થયું હતું તે જતું રહેવાનું ન હોતું, કેમકે તે આત્મીય વસ્તુ, સ્વ-સત્તાની ચીજ છે, જ્યારે ચક્રરત્ન દેવ પાસેથી આવેલું હોવાથી ચાલી જવાનો સંભવ છે, છતાં પણ તે ચક્રનો ઉત્સવ પછી, પણ પ્રભુજીને (પિતાજીને) ઉત્પન્ન થયેલા કેવલજ્ઞાનનો ઉત્સવ પહેલો!

સુભટ શત્રુને જીતીને આવ્યાનું સાંભળીને વફાદારને આનંદ થાય, તેમ અહિં પણ મોરચા માંડીને મોહની ઉપર ભવ્યાત્માએ સંપૂર્ણ વિજય મેળવ્યાનું સાંભળી કોને આનંદ ન થાય? **જ્યાં ગુણ દેખાય ત્યાં આનંદ થાય, તેનું નામ સમ્યક્ત્વ.** આજે ચોથું વ્રત કોઈ લે, કોઈ સામાયિક-પૌષધ કરે, કોઈ પ્રતિક્રમણાદિ આવશ્યક કરે, કોઈ ઉપધાન કરે, તો પણ તેનો ગુણ જોવાનું મુશ્કેલ થઇ પડયું છે. સાધુપણાનો કે કેવલજ્ઞાનનો ગુણ પણ હૃદયમાં જચતો નથી.

શાસ્ત્રકાર મહર્ષિઓ તો ફરમાવે છે કે **ગુણાધિક પ્રત્યે બહુમાન ઉપજે ત્યારે સાચું સમ્યક્ત્વ કહેવાય! માનો** કે કોઈએ આપણાથી ઓછી તપશ્ચર્યા કરી તો 'ઓહો! એમાં શું? એમ કરીને તેને ઉડાડી ન દેવાય, પણ તેનામાં તેટલી શક્તિ છે માટે તેટલો પણ તપ કરે છે તેમ વિચારવું.

કામદેવ શ્રાવકે દેવતાનો ઉપસર્ગ સહન કર્યો છે, તેની પ્રશંસા કેવલજ્ઞાની-પ્રભુ ભગવાન્ **મહાવીરદેવે** પણ કરી છે. ભગવાને સુલસાની પણ પ્રશંસા કરી છે, તથા અંબડ પરિવ્રાજક સાથે તેને ધર્મલાભ કહેવરાવ્યા છે. કેવલજ્ઞાની ચોથા ગુણઠાણાવાળાની પણ પ્રશંસા કરે છે. કરી શકે છે.

જે સમ્યક્ત્વની જડ જાણે છે તે તો દરેક ગુણઠાણે રહેલા ગુણવાળાની પ્રશંસા કરે છે. ત્યાં ઉંચા દરજ્જાના ગુણઠાણાવાળો નીચલા ગુણઠાણાવાળાની પ્રશંસા ન કરે એમ નથી.

સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ પણ દાનગુણને લીધે મિથ્યાદષ્ટિના દાનની પ્રશંસા કરે છે. અહિં એક વાત ધ્યાનમાં રાખવી કે પ્રશંસાને લીધે પોલ ન પડે.

જેમ નજીકના ઘરમાં વેશ્યા રહેતી હોય; તેની છોકરી સુઘડપણાથી રહેતી હોય, અને પોતાની છોકરી તેમ ન રહેતી હોય તો પોતાની છોકરીને સમજાવવા પેલી છોકરીની પ્રશંસા થાય ખરી, પણ કઈ રીતે? એમ બોલાય કે: "જો તો ખરી! આ જાતે વેશ્યા છે, છતાં કેટલી સુઘડ છે!"

સુઘડપણું બતાવતાં પહેલાંજ વેશ્યાપણું જણાવી દેવાયછે. મરીચીને વંદના કરતાં ભરતમહારાજા પણ આ રીતે બોલ્યા હતા કે: "મરીચિ! ત્હારા હાલના આ વેષને હું વંદન નથી કરતો, ભવિષ્યમાં તું તીર્થંકર થવાનો છે (આ ચોવીશીમાં છેલ્લા તીર્થંકર થવાના છે) માટે તે અપેક્ષાએ તને વંદન કરૂં છું" અર્થાત્ **ગુણની પ્રશંસા પણ જરૂરી અને સાવચેતી પણ જરૂરી છે.**

પોતાના પિતાશ્રી ઋષભદેવજી ભગવાને મોહમલ્લને સર્વથા જીતી આત્માના સ્વાભાવિક ગુણરૂપ કેવલજ્ઞાનને મેળવ્યું એ સાંભળી ભરત મહારાજાને પરમ આનંદ થાય તેમાં નવાઈ શી? ચક્રરત્નની પ્રાપ્તિ કરતાં કેવલજ્ઞાનરૂપ રત્નની ઉત્પત્તિ મહિમાની કિંમત ભરતમહારાજાએ વધારે ગણીને?

છ ખંડ, નવ નિધાન, તથા બાકીનાં તેર રત્નો, (આથી વધારે સાહ્યબી કોઈ કાલમાં હોઈ શકતી નથી તે) મેળવી આપનાર ચક્રરત્ન ઉત્પન્ન થયું છે છતાં પણ તેની વધામણીના શ્રવણ તરફ લક્ષ્ય નથી, દુર્લક્ષ્ય છે.

હવે તમારી સ્થિતિ વિચારો! શ્રીજિનેશ્વરદેવની પૂજા કરવા જતા હો અને રસ્તામાં રૂપીઆની કે બે રૂપીઆની કમાણી થતી હોય તો જતી કરો છો કે પાછા ફરો છો? જ્યારે એટલામાં પાછા

ફરો છો તો રાજઋદ્ધિને ધક્કો મારો તેટલી શક્તિ ક્યારે પ્રાપ્ત કરવાના ?

**વિષયપ્રતિભાસજ્ઞાનથી ગાથાઓમાં જે પદાર્થો જણાય તેની કિંમત કરતાં શીખવાનું પરિણતિજ્ઞાનથી** છે. ભરત-મહારાજા ચક્રરત્ન માટેના ઉત્સવને પડતો મૂકી ભગવાન્‌ના કેવલજ્ઞાનના ઉત્સવને પ્રથમ સ્થાન આપે છે તેનું કારણ પરિણતિજ્ઞાન છે. ચક્રરત્નની પ્રાપ્તિ તો ઉપાધિરૂપ છે. એમ પોતે સમજતા હતા.

अयं अट्ठे

अयं परमट्ठे

सेसे अणट्ठे

આ ત્રણ પગથીયાં સમ્યક્ત્વનાં છે.

જૈનશાસન ત્યાગમયજ હોય છે અને ત્યાગ તેજ અર્થ : આવી બુદ્ધિ ઉદ્‌ભવે ક્યારે ? સંસાર અર્દ્ધપુદ્‌ગલપરાવર્ત બાકી હોય ત્યારે આ બુદ્ધિ જાગે : નહિ તો આ બુદ્ધિ ઉત્પન્ન થઈ શકતી નથી.

ધન જોઈએ, સ્ત્રી જોઈએ, કુટુંબ જોઈએ અને દેવ, ગુરૂ, ધર્મ પણ જોઈએ: આ રીતે જેના હૃદયમાં 'પણ જોઈએ' એ ભાવના છે, તેનો સંસાર તો એક પુદ્‌ગલ પરાવર્તનો સમજવો, પણ 'દેવ, ગુરૂ, ધર્મ જ જોઈએ' આ ભાવના જેની હોય તેનો સંસાર અર્દ્ધપુદ્‌ગલ–પરાવર્ત જેટલો સમજવો.

'દેવ–ગુરૂ–ધર્મનું જ આરાધન કરવું જોઈએ, મોક્ષજ સાધ્ય છે, નિર્ગ્રંથ પ્રવચન જ ઉપાદેય છે, આ ભાવના જાગે ત્યારે માનવું કે સંસાર વધારેમાં વધારે અર્દ્ધપુદ્‌ગલપરાવર્ત બાકી છે. ઇષ્ટની સિદ્ધિ કરનાર દેવ, ગુરૂ અને ધર્મ જેવો બીજો કોઈ પદાર્થ ચૌદરાજલોકમાં નથી કે જેમાં અર્થપણું કે પરમાર્થપણું હોઈ શકે.

ચારગતિરૂપ સંસારમાં ચોર્યાશી લક્ષ જીવાયોનિમાં, અનાદિ કાલથી આ જીવે રખડપટ્ટી શાથી કરી ? આહાર, શરીર, ઇંદ્રિય

અને શ્વાસોશ્વાસ આ ચાર ચોરટાઓ અનાદિથી કાયમ પાછળ વળગેલા છે કે જે સંસારનો પાર પામવા દેતા નથી.

કંચન, કામિની, કુટુંબ તે બ્હારના ચોરટાઓ છે. તે ચોરટાઓ ઉપર વિજય મેળવનાર, ચોરટાઓને ઓળખાવનાર તથા તેના ઉપર વિજય મેળવવાનો ઉપાય બતાવનાર દેવાધિદેવ શ્રીતીર્થંકરદેવજ છે. દેવ ગુરૂ અને ધર્મ શિવાયની તમામ ચીજો અનર્થને કરનારી છે.

આવી બુદ્ધિ થાય ત્યારે ઉંચુ સમ્યક્ત્વ ગણાય અને ત્યારેજ ઉંચું પરિણુતિજ્ઞાન કહેવાય.

**આશ્રવ વખતે તથા બંધ વખતે દુઃખ થાય, સંવર તથા નિર્જરા વખતે આનંદ ઉત્પન્ન થાય ત્યારે સમજવું કે પરિણુતિજ્ઞાન આવ્યુ, નહિ કે આત્મા પરિણુતિજ્ઞાનમાં આવ્યો.**

## સાધ્ય-સાધનશૂન્ય દેવનો ઉપદેશ નિષ્ફલ છે!

[૨]

### જેવા દેવ હોય તેવા ગુરૂ હોય અને તેવો ધર્મ હોય!

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજે ભવ્યજીવોના ઉપકારને માટે અષ્ટકપ્રકરણ રચતા થકા ફરમાવે છે કે દરેક આસ્તિકમતવાળા દેવ, ગુરૂ તથા ધર્મ એ ત્રણ તત્ત્વોને માને છે. આ ત્રણ તત્ત્વો માનવાનો ઇન્કાર કરે અર્થાત્ દેવ, ગુરૂ તથા ધર્મતત્ત્વોની યોજના ન હોય એવું કોઈપણ આસ્તિક દર્શન નથી.

તેમાં ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વનો આધાર દેવતત્ત્વ ઉપર રહેલો છે. જેવા દેવ તેવા ગુરૂ તથા તેવોજ ધર્મ. જે દર્શનમાં દેવતત્ત્વ લીલાપ્રધાન હોય તે દર્શનમાં ગુરૂ તથા ધર્મનું ધ્યેય લીલાનું જ હોય છે અથવા તો ધર્મના આધારે દેવ તથા ગુરૂ કયા ધ્યેય છે? કયા સ્વરૂપના છે?

# આત્મહિતકર દેવ-ગુરૂનું સ્વરૂપ

## ૨

[ પૂ. આગમૈદંપર્યજ્ઞાતા, પ્રાવચનિક-શિરોમણિ, પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ પોતાની લાક્ષણિક શૈલીથી દેવ-ગુરૂનું અદ્‌ભુત તાત્ત્વિક સ્વરૂપ ટૂંકમાં આ નિબંધમાં સમજાવેલ છે, વિવેકી વાચકોએ યોગ્ય-સમજણ પૂર્વક આ નિબંધ વાંચી તત્ત્વદૃષ્ટિ કેળવવી જરૂરી છે. સં. ]

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ **શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી** મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે **શ્રી અષ્ટક પ્રકરણ** રચતા થકા ફરમાવે છે કે-

દરેક આસ્તિકમતવાળા દેવ, ગુરૂ તથા ધર્મ એ ત્રણ તત્ત્વોને માને છે, આ ત્રણ તત્ત્વો માનવાનો ઈન્કાર કરે અર્થાત્ દેવ, ગુરૂ તથા ધર્મતત્ત્વોની યોજના ન હોય એવું કોઈપણ આસ્તિક દર્શન નથી,

તેમાં ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વનો આધાર દેવતત્ત્વ ઉપર રહેલો છે. **જેવા દેવ તેવા ગુરૂ, તથા તેવોજ ધર્મ !** જે દર્શનમાં દેવતત્ત્વ લીલા-પ્રધાન હોય તે દર્શનમાં ગુરૂ તથા ધર્મનું ધ્યેય લીલાનું જ હોય છે. અથવા તો ધર્મના આધારે દેવ તથા ગુરૂ કયા ધ્યેયના છે? કયા સ્વરૂપના છે? તે જાણી શકાય.

ધર્મને ઓળંગીને ગુણો ક્વચિત જ હોઇ શકે. જેઓમાં માંસ ખાવાની છૂટ છે, હલાલ કરવાની છૂટ છે, તેઓમાં જેવા ખૂનના બનાવો બને છે તેવા બનાવો બીજા ધર્મવાળાઓમાં નથી બનતા. જેઓમાં દારૂબંધી નથી તેઓમાં જે છાકટાપણું દેખાય છે, તે બીજામાં દેખાતું નથી. જેવો ધર્મ મનાતો હોય તે મુજબ પવિત્ર કે અપવિત્ર વર્તન હોય છે. ગુન્હાઓ પણ તેવા તેવા ધર્મોને આભારી છે. ગુન્હાઓમાં ધર્મોની છાયા આવી જાય છે,

કોર્ટમાં "ઈશ્વરને હાજર જાણીને બોલો," એવી પ્રતિજ્ઞા એટલા જ માટે લેવરાવવામાં આવે છે કે ગુન્હેગાર થનાર મનુષ્ય કોઈ પણ ધર્મને માનનારો હોઈ તેનામાં તેની છાયા હોય છે. નહિં તો આવી પ્રતિજ્ઞા લેવરાવવાનો વખત રહે જ નહિ, તેમજ તેવી પ્રતિજ્ઞાનો કંઈ અર્થ રહેતો નથી.

આથી એ સિદ્ધ છે કે જેવા દેવ હોય તેવા ગુરૂ અને ધર્મ હોય. દેવે જે સાધ્ય બતાવ્યું હોય. તે સાધ્ય દેવે સિદ્ધ કરેલું હોવું જોઈએ, નહિ તો ભક્તગણની પ્રીતિ થઇ શકે નહિ. ગુરૂ પણ તે સાધ્યની સિદ્ધિમાં પ્રયત્નશીલ હોય તે જ તે પછી લોકોને તેનો ઉપદેશ આપી શકે, પોતે જે સાધનનો અમલ કર્યો હોય તે સાધન દુનિયાને સમજાવી શકાય. ખુદ દેવ જો સાધ્યના સાધનથી શૂન્ય હોય તો અન્યને ઉપદેશ કેવી રીતે આપશે?

ડાહી સાસરે જાય નહિં અને ગાંડીને સાસરે જવા શિખામણ દે તો તે શિખામણનો કંઈ અર્થ નથી, તો પછી સાધ્યને ચૂકેલા તથા સાધનથી બહાર ગયેલા એવા દેવના ઉપદેશને જગતમાં માને કોણ? ટીપ ભરવા કોઈ પાસે જાઓ તો તેમાં સામો ગૃહસ્થ પૈસા ક્યારે ભરશે? એ ટીપમાં પ્રથમ તમે ભર્યા હશે તે જ ભરશે. એક ટીપ જેવી બાબતમાં પણ પ્રથમ પોતે ભર્યા પછી જ બીજાને કહી શકાય છે, તો પછી આત્મ-કલ્યાણના માર્ગમાં પોતે તેને અમલમાં મૂકયા વિના બીજાને કહેવા જાય તો શી દશા થાય?

મસાલચી બીજાને અજવાળું કરે, પોતાને તો અંધારામાં ચાલવાનું રાખે, તેમ કલિકાલના કોવિદો પણ મસાલચીની માફક બીજાને માત્ર અજવાળું કરનાર છે. પોતે અંધારામાં જાય છે, અર્થાત્ પોતે કરવું કરાવવું કાંઈ નહિં, અન્યને ઉપદેશો આપવા? સભામાં વાતો મોટી મોટી કરે, લાંબાલચ લેખો લખે, પણ પોતાને અંગે વર્તનમાં લેવાદેવા કાંઈ નહિ! આવાઓને માને કોણ? કેવલ परोपदेशे पाण्डित्यम्!

અન્યને જે કરવાનો ઉપદેશ અપાય તેનો અમલ કરનાર પ્રથમ ઉપદેશક તો હોવો જોઈએ. जो जहावायं ण कुणइयो यथावादं न कुरुते **જેવી રીતે પ્રરૂપણા કરે તે પ્રમાણે જે ચાલે નહિ એનાથી મોટો મિથ્યાદષ્ટિ જગત્‌માં બીજો કોઈ નથી.** એને ઉત્કૃષ્ટ મિથ્યાદૃષ્ટિ ગણવો. ખરેખરો મિથ્યાદૃષ્ટિ એ જ! આમ શાસ્ત્રકારો પણ ફરમાવે છે.

## કરોડની કિંમતના હીરાને કોડીના મૂલ્યમાં ફગાવનાર ઝવેરી જ ખરો ગમાર છે.

કોઈ ગમાર હોય તે કરોડની કિંમતના હીરાને કોડીમાં આપી દે તો તેને તેવો મૂર્ખ કે ગમાર ન કહેવાય, કેમ કે ગમાર તો એ છે જ: એ તો કદી એ કિંમતે ન પણ આપે તોયે ગમાર જ છે, પણ ઝવેરી જો એ રીતે કરોડની કિંમતનો હીરો કોડીના મૂલ્યમાં ફગાવી દે તો તે ઉત્કૃષ્ટો ગમાર છે.

ગમારમાં અને ઝવેરીમાં ફરક કયો? ગમારને કહેવાનું નહિ કેમ કે એ તો બિચારો છે જ ગમાર!

એક રજપૂત ચાલ્યો જતો હતો, તેને ગધેડાએ લાત મારી. રજપૂતે પાછળ જોઈને કહ્યું કે–લાત મારનાર જો ઘોડો હોત તો તો એને ગધેડો કહેત, પણ આને વધારે શું કહેવું? જે કહેવું છે તે તો પોતે જ છે. લાત ન મારે તો પણ એ તો ગધેડો જ છે.

તેમ હીરો કોડીમાં આપે કે ન આપે તો પણ ગમાર તો ગમાર જ છે, જ્યારે ઝવેરી ગણાનારો ગમારની જેમ કિંમતી હીરાને કોડીના મૂલ્યનો બનાવે ત્યારે તે વધારે મોટો ગમાર બની ઠપકાને પાત્ર છે.

ચાલતાં ચાલતાં આંધળો માણસ ખાડામાં પડે તો તેની હાસી નથી થતી, ઉલટી દયા આવે છે. 'બિચારો પડી ગયો' એમ બોલવામાં આવે છે, અને દયાળુઓ એને ઊભો કરીને દોરે પણ છે:

પણ દેખતો ઠોકર ખાય, થાંભલે અથડાય કે ખાડામાં પડે તો તાળી પીટાય છે; લોકો એને બેભાન, બેહોશ કહે છે, દેખતો નહોતો ?' એમ ઠપકો દે છે.

તાત્પર્ય કે–એ દેખતો હતો, તેથી તેનો મોટો આંધળો કે ખરો આંધળો એમ ગણાય છે. જેઓ મિથ્યાદષ્ટિ છે, તત્ત્વ જાણતા નથી તથા બોલતા નથી, તેઓ તો સ્વાભાવિક આંધળા છે, દયાપાત્ર છે, પણ જેઓ માર્ગને જાણે છે, સમજે છે, કહે છે, પ્રરૂપણા કરે છે, તેઓ પોતે જ્યારે માર્ગથી વિમુખ ચાલે ત્યારે તો ઉપાલંભને યોગ્ય છે. એવાઓની જગત્ હાંસી કરે તેમાં નવાઈ શી !

જેઓ બિચારા જૈનદર્શનને પામ્યા નથી, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ વગેરે તત્ત્વોની જ્હેમને ગતાગમ નથી, તેવાઓ અવળા ચાલે એ દયાપાત્ર છે, પણ શ્રીજૈનદર્શન પામીને જેઓએ આ તત્ત્વો સાંભળ્યા છે, જાણ્યા છે, માન્યા છે, અને નિરૂપણ પણ જેઓ આ તત્ત્વોનું કરી રહ્યા છે, તેઓ પ્રસંગ હોય તો અને કામ પડે તો આજ તત્ત્વોનું સત્યાનાશ વાળે, તેવાઓ તો ખરેખર મિથ્યાદષ્ટિના સરદાર ગણાય. **જે જેવું બોલે તે તેવું કરે નહિં તો તેના કરતાં બીજો અધિક મિથ્યાદષ્ટિ ક્યાં શોધવો ?** એજ ઉત્કૃષ્ટ મિથ્યાદષ્ટિ !

## શ્રોતાને પ્રથમ ઉપદેશ કયો આપવો ?

આ માર્ગ કોણ બતાવે ! જેઓ માર્ગમાં ચાલેલા હોય તે. તેથી જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે, "ધમ્મો જિણપણ્ણત્તો ધર્મના અસલ ઉત્પાદક, પ્રથમ પ્રરૂપક કેવલજ્ઞાની ભગવાન્ શ્રીતીર્થંકરદેવ !

એ દેવાધિદેવે પ્રરૂપેલો, જગના એકાંત કલ્યાણને માટે જાહેર કરેલો ધર્મ કહે કોણ ? ગીતાર્થ સાધુઓ ! ગીતાર્થ ત્યાગી મુનિ-મહાત્માઓ.

શું બીજાને દેશના દેતાં ન આવડે ? બીજાઓને શબ્દોનું જ્ઞાન નથી ! તો પછી નિષેધ કેમ ! અવિરતિને તથા અગીતાર્થને દેશનાનો નિષેધ શા માટે !

તમે સમજી શકશો કે ધર્મની દેશના દેતાં દેશના કઈ દેવી! છકાયની દયાની કે ત્રસકાયની દયાની ! સર્વથા મૃષાવાદપરિહારની કે સ્થૂલમૃષાવાદપરિહારની! સર્વથા ચોરીના ત્યાગની કે મ્હોટી ચોરીના ત્યાગની ! સર્વથા બ્રહ્મચર્યની કે સ્થૂલથી બ્રહ્મચર્યની ! સર્વથા પરિગ્રહના ત્યાગની કે ઈચ્છા બહારના ત્યાગની !

તમે કદાચ કહેશો કે જેવો શ્રોતા (સાંભળનાર) તેવી દેશના દેવી : સમ્યક્ત્વને લાયક હોય તો સમ્યક્ત્વની, એથી અધિક દેશ-વિરતિને લાયક હોય તો દેશવિરતિની, સર્વવિરતિને લાયક હોય તો સર્વવિરતિની તથા સમ્યક્ત્વનેય યોગ્ય ન લાગે તો યોગ્યતા-નુસાર માર્ગાનુસારીપણાના ગુણોની પણ દેશના દેવી.

પ્રથમ મુદ્દો એ છે કે પહેલ–વહેલો શ્રોતા કઈ ઈચ્છા રાખે ? એ કાંઈ ન સમજતો હોય તો સાધ્યબિન્દુ તરીકે પ્રથમ કઈ ઇચ્છા નકકી કરાવવી ? પ્રથમ શું કરાવવું ? અભક્ષ્યાદિ ત્યાગ કરાવવાં કે સમ્યક્ત્વ ઉચ્ચરાવવું કે દેશવિરતિ ઉચ્ચરાવવી કે સંયમનું સ્વરૂપ કહેવું ? ધર્મ સાંભળનાર માટે કલ્યાણનો રસ્તો કયો ગણવો જોઈએ ? શ્રોતાનો ઉદ્દેશ સર્વથા પાપથી બચવાનો હોવો જોઇએ અને ઉપ-દેશકે પણ પ્રથમ સર્વથા પાપથી બચવાનો ઉપદેશ દેવો જોઇએ. ધ્યેય ઉભયનું ત્યાગનું જ હોવું જઈએ. કેમ કે એ વિના પાપનો સર્વથા બચાવ છે જ નહિ.

**પ્રવૃત્તિમાં ભલે ફરક હોય, પણ ધ્યેયમાં ફરક ન જોઇએ.** દર્દીનું આટલું દર્દ રહે તો ઠીક એવું કોઈ પણ વૈદ્ય, હકીમ કે ડોકટર ઈચ્છે નહિ, તો પછી ભવ્ય જીવોના વૈદ્ય, ડાકટર કે હકીમ જે કહો તે આ ગુરૂ છે, એ આ જીવોમાં આટલું પાપ રહે તો ઠીક, એમ કેમ વિચારી શકે ? દર્દી દવા લેવામાં કંટાળે,

થોડી લે અને તે કારણે રોગ રહી જાય તેમાં વૈદ્ય, ડાકટર કે હકીમનો ઉપાય નથી. એ જ રીતે અહીં પણ શ્રીતીર્થંકરદેવ, શ્રી ગણધરમહારાજ, શ્રી આચાર્ય ભગવંતો, ઉપાધ્યાયજી કે મુનિમહારાજ કોઈપણ હો, શ્રોતાને પ્રથમ તો સર્વથા પાપના નાશનો જ ઉપદેશ દે. શ્રોતા કાયર હોય કે કમ-અક્કલવાળો હોય, અને થોડું ગ્રહણ કરે તો પેલા કાયર રોગીની જેમ આ પણ કર્મરૂપી ઉપાધિથી સર્વથા મુક્ત ન થાય એ દેખીતું છે.

કેટલાક વકીલો એવા હોય છે કે લવાદમાં પડે. ત્યારે એવી ગૂંચ નાંખે કે તે વખતે તો દેખાતું સમાધાન થઈ જાય, પણ ભવિષ્યમાં પોતાને આંગણે પેલાઓને આંટા ખાવા પડે. કેટલાક વૈદ ડાકટર પણ એવા હોય છે કે જે વ્યાધિને ઉપરથી દબાવે, પણ અંદરથી જડમૂળથી કાઢે નહિ. એ જ રીતે જે ઉપદેશકો પાપનો સર્વથા ત્યાગ ન કરાવે, માત્ર મોટા મોટા પાપના ત્યાગનો ઉપદેશ આપે તે પેલા આંટીઘૂંટી નાખનાર વકીલ જેવા કે વ્યાધિને નિર્મૂળ ન કરનાર વૈદ-ડોકટર જેવા સમજવા, માટે **શ્રી જિનેશ્વરદેવના પવિત્ર શાસનનો સિદ્ધાંત તો એ જ કે પહેલ વહેલાં સર્વ-પાપને ત્યાગ કરાવવાનો જ પ્રયત્ન કરવો.**

## અર્થાપત્તિથી દોષ ક્યાં અને ક્યારે લાગે? તથા ક્યારે ન લાગે?

જેમ વૈદ્ય ડોકટર પ્રથમ સારામાં સારૂં ઔષધ બતાવે, યોગ્ય પરહેજી તથા અનુપાનપૂર્વક તે લેવાની સલાહ આપે, પણ રોગી કાયર થાય, વૈદ્યના કથનને અનુસારે ઔષધ પૂરેપૂરૂં લઈ શકે નહિ, પરહેજી પાળવામાં ઢીલો થાય અને તેથી રોગ બરાબર ન મટે, તેમાં કાંઈ વૈદ્ય ડોકટર જવાબદાર નથી.

તેવી જ રીતે ત્યાગી ઉપદેશક—ગીતાર્થ ઉપદેશક પ્રથમ ઉપદેશ તો સર્વથા પાપના નાશનો જ આપે, છતાં શ્રોતાને પૈસા-ટકાનો,

માલ-મીલ્કતનો, ધન-ધાન્યનો, બાયડી-છોકરાંનો, કાયાનો તથા માયાનો મોહ આડે આવે, ત્યાં ઉપદેશકનો ઉપાય નથી.

જેમને સૂત્રનાં બત્રીશ દૂષણો ધ્યાનમાં હશે તેઓ જાણી શકે કે અર્થાપત્તિએ દોષવાળું વાકય સૂત્રકારનું હોય નહિં. એને અંગે દૃષ્ટાંત છે. 'ब्राह्मणो न हन्तव्यो' 'બ્રાહ્મણને ન મારવો.' એનો અર્થ શ્યો થયો ? આમાં બ્રાહ્મણની હત્યાને નિવારણ કરી પણ તેથી અર્થાપત્તિએ ત્રણ વર્ણને મારવાની રજા આપી એમ સાબીત થાય છે: તેથી તેવા વાકયને અર્થાપત્તિ-દોષે દુષ્ટ ગણ્યું છે.

ત્રસની દયા પાલજો, માત્ર આટલા ઉપદેશમાં બીજા બધાને છૂટ મળી એવો અર્થાપત્તિદોષ છે. ત્રસજીવને ન મારવા, મોટું જુઠું ન બોલવું, મોટી ચોરી ન કરવી, પરસ્ત્રીગમન ન કરવું તથા અપરિમિત પરિગ્રહ ન રાખવો, આવો ઉપદેશ જો પ્રથમ જ દેવામાં આવે તો સ્થાવરની હિંસાની, સૂક્ષ્મ મૃષાવાદની, સૂક્ષ્મ ચોરીની, સ્વસ્ત્રીગમનની, તથા ઇચ્છાનુસાર પરિગ્રહ રાખવાની છુટ અપાતી હોઈ, એ ઉપદેશ અર્થાપત્તિદોષે દુષ્ટ ગણાય.

શાસ્ત્રકારો તો બત્રીશ દોષ રહિત સૂત્ર કહેનારા હોય છે. પાપ પ્રત્યે અરૂચી અરધી હોય અને અરધી ન હોય એવું એમનું વાકય હોય નહિં. સર્વથા પાપના ત્યાગની વાત સાંભળવાની કોઇને અરૂચિ હોય, કદાચ કોઈ ને સર્વથા પાપનો ત્યાગ રૂચતો ન હોય તો તેમનામાં સર્વથા પાપના ત્યાગની રૂચિ જગાવવી જ જોઈએ. આવડતું ન હોય તો તે શીખવવાનું કર્તવ્ય છે. દેશથી પાપનો ત્યાગ તમે માન્યો છે એટલે તેમાં સમજાવવાની જરૂર નથી, સર્વથા પાપના ત્યાગની વાત જે સમજવામાં નથી આવતી તો સમજાવવાની, શીખવવાની અને ઠસાવવાની જરૂર છે.

સાધુ સર્વપાપથી નિવૃત્તિનો ઉપદેશ પ્રથમ આપે-હવે શ્રોતાની એટલી શક્તિ ન હોય તો પછી તેને ત્રસકાયની દયા પાળવાનું

વગેરે કહી ઉતરતા ક્રમની વાત કરવામાં આવે તો પછી અર્થાપત્તિ દોષ લાગતો નથી.

**કદાગ્રહના પરિણામે તો દિગંબર બનવું પડયું !**

પ્રશ્ન-પગથીયે ચઢતાં ચઢાયને ? અભ્યાસમાં પણ ધોરણસર ચઢાય છે.

સમાધાન-અહિં ધોરણનો ક્રમ છે ? જો તેવો ક્રમ હોય તો પછી દેશવિરતિ સિવાય સર્વવિરતિ કોઇ પામે જ નહિં. દેશ-વિરતિધર્મ સર્વવિરતિ પાલનના અસમર્થો માટે છે. ઉપદેશ તો સંપૂર્ણ પાપનો ત્યાગ સમજાવવા માટે છે. **સર્વ પાપને પાપ માને, સર્વ પાપ ત્યાગની જરૂરિયાત સ્વીકારે ત્યાંજ સમ્યક્ત્વ છે.**

શું માત્ર અષ્ટપ્રવચનમાતાના જ્ઞાનવાળાને કેવલજ્ઞાન નહિં થાય ? શું ચૌદપૂર્વી થાય, અવધિ-મનઃપર્યવવાલો થાય પછી જ કેવલ હોય એમ છે ? અહિં કર્મનો ક્ષયોપશમ ક્રમિક નથી. જો जहवायं ण कुणइ એ દેશના કેવલી ભગવાન્ કે સર્વપાપથી નિર્વર્તેલા સાધુઓજ દે. દેશના દેનાર પોતે આચરેલું કથન કરે છે માટે તેમની દેશનાના શ્રોતાને તે કદાચ કરવા જેટલી અસર નહિ પણ કરે, તોયે શ્રદ્ધા તો જરૂર કરશે. પોતે મ્હોમાં પાન ચાવી રહ્યો હોય અને બીજાને લીલોતરીના ત્યાગનો ઉપદેશ આપે તેની શી અસર થાય ?

ઉપદેશકોએ પ્રથમ પાપની નિવૃત્તિ કરવીજ જોઈએ. પાપથી નિવૃત્ત થયા વિના ઉપદેશ દેનાર જેવો મિથ્યાદષ્ટિ કોઈ નથી. પહેલ-વહેલો જેણે ધર્મ કહ્યો હશે તેને ધર્મના ઉંચામાં ઉંચા માર્ગે રહેવુંજ પડયું હશે, નહિ તો કદી પણ બીજાને ઉપદેશ કરી શકે નહીં.

અમે તો હજી બચાવ કરી શકીએ કે "તમે પણ મુસાફર છો અને અમે પણ મુસાફર છીએ.' ફક્ત એક ડગલું આગળ છીએ

એટલો જ ફરક છે. અમે ક્ષીણમોહી નથી. ક્ષીણમોહી શ્રીતીર્થંકરદેવ છે, તેમણે કહેલોજ ધર્મ અમે તો કહીએ છીએ. અમારી મેળે અમે ધર્મ કહેતા નથી. અમે પણ સાધક છીએ.” આટલું પણ અમારે માટે તો બચાવનું બારૂં છે. પણ દેવો પોતે અમારી માફક કહી દે કે–“હું પણ સાધક છું તો !” તો તો પછી બધા અખતરામાં રહ્યાને! એકકેય સિદ્ધપ્રયોગવાળો ખરો ? દેવે તો **સિદ્ધપ્રયોગવાળા થઈનેજ ઉપદેશ દેવાય.**

## શ્વેતાંબરોની માન્યતામાં મોક્ષની અટકાયત નથી.

આજે તો સાધુ થોડાક જ્ઞાન માત્રથી પાટે ચઢી બેસે છે. શ્રીતીર્થંકરદેવ પ્રથમથી (માતાના ગર્ભમાંથી) ત્રણ જ્ઞાનવાળા હતા, દીક્ષાથી (દીક્ષા લીધા બાદ થોડાજ સમયથી) ચાર જ્ઞાનવાળા હતા, છતાં ઉપદેશ આપતા નહોતા, એનું કારણ ? એમને કેવલજ્ઞાન થયા વગર ઉપદેશ દેવાનો નથી.

દિગમ્બરો કહે છે ભગવાને કર્યું તેમ કરીએ. અશક્ત હોય તે શક્તિવાળાની માફક કરવા જાય તો શી દશા થાય? નિરોગી દવા ન લે તે જોઈ રોગી પણ દવા ન લે તો ? કહોકે રીબાયા કરે.

શ્રીતીર્થંકરે વસ્ત્ર ન રાખ્યું માટે અમે પણ નહિં રાખીએ’ એવા કદાગ્રહમાં દિગમ્બરોને આખો મત સ્થાપવો પડ્યો. પરિણામે સાધ્વી ન મનાયાં. તીર્થંકરને આહાર ન માન્યો માટે પાત્ર તથા ગોચરી પણ ઉડાડવાં પડ્યાં. અન્યલિંગે, ગૃહીલિંગે સિદ્ધ પણ ન મનાયા. સ્ત્રીને અને વસ્ત્રના સંબંધવાળાને કેવલજ્ઞાન, મોક્ષ ન માન્યાં. તેથી એને લગતાં તમામ સાધ્યસાધનો રદ કરવાં પડ્યાં. ભગવાન્‌ના અંગે પણ છબરડો વાળ્યો.

જગત્‌માં મનુષ્ય કે જનાવર કોઈપણ આંખવાળી જાત જુઓ તો તેને શરીર કરતાં આંખનો રંગ જુદોજ હોય છે. જો પુતળાં તરીકે ન હોય તો આંખનો રંગ તો જુદો જ હોય. ભગવાનની મૂર્તિ

હોય પણ પુતળાનું અનુકરણ ન હોય તો આંખજુદા રંગની હોવીજ જોઈએ.

અહિં તત્ત્વ માત્ર આંખનો રંગ જુદોજ હોવો જોઈએ, એટલું છે. કંઈ લાગવું ન જોઈએ એવા કદાગ્રહને લીધે ભગવાન્‌ની મૂર્તિની આંખ પણ ઉડાડી. સાધ્વીપણું, સ્ત્રીને કેવલજ્ઞાન, તીર્થંકરનો આહાર અને તેમનાં ચક્ષુઓ આ બધું માત્ર ગત વસ્ત્રપણાના (દિગંબરપણાના) કદાગ્રહ માટે છોડવું પડે છે.

શ્વેતાંબરોએ એવી માન્યતા રાખીજ નથી કે વસ્ત્ર વગર મોક્ષે ન જવાય. બંને એમની તો માન્યતા છે. શક્તિવાળો વસ્ત્ર ન રાખે તોયે મોક્ષ અટકતો નથી, તથા શક્તિ વગરનો જીવ વસ્ત્ર રાખે તો પણ મોક્ષ અટકતો નથી.

દિગંબરોએ કદાગ્રહના કારણેજ રસ્તો બંધ કર્યો છે.

જિનકલ્પીની સ્થિતિ કઈ? આજે ગોચરી ગયા, શુદ્ધ આહાર ન મળ્યો તો પાછા આવે, તો છ માસ સુધીઃ ચોથો પહોર બેસે ત્યારે પગ જ્યાં હોય ત્યાંજ રાખે, કાંટામાં તો કાંટામાં, બીજે દિવસે બાર વાગ્યા (મધ્યાન્હ) સુધી એ સ્થિતિ. સમય પણ સ્મરણશક્તિથી અવલોકવાનો છે. કાયોત્સર્ગ બીજા દિવસે બીજે પહોરે પારે.

જંગલ ગયા હોય, શુદ્ધ જગ્યા ન મળે, તો ફરી, એમ કરતાં શુદ્ધ જગ્યા મળે ત્યારે છ માસે જાય. છ માસ સુધી તો દસ્તને પણ તેઓ રોકી શકે. એ સામર્થ્ય ધરાવનારજ જિનકલ્પી થઈ શકે છે.

જિનકલ્પીપણાની વાતો કરનારાએ એ દશા, એ સામર્થ્ય, સમજવાં જોઈએ. અપ્રમાદીપણું અને અપ્રમત્ત ગુણસ્થાનક એ બે વસ્તુ જૂદી છે.

વળી જિનકલ્પી કે છદ્મસ્થ એવા તીર્થંકર નથી તો ઉપદેશ દેતા અને નથી તો દીક્ષા વગેરે આપતા, માટે જિનકલ્પપણું અને

શ્રીજિનેશ્વરનું અનુકરણ ધરનાર દિગંબરોએ ઉપદેશ દેવાનું અને દીક્ષા દેવાનુ બંધ કરવું જોઈએ.

કોઈને શંકા થાય કે જ્યારે શ્રીતીર્થંકરદેવ કેવલજ્ઞાન પામ્યા પહેલાં ઉપદેશ દેતા નથી, શિષ્યો કરતા નથી, તો બીજા સાધુઓ ઉપદેશ દે છે તથા શિષ્યો કરે છે એનું શું કારણ? શું સાધુઓને ફાવતું કરવું છે? શાસનને ઉથલાવવું છે? ના! આ શંકા ખોટી છે.

શ્રીતીર્થંકરદેવ સાધકપણામાં રહી સિદ્ધપણું મેળવે ત્યારેજ ઉપદેશ આપે, પહેલ વહેલા સાધક અને સિદ્ધ બનનાર શ્રીતીર્થંકર ભગવાન્ જ છે. પ્રથમ સાધક બને, પ્રથમ સિદ્ધ બને, પછી સાધકપણે સિદ્ધ પણે અન્યને લાવવા પ્રયત્ન કરે તે દેવાધિદેવ કેવલ શ્રીતીર્થંકર ભગવાન્જ!

**જૈન શાસનમાં પ્રથમ સાધક સિદ્ધ હોય તો દેવાધિદેવજ છે. ગુરૂની તથા ધર્મની સ્થિતિ દેવની પછીની છે.**

## ચારિત્રની મહત્તા

## ૩

[ વિ. સં. ૧૯૮૪ માં શ્રી નવપદ આરાધક સમાજ હસ્તે અમદાવાદમાં થયેલ ચૈત્રી ઓળીની સામુદાયિક આરાધના પ્રસંગે પૂજ્યપાદ આગમપ્રજ્ઞ આગમવાચના દાતા બહુશ્રુત સૂરિ પુરંદર આગમોદ્ધારક આચાર્ય દેવશ્રીએ વિદ્યાશાળા ( અમદાવાદ )માં આરાધકોના ભાવોલ્લાસ વર્ધક હૃદયંગમ નવે પદ ઉપર ટૂંકા પણ માર્મિક દૈનિક પ્રવચનો ઓળીમાં આપેલ, તેમાંનો ઉતારો અસ્ત-વ્યસ્ત દશામાં જુના વ્યાખ્યાન સંગ્રહમાંથી મળી આવેલ, તે વ્યવસ્થિત કરી અહીં જિજ્ઞાસુઓને લાભાર્થે રજૂ કર્યો છે સં. ]

સિદ્ધચક્ર મહારાજના વિવેચનને અંગે નવપદોમાં પ્રથમના પાંચ પદો ગુણીને જણાવનારા છે. ગુણીની માન્યતા જો કે ગુણ દ્વારાએ જ છે. છતાં ગુણ સ્વતંત્ર રહેવાવાળી ચીજ નથી, માટે ગુણની આરાધનાની ઈચ્છાવાળા જીવોએ ગુણીનું આરાધન કરવું જ જોઈએ,

દર્શનાદિ ચીજ કાંઈ જગતમાં મૂર્તિ રૂપે નથી. વળી તે ચીજ ગુણી સિવાય હોય પણ નહીં, જગતમાં પણ ધોળો, કાળો ઈત્યાદિ ગુણો દ્રવ્યવિના હોતા નથી. તેથી દ્રવ્ય વિના ગુણો અહીં પણ નથી તેમ સમજવું.

આ આત્મિક ગુણો માનેલા છે. પૌદ્ગલિક ગુણો જેમ દ્રવ્ય વિના ન હોય તેમ આત્મિક ગુણો પણ આત્મા સિવાય ન સંભવે, આત્માનો ઉદ્ધાર પણ સમ્યગ્ દર્શનાદિ ગુણોથી જ થાય છે. કોઈ કાળે કોઈપણ જીવ આ ચારના આલંબન વિના આત્માનો ઉદ્ધાર કરી શકતો નથી માટે એ ચારને આરાધ્ય ગણવા જોઈએ.

જેમ મોતીમાં તેજ ને પાણીની કિંમત ગણાય છે. પણ તેથી તે તેજ ને પાણી હીરા-તથા મોતીથી જુદા હોય જ નહિં-એવી જ રીતે દર્શનાદિ ચાર વસ્તુઓ ગુણથી જુદી હોતી નથી. માટે તેનું આરાધન-ગુણી દ્વારાએ થાય

અરિહંત પદની આરાધના કરનારને વીતરાગની ભક્તિ દ્વારાએ તીર્થંકર ગોત્ર તથા કેવળજ્ઞાન થવાના ! જેમ-તેજ ને પાણી બતાવતાં પ્રથમ હીરો તથા મોતી હાથમાં લે તો તે તેજ ને પાણી બતાવી શકાય. તેમ પંચ પરમેષ્ઠી સિવાય કોઈ ગુણી જ નથી માટે અહીં પંચપરમેષ્ઠી લીધા છે. ને તેનું આરાધન કરવા બતાવ્યું છે.

પંચપરમેષ્ઠિ સિવાય બીજા કોઈ ગુણનું સ્થાન નથી, તે આ ઉપરથી સ્પષ્ટ સમજવું.

**પ્રશ્ન**-નવકારમાં આ નવપદ તો રાખ્યા નહીં.

**ઉત્તર**-નવપદ તો છે જ ને,

**પ્રશ્ન**–તેમાં આરાધ્ય નવપદ નથી શું ?

**ઉત્તર**–તેમાં આરાધ્ય પાંચ જ પદ છે. ને સિદ્ધચક્ર યંત્રમાં નવે પદ આરાધ્યપદ છે.

વળી નવકારમાં एसो पंचणमुक्कारो–એ શબ્દનો અર્થ 'એ પાંચ નમસ્કાર સર્વપાપનો નાશ કરનાર છે.' એમ અર્થ કરાય છે. પણ વસ્તુતઃ તેનો અર્થ આ પ્રમાણે લેવાનો છે. કે–'**જેની અંદર આ પાંચ નમસ્કાર કહેવામાં આવ્યા છે. એવો આ શ્રુત-સ્કંધ એવા પ્રભાવવાળો છે કે સર્વ પાપનો નાશ કરનાર છે.**'

આમ અર્થ લેવો જોઈએ,

વળી તેને સ્થાને एसो णवणमुक्कारो એમ કીધું હોત, તો શું બાધ આવત ? તેને માટે સમજવું કે–ગુણી દ્વારા ગુણનો સમાવેશ થઈ જાય તો પછી તેને પૃથગ્ કહેવાની જરૂર રહેતી નથી. ને આરાધનામાં તો નવે પદ જુદા કહેવા જોઈએ માટે નવપદ આરાધ્યપદ તરીકે રાખ્યાં છે.

પ્રથમ પાંચે પદો પાછળના ચાર ગુણોવાળા હોય તો જ આરાધન કરવા લાયક ગણાય તે સિવાય નહીં. કેમ તો કે વિચારો–

કેવળજ્ઞાન ન હોય તો અરિહંત ભગવાનનું આરાધન શું કામનું ? કહો કે નકામું જ ?' માટે કેવળજ્ઞાન લેવું જ પડે, ને તે લેવાથી વીતરાગપણું પણ ઘટે. વીતરાગપણું લેઈશું એટલે ચારિત્ર પ્રથમ લેવું જ પડશે. તે વગર વીતરાગપણું જ નથી, માટે કષાય રહિત આત્માને સ્વભાવ દશા દૂર ન હોય તો અશુભ પ્રવૃત્તિનું નિવર્તન જ હોય–તેથી ચારિત્ર ગુણ તેનામાં ઘટી શકે છે.

જેમ જાનવર પોતાના રખડતા બચ્ચાને જુવે એટલે ઠરી જાય છે. તેમ આપણે. અનાદિ કાળથી આપણા ગુણોને ભુલ્યા છીએ તે જ્યારે પ્રાપ્ત થશે ત્યારે આ આત્મા પોતાનો ખરો સ્વભાવ પ્રાપ્ત

કરી શકશે. હજુ આ આત્મા જડ જીવન જીવી રહ્યો છે. જીવનું જીવન-જીવતાં શીખ્યો નથી

જો ખરી રીતે ભાવ પ્રાણરૂપે જીવતાં શીખે તો જ ખરૂં જીવન જીવ્યો એમ કહી શકાય.

સિદ્ધના જીવોને પણ ભાવ પ્રાણને અંગેજ જીવપણું કહેવાય છે તેઓને જે શાસ્ત્રમાં પ્રાણ નથી એમ કીધું છે. તેથી દ્રવ્યપ્રાણ તેઓને નથી હોતા એમ સમજવું.

આ ઉપરથી દરેક જીવે પોતાનું જીવન દર્શનાદિ દ્વારા જીવતાં શીખવું જોઈએ તેવું ખરૂં જીવન સિદ્ધના જીવોનું જ માનેલું છે.

પ્રશ્ન-સિદ્ધના જીવોને તપ કયો ?

ઉત્તર-તેઓને અણાહારીપણું છે. માટે તપ છે જ.

આ જીવ અનાદિ કાળથી પોતાનું સ્વરૂપ ખોઈ બેઠો છે પારકા વાછડા પાછળ ગાય દોડી વળે. તે શોભે, પણ પારકા છોકરા પાછળ માણસ દોડીવળે, તે શોભે નહિ. એકેન્દ્રિયથી માંડીને દરેક જીવોનું આજનું જીવન તપાસીએ તો જડ જીવનને જ તે બધા જીવી રહ્યા છે. જડ રૂપ દ્રવ્ય પ્રાણોની પાછળ આ જીવો દોડયા છે.

નાનો બાળક ન ભણતો હોય તેથી તેની ચોપડી જેમ ઝુંટવી લેવામાં આવે છે તેમ આપણને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા છતાં આરાધન કરવાવાળા ગણાયા છતાં તેની કિંમત નથી, વાસ્તે તેના તે સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થયા છતાં ન પ્રાપ્ત થયા જેવા છે,

જડજીવન ને જીવ જીવનમાંથી આપણને જડનું જ જીવન વળ્યું છે. સ્વપ્નમાં પણ જીવનું જીવન આપણને વળ્યું નથી, પૂર્વ સંસ્કારને લીધે જ પાણીમાં ડૂબતાં પણ ઓ બાપ રે ! એવું તરત જ આ જીવને યાદ આવી જાય છે. તેવે વખતે णमो अरिहंताणं કેટલાને આવ્યું તે કહેશો ?

પૂર્વ કાળમાં ધણી બાયડીને મારી નાખે. તેવા પ્રસંગ પ્રાપ્ત થતા, **શ્રીમતીને** કષ્ટમાં નાખવા તેના ધણીએ અંધારામાંથી ફૂલની માળા લાવવા ફરમાવ્યું, તેવે વખતે પણ નિડરતાથી તે કાર્ય સ્ત્રીઓ કરતી, અત્યારની આપણી સ્થિતિ તપાસો, અરસપરસ એક બીજા ભાઈઓની સ્ત્રીઓના છોકરાને કામ ભળાવવામાં આવે ત્યાં ચડભડ થાય છે. ને ગુસ્સાનું સામ્રાજ્ય ફેલાય છે,

શ્રીમતીને તો અંધારામાં ફુલની માળા લેવા મોકલી ત્યાં णमो अरिहंताणं પદ સંભાર્યું કેટલી ધર્મનિષ્ઠતા ? ને ધર્મના સંસ્કાર ? તે વિચારજો! **દહેરામાં કરાતી ક્રિયાઓ કે સામાયિકાદિ સર્વ ધર્મકરણી આત્મામાં ધર્મના સંસ્કારો ઓતપ્રોત થાય તે માટે જ કરવાની કહી છે** તે ભૂલવું ન જોઈએ.

કણબીની મહેનત સફળ ક્યારે ગણાય કે બધું અનાજ કારતક મહીને ગાડા ભરીને ભેગું કરે ત્યારે! તેમ સર્વધર્મકરણી સફળ ક્યારે ગણાય કે જ્યારે આત્મામાં તેવા શુભ સંસ્કારો દઢ થાય ત્યારે.

છોકરાને બારમાસ આપેલું જ્ઞાન તે પરીક્ષા માટે હોય છે તેમ ચૈત્ર તથા આસો વગેરેની ઓળીની કરણી પરીક્ષામાં લાવવા રૂપે બતાવેલી છે.

**શ્રીમતીએ** જે णमो अरिहंताणं અંધારામાં ફુલમાળા લેવા જતાં કીધું તે કેમ? વિચારો! કે તે ભાવનું જીવન સમજી હતી-કે આ કાર્ય કરતાં દ્રવ્યજીવન જાય તો ભલે! જાઓ, પણ મારૂં ભાવ જીવન ન જાઓ! એવું વિચારી તેવે વખતે णमो अरिहंताणं એજ પદ તેને સાંભર્યું.

આનું કારણ માત્ર એટલું જ કે તે **શ્રીમતીને** ભાવજીવન ઓતપ્રોત થએલું હતું. ધર્મના સંસ્કાર પૂર્ણપણે જામેલા હતા, આવી દઢ ભાવના હતી તેથીજ णमो अरिहहंताणं પદ યાદ આવ્યું જો જડ જીવનના સંસ્કાર હશે તો પ્રથમ તે સ્થળે દીપક સંભારત.

વળી ઓળીમાં **શ્રીપાલરાજાનો** રાસ બધા સાંભળે છે, તેમાં વહાણમાં આઠ મુખવાળો મગર મચ્છ જોવાને બ્હાને **ધવલશેઠે** **શ્રીપાલમહારાજાને** બોલાવ્યા છે, તેવે સમયે **ધવલ** શેઠના મલ-તીયાઓએ દોર કાપ્યા ને પોતે સમુદ્રમાં પડ્યા તે વખતે પણ णमो अरिहंताणं પદ યાદ આવ્યું. આ શું સૂચવે છે કે- ભાવ જીવન તેનામાં ઓતપ્રોત હતું.

ઓળી કરવા સાથે તેમણે જે આ પદ યાદ કર્યું, તેની કિંમત ખરી રીતે વધુ ગણી,

આવા સંસ્કારો દૃઢ કરવાની જરૂર છે !

ઓળી તે જીવના જીવનમાં નાખવાના સંસ્કારો દાખલ કરે છે. પણ આવે સ્થળે જે પદ બોલાણું, તેનામાં તે સંસ્કારો દાખલ થયા કે નહિ ? તેની પરીક્ષા રૂપે છે. માટે શ્રેષ્ઠ છે. **જડ જીવન આત્માને ભટકાવનારૂં છે તે આપણને નિશ્ચય થાય ત્યારે જ સમ્યક્ત્વ થયું તેમ સમજવું.** મોહનીયની ૭૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે, તેમાંથી ૬૯ કોડાકોડી જેટલી સ્થિતિ બાકી રહે ત્યારે ગ્રંથિભેદ કરવાનો હોય છે.

**પ્રશ્ન** :-જડ-ચેતનનો વિભાગ તો મિથ્યાત્વીઓ પણ કરે છે તો ગ્રંથિ કઈ લેવી ? કે જેનો ભેદ કરવાનું અહીં કીધું.

**ઉત્તર** :-રાગ-દ્વેષ રૂપ ગ્રંથિનો ભેદ તે સમકિતીને કરવાનો હોય છે. **જડ-જીવનનું હેયપણુંને આત્મિક-જીવનનું ઉપાદેયપણું** તે રૂપેજ વિભાગ ગ્રંથિભેદ કરવાનો હોય છે, ને તે થએજ સમકિત કહેવાય.

જડ જીવનના દૂર દેખાતા સાધનની પણ આપણે ઇચ્છા રાખીએ ત્યારે કહો સમકિત કેટલું દૂર છે. ? જીવના જીવનમાં પ્રવેશ પણ ક્યાં છે ? જેમ છોકરાના હાથમાં આવેલી ચોપડી તે તેને ફાડવાના જ કામની હોય છે. તેમ આપણને મળેલ આ ભાવ-જીવન આપણે અત્યારે તો કેવળ રગદોળવામાં જ લીધું છે. ને જો તેમ ન હોય તો સ્વપ્ને પણ તે અંગે વિચાર કર્યો હોય તેવું બતાવશો ?

સાચા મોતીને બદલે ફટકીયા મોતીને વધારે કીંમતી ગણુનારની પેઠે જ આપણે ભાવ-પ્રાણ કરતાં દ્રવ્ય-પ્રાણની કિંમત વધારે ગણી છે. એ સમકિત જે દુર્લભ કહ્યું છે, ને અનંતા પુદ્‌ગલ-પરાવર્ત કાલે પણ મળવું મુશ્કેલ છે. તેમ જે કીધું છે તેનું ખરૂં તત્ત્વ એ જ છે કે **જડજીવન છોડી જીવ-જીવનની કિંમત થવી** આ જીવને બહુ મુશ્કેલ છે.

જે મનુષ્યને ધન-માલ-મિલકત, બાયડી-છોકરાં એ બધું મને ફસાવનાર છે એવું માલુમ પડયું નથી તે મનુષ્યને સમકિત થવું એ કાંઈ રસ્તામાં પડયું નથી, જેમ નાના છોકરાને બરફી આપી કલ્લી કાઢનાર લુચ્ચાઓ દુનિયામાં હોય છે, તેમ આ જીવને સ્પર્શ-રસાદિ પાંચે ઇંદ્રિયોના વિષયો બરફીરૂપ પ્રાપ્ત થાય છે, ને તે દ્વારા આત્માનું ખરૂં ધન (કલ્લી) તેઓ હરી જાય છે.

કુતરાઓ પણ ઝેરવાળા પદાર્થથી બીજાને મરેલા જોઈ ને તેને અડતા નથી, તેમ આ જીવ રૂપ કુતરો વિષય-વિષ પદાર્થથી અનંતા જીવને મરતા દેખે છે, છતાં તેની જ સ્પૃહા કર્યા કરે છે, માટે પેલા કુતરા કરતાં પણ આ જીવ રૂપ કુતરો હલકો છે. તેમ સમજવું પડે.

જ્યારે આવી સ્થિતિ છે. પછી સમકિત-કયાંથી થાય? તે વિચારજો!

ઈષ્ટ વસ્તુનો રાગ ને અનિષ્ટ વિષયનો દ્વેષ જ્યાં સુધી આ જીવને છે, ત્યાં સુધી ગ્રંથિભેદ દૂર છે તેમ સમજજો! તે દૂર રહ્યે સમકિત પણ છેટું છે. ને ખરૂં જાણપણું (જ્ઞાન) પણ વધારે દૂર જ છે એમ સમજવું.

જે સ્ત્રીને શીયલની કિંમત છે તેને જ સ્વચ્છંદતા ગમશે નહિં, બાકી શીયલની કિંમત વિનાની સ્ત્રીને તો સ્વચ્છંદતા જ ગમે. શીયલને કીંમતી ગણે તે જ કુટુંબને ઉજાળે! શીયલને કોડી સમાન ગણે તે કુટુંબને ખેદાન-મેદાન કરે! તેમ જડજીવનની કિંમતવાળો મનુષ્ય આત્માના ગુણોને ખેદાન-મેદાન કરી નાખે છે. અને જીવ-જીવનની કિંમતવાળો મનુષ્ય જ આ આત્માના ગુણોને ઉજવળ કરી શકે છે

ગમે તેટલું ભણતર પણ આચારમાં ઉપયોગી ન થયું હોય તો નકામું સમજવું, ઉખર-ભૂમિમાં વરસાદ જેમ નકામા જ થાય છે. તેમ ભણ્યા છતાં વર્તનમાં સુધારો ન થયો તો બધું જીવન નકામું સમજવું, તેટલા માટે જ ચારિત્રને અંગે કીધું છે કે-

તીર્થંકર ભગવાને પણ ચારિત્રને ઉત્તમ માન્યું ને તે પોતે લઈને જ દુનિયાને તેની ઉત્તમતા બતાવી, વેષ છે તે દ્રવ્ય ચારિત્ર છે ને તે ભાવચારિત્રનું કારણ છે માટે તે અવશ્ય જોઈએ, જે મનુષ્ય વેશ પહેરવાથી શું ? આમ કહેનારા છે, તેઓને તો બાયડીનો વેશ પહેરાવે તો પણ કાંઈ ન થવું જોઈએ, એ વેશમાં જ કિંમત છે. માટે જ પુરૂષ તથા સ્રીનો વેશ જુદો રાખવામાં આવ્યો છે.

કોરટમાં જેમ પટ્ટો હોય છે. તેમ આ વેષ તે જિનેશ્વર ભગવાનનો પટ્ટો છે. જે મનુષ્ય બાયડી ધન-માલ-મીલકત છોડે તેને જ પટ્ટો અપાય છે. ભગવાનના પટ્ટાને અંગે તમારે તોફાન કરવું છે, ચુગલીઓ કરવી છે. નિંદા કરવી છે. આનો અર્થ શું ? નવતત્ત્વમાં જે સાહુ સલિંગસિદ્ધા એમ કીધું છે. તેથી સાધુને પોતાના (ભગવાનના) લિંગે સિદ્ધ થયેલા હોય તેજ સ્વલિંગ-સિદ્ધ કહેવાય; આ વાત ધ્યાનમાં લેવાથી વેષ એ પટ્ટો છે તે બરોબર સમજાશે અને હું ભાર મૂકીને કહું છું કે વેષ એજ ચારિત્ર છે.

નંદીવર્ધનભાઈના આગ્રહથી ભગવંત બે વર્ષ સંસારમાં રહ્યા હતા, અને ભાવચરિત્રવંત હતા છતાં પણ તે વખતે મનઃપર્યવ થયું નહોતું, પણ જ્યારે દીક્ષા લીધી ને વેષ પહેર્યો ત્યારે જ મનઃપર્યવ જ્ઞાન થયું, માટે વેષ એજ ચરિત્ર છે. તે વિશેષ આ વાતથી દૃઢ સમજાઈ શકશે. વળી આગળ ચાલો-

અભવ્ય-જીવો નવ ગ્રૈવેયકે જાય તે કોને આધારે ? ભાવપરિણતિ તો તેને છે નહી ! માત્ર દ્રવ્યત્યાગ ને દ્રવ્યવેષ હોવાથી તેના બળે જ ત્યાં સુધી જાય છે; માટે ત્યાં પણ દ્રવ્ય વેષમાં સાધુપણું ગણેલું છે

કેઈ ભવ્ય જીવો અભવ્યના ઉપદેશથી કે ક્રિયાથી ને વેષથી બોધ પામે છે, તે પણ દ્રવ્યવેષમાં સાધુપણું માન્યું તેનો જ પ્રતાપ સમજવો. માટે વેષથી શું ? તે કહેવાવાળા કેવળ વાચાલ જ સમજવા.

**શ્રેણિક** મહારાજા ભગવંતને વાંદવા જાય છે. વચમાં **પ્રસન્નચંદ્ર રાજર્ષિ** જોયા, તેમને અંગે વિચારો તો બાહ્ય વેષ જ છે. અંદર તો ક્રોધ ધમધમી રહ્યો છે ને આગળ ભગવાનની પાસે જ્યારે **શ્રેણિકરાજા** પહોંચ્યા ત્યારે ભગવંતે કાંઈ તેને ઠપકો તો આપ્યો નહીં, ત્યાં વેષની કિંમત વિચારજો !

વળી આગળ **શ્રેણિક** રાજાએ પ્રશ્ન કર્યો ત્યાં પણ **પ્રસન્નચંદ્ર રાજર્ષિ**ને અંગે સાતમી નરકે જાય, તેવો જવાબ આપ્યો, **શ્રેણિક** રાજાએ તેને વંદન કર્યું હતું છતાં તેને ભગવંતે તેમ ન કીધું કે તું સાતમી નરકે જઈશ ! કારણ કે વેષ પણ ચારિત્રનું અંગ છે. માટે ખરૂં સાધુપણું તે કહેવાય, આગળ પ્રશ્ન કર્યો છે કે સાધુપણું કેટલી વખત આવે ને જાય.

**પ્રશ્ન** : તો પછી તેને સાધુ માનનારની દશા શી ?

**ઉત્તર** : સાધુ માનનારની દશા તો સારી જ થાય. કારણ કે વ્યવહારથી બાહ્ય–ત્યાગને–બાહ્યવેષને જ સાધુપણું માનેલું છે, માટે વેષથી શું ? એ કહેવાવાળાઓ કેવળ બકવાદી, નિંદાખોર ને પાપના ભાગી જ સમજવા.

ચારિત્ર તે આત્માની ત્યાગમય પ્રવૃત્તિરૂપ છે. ને આ વેષ તે ભગવંતનો પટ્ટો છે. ગુણ એ નકામો નથી. ગુણીને ગુણ એ બંને માનવા લાયક છે. ભરત મહારાજાને કેવળ થયું હતુ છતાં વેષ પહેર્યા સિવાય ઈંદ્રે વંદન ન કર્યું, વેષ પહેર્યો–પછી જ વંદન કર્યું તેથી વેષની મહત્તા સૂચવી છે.

સરકારે બેરિસ્ટરને જેમ ઝભ્ભો કીધો છે. તેમ ભગવંતે આ વેષ સાધુના ઝભ્ભા તરીકે કીધો છે.

ઝભ્ભા વિનાનો બૅરીસ્ટર ન શોભે તેમ વેષ વિના ચારિત્ર પણ ન શોભે.

ચારિત્રને અંગેજ દર્શન ને જ્ઞાન કામ આવે તે સિવાય-કામ ન આવે, છઠ્ઠાથી આગળના બધા ગુણઠાણાં ચારિત્રમાં જ બતાવ્યાં છે. માટે ચારિત્ર એ તીર્થંકરને પણ આદરવા લાયક પદાર્થ છે. માટે સર્વોત્કૃષ્ઠ છે. ચારિત્ર એ પુષ્ટ છે. ગુણને પણ પુષ્ટ કરે છે તેથી ચારિત્ર જ ઉત્તમ કીધું છે. ને તેથી જ પંચપરમેષ્ઠીમાં પણ ણમો લોએ સવ્વસાહૂણં કીધું. ણમો દંસણીણં, ણમો તવસીણં ઈત્યાદિ પદો કીધાં નથી.

માટે ચારિત્રની પરિણુતિ આવે તો જ નમસ્કાર કરવા લાયક ગણાય, તે સિવાય સમકિત, તપ આદિ ગુણો ગમે તેટલા વધારે હોય તો પણ નમસ્કાર કરવા લાયક કીધેલ નથી.

ચારિત્ર લે તો જ પંચપરમેષ્ઠીમાં ગણાય ને વંદનીય ગણાય, તે જ્ઞાન-દર્શનને તપસ્યામાં ગમે તેટલો આગળ વધેલો હોય તો પણ વંદનીય ન ગણાય.

સમોવસરણમાં બાર પર્ષદા બેસે છે, તેમાં એ દર્શનાદિ ગુણનો નિયમ નથી રાખેલો. એટલે કે ચોથા-પાંચમા ગુણઠાણામાં ઉંચા-નીચાપણું ન રાખ્યું ને છઠ્ઠા ગુણઠાણાવાળા માટે જુદી જ પર્ષદા રાખી તે ચારિત્રને માટેજ રાખી, તેજ દિવસનો દિક્ષિત સાધુપણ તે પર્ષદામાં બેસી શકે છે.

આ બધું ચારિત્ર પદનું અગ્રયપદપણું જણાવવા માટે શાસ્ત્રકારોએ કીધું છે. માટે તે તરફ દુર્લક્ષ્ય રહેવું એ વિવેકીને લાયક જ નથી. ચારિત્ર ક્રિયારૂપ છે. શુદ્ધમુનિ આચરિત છે. તે સિવાય બધું નકામું છે, માટે કર્મ ખપાવવા તે પદનો આદર કરવો જ જોઈએ ને જેઓ તેમાં આદર કરશે તે આ-ભવ પર-ભવ કલ્યાણ માંગલિક-માળા પામી મોક્ષ સુખના ભાગી થશે.

## તપસ્યાની મહત્તા

### ૪

[ વિ. સં. ૧૯૮૮ માં શ્રી નવપદ આરાધક સમાજની દોરવણી તળે શેઠ શ્રી માણેકલાલ મનસુખભાઈ તરફથી સામુદાયિક શ્રી નવપદજીની આરાધના પ્રસંગે વિદ્યાશાળા જૈન ઉપાશ્રયમાં પૂ. આગમોદ્ધારક બહુશ્રુત આચાર્યદેવશ્રીએ આપેલ નવપદજીની મહત્તાના દૈનિક પ્રવચનોમાંથી મળી આવેલ વ્યાખ્યાનના જૂના ઉતારાને વ્યવસ્થિત કરી તત્ત્વરૂચિ વાચકોના હિતાર્થે રજૂ કરેલ છે. સં. ]

સિદ્ધચક્રના મહિમાને અંગે મુખ્ય બે વિભાગ પાડયા. ગુણીનો વિભાગ ને ગુણવિભાગ–તેમાં પણ અરિહંત સિદ્ધ–દેવમાં ગણાય ને આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ગુરૂમાં ગણાય.

આ પાંચે પૂજ્ય શા માટે! કે મોક્ષ માર્ગરૂપ સમ્યગ્દર્શનાદિ આ ગુણોની પ્રરૂપણા. પાલન વગેરે છે માટે? પૂજ્યતા તેજ હોઈ શકે કે ઓછું પણ સમ્યકત્વ હોવું જોઈએ..

સાચી માન્યતાવાળો હજુ પરલોકનો આરાધક થઈ શકે છે. જીંદગી સુધી બે ચીજ રાખનારો પણ નિઃસ્પૃહ ગણાય છે. પરંતુ તે પણ પરલોકનો આરાધકજ બને તેવો નિયમ નહીં, એક સાચી માન્યતા જો હૃદય દઢ થઈ હોય તો જ તે પરલોકનો આરાધક થઈ શકે.

સમ્યક્દર્શન વિનાનું તપ પણ મનાય નહીં, સમ્યગ્દર્શન વિના ખરૂં જ્ઞાન પણ ન હોય, સમ્યગ્દર્શની–અજ્ઞાની હોય તેમ કહેવાય નહી.

તો પછી **તત્વાર્થ**કારે તેના લાભમાં ભજના કેમ જણાવી? કે સમ્યગ્દર્શન મલે જ્ઞાન–ચારિત્રની ભજના પણ હોય! આમ **તત્વાર્થ**કારે કીધું છે, તેનું કારણ શું?

ઉત્તર-લાભે નિયતઃ પૂર્વલાભઃ એટલે પછીની વસ્તુના લાભમાં પૂર્વનો લાભ જરૂર હોય તો પછી સહચરીપણું કેમ ઘટે?

એ વાત જરા ઉંડા ઉતરીને વિચારવાથી માલુમ પડશે, દીવો ને અજવાળું જેમ માંહોમાહે હોય જ છે. છતાં પ્રથમ ક્ષણે દીવો તે પછી અજવાળું એમ તો કહેવું જ પડશે. જો કે તે બન્ને સાથે જ થાય છે. છતાં પહેલાં પછીની અપેક્ષાએ વિચારીએ તો દીવો પ્રથમને પછી અજવાળું હોય!

તેમ અહીં પણ સમ્યગ્દર્શન કારણ છે. ને સમ્યગ્જ્ઞાન કાર્ય છે, માટે તે સાથે જ રહે છે. કારણ-કાર્ય રૂપે (કારણ હોય ત્યાં કાર્ય હોય તે રૂપે) તે મનાય છે.

અજવાળા વગરનો દીવો કદી પણ માનવામાં આવશે નહીં, તેથી જ્યાં સમ્યગ્દર્શન ત્યાંજ સમ્યગ્ જ્ઞાન કહેવામાં વાંધા જેવું નથી, દીપક અને ઉદ્યોતને કારણ કાર્ય માનીએ ત્યારે પૂર્વ પછી રૂપે દીવોને ઉદ્યોત લઈ શકાય. માટે સમ્યગ્જ્ઞાન તે સમ્યગ્દર્શન હોય ત્યાં જ હોય છે. તેવું સમ્યગ્દર્શનવાળું જ્ઞાનજ આરાધ્ય ગણાય

પ્રશ્ન—કચરામાં ઉગેલું કમલ જ્યાં હોય ત્યાં સુગંધ આપે છે, તેમ ભગવાનનું વચન પવિત્ર છે. તે જ્યાં હોય ત્યાં સુગંધ ન ઉપજાવે?

ઉત્તર-કમલનો સ્વભાવ સુગંધ આપવાનો છે છતાં ચંડાલના હાથમાં રહેલ કમલને-ઉચ્ચ માણસ નહી લે. વળી વિષ્ઠાની અંદર પડેલા કમલને પણ કોઈ લઈ શકતું નથી. તેમ ભગવાનના કહેલા શાસ્ત્રો કમલ જેવા ઉત્તમ છે છતાં તેની ઉત્તમતા કરતાં મિથ્યાત્વીનું અધમપણું એટલું હલકું છે કે તેમાં તે હોય તો પણ લેવા લાયક નથી. કારણ કે ભગવાનના વચનનો ઉપયોગ તેઓ વૈરાગ્યમાર્ગથી પ્રતિકૂલ માર્ગમાં જ કરશે.

શાસ્ત્રો જે કરવામાં આવ્યા છે તે. વિષયકષાયના ત્યાગ માટે જ! નહિં કે દુનીયાદારી માટે! જો તેમ હોય તો તો **ઋષભદેવજી** ભગવાનના વખતમાં ૧૮ કોડાકોડી જેટલો કાળ અધર્મપણે ગણો તે ન જાય. માત્ર તેઓએ તીર્થ સ્થાપ્યું ત્યારથી જ ધર્મ પ્રવર્ત્યો એ વાત સંગત ન થાય

તેટલા માટે જ **હેમચંદ્રાચાર્ય** મહારાજે પણ કીધું છે કે–

**आश्रवः सर्वथा हेयः, उपादेयश्च संवरः।**
**इतीयमार्हती मुष्टि–रन्यदस्याः प्रपंचनम् ॥**

જૈન શાસ્ત્રનો આધાર આજ મુઠી ઉપર છે. કે–"**આશ્રવ સર્વથા પ્રકારે ત્યાજ્ય છે ને સંવર ઉપાદેય છે.**"

આવી વસ્તુ જ્યાં નથી આવી ત્યાં પછી જૈન શાસ્ત્ર મિથ્યાત્વીના હાથમાં નકામો જ થાય છે. તેથી શાસ્ત્રની કે ભગવાનના વચનની કિંમત ઓછી થતી નથી.

આજ–કાલનું જ્ઞાન તો અલ્પ છે. પણ ચૌદ પૂર્વ જેટલું જ્ઞાન અગાઉ હતું તે મહાવિદેહના એક હાથી યાવત્ બમણા–બમણા હાથી જેટલી શાહીથી લખાય તેવા છે છતાં આશ્રવ–સંવર જો ન હોય તો તેટલું પણ જ્ઞાન નકામું થાય!

કડાઈ ખરાબ હોય તેથી તેમાં નાખેલો દુધપાક ખરાબ ગણાય, માત્ર કામના ગુણો ખોટા, તેથી તે નાખી દેવા જેવો થાય છે તેથી દુધપાક ખરાબ કહેવાય નહીં, તેમ સમજવું.

આખા જગતમાં ભગવાનના વચનથી જ વ્યવહાર પ્રવર્ત્યો છે. **શ્રીઋષભદેવજી ભગવાનની** અપેક્ષાએ વિચારવાથી માલુમ પડશે–જ્યાં આશ્રવનું શોષણ હોય અને સંવરનું પોષણ હોય તે બુદ્ધિએ ભગવાનનું વાક્ય દુર્લભ છે. તેમ સમજવું **શ્રીસિદ્ધસેન દિવાકર સૂરિજી** કહે છે કે–"દુનિયામાં જેટલાં સારાં વાક્ય

છે તે બધાં આપના જ છે. દ્વાદશાંગીમાંથી તે તેઓને પ્રાપ્ત થયેલા સમજવા,” છતાં અણીથી તલવાર પકડનાર યુદ્ધ કરી શકે નહીં તેમ ભગવાનના વચનો આશ્રવના પોષણ અને સંવરના શોષણ રૂપે અનુક્રમે પ્રાપ્ત થવાથી તે જીવોને તે નકામાં રૂપે થાય છે.

આ બધાનું તત્ત્વ એ કે-સમ્યગ્‌દર્શન સહિત જે જ્ઞાન તે જ્ઞાન જ શ્રેષ્ઠ સમજવું. આ વાત પણ દશપૂર્વની નીચે સુધીના જ્ઞાન માટે જાણવી, દશ કે તેથી ઉપરનું જ્ઞાન સમકિતીને જ હોય છે કેમ કે, દશપૂર્વ-અપૂર્ણનું જ્ઞાન સમકિતીને જ હોય છે, માટે તે પહેલાં સમ્યગ્ દર્શનવાળો હોય તો જ સમ્યગ્ જ્ઞાનવાળો કહેવાય.

નહીંતર પછી રતલામના રાણીના સાળા જેવું થાય.

કોઈ પરદેશી આવ્યો, ત્યાં રાજાએ કીધું કે-ખાલી સ્થાન હોય ત્યાં ઉતર! આખા ગામમાં કોઈ સ્થાન ન મલવાથી સ્મશાને ગયો, તે વારે કોઈ બાળવા આવ્યો કે શબ ઉતરાવ્યું ને કીધું કે રાણીના સાળાની ચોકી છે, માટે મૂક! એક આનો! એટલે ત્યારથી દરેક જણ તેને તે કર આપવા લાગ્યા.

કાલક્રમે રાજ્યમાં કોઈ મરણ થયું. તેની પાસેથી પણ ચોકી માંગવા લાગ્યો, રાજાના માણસો વિચારવા લાગ્યા કે આ ચોકી કોઈ દિવસ સ્થાપી નથી. તેને બોલાવ્યો ને કીધું કે કેમ? તો કે- “રાણીના સાળાની ચોકી છે.” ત્યારે તેને કીધું કે-અરે! બેવકૂફ! રાજાના સાળાની ચોકી હજુ કહે તો વ્યાજબી. માટે વિચારીને બોલ, પછી પણ તે જ કીધું. ત્યારે રાજાને કીધું. કે તમે જ કીધું હતું કે ‘પોલ દેખે ત્યાં પેસી જજે.’ તેથી હું અહીં પેઠો છું, માટે રાણીના સાળાની ચોકી જેમ ન હોય તેમ ૧૦ પૂર્વ હોય-માટે દશપૂર્વથી નીચેના માટે ઉપરનો નિયમ જાણવો.

આશ્રવ હેયને સંવર ઉપાદેય સિવાયનું બધું જ્ઞાન-તે તેનો જ વિસ્તાર સમજવો, એમ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય

**મહારાજે કીધું છે. આશ્રવને હેય ન ગણે અને સંવરને ઉપાદેય ન ગણે તે જ મિથ્યાદૃષ્ટિ જાણવો** તેવા મિથ્યાત્વીનો સંસર્ગ-છાયા આદિ–ત્રિવિધ ત્રિવિધ ત્યાગ કરવા લાયક છે.

કેસરમાં થોડું પણ કપૂર મિશ્ર કર્યું હોય તો પણ તે ગ્રહણ કરવા લાયક હોય છે ને કમલ વિષ્ટામાં પડેલું હોય તો તે પકડવા લાયક હોતું નથી.

એટલા માટે જ णमो दंसणस्स પદ પહેલું કીધું ને પછી णमो णाणस्स કીધું.

અતીંદ્રિય–જ્ઞાન કે જેમાં ઇંદ્રિયની જરૂર જ ન પડે. તેવા જ્ઞાનને પણ જો તે મિથ્યાત્વ સહિત દેય હોય તો (વિભંગ જ્ઞાનને) શાસ્ત્રકાર વોસરાવવા લાયક જ કહે છે. આ જ્યારે સમજાશે ત્યારે જ સર્વ અજ્ઞાનને હું ટાલું છું એવું પચ્ચક્ખાણ જે કરાય છે. તેનો હેતુ સમજાઈ આવશે.

અભવ્યનું અભવ્યપણાનું નક્કી થાય તો શાસ્ત્રકાર કહે છે કે તેનો વેષ ખૂંચવી લેવો, કારણ કે પટ્ટાવાળામાં એકપણ ચોર નીકળે તો શાસનને આગળ ઉપર લજવનારો થાય છે. તેનો વેષ ખુંચવી લેવા લાયક છે. તેમ સાફ ચોખ્ખું શાસ્ત્રકારે બતાવ્યું છે; અંગાર-મર્દક આચાર્યનો વેષ પણ અભવી નીકળવાથી લઈ લેવામાં આવેલ હતો.

માટે સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર તે સમ્યગ્દર્શનના મુદ્દાથી જ મનાય એ રહસ્ય જાણવું, તપસ્યા પણ સમ્યગ્દર્શનપૂર્વક જ જોઈએ તે સિવાય **તામલિ** તાપસની તપસ્યા પણ સાર્થક ન બની, તે આપણે શાસ્ત્રમાં સાંભળીએ છીએ.

સોનાને જ્યારે તપાવે ત્યારે જ મેલ દૂર થાય છે. તેમ આ આત્મા સુવર્ણ જેવો નિર્મલ છે. પણ કર્મરૂપી મેલ લાગેલા છે તે મેલને તપાવવા તપસ્યાની જરૂર છે.

કર્મ-મેલને લીધે આત્માનો સંબંધ અગ્નિથી ગરમ લાલચોળ થયેલ લોઢાના ગોળા જેવો એકમેક થઈ ગયેલો છે. તેમ જાણવું. આત્મામાં કર્મ વધારે આવે તો પણ ભાર વધારે થાય તેવું નથી. માટે ક્ષીર નીરનું દ્દષ્ટાંત ન લેતાં **वह्न्यय:पिंडवत्** લીધું છે. આત્માના દરેક પ્રદેશ સાથે કર્મ વળગેલું છે. તેને તપસ્યાથી જ જુદું પાડી શકાય છે. નવા કર્મને રોકવા માટે તો ચારિત્ર બસ છે. પણ જુના કર્મને માટે તો તપ જોઈએ જ

**ઋષભદેવજી** ભગવાન ને **મહાવીરભગવાન** સરખા. તેઓ ચાર જ્ઞાની હતા છતાં તપસ્યા કરતા હતા તે આટલા માટે જ, બાંધેલા કર્મને રોકવા (ખપાવવા) તપસ્યા એજ સમર્થ છે. ને તે સમ્યગ્દર્શન જ્ઞાન ને ચારિત્રવાળાને હોય.

સ્વાધ્યાય રૂપ જ્ઞાનને **તપ** કહ્યો છે. તે ધ્યાનરૂપ અગ્નિના કારણે કહ્યો છે. તેથી જ્ઞાનના કારણે તપ તોડવો અગર ન કરવો એવો અર્થ થતો નથી.

તેથી શાસનને અંગે જે આઠમ-ચૌદશ, ઓળી, પર્યુષણા ચોમાસી આદિ પર્વને અંગે તપસ્યા કહી છે. તે અવશ્ય કરવી જોઈએ, તે વખતે જ્ઞાન ન ભણાય તો તેમાં બાધ ગણાતો નથી. ભણ્યાનું ફલ પણ વિરતિ છે ને વિરતિ તે સંવર-નિર્જરા રૂપ છે. તેને માટેજ ભણવાનું છે. તે ઉપર લક્ષ્ય ન હોય તો ભણવાનું પણ નકામું છે. તે સમજવું.

પાંચ કમાઈને પાંચ પૈસા પણ કાઢવાની ટેવ વાળો પચાસ કમાએ પચીસ કાઢી શકશે તે સિવાય ગમે તેટલું કમાશે તો પણ કાઢી શકશે નહીં માટે ભણવાને બહાને મૂળ વસ્તુ ન ઉડી જવી જોઈએ.

આથી તપસ્યા જ કર્યા કરવી એવું હું કહેવા માંગતો નથી. તેથી અમસ્થા પણ ભણવાનું છોડી દેવું તેવું તો બીલકુલ ન થવું જોઈએ, તપસ્યા ટાણે તપસ્યા! જ્ઞાન ટાણે ભણવાનું, એ બધુંએ

થવું જોઈએ. સાથે એ પણ સમજવું કે અજ્ઞાનપણું ન જ રહેવું જોઈએ માટે જ્ઞાનનો પ્રયાસ પણ ચાલુ જ રાખવો–હવે તપસ્યા કરવી શા માટે ?

બીજી બધી વસ્તુ માટે સમ્યગ્જ્ઞાન ને દર્શન હોય તો જ ફલ દેનાર થાય છે. પણ તપસ્યા તો તે વિના પણ ફલ દેનાર થાય છે. તેટલી વિશેષતા છે. **શૂલપાણિયક્ષ** ગાડામાં પીલાવાથી હેરાન થવા માંડયો, તેમાં પણ દેવલોકનું ફળ મેળવ્યું, તેથી અજ્ઞાન-પણામાં પણ કરેલી તપસ્યા ફળદાયી થાય છે. વળી આપણે નિગોદમાંથી પંચેંદ્રિય સુધી પહોંચ્યા તે પણ અકામ–નિર્જરાથી જ ને! તે પણ તપ ફળ જ છે. એકેન્દ્રિયપણામાં જે દુ:ખ વેઠયાં તે પણ અજ્ઞાન રૂપે જ વેઠયાં છે.

**देहदुक्खं महाफलं** જે શાસ્ત્રમાં કીધું છે તે પણ આ અપેક્ષા-એ જ સમજવું.

મોહનીયની ૭૦ કોડાકોડીની સ્થિતિમાં પણ ૬૯ કોડાકોડી તો અકામ નિર્જરા જ તોડાવે છે માટે ઈચ્છા વગરની કે ઈચ્છા **સહિતની પણ તપસ્યા આત્માના કર્મ ખપાવવાનું કામ કરી આપે છે.**

ઈચ્છા સહિત તપસ્યા તે સોનાનો વેપાર કરી સોનું મેળવવા જેવી છે ને ઈચ્છા રહિત તપસ્યા તે લોઢાનો વેપાર કરતાં સોનું મેળવવા જેવી છે. માટે તપસ્યા કલ્યાણ કરનારી ચીજ છે.

તે વિના કલ્યાણ નથી, તે આદરીએ તોજ નવપદ પૂરાં થાય તે વિના આઠ પદ જ થાય.

માટે તપસ્યા પદની ખાસ આરાધના કરવી જોઈએ આ સમજીને નવેપદની આરાધના કરશે તે આ ભવ પરભવના સુખ પામી મોક્ષ સુખમાં બિરાજમાન થશે.

શ્રી વર્ધમાન સ્વામિને નમ:

# આગમ જ્યોત

વીર નિ. સં. ૨૫૦૪ ❀ વિ. સં. ૨૦૩૪

धर्मः सर्वकामितप्रदः

## ધર્મના સ્વરૂપનું ફળમુખી વિવેચન

★

વર્ષ ૧૨ ❀ પુસ્તક ૪

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય મહારાજશ્રી **હેમચંદ્રસૂરીશ્વરજી**એ શ્રુતકેવલીસમાન શ્રીમાન **ધર્મઘોષસૂરિજી** દ્વારા ધર્મનું બાલ, મધ્યમ અને બુધ જીવોને લાયકનું સ્વરૂપ બતાવી જન્મ આપી, પોષણ કરી બાલકને ઉછેરનાર માતા વિગેરે સગા-સંબંધીઓના લૌકિક-રૂપકથી ધર્મની શ્રેષ્ઠતા જણાવી, લોકોમાં ગણાતી રાજા, મહારાજા અને દેવ-દેવેન્દ્ર આદિની પદવીઓરૂપ ફળના કારણપણે ધર્મને વર્ણવી ધર્મની મહત્તા જણાવેલી છે.

આ ધર્મના વર્ણનમાં **ધર્મ** શબ્દની વ્યુત્પત્તિ જણાવેલ નહી હોવાથી હવે ધર્મ શબ્દની વ્યુત્પત્તિનું વર્ણન વિચારાય છે.

ધર્મ શબ્દ ધૃ ધાતુ ઉપરથી ઉણાદિનો મ પ્રત્યય લાવીને બનાવવામાં આવેલો છે. અને ધૃ ધાતુના અર્થો-ધારણ કરવું અને પોષણ કરવું-એમ બે પ્રકારે થાય છે.

આ ધર્મ શબ્દની અંદર ધાતુની અપેક્ષાએ ધારણ અને પોષણ એ બંને હકીકત લાગુ પડવી જોઈએ.

જો કે કેટલાકો સૂર્ય, ચંદ્ર, પૃથ્વી આદિકના ધારણ દ્વારા ઈશ્વરની સત્તા સાબીત કરવા પ્રયત્ન કરે છે, પણ તેઓએ સમજવું જોઈએ કે જો સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી વિગેરેમાં વસવાવાળા જીવો હોય તો તે જીવોના આયુષ્યાદિ પુણ્યની અપેક્ષાએ જ ઈશ્વર પણ તે તે સૂર્ય. ચંદ્ર પૃથ્વી આદિને ધારણ કરે. અને જો ન-છૂટકે પણ ઈશ્વર કર્તૃત્વવાદીઓને તેમ માનવું જ પડે, તો પછી એમ કહેવું કોઈપણ પ્રકારે ખોટું નથી કે સૂર્ય-ચંદ્રાદિકને મુખ્યતાએ ધારણ કરનાર ધર્મ જ છે, અને કર્તૃત્વ માનવાવાળાઓનો ઈશ્વર તો ધર્મરૂપી ઈન્જીનનો ડબ્બો જ ગણાય.

વસ્તુતતાએ તે કર્તૃત્વવાદીઓમાં જીવાજીવાદિક અતીંદ્રિય પદાર્થોને નિરૂપણ કરનાર સર્વજ્ઞની સાબિતી કરી શકે તેવા આગમ કે શાસ્ત્રોનું સમર્થન નથી, તેથી ઈશ્વર અને તેના સર્વજ્ઞપણાની સાબિતી માટે કર્તૃત્વ-આયોજન અને ધારણા આદિકનાં ફાંફાં મારવાં પડે છે.

આ સ્થળે આ વાતને વધારે નહિ ચર્ચતાં ટૂંકાણમાં એટલું જ સમજાવવાનું કે જીવનને ધારણ કરનારા જીવોની જીવનરક્ષા માટે સૂર્ય—ચંદ્રાદિને ધારવું તો શું ? પણ વર્તમાન જિંદગીના દરેક પ્રસંગોમાં જીવનરક્ષાના સાધન ભૂત પદાર્થો ધારણ કરનાર તે **ધર્મ જ** છે. અને તેથી કલિકાલ-સર્વજ્ઞ ભગવાન **હેમચંદ્રસૂરિજી** વિગેરે ધર્મનો મહિમા જણાવતાં નીચેની હકીકત સ્પષ્ટ કરે છે.

કલ્પવૃક્ષ, ચિંતામણિ, કામધેનુ વિગેરે પદાર્થો જે પાપપૂર્ણ જીવોના દૃષ્ટિપથમાં પણ આવતા નથી, તેવા કલ્પવૃક્ષાદિક પદાર્થો ધર્મિષ્ઠ-પુરૂષોને ધર્મના પ્રભાવથીજ ઈષ્ટ સિદ્ધિને કરનારા થાય છે.

સંસારી જીવોની જીવનદશા સર્વ પ્રકારના દુઃખદ પ્રસંગોથી ઘેરાએલી હોય છે. છતાં તેવી દશામાં વર્તનારા સંસારી-જીવને અપાર એવા દુઃખના દરિયામાં પડતાં બચાવી લેનાર જો કોઈપણ હોય તો તે માત્ર પૂર્વભવમાં સંચિત કરેલા પુણ્યરૂપી અત્યંત હિતૈષી અને અદ્વિતીય બંધુ અને સર્વથા સાથે રહેલો ધર્મજ છે.

આવા હિતૈષી અને અદ્વિતીય ધર્મબંધુની મદદ જેઓને નથી હોતી, તેઓ જ અપાર દુઃખ-દરિયામાં ડૂબી જાય છે. જગતના વિચિત્ર-સંજોગોમાં એકી-સાથે રહેલા વિવિધ પ્રાણીઓમાં થતા સુખ-દુઃખાદિ ફળની વિચિત્રતા દેખનારા કોઈપણ મનુષ્યથી આ મહિમા સ્વીકાર્યા શિવાય છૂટકોજ નથી.

સરખા સંજોગોમાં વિચિત્ર-ફળનો પ્રાદુર્ભાવ માનવો તે વિચિત્ર કારણુને લીધે જ છે એ અકલમંદોથી અજાણ્યું નથી. હવા, પાણી, પૃથ્વી આદિક બીજા બીજા હેતુઓને કલ્પવા છતાં પણ તે હવાદિકના તેવા સંજોગોમાં અંતતઃ ધર્મ (પુણ્ય)ને કારણ માન્યા શિવાય ચાલે તેમ નથી.

પૃથ્વીની ચારે બાજુ સમુદ્ર વિંટાએલો છે, અને તે સમુદ્રનું પાણી પૃથ્વીની સપાટી કરતાં અનુક્રમે હજારો જોજન ઉંચું થઈ જાય છે. છતાં તે પાણી જે દ્વીપને ડુબાડતું નથી. તે દ્વીપમાં રહેલા જીવનધારી જીવોના પુણ્યનો જ પ્રભાવ છે,

વર્તમાન લોકોની માન્યતા પ્રમાણે પણ પૃથ્વી દળના ભાગ કરતાં પાણીના દળનો ભાગ ત્રણ ગણો છે. અને તે મોટો પાણીનો ભાગ કોઈ પણ વ્યક્તિથી નિયમિત કરાયેલો નથી, છતાં તે ત્રણ ગુણો પાણીનો ભાગ પૃથ્વીને ભેદી નાખતો નથી, તેમજ પૃથ્વી પર ફરી વળતો પણ નથી, તેમાં જો કોઈપણ મુખ્ય કારણ હોય તો તે પૃથ્વી ઉપર જીવન ધારણ કરનાર જીવોનો પુણ્યપ્રભાવ જ છે.

જગતભરના જીવો-કે જેઓ વૈક્રિય શરીરને ધારણ કરનારાની જેમ આકાશમાંથી સ્વતંત્ર વૈક્રિય પુદ્ગલ લેવાવાળા નથી-તે સર્વને સ્થૂળ શરીર ધારણ કરવામાં ખોરાક આદિ માટે વરસાદની જરૂર રહે તે સ્વાભાવિક છે. અને તે વરસાદ કોઈપણ વ્યક્તિ કે સમુદાયના કાબુમાં નથી, પણ ફક્ત તે વરસાદની ઉપર આધાર રાખનારા પ્રાણીઓના પુણ્યપ્રભાવના જ કાબુમાં છે.

વરસાદના જુદા જુદા પ્રવાહો જુદા જુદા દેશ ઉપર જુદી

જુદી રીતે ગમન ફરવાવાળા માનવામાં આવેલા છતાં પણ સર્વ ક્ષેત્રોમાં સર્વ વર્ષોમાં સરખી રીતે તે તે ક્ષેત્રને અંગે આવતા તે તે પ્રવાહોનું નિયમિત ગમન નથી હોતું, તે હકીક્ત વિચક્ષણોની નજર બહાર નથી; પણ પૂર્વભવોમાં જેઓએ પુણ્ય ઉપાર્જન કરેલું હોય તે જીવોના પ્રમાણમાં જ વરસાદનું વરસવું થાય છે. અને તેથી વરસાદ તે પૃથ્વીને તે પ્રમાણમાં જ નવપલ્લવિત કરે છે. કે જેમાં જેટલા પુણ્યવાળા જેટલા પ્રાણીઓ રહેતા હોય.

સર્વકાળે, સર્વ ક્ષેત્રમાં એક સરખો સમુદ્રનો પ્રવાહ અને વૃષ્ટિનો પ્રવાહ રહ્યો નથી અને રહેતો નથી એ વાત ભૌગોલિક વિદ્વાનોની ધ્યાન બહાર નથી.

જુદે જુદે કાળે, જુદા જુદા ક્ષેત્રમાં, પ્રકર્ષ, મધ્યમ અને જઘન્ય પુણ્યવાળા પ્રાણીઓ વસે, જન્મે, તેમજ પ્રકર્ષ, મધ્યમ અને જઘન્ય પાપવાળા પણ વસે અને જન્મે અને તેથી વૃષ્ટિ–પ્રવાહનું અનિયમિત પણું થાય–એ હકીક્ત વિચારતાં પુણ્ય (ધર્મ) ને વરસાદના મુખ્ય કારણ તરીકે માનવો તે સ્વાભાવિક છે.

જો કે કેટલાકો પૃથ્વીપર વસવાવાળા જીવોના જીવનની રક્ષા માટે વરસાદની જરૂરીઆત માને છે, પણ તે વરસાદની સ્થિતિને યજ્ઞ અને સૂર્ય દ્વારા અવલંબેલી રાખી યજ્ઞની સિદ્ધિ કરવાના દુરાગ્રહને પોષવા મથે છે,

પણ આર્યાવર્ત કે જ્યાં સરખી રીતે યજ્ઞનો સંભવ હોય છે, ત્યાં પણ દરેક વર્ષોમાં સરખી રીતે વરસાદનો સદ્ભાવ હોતો નથી અને અનાર્ય ક્ષેત્રો અને દરિયા વિગેરે જલના સ્થાનોમાં કોઈપણ યજ્ઞ વિગેરે કરતું નથી, છતાં તે અનાર્ય ક્ષેત્ર અને જલસ્થાનોમાં વરસાદ નથી વરસતો એમ નથી. માટે વરસાદના કારણ તરીકે દુરાગ્રહ તરીકે યજ્ઞક્રિયાને ન ગોઠવતાં તે તે જીવોના પૂર્વભવના પુણ્યોને સર્વવ્યાપક હોવાથી માનવાં વ્યાજબી છે.

ધ્યાનમાં રાખવું કે વનસ્પતિ આદિ સ્થાવર જીવો અને ત્રસ-જાનવર કીડી-મકોડી વગેરે યજ્ઞનું નામમાત્ર પણ સાંભળવાને બે-નસીબ છે, છતાં તેઓને પણ વરસાદ દ્વારા પોષણ મળે છે, માટે આખા જગતને વરસાદ જે પોષણ દે છે તેમાં જગતના જીવોના પૂર્વસંચિત પુણ્યો જ કારણ છે.

જગતમાં મનુષ્યવર્ગમાં ઘણો ભાગ અગ્નિથી જ આહાર-પાકાદિકનો લાભ મેળવી જીવન-નિર્વાહ કરનારા હોય છે. એ અગ્નિ મનુષ્યના જીવન-નિર્વાહને માટે કેટલો બધો જરૂરી છે! તેની જિજ્ઞાસાવાળાઓએ ભગવાન **શ્રી આદિનાથજી**ના ચરિત્રમાં આહાર-પાકનું આખું પ્રકરણ વિચારી જોવાની જરૂર છે.

આવો જરૂરી ગણાયેલો અગ્નિ જો ઊર્ધ્વશિખાવાળો ન હોત તો અગ્નિ પદાર્થની હયાતી છતાં પણ તેનાથી કોઈપણ પ્રકારની કાર્યસિદ્ધિ થાત ખરી? પણ તે ઊર્ધ્વશિખાવાળો છે તેથી આહાર-પાકાદિકની સર્વ ક્રિયા થઈ શકે છે. અને તે ઊર્ધ્વજવલન સ્વભાવ પ્રત્યક્ષસિદ્ધ છે, અને તેજ સ્વભાવ પુણ્યશાળી-પ્રાણીઓને-આહાર-પાકાદિકમાં મદદ કરનારા કોઈ અગ્નિનું ઊર્ધ્વજવલન પુણ્ય (ધર્મ) ના પ્રભાવે થાય છે, એમ માનવામાં કોઈપણ પ્રકારની હરકત નથી.

પદાર્થના ગુણને જાણનારા મનુષ્ય પોતાને કોઈપણ પદાર્થથી થયેલા ગુણને જ ધ્યાનમાં રાખનારા હોય છે, જો કે તે પદાર્થે ગુણજ્ઞોને ગુણ કરવા માટે જ તેમ કર્યું હોય, પણ ગુણજ્ઞ-મનુષ્યો તો બુદ્ધિપૂર્વક કે ઈતરથા પણ પોતાના થયેલા ગુણના કારણોને જરૂર ઉપકારી માને છે અને જો એમ ન ગણે તો લોકોત્તર-દષ્ટિએ દેવ કે ગુરુનો અને લૌકિક દષ્ટિએ મા-બાપ કે કલાચાર્ય વિગેરેનો ઉપકાર માનવાનો વખત રહે નહીં.!

આ વાત તો જગતમાં પ્રસિદ્ધ છે કે વાયરાનું વાવું એ ઘણુા ભાગે તીર્છુંજ બને છે. અને તેથીજ વાયુના ભેદો પૂર્વવાત; પશ્ચિમ-વાત. ઉત્તરવાત, દક્ષિણવાત વિગેરેના નામે શાસ્ત્રકારો જણાવે છે તો વાયુનું તિરછું વાવું તે સિદ્ધજ છે. અને જો તે વાયુનું તિર્છું

વાવું ન થતું હોય તો એક આંખનો પલકારો મારવો કે શ્વાસ લેવો તે પણ જગતને મુશ્કેલ પડત.

વનસ્પતિ વિગેરેને તે તિર્છા ભાગમાં વાતા વાયરાથી કેટલું બધું પોષણ મળે છે? તે વાત વનસ્પતિ વિદ્યાને જાણનારાઓથી અજાણ નથી.

આવી રીતે જગતના જીવોના જીવન-નિર્વાહમાં ઉપકારી વસ્તુઓને વ્યવસ્થિત કરનાર વાયુનું તિર્છું વાવું તે જીવોના પુણ્યને જ આભારી છે.

જગતમાં જીવો પુણ્યનો બંધ કરતી વખતે અનેક પ્રકારના શુભ અધ્યવસાયવાળા હોય છે. અને પવિત્ર અધ્યવસાયથી કરેલા પવિત્ર કાર્યોથી લોકોને અનેક પ્રકારના ઉપકાર થાય છે. માટે એક જ ધર્મ (પુણ્ય)થી અનેક પ્રકારના અનેક વસ્તુદ્વારા જુદાં જુદાં કાર્ય થાય તેમાં આશ્ચર્ય નથી.

સમુદ્ર વિગેરેની સ્થિતિને ધર્મદ્વારા ગોઠવાતી જોઈ કેટલાક મનુષ્યને અતિશયોક્તિ લાગવાનો સંભવ છે; પણ તે સમુદ્ર વિગેરેની વિરૂદ્ધ વર્તણુંક થતાં જે જે કારમા બનાવો બને છે. તે બનાવો તરફ બારીકાઈથી જોવામાં આવે તો કારમા બનાવથી જેટલો કાળ જે જે પ્રાણીઓ બચ્યા તેમાં તે તે પ્રાણીઓનો તેટલો કાળ ધર્મ પ્રભાવ માન્યા સિવાય છૂટકો જ નથી.

ધ્યાનમાં રાખવું કે સમુદ્રાદિનું મર્યાદાસર રહેવું તે વિરૂદ્ધ વર્તનના અભાવરૂપ નથી, કે જેથી વ્યવસ્થાસરનું થતું વર્તન તે પાપના અભાવથી થયેલું માની શકાય, અર્થાત્ કારમા કેરને વર્તાવનારૂં વિરૂદ્ધ વર્તન જેમ જગતના તે તે જીવોના પાપના ઉદયથી થાય તેવી જ રીતે તે સમુદ્રાદિનું વ્યવસ્થાસર વર્તન જગતના તે તે જીવોના પુણ્યના ઉદયે માનવું તે જ યુક્તિસંગત છે.

જગતના મનુષ્ય જાનવર વિગેરે સર્વ જીવોને આ પ્રત્યક્ષ દેખાતી પૃથ્વી આધારભૂત છે. એ પૃથ્વી જેમ ઉપરથી આધાર વગરની છે. તેવી જ રીતે નીચે પણ આધાર વગરની છે.

જો કે પૃથ્વીને માટે કેટલાકોની માન્યતા છે કે તે શેષનાગના માથા ઉપર રહેલી છે, પણ તે માન્યતા માત્ર ભક્તિની પ્રધાનતાએ ઉદ્ભવી જણાય છે, કેમકે શેષનાગ કે તેના સ્થાનભૂત જલનો સમુદાય જો અન્ય આધારે રહેલો માનીએ તો તે અન્ય આધારને સ્વયં રહેલો માનવો પડશે.

કારણ કે-શેષનાગની નીચે રહેલી પૃથ્વીના આધારને માટે નવા શેષને કોઈ માનવા તૈયાર નથી અને તેમ માનો તો પણ તેમાં અનવસ્થાજ આવે. અને શેષનાગનું પ્રમાણ પણ પૃથ્વી જેવી મોટી વસ્તુ ધારણ કરવાને અંગે કેવડું માનવું પડે ? વળી તેનું આયુષ્ય કેવડું માનવું પડે ? વળી તેની જાતિ કેવી માનવી પડે ? એ બધું વિચારવા બેસીએ તો ઘટી શકે તેમ નથી.

શાસ્ત્રદૃષ્ટિએ જે જણાવવામાં આવ્યું છે કે આકાશ એ એકજ માત્ર સ્વ-પ્રતિષ્ઠિત છે. કેમકે તે અરૂપી છે. અને તે આકાશમાં પાતળી હવાનું પડ, તેની ઉપર જાડી હવાનું પડ અને તેની ઉપર જામેલું પાણી જેને અનુક્રમે તનુવાત, ઘનવાત, અને ઘનોદધિ કહેવામાં આવે છે. તે અનુક્રમે રહેલા છે. અને તેની ઉપર આ પ્રત્યક્ષ જણાતી રત્નપ્રભા પૃથ્વી કે તેના જેવી બીજી પણ શર્કરાપ્રભાદિ પૃથ્વીઓ રહેલી છે.

વર્તમાનમાં બલુનની સ્થિતિને તપાસનારા કે છોકરાઓ ફૂંકના વાયુથી બોરના ઠળીયા વિગેરેને અદ્ધર રાખે છે. તે ક્રીડાને જોનારા મનુષ્યો શાસ્ત્રની ઉપરની વાતોને યુક્તિસંગત માનવામાં કોઈપણ બુદ્ધિશાળી આનાકાની કરે નહી.

કેટલાક પદાર્થોને જો કે નીચેથી આધાર હોતો નથી તો પણ શીકું બંધાય છે. તેવી રીતે ઉપરની બાજુના આલંબનથી પણ વસ્તુનું ટકવું થાય છે. પણ આ પૃથ્વીને તેવું કોઈપણ આલંબન નથી છતાં આ પૃથ્વી સ્થિર રહેલી છે.

કેટલાકો આ પૃથ્વીને સૂર્યના આકર્ષણથી ખેંચાયેલી માનીને

એક જગો ઉપર સ્થિર રહેલી માને છે. પણ તેમની એ માન્યતા આગમ, યુક્તિ કે તે બંનેથી વિચાર કરનારા કોઈપણ પ્રકારે સત્ય માની શકે તેમ નથી.

કારણ કે કોઈપણ પવિત્ર આગમ, સૂર્યના કિરણથી પૃથ્વીનું ખેંચાવું જણાવતું નથી, અને પૃથ્વી ઉપરથી ઉંચા ઉછાળેલા કોઈપણ પત્થર, ઇંટ કે લુગડા જેવા સામાન્ય પદાર્થને પણ સૂર્ય આકર્ષીને અદ્ધર રાખી શકતો નથી.

નવીનોની માન્યતા પ્રમાણે સૂર્ય, પૃથ્વી કરતાં ઘણો મોટો હોય તો પણ તે ઇંટ અને પત્થર વિગેરે જેવા પદાર્થો કરતાં નાનો એમ તો કહી શકાય જ નહિ, અર્થાત્ મોટી વસ્તુ નાની વસ્તુનો પોતાના તરફ ખેંચે છે. એ વસ્તુ જો સાચી માને તો પૃથ્વી ઉપરથી ઉડેલી ધૂળ તો બધી સૂર્ય ઉપરજ ભરાઈ જવી જોઈએ જે સૂર્યનું આકર્ષણ પૃથ્વી કરતાં જબરદસ્ત મનાય છે. તે સૂર્યના આકર્ષણ આગળ પૃથ્વીના મધ્યબિંદુના આકર્ષણનો બચાવ યુક્તિ સંગત થઈ શકે તેમજ નથી.

જો કે સૂર્યદ્વારા પૃથ્વીના આકર્ષણનું સત્યપણું માનનારાઓને પણ તેવી રીતે પણ રહેલું પૃથ્વીનું સ્થિરપણું જગતના જીવોને ઉપકારી હોવાથી ધર્મજન્ય તો માનવું જ પડશે,

પણ વાસ્તવિક રીતે પૃથ્વીનું પૂર્વે જણાવ્યા પ્રમાણે ઘનોદધિ આદિમાં પ્રતિષ્ઠિતપણું હોવાથી ધર્મપ્રભાવ–સૂચકપણું છે, અને ઘનોદધિ આદિના જગતના સડનપડનના નિયમ પ્રમાણે ચલાયમાનપણું થતું અનુભવ સિદ્ધ છે. અને તે પૃથ્વીના ચલાયમાનપણાને લીધે. વર્તનમાં થયેલા બિહારપ્રાંતની દશા વિચારનારાને પૃથ્વીના સ્થિરપણામાં ધર્મનો પ્રભાવ માનવો એમાં કોઈપણ પ્રકારે અતિશયોક્તિ લાગશે નહિ. આજ પુણ્યના પ્રભાવે સ્થિર રહેલી પૃથ્વી, જગતના સર્વ પ્રાણીઓને આધારભૂત છે. અને અનેક પ્રકારના ખનિજ પદાર્થો કે જે જગતના જીવોને જીવન–નિર્વાહમાં ઘણા જ ઉપયોગી નિવડે છે.

આ જગતમાં સૂર્ય અને ચંદ્રના ઉદયથી સર્વ જીવોને પ્રકાશ થાય છે. અને તે સૂર્ય-ચંદ્રના ઉદયો જે નિયમિત થાય છે. તેનું કારણ જીવોનો ભાગ્યોદય જ છે. સૂર્ય અને ચંદ્રનું સ્વભાવે પણ પર્યટન થવાથી તેમના ઉદયાસ્ત થાય છે. પણ તેથી પ્રાણીઓનો ઉપકાર થતો હોવાથી પૂર્વે જણાવ્યા પ્રમાણે તેને ઉપકારી માનવો જરૂરી છે.

વર્તમાન કાળની સૂર્ય-ચંદ્રની સંયુક્ત સ્થિતિવાળાં ક્ષેત્રોનો વિચાર કરતાં પણ ભાગ્યશાળી પુરૂષોના સ્થાનભૂત દેશોમાં જ તે સૂર્ય-ચંદ્રના સમાન ચલનથી સમ-શીતોષ્ણપણું હોય છે, અને તે અપેક્ષાએ પણ સૂર્ય-ચંદ્રના સરખા ચલનથી થતું સમ-શીતોષ્ણપણું અનુભવવાવાળા લોકો, ઈતર લોકો કરતાં તે બાબતમાં ભાગ્યશાળી હોય તેમાં આશ્ચર્ય જ નથી.

જે જીવનો કોઈપણ કુટુંબી નથી હોતો તેવા અનાથ જીવોને પણ સરખી રીતે આધાર આપી બચાવનાર જો કોઈપણ હોય તો તે ધર્મ (પુણ્ય) જ છે.

કોઈપણ પ્રકારના મિત્રોને ન ધારણ કરનાર એવા પુરૂષને અમિત્રો પાસેથી પણ મિત્રોનું કામ બજાવી આપી સહારો આપનાર કોઈપણ હોય તો તે ધર્મ જ છે.

ઈષ્ટ પદાર્થોનો સંયોગ ન થયો હોય તો તેને મેળવી આપનાર અને જો સંયોગ થયેલો હોય તો તેને ટકાવી રાખનાર એવો નાથ કોઈપણ હોય તો તે ધર્મ જ છે.

આ પૂર્વે જણાવ્યા પ્રમાણે કેવળ આ જીવનના નિર્વાહમાં જ ધર્મનું ઉપયોગીપણું છે. એમ નહી, પણ પરભવમાં થતી નરકગતિથી આ જીવને બચાવી દેનાર કોઈપણ હોય તો તે ધર્મ જ છે.

ઉપર જણાવ્યા પ્રમાણે પુણ્યધર્મ જેમ અપૂર્વ કાર્યો કરે છે. તેવી જ રીતે નિર્જરા નામનો ધર્મ તે આ જીવને નિરતિશય એવા સર્વજ્ઞપણાના વૈભવને આપી, અવ્યાબાધ પદને પ્રાપ્ત કરાવી આપે છે.

॥ श्री वर्धमानस्वामिने नमः ॥




[આગમ-મર્મજ્ઞ, બહુશ્રુત-શિરોમણિ, તાત્ત્વિક-દેશનાદક્ષ, સૂક્ષ્મ-પદાર્થ-નિરૂપક, આગમસમ્રાટ્ પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ નાનાવિધ શાસનહિતકર-પ્રવૃત્તિઓના ભારણ-તળે પણ અનેક પ્રકારની સંસ્કૃત-પ્રાકૃત નાની-મોટી સેંકડો રચનાઓનું સર્જન કર્યું છે.

તેમાં બાળજીવોને ઉપયોગી ભક્તિપ્રધાન સાહિત્ય પણ ખૂબ રચ્યું છે, તેમાંની થોડીક સામગ્રી વ્યવસ્થિત રીતે અહીં રજૂ કરાય છે.

સં.]

### श्री तारंगातीर्थाधिप-स्तुतिः

आनन्दोदधिचंद्रमाः भविमनःपंकेरुहार्को जिनः
तारंगाधिप आत्मरूपरमणो ज्ञानामृतांभोनिधिः ।

श्रेयस्कन्दवितानवारिदनिभो मोक्षालयैकस्थितिः,
देयाच्छ्रीअजितो जितान्तररिपुर्भद्राणि वः सर्वदा ॥१॥

पापांधकारदमनः शमनः क्रुधादेः
तारंगपानुशिखरस्थित आप्तपूज्यः ।

यः पापकालदलनः कलनः कुशादेः,
नारंभसाद्रिशिखरोऽजित उप्तपूज्यः ॥२॥

## श्रीपोसीनपार्श्वनाथ-स्तुतिः

कल्याणांबुधिवर्धने शशधरं सद्बोधवल्लचंबुदं,
शुद्धज्ञानपयोजभेदनविधौ वैरोचनं निर्व्यथं ।
सच्चारित्रमणिप्रदानदलितोन्मोहादिशत्रूत्करं;
**पोसीने** जिनपार्श्वमाप्तमहितं स्तौम्यन्वहं भक्तिभाक् ॥३॥

यो जीमूतजलेन नाभिभवितुं दैत्येन शक्तोऽभवत् ,
नासाग्रप्रमितेन विद्युदुदयैर्निर्घातिवृन्दैः सह ।
युक्तः प्रत्यहमात्मसाम्यजलधेः स्थैर्येर्मिमालालिना;
तं प्रत्यूहनिवारणैकनिपुणं **पोसीनपार्श्वं** नमः ॥१॥

नमत **पार्श्वजिनं** गतदूषणं, **नगरपोसिनचैत्यविभूषणंः** ।
नतसुरासुरकिन्नरनायकं, भवहितामृतसिन्धुविधायकं ॥२॥

## श्री वीतरागपरमात्म-स्तुतिः

अद्य मे सफलं जन्म, अद्य मे सफला तनुः ।
अद्य मे सफला वाचो, जिनेन्द्र ! तव संस्तुतेः ॥१॥

लब्धौ भवाम्बुधौ पादौ, ब्रूडता पोतसन्निभौ ।
सुखदारिद्यसंपूर्णो, लब्धवांस्ते वचोनिधिं ॥२॥

कर्मरोगसमाकीर्ण-स्त्वां धन्वन्तरिमाश्रये ।
दोषदैत्यविघाताय, देवेन्द्रर्षिमुपाऽश्रये ॥३॥

गुणरत्नसमाप्त्यै, गुणरत्नाकरं विभुं ।
साम्यामृतरमासिन्धुं ह प्राप्नवं शुभोदयात् ॥३॥

क्रोधवह्निमहाम्भोधिं, गर्वभूभृच्छिदेऽशनिं ।
मायाहिनागदमनीं, लोभरोषोगिरिं नुवे ॥४॥

अज्ञानान्धे तमस्यर्कं, हास्यार्कबादलोच्चयं ।
कामवार्दलवात्याभं, रतिवात्यागिरिं श्रये ॥५॥

प्रेमसानुपविं वर्यं, पविभृत्ततिसेवितं ।
त्वां सेवे सर्वदा लुब्ध-स्तवोक्तिसौरभोच्चये ॥६॥

सदाऽहं धारये चित्ते, जिनेन्द्र ! तव शासनं ।
पापगर्हां सुकृतश्लाघां, चतुःशरणसंश्रयं ॥७॥

પૂ. આગમોદ્ધારક આગમમર્મજ્ઞ
આચાર્યદેવશ્રીએ
ભક્તિપ્રધાન સરળ શૈલિમાં રચેલ
ગૂર્જર-કૃતિઓ.

[ પૂ. આગમોદ્ધારક, બહુશ્રુત, આચાર્ય ભગવંતે, વિવિધ ભક્તિ-પ્રધાન હૃદયોર્મિ વ્યક્ત કરવા બહોળા પ્રમાણમાં ગુજરાતી-હિંદી-સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં વિવિધ સ્તવનો, ચૈત્યવંદનો, આદિની રચના કરી છે. પ્રકાંડ અગાધ આગમિક-વિદ્વાન શ્રુતધર પૂજ્યશ્રીની ભાષા સાહિત્ય પર કેવી પકડ હતી? તેના પરિચય માટે થોડીક કૃતિઓ અહીં રજૂ કરી છે. સં. ]

## શ્રી સિદ્ધાચલજી સ્તવન

( રાગ-ગઝલ )

તીરથ જગ સહુ સાચો; સમકિત શિવ ફળ જાચો ॥ એ ટેક.
જગદીશ્વર વચને જામ્યા, પુંડરિક ગણધર શિવ પામ્યા,
મોહ નૃપને દેઈ તમાચો ॥ તીરથ૦ ૧ ॥

સંજમ ને નાણનો હેતુ, શિવ કમળા ઘરનો સેતુ,
સમકિત ભાવનામાં સાચો ॥ તીરથ૦ ૨ ॥

પાવન પુરૂષે શિરતાજા; વિખ્યાત થયા ગિરિરાજા ।
તીરથ પાવન નહિ કોય ॥ તીરથ૦ ૩ ॥

જિમ ક્ષેત્ર બળે જિન વિચરે; સવિકાલ વિદેહા વિચરે ।
અભવ્ય મન નવી રાચે ॥ તીરથ૦ ૪ ॥

થાનક દૂજે જો કરીએ, ખિણમાં અઘ તેહ વિખરિયે ।
આનંદ યુગલ ધરી જાચો ॥ તીરથ૦ ૫ ॥

## શ્રી સિદ્ધાચલજી સ્તવન

(રાગ–તું હી દેવ સાચો મીલિયો)

ધન્ય જન્મ ગિરિવર નિરખ્યો; જોઈ રોમ રોમ મન હરખ્યોરે । ધન્ય. ।
સતયુગસે આ કલિયુગ સારો, દર્શન દર્શન કારો ।
ભવજલધિ પાર ઉતારો, તીરથ નહિ દૂજો પરખ્યો રે ધન્ય. ૧ ॥
સંઘ સહ મહાવદી આઠમે નીકળી; આવ્યો તુજ દરબારો ।
સૂરિપદ ગણિપદ ધારો; મુનિવર ગણુધર સરખ્યો રે ધન્ય. ૨ ॥
ત્યાગી સચિ[1]ત્તનો બ્રહ્મવ્ર[2]તધારી; આવશ્યક દુગ[3]કારી ।
ભૂમી[4]સંથારી એકા[5]સણુ સહ[6]પદચારી; તુજદર્શન શુદ્ધ મન રાખ્યો
રે ધન્ય. ૩ ॥
સહ દરશન ષટરી પાલે; શુદ્ધ ભાલન સહુ ચાલે ।
ગિરિ ધ્યાન ધરે સવિકાલે; નવી મનમાં ઉપાધિ દાખ્યો રે ધન્ય. ૪ ॥
ભરી થાલ મોતીડે વધાવું; નવ નવી આંગી રચાવું ।
શાસનની શોભ ચઢાવું; પામ્યો જન્મ કૃતાર્થ હરખ્યો રે ધન્ય. ૫ ॥
ઓગણીસે છોંતેર વરસે; ચૈત્ર સુદી તૃતીયા દિવસે ।
દેખ્યો ગિરિરાજ અંતરસે; નવલસુત જીવણુ હરખ્યો રે ધન્ય. ૬ ॥
લઘુકર્મી તુજ પદકજ પૂજે; ભવ સંચિત અઘ ધ્રૂજે ।
નિજ આતમ રૂપ વિબુજે; આજે આનંદ દીલભર પરખ્યો રે ધન્ય. ૭ ॥

## શ્રી અજિતનાથ સ્તવન

(રાગ–અમીરસ ભીનો રે)

ભેટયો ભાવ શુધ તારંગે; દેખ્યો અજિતજિનંદ મન રંગે;
મંદિર જગમેં સબહી દેખે; જોડ નહિ કોઈ ઈસકી ।
ગગનતલે જઈ બાત કરત એ; માનું ઈધરસે ચસકી–ભેટયો. ૧ ॥
મંદિર પાસ ખડા હો દેખો; શિખર ધ્વજા દંડ સાથે ।
વાત વિના શિર પાઘ પડંતી; ત્યૌ સાહી (પકડી) નિજહાથે–ભેટયો. ૨ ॥

મૂરત અજિત જિનંદકી દેખત; માનત સુરગિરિ શોભે ।
નિશદિન નિજ દેદાર નિહાલે; પ્રથમ અમૃત રસ લોભે-ભેટયો. ૩ ॥
અમીરસકી વૃષ્ટિ જિન દૃષ્ટિ; મુજ નયનાં બીચ આવે ।
કામ ક્રોધ સભી તાપ નિવારત; આપત શિવ નિજ ભાવે-ભેટયો. ૪ ॥
સંવત ઓગણીસ ચોરાશી વર્ષે; માઘ વદિ બીજ દિવસે ।
ભેટે વિભુષણ જગકો પાયો, **આનંદ**-અમૃત દિલ ઉલસે-ભેટયો. ૫ ॥

## ૪ શ્રી આદીશ્વર ભગવાન સ્તવન

(રાગ-પ્રથમ જિનેશ્વર પ્રણમીએ)

**આદીશ્વર** જિન સેવીયે, **મરુદેવા** ઉરહંસ ।
**નાભિન**રેસર વંશ નભોતલ હંસ જે, ભવિકમલાકર હંસ ॥૧॥
જે રયણી અરિહંતજી, આવે જનની કૂખ ।
ચઉદહ સુપન લેહ નિર્મલ તેજ દિવાકર, માતા દેખે ગતદુઃખ ॥૨॥
સ્વપ્ન પાઠક નહિં તે સમે, જે કહે સ્વપ્નનો લાભ ।
**નાભિ** કહે **મરુદેવા**ને સ્વપ્ન ફલો તદા, થાય જિન એહ લાભ ॥૩॥
માય પાસે આવી ઈન્દ્રજી કહે જિન જનમ ઉદાર ।
ફાગણ વદ આઠમ દિને જન્મ લહે પ્રભુ, ભુવનમાં જય જય કાર ॥૪॥
ઈન્દ્ર થાપે જિનવંશને, સો શિલ્પ કર્મ ચોસઠ ।
જનહિતે શતપુત્રને રાજ્ય ભળાવીને, ધન વરસે ઉક્કિટ્ઠ ॥૫॥
રાજ્ય કરી શુભ માર્ગનો રાહ કરી જિનચંદ ।
કોડાકોડ અઢાર સાગરનું ટાળતા, અંતર **આનન્દ** સ્યંદ ॥૬॥

## ૫ શ્રી સુપાર્શ્વનાથ સ્તવન

સમરો સદા ભવિક એક ચિત્ત;
કામ કલિ કરવાલ સમો, એ દેવ ન દૂજો જી ।
પ્રભુ શુભ પાર્શ્વ **સુપાર્શ્વ** બિરાજે; ભવિ હૃદયાંબુજ નિત્ય ।
માનું વૈર-વિરોધ સંભારી; મદ મોહાદિ અનિત્ય. સમરો. ૧॥

વિષમ વિપાક વિષય મહીરૂહને; છેદન તીક્ષ્ણ કુઠાર ।
ઘાતી કર્મ ચક્રિ અભ્રપટલને; ભેદન વાત વિસાર સુમરો ૨॥
તુજ વચને માનું દોષ અઢાર; માનું રહિત તે દેવ ।
જે હોવે વ્રત નિયમને ધરતા; ગુરૂ તસ કરશું સેવ ॥સમરો. ૩॥
નય નિક્ષેપ પ્રમાણે સુંદર; શમ દમ ગુણ ભંડાર ।
તુજ સરખો નહિ જગમે દૂજે; ધરમ રયણ ગુણસાર ॥સમરો. ૪॥
વ્યવહારે એ તત્ત્વત્રયી જે; દર્શન જ્ઞાન ચરિત્ર ।
નિશ્ચયથી લહી તુજ મહિમાથી; ધરૂં **આનન્દ** પવિત્ર ॥સમરો. ૫॥

## ૬ સરસી મંડન શ્રી ચંદ્રપ્રભ સ્વતન

(રાગ–સમ્યગ્દર્શન પદ તુમે પ્રણમો)

ચંદ્રપ્રભ જિન ! ભવ ભમતાં રે; મુને મળી અપૂરવ સેવ રે ।
સેવ અપૂરવ પાયો પુણ્યે ।
નહિ તસ સમ જગ કોય રે–મુને. ૧॥
મુદ્રા તુજ નવી પાય દૂજે ।
સૂર તસ કયોં કરૂં સેવ રે–મુને. ૨॥
નિત રામા ઉત્સંગે ધરતા ।
કરયુગમાં હથિયાર રે–મુને. ૩॥
ક્રોધ કૃશાનુસેં વદન જલત હે ।
કરત માલાસેં જાપ રે–મુને. ૪॥
લોભી લંપટ દેવ દેખનસે ।
આવો તુજ પય પાસ રે–મુને. ૫॥
નહિ ઉધરો યદિ કરૂણા નાયક ।
કિમ કહેવાશો નાથ રે–મુને. ૬॥
યોગ ને ક્ષેમ એ દુગને ધારો ।
તો તારો મહારાજ રે–મુને. ૭॥
સરસી મેં શુભ મંદિર નીરખી ।
તુજ મૂરત મનુહાર રે–મુને. ૮॥
અંતરમેં ઘડી દુગ જો આવો ।
પામું **આનન્દ** અપાર રે–મુને. ૯॥

श्री वर्धमान-स्वामिने नमः




[ પ્રાતઃસ્મરણીય, પુનિત નામધેય, આગમિક આર્ષ દ્રષ્ટા, આગમિક વ્યાખ્યાધુરંધર, પ્રાવચનિક-મૂર્ધન્ય, પૂ. શ્રી **આગમોદ્ધારક આચાર્ય દેવશ્રીએ** પૂર્વ-ભવમાં વિશિષ્ટ રીતે આરાધેલ શ્રુતજ્ઞાનના બળે મેળવેલ વિશિષ્ટ શ્રુતાનુસારિણી-પ્રતિભા વડે અનેક આગમિક દુરૂહ-પદાર્થોને પણ તલસ્પર્શી રીતે સ્પષ્ટ કર્યા છે,

વધુમાં સમયે સમયે ચતુર્વિધ શ્રી સંઘ તરફથી જિજ્ઞાસાપૂર્વક પૂછાયેલ અનેક શંકાઓના આગમ અને જીતકલ્પ-પરંપરાને અનુસરતા વ્યવસ્થિત સચોટ ખુલાસાઓ આપેલ છે.

જેના વ્યવસ્થિત સંગ્રહરૂપે "**સાગર-સમાધાન**" ભા.૧.૨ પ્રગટ થયેલ છે.

આ ઉપરાંત પૂ. મહારાજશ્રીએ અનેક જાતના **પ્રશ્નોત્તરો** છૂટક પણ ફરમાવ્યા છે, તેના પ્રકીર્ણ સંગ્રહમાંથી મળી આવેલ મહત્ત્વના પ્રશ્નોત્તરો અહીં રજુ કરાય છે. સં. ]

## પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી
## પ્ર...સા...દી...કૃ...ત
## પાંચ મહાવ્રતને લગતા
# મહત્ત્વના પ્રશ્નોત્તરો

[ આ પ્રશ્નોત્તરો **શ્રી સ્થાનાંગસૂત્ર**ના વ્યાખ્યાનમાંથી ઉપયોગી સમજીને તારવેલા અહીં રજુ કરાય છે. સં.]

**પ્ર. ૧** મહાવ્રતોમાં પ્રાણવધ, હિંસા, જીવવધ કેમ ન વાપર્યા!

**ઉ.** ગણધરો મોક્ષના બારણા ઉઘાડવા બેઠેલ છે. તેથી દોરવાની નીતિને અંગે પ્રાણાતિપાત વિરમણ મૂક્યું છે.

**પ્ર. ૨** બ્રહ્મચર્યને ચોથે નંબરે રાખો, એ તો એની કિંમત ગઈને ?

**ઉ.** **પહેલામાં** આત્માની નુકશાની; **બીજામાં** આત્માના ગુણની નુકશાની; **ત્રીજામાં** પાડોશીની નુકશાની, **ચોથામાં** શાસનને, ધર્મધ્વજને, સ્વર્ગની સીડીને અને આત્માને પણ નુકશાની; તથા **પાંચમામાં** મમત્ત્વભાવ એ દુનિયામાં ડુબાડનાર છે, તેથી આ ક્રમ છે.

**પ્ર. ૩** ચોથું પાપસ્થાનક એ ચારે પાપસ્થાનકોનો બાપ છે, તો પછી એની વિરતિ પ્રથમ કેમ ન લીધી ?

**ઉ.** ચોથું અમુકના બચાવ માટે, જ્યારે પહેલું સર્વના બચાવ માટે....એટલે કે મૈથુન એ સંયોગ રૂપ પ્રાસંગિક ચીજ છે.

મૃષાવાદનો પ્રસંગ ચોવીસ કલાકનો, હાલતાં ચાલતાં.

ચોથા વ્રતના વિષયની અલ્પતા હોવાને લીધે અને મૃષાવાદમાં વિષયનું બહુપણું હોવાને લીધે બીજે નંબરે મૃષાવાદ વિરતિ રાખવાની જરૂર છે.

અદત્તાદાનની અંદર મોટો વિષય છે. તેટલો મથુન–વિરતિમાં નથી.

પ્રાણાતિપાતની વિરતિ સર્વપ્રાણીનો નાશ અટકાવે તેથી પહેલે નંબરે! આત્માના એક ભાગના એક ગુણને અમુક અંશે લોપનાર મૃષાવાદ તે બીજે નંબરે

મૃષાવાદ સર્વ દ્રવ્ય પર્યાય વિષયક, જ્યારે અદત્તાદાન લેવા- મેલવાની ચીજ વિષયક....તેથી બીજે નંબરે ન રાખતાં ત્રીજે નંબરે મૂકયું.

મૈથુન રૂપ અને રૂપસહગતને માટે, તેથી ચોથે નંબરે.

પ્ર. ૪ એક મનુષ્યે સાધુને નદી ઉતરતાં દીઠો, ત્યાં કહી દીધું કે તમારૂં મહાવ્રત ગયું, સર્વપ્રાણાતિપાતના પચ્ચક્ખાણ કર્યાં છે કે નહિ અને અહીં હિંસા થાય છે કે નહિ?

ઉ. સર્વથા પ્રાણાતિપાતથી વિરમવું એ નયવાક્ય છે. માટે અપવાદે ઉતરવી પડતી નદીને છોડીને આ પ્રતિજ્ઞા જાણવી.

પ્ર. ૫ દયા. સત્ય, અદત્તાદાન એ ત્રણમાં જાળી-બારી મૂકી, ચોથામાં બારી કેમ ન મૂકી?

ઉ. આ ત્રણ મહાવ્રતોમાં પરિણતિ અને પ્રવૃત્તિને જુદી રાખી શકાય છે. માટે સ્યાદ્વાદ કરવો ઉચિત છે. પણ ચોથામાં પ્રવૃત્તિની સાથે પરિણતિ બગડે છે. એટલે ઉચિત નથી.

પ્ર. ૬ પહેલા મહાવ્રતને અંગે, બીજાને અંગે, ત્રીજાને અંગે જાળી, બારી, ખાળ, નહેર, પણ ચોથા વ્રતને અંગે જાળી બારી, વગેરે નહિ, આવા ચોથા મહાવ્રતને પહેલે નંબરે ન મુકયું ને ચોથા નંબરે કેમ મૂકયું!

ઉ. હિંસા મોક્ષના આચારને આચરતાં વચમાં આવે છે, પણ મૈથુન એવી ચીજ નથી કે તમારા આચારની વચમાં આવે.

પ્ર. ૭ જબરદસ્ત નિરપવાદ મહાવ્રતને ચોથે નંબરે મુકયું જેને પહેલે નંબરે મુકવું જોઈતું હતું તેને પણ तद् यथाथी કહીને ચોથે સ્થાને જ મેલવાનું કારણ?

ઉ. પહેલામાં છ એ જીવનિકાયની દયા છે. ચોથામાં રૂપ અને રૂપગત આકૃતિ અને તે આકૃતિવાળા દ્રવ્ય જ વિષય છે, તેથી ચોથે સ્થાને તેનો નંબર છે.

પ્ર. ૮ નવતત્ત્વમાં સંવર કરતાં નિર્જરાને આગળ સ્થાન કેમ નહિ?

ઉ. સંવર એ જ ખરેખર નિર્જરાનું કાર્ય કરનાર....સંવરનો પ્રભાવ જબરદસ્ત છે. તે અપેક્ષાએ પાંચ મહાવ્રત એ સંવર રૂપ છે,

પ્ર. ૯ આરંભ અને પરિગ્રહ, તેમાં પરિગ્રહ એ જડ છે. એ પરિગ્રહને છેલ્લા નંબરે ક્યાંથી નાખ્યો?

ઉ. ચાર મહાવ્રતોનું બળ ન મલ્યું તો જીવ મમતા ભાવમાં ઘૂસી જાય, માટે પરિગ્રહ વિરતિ જરૂરી હોઈ પાંચમે સ્થાનકે મૂકી છે.

પ્ર. ૧૦ વિચારની સુંદરતા એ શાસ્ત્રકારનું ધ્યેય છે. તો પહેલાં શાસ્ત્રકારે સૂયગડાંગ કેમ ન કર્યું?

ઉ. આચારને સજ્જડ પકડે તેજ વિચારમાં સજ્જડ થશે આથી પહેલું આચારાંગ કર્યું.

વિચારમાં ઓતપ્રોત થાય ત્યારે તેના વિચારને સુધારો કરવાની જરૂર તેથી **આચારાંગ** પછી **સૂયડાંગ,**

પ્ર. ૧૧ પૂજા-પ્રભાવનાનું નિરૂપણ કરતાં પાંચ મહાવ્રતોનું નિરૂપણ કેમ!

ઉ. દેવ, ગુરૂને ધર્મની જડ મહાવ્રતને અંગે છે. માટે પહેલાં મહાવ્રત જણાવ્યાં.

પ્ર. ૧૨ પરિગ્રહ વિરમણ પાંચમે નંબર કેમ?

ઉ. મૂર્છા છોડવાનો વખત લાવવા માટે બહારની વસ્તુ છોડવાની જરૂર અલ્પ, બહુ છોડવાં તેથી પાંચમે નંબરે તે રાખ્યું.

હિંસા વગેરે ચારમાં બંનેનું બગડે, પણ પરિગ્રહમાં લેનારનું જ બગડે મૂર્છા કરનારનું બગડે.

પ્ર. ૧૩ મહાનો અર્થ 'સર્વથી' વિરતિ, પાંચ પાપની સર્વથી વિરતિ થઈ પણ અઢારની કરવી જોઈએ ને ! અઢાર છોડવાના, તેમાં પાંચ છોડયા, તેથી સર્વવિરતિ ક્યાંથી આવી ગઈ !

ઉત્તર અઢાર મોરચા કર્મરાજાએ માંડેલા છે, પણ તે બધાનું મુખ્યસ્થાન આ પાંચ,

પ્ર. ૧૪ પરિગ્રહ વિરમણ નામ શા માટે રાખ્યું ? પરિ ઉપસર્ગ શા માટે છે ?

ઉત્તર ઉપસર્ગથી વિશિષ્ટ એમ જણાવી સંયમ ઉપકરણ સિવાય એમ જણાવ્યું,

પાંચમાની અંદર સંયમના સાધન સિવાયની ચીજ લેવાની બંધ, તેથી "પરિગ્રહ" નામ રાખ્યું.

પ્ર. ૧૫ મૂર્છા એટલે શું ? મહાવ્રતોની જરૂર ક્યાં સુધી ?

ઉત્તર **જેની પાસે જે વખતે જે હોય તેમાં જે ઝકડાય તે મૂર્છા**

ઝકડાઈ જવાનો સંભવ અગિયારમા સુધી, તો અગિયારમા બારમા સુધી પાંચ મહાવ્રતો જાણવાં,

પ્ર. ૧૬ કોઈ જગ્યા પર શ્રાવકના એકવીશ ગુણ કહ્યા, કોઈ જગ્યા પર માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ કહ્યા. તો માનવા કયા !

ઉત્તર કુટુંબને તૈયાર કરવા માટે માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો અને પોતાના આત્માને તૈયાર કરવા માટે એકવીસ ગુણો,

વ્યક્તિ તરીકે એકવીસ ગુણો, કૌટુમ્બિક તરીકે પાંત્રીસ ગુણોની જરૂર

પ્ર. ૧૭ દ્રવ્ય હિંસાથી વિરમાવો છો ને નામ આપવાનું મહાવ્રત ? 'પ્રાણાતિપાત' શબ્દ લીધો એટલે બંદોબસ્ત કર્યો ખાળનો, એટલે દરવાજે કોઈ નહિ, ખાળે ચોકીદાર કે બીજું કંઈ ?

ઉત્તર પ્રમત્તયોગ એ ચારેમાં રહેલો છે, માટે સાધારણ કારણ પ્રમત્તયોગ કારણ હોવાથી તેનાથી વ્યપદેશ કર્યો નહિ.

પ્રાણનું વ્યપરોપણ એ અસાધારણ કારણ છે, પહેલાં મહાવ્રતમાં સર્વથા પ્રાણાતિપાતથી વિરમવાનું કહ્યું.

અસાધારણથી વ્યપદેશ થાય, મહાવ્રત તરીકેનો વ્યપદેશ અસાધારણ કારણનો કરવો તેથી તે વ્યપદેશ કર્યો,

પ્ર. ૧૮ પ્રાણાતિપાત વિરમણ એ નામ કેમ રાખ્યું ? હિંસા (વિરમણ) કેમ ન રાખ્યું ?

ઉ. આચારને અંગે સૂત્ર રચાયેલું છે, તેથી 'હિંસા' શબ્દ ન લેતાં પ્રાણાતિપાત શબ્દ લીધો.

પ્ર. ૧૯ જીવાઇવાયાઓ કેમ કહેતા નથી ને પ્રાણાતિપાત કેમ કહો છો ?

ઉ. ઉત્સર્ગ અને અપવાદ પ્રાણાતિપાત શબ્દ રાખો તો નિકળે, 'જીવાતિપાત' શબ્દ રાખો તો ન નીકળે.

જીવાતિપાત રાખો તો પડિલેહણ, પ્રમાર્જનને દેશપલટો દેવો પડે છે,

ઉત્સર્ગ, અપવાદને અંગે વિચાર કરીએ, જીવને હિસાબે ત્રસને સ્થાવર સરખા છે. પ્રાણનો હિસાબ સરખો નથી, અહીં જીવનો હિસાબ નથી તેથી પ્રાણાતિપાત વિરમણ રાખ્યું,

દ્રવ્ય પ્રાણમાં નહિ રહેતાં ભાવપ્રાણમાં આવશો ત્યારે પ્રાણાતિપાત વિરમણ કેમ રાખ્યું ? તે ખ્યાલમાં આવશે,

પ્ર. ૨૦ પ્રાણાતિપાત વિરમણ કેમ કહ્યું ? જીવહિંસા (વિરમણ)કેમ કહ્યું નહી ?

ઉ. જીવનો નાશ બન્યો નથી. બનશે નહિ અને બને નહિ જીવથી વિરમણ ન કહ્યું તેથી પ્રાણાતિપાત વિરમણ કહ્યું,

પ્ર. ૨૧ 'હિંસા' ને બદલે 'વધ' શબ્દ રાખ્યો હોત તો ?

ઉ. 'વધ' શબ્દ હિંસાની વાંસે લટકયો છે. હિંસાની સિદ્ધિ પ્રમાણે વધની સિદ્ધિ છે.

## तात्त्विक प्रश्नोत्तराणि
### ग्रंथनो संक्षिप्त
### गुर्जरानुवाद

[ आगमसम्राट्, आगमिक-प्रतिभासंपन्न सूक्ष्म तत्त्वचिंतक पू. आगमोद्धारक-आचार्यदेवश्रीए आ-जीवन चिंतन-मनन द्वारा आत्मसात् करेल आगमिक-पदार्थोना रहस्यने टूंका प्रश्नोत्तरो रूपे अधिकारी-जीवोना हितार्थे संस्कृतमां "तात्त्विक प्रश्नोत्तराणि" ग्रंथ बनावेल छे, ते ग्रंथना प्रश्नोत्तरो "आगमज्योत" (वर्ष-९ पु. ४ पृ. २५ थी ३०)मां प्रश्न नं. ८८ थी ९२ सुधी आपेल छे-ए वर्षथी कारणवश प्रश्नोत्तरो आपी नहीं शकेल, तेनी सखेद नोंध साथे आ वर्षे पृ. नं. ९३ थी ९७ प्रश्नो अर्थ साथे आपवामां आवे छे. सं.]

प्र. ९३ ननु 'निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियं लब्ध्युपयोगौ भावेन्द्रियमिति परं किमिन्द्रियं कां दशां यावद् भवतीति ।

उ. शरीरतया परिणतपुद्गलेभ्य इन्द्रियोग्यांस्तानादायेन्द्रियस्थानेषु यावत् स्थापनं भवति तावन्निर्वृत्तीन्द्रियं,

स्थापितेषु च तेषु यद्यत्स्व-स्वविषयग्रहणसामर्थ्यं तदुपकरणेन्द्रियं, पूर्वभवात्त-त्तदावरणक्षयोपशमो य आनीतः येन लब्धीन्द्रि-येणान्तरगतौ सेन्द्रियाः सर्वे भवन्ति, स क्षयोपशमो लब्धीन्द्रियं, यदा चात्मा तत्तद्विषयग्रहणे सावधानो भवति उपयोगेन्द्रियं, अनेन सर्वेऽपि जीवा एकेन्द्रियास्तत्रापि यत्रैव विषये, मनसस्तु शरीरव्यापित्वं च न तदेकविषयनियामकम् ॥

प्र. ९३ निवृत्ति अने उपकरण ए बे द्रव्येन्द्रिय कहेवाय, अने लब्धि अने उपयोग ए बे भावेन्द्रिय कहेवाय. पण ज्ञाननी भूमिकाए कयी चोकसाईथी कयी इन्द्रिय क्यारे प्रवर्ते ? तेनी समजुती शी ?

ઉત્તર શરીરપણે પરિણમેલ પુદ્ગલોમાંથી ઇન્દ્રિયને યોગ્ય ઔદારિક પુદ્ગલો ઇન્દ્રિયના સ્થાનોમાં સ્થાપિત થયેલ હોય તે **નિર્વૃત્તીન્દ્રિય** કહેવાય.

તે સ્થાપન થયેલ પુદ્ગલોમાં પોતાના વિષયોને જાણવાનું જે સામર્થ્ય તે **ઉપકરણ ઇન્દ્રિય.**

વળી જ્ઞાનાવરણીયનો જે ક્ષયોપશમ કે જે પૂર્વભવથી સાથે લાવેલ છે, તથા જે લબ્ધિરૂપ કહેવાય છે, જેનાથી અપાન્તરાલ–ગતિમાં જીવો ઇન્દ્રિયવાળા કહેવાય છે, તે **લબ્ધિઇન્દ્રિય.**

તથા જ્યારે તે તે વિષયના જ્ઞાન માટે આત્મા સાવધ થાય છે, તેનું નામ **ઉપયોગ ઇન્દ્રિય**

આ ઉપયોગથી બધા જીવો એકેન્દ્રિય કહેવાય. મન આખા શરીરમાં વ્યાપક છે. તે એક વિષય સાથે નિયમિત નથી.

प्र. ९४ ननु 'मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परिषहा' इति सिद्धान्ते सत्यपि केऽप्यदर्शनमेव दर्शन–मोहेऽवतार्य तमेवैकं मार्गाच्यवनार्थ-माचक्षते, शेषानेकविंशतिं च निर्जरार्थं, परे प्रज्ञापरिषहमपि 'णत्थि णूणं परे लोए' त्यादिकमदर्शनपरिषहं चावतारयन्ति तत्कथमिति ॥

उ. विरट्ठुगंमि विरओत्त्यादिगाथोक्तं स्वविषये चिन्तयतो ज्ञानावरणोदयः क्रियाया नैष्फल्यं चिन्तयतोऽदर्शनपरिषहः, स च मार्गाच्यवनार्थमेव सोढव्य इति, ज्ञापयति चानेन यदन्येऽपि क्षुदादयः परिषहा अदर्शभाविर्भावकाश्चेद् भवेयुस्तदा तेऽपि तत्र गणनीया इति प्रज्ञाऽज्ञानयोर्भावाभावतया व्याख्यानाद् द्वयोः समावेशोऽपि उभयत्रेति ॥

પ્ર. ૯૪ માર્ગમાંથી ખસી ન જવાય; અને કર્મની નિર્જરા માટે પરિષહો સહન કરવા ” એ જાતનો સિદ્ધાંત હોવા છતાં **દર્શન પરિષહને** દર્શન મોહનીયમાં ઘટાવી માર્ગમાંથી

ખસી ન જવાય. તે હેતુને દર્શન-પરિષહમાં ઘટાવે છે. અને બાકીના એકવીશ પરિષહોને કર્મની નિર્જરા માટે કેટલાક જણાવે છે.

વળી બીજા આચાર્યો-પ્રજ્ઞા પરિષહને પણ "णत्थि णूणं परे लोए" ઈત્યાદિરૂપે દર્શન પરિષહમાં ઘટાવે છે.... તો આમાં સાચું શું ?

ઉ. "जिरट्ठगंमि विरओ. એ ગાથામાં કહ્યા પ્રમાણે પોતે ગ્લાનિ અનુભવે તો તે જ્ઞાનાવરણીયનો ઉદય ગણાય. ક્રિયાની નિષ્ફલતા ચિંતવે તો **દર્શનપરિષહ** ગણાય. તે માર્ગમાંથી ન ખસી જવાય તે માટે જરૂર સહન કરવો.

આ ઉપરથી એમ જણાવાય છે કે બીજા ક્ષુધા આદિ પરિષહો પણ જો મિથ્યાત્વને પ્રકટાવનાર બનતા હોય તો તે પરિષહો પણ તેમાં-દર્શનની શુદ્ધિમાં ગણાય,

આ પ્રમાણે પ્રજ્ઞા અને અજ્ઞાન બંને ભાવ-અભાવ સ્વરૂપ હોઈ બન્નેનો બન્નેમાં સમાવેશ થઇ શકે.

प्र. ९५ ननु रागद्वेषा दीनामकिञ्चित्करत्वापादनेन नामनं आपातभयाभावाच्च जयः सर्वैरपि श्रमणैर्विशेषतश्च सर्वैरपि वीतरागैः क्रियते एव, तत्कथमर्हल्लक्षणे तन्निवेश इति ।

उ. सत्यं, शक्रादिकृतामसाधारणामशोकाद्यष्ट-प्रातिहार्यपूजामन्य-योगव्यवच्छेदमार्गेण यो जयः! रागद्वेष-जयादीनित्वयोगव्यवच्छेद-मार्गेणेति न कोप्याशङ्कोद्भवः, अज्ञानादीनामभावोऽप्यनेन मार्गेण योज्यः ।

પ્ર. ૯૫ રાગ-દ્વેષાદિ અંતરંગ શત્રુઓને અકિંચિતકર બનાવવા રૂપે નમાવવાનું કામ અને ફરી કદી માથું ન ઉંચકે તે રીતે તેઓનો જય બધા સાધુઓ અને વિશેષે કરીને વીતરાગ

અવસ્થાએ પહોંચેલ બધા પુણ્યવાનો કરે જ છે. તો અરિહંત પરમાત્માના લક્ષણમાં રાગાદિ–શત્રુઓને જેઓએ જીત્યા છે. તેવી વાત શા માટે રજુ કરી ?

ઉ. વાત તમારી સાચી ! પણ અરિહંત પરમાત્માઓમાં જે રાગાદિ–શત્રુઓનો જય છે તે ચોસઠ ઇન્દ્રોએ કરેલ અસાધારણ અષ્ટ–મહાપ્રાતિહાર્યાદિ પૂજાના અન્યયોગ–વ્યવચ્છેદના ગર્ભિત સૂચનથી વિશિષ્ટ કોટિનો છે.

જ્યારે બીજા વીતરાગ શ્રમણ ભગવંતોએ કરેલ રાગાદિનો જય તે અયોગવ્યવચ્છેદ રૂપે માત્ર તે દુષણોના અભાવ રૂપે જાણવો.

આ રીતે વિચારવાથી કોઈ શંકા ઉભી થાય તેમ નથી. અજ્ઞાનાદિનો અભાવ પણ આ રીતે ઘટાવવો.

प्र. ९६ ननु परिषहाणामुपसर्गाणां कः प्रतिविशेषः ? सहनंक्रिया चोभयत्रापि यतः समा दृश्यते इति ।

उ. परिषहाणां व्यापकत्वात्तत्त्वतो न कश्चित्, सामान्यतस्तु परिषहेषु क्रियायाः प्राधान्यं, कर्तुश्चोपसर्गेषु, परिषहाणां यतनया प्रतिपक्षसेवयाऽपि संयमबाधो न; उपसर्गेषु तु सहनमेव संयम इति । तत उपसृज्यतेऽनेनेति करणेऽपि घञ्करणमिति, परिषहाणामुदीरणेनापि सहनं निर्जराकारणम् उपसर्गाणां त्वागतानां, न ह्युपसर्गकारकास्तथाप्रवर्तनीयास्तथाकरणे साधुभिः,क्षुदादिपरिषहास्तु अभ्युपेयास्तत्तत्प्रासुकाद्याहारादित्यागादिभिरपि, परिषहा इन्द्रियविषयाणां प्रातिकूल्ये एव, प्राय उपसर्गास्तु द्विधापि, स्त्रीसत्कारप्रज्ञा अनुकूलाभासाः अब्रह्माहंकारयोर्वर्जनार्थत्वान्न तेऽनुकूलास्तत्त्वत', जिनपतीनां सति कैवल्ये आश्चर्यमुपसर्गस्योद्भवे, न परिषहाणां, किञ्च उपसर्गेषु तत्कारकपरिणामा हेतवः, परिषहास्तु संयमरक्षाभिप्रायभवा इति ॥

પ્ર. ૮૬ પરિષહો અને ઉપસર્ગોમાં શો તફાવત? સહન-ક્રિયા બન્નેમાં એક સરખી દેખાય છે.

ઉ. પરિષહોની વ્યાખ્યા વ્યાપક હોવાથી ખરેખર કંઈ ભેદ નથી! તેમ છતાં સામાન્યથી પરિષહોમાં ક્રિયાની પ્રધાનતા છે. ઉપસર્ગોમાં કર્તાની પ્રધાનતા છે.

વળી પરિષહોમાં જયણાથી પ્રતિપક્ષ-ભાવના કરવાથી પણ સંયમ રહી શકે છે. પણ ઉપસર્ગોમાં તો સહન કરવાથી જ સંયમ રહે છે.

તેથી જ ઉપસર્ગોમાં કરણ અર્થમાં પ્રત્યય ઘञ् હોવાથી જેના વડે આત્મા ઉપસર્જિત થાય= સહનક્રિયાથી સંયમમાં ટકે= એવો અર્થ ઘટી શકે.

પરિષહો ઉદીરણા કરીને પણ સહન કરવાથી નિર્જરાનું કારણ બને, ત્યારે ઉપસર્ગોમાં તો આવેલાજ સહન કરવાના, ઉપસર્ગોમાં ઉદીરણા ન હોય કે ઉપસર્ગ કરનારાઓને પ્રેરણા ન કરાય!

ક્ષુધા આદિ પરિષહો તો તેવા પ્રાસુક આહારાદિના આગ્રહ કે તેવા અનેષણીય આહારાદિના ત્યાગથી સ્વેચ્છા-પૂર્વક સામે આવીને પણ સહન કરી શકાય છે.

તથા પરિષહો ઇન્દ્રિયના વિષયોની પ્રતિકૂલતાએ હોય છે- જ્યારે ઉપસર્ગો તો અનુકૂલ-પ્રતિકૂલ બન્ને જાતના હોય, જોકે સ્થૂલ બુદ્ધિથી સ્ત્રીપરિષહ, સત્કાર પરિષહ અને પ્રજ્ઞા-પરિષહ અનુકૂલ પરિષહો ગણાય છે. પણ હકીકતમાં આમાં અબ્રહ્મ-કામવાસનાનો તથા અહંકારનો ત્યાગ કરવાનો હોઈ છેવટે તો આ પરિષહો પ્રતિકૂલ જ નિવડે છે.

તથા શ્રી તીર્થંકર પરમાત્માઓને કેવલજ્ઞાન પછી ઉપસર્ગ થવાથી આશ્ચર્યમાં ગણના છે. જ્યારે પરિષહોનો સંભવ છતાં તે આશ્ચર્યમાં ગણાતું નથી.

વળી ઉપસર્ગોમાં ઉપસર્ગ કરવાના પરિણામ કારણ છે. પરિષહોમાં તો સંયમની રક્ષાના અભિપ્રાય મુખ્ય છે.

प्र. ९७ ननु रागद्वेषयोर्जयोक्त्या कषायेन्द्रियपरिषहाणां जयो गतार्थ एव, तत्किमर्थं पृथक् तज्जयः स्तूयते ? इति ।

उ. अयोग-व्यवच्छेदपरा गाथैषा । अन्ये च धृतदेवाह्वाना अपि रागादिभिर्व्यस्तैः समस्तैश्च पराजिताः, स चैकतमोऽप्यत्र रागादिपराजयो नात्रार्हतीति नात्रांशतोऽपि देवत्वस्यायोग इत्ययोग व्यवच्छेदे सर्वेषां सार्थकता जयानामिति ॥

પ્ર. ૯૭ રાગદ્વેષનો જય કહ્યો એટલે કષાયો અને ઈન્દ્રિયો અને પરિષહોનો જય આવી જ ગયો. તો શા માટે અરિહંત પરમાત્માના સ્વરૂપમાં રાગ-દ્વેષના જય ઉપરાંત કષાયાદિનો પણ જય સ્મૃતિરૂપે જણાવ્યો છે ?

ઉ. આ ગાથામાં અયોગવ્યવચ્છેદનો દૃષ્ટિકોણ મુખ્ય છે. તેથી લૌકિક હરિ-હરાદિમાં દેવનું નામ ધરાવવા છતાં ઉપર જણાવેલ રાગાદિ સમસ્ત કે તેમાંના છૂટક દોષોથી તેઓ પરાભૂત છે. તો આવો રાગાદિનો પરાજય અહીં ઈષ્ટ નથી એ તત્ત્વ છે.

## શ્રી આગમજ્યોત સ્થાયી નિધિમાં લાભ લેનાર ભાગ્યશાળીઓની નામાવલિ

૧૦૦) પૂ. પં. શ્રી અભયસાગરજી મ.ના ઉપદેશથી
મહેસાણા જૈન સુધારા ખાતાની પેઢી તરફથી

૨૫૦) પૂ. પં. શ્રી સુર્યોદયસાગરજી મ.ના ઉપદેશથી
શેઠ ડોસાભાઈ અભેચંદની પેઢી તરફથી

૧૦૧) પૂ. પં. શ્રી સૌભાગ્યસાગરજી મ.ના ઉપદેશથી
જે. બી. પરીખ વડોદરાવાળા તરફથી

## 卐 નમ્ર વિજ્ઞપ્તિ 卐

આ પ્રકાશન ચતુર્વિધ શ્રી સંઘના હિતાર્થે તાત્ત્વિક દૃષ્ટિના લક્ષ્યથી કરવામાં આવ્યું છે, જે પુણ્યાત્માને સંજોગવશ આની ઉપયોગિતા ન જણાય તો આગમિક વસ્તુથી ભરપુર આ પ્રકાશનની આશાતનાથી બચવા માટે યોગ્ય અધિકારી સાધુ-સાધ્વી કે વિવેકી ગૃહસ્થને અથવા યોગ્ય જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનમંદિર કે પુસ્તકાલયને આ પ્રકાશન ભેટ આપી સુરક્ષિતપણે જળવાઈ રહે તેવો પ્રબંધ કરવો.

કોઈ સંજોગોમાં આ પુસ્તક કચરાપટ્ટી કે રદ્દી તરીકે પડી રહી અવહેલના ન પામે તેનું પુરતું ધ્યાન રાખવા નમ્ર વિજ્ઞપ્તિ છે.

આનું પ્રકાશન દર વર્ષની આસો સુદ પૂર્ણિમાએ થાય છે. ચતુર્વિધ શ્રીસંઘના હિતાર્થે આનું પ્રકાશન પૂ. સાધુ, સાધ્વીજી, જ્ઞાનભંડારો તથા તત્ત્વરૂચિ ગૃહસ્થ આદિને વિના મૂલ્યે મોકલાય છે.

ધર્મપ્રેમીઓને સ્થાઈ કોશમાં ૧૦૧ લખાવી સ્થાયી ગ્રાહક થવા ભલામણ છે.

આર્થિક લાભ લેવાનું સરનામું
શ્રી આગમો. ગ્રંથમાળા
રમણલાલ જેચંદભાઈ શાહ
કાપડ બજાર,
Po. કપડવંજ (જી. ખેડા)

પ્રાપ્તિસ્થાન :
'આગમ જ્યોત' કાર્યાલય
માસ્તર હરગોવનભાઈ
મીઠાભાઈ ગુલાબચંદ જૈન
ઉપાશ્રય દલાલવાડા, કપડવંજ

# સાગરનાં મોતી



* આપણા જીવનને ડોળી નાખનાર રાગ-દ્વેષ અને મોહને વધારનારા જગતના ભૌતિક-પદાર્થોને સુખશાન્તિ આપનારા માનવા તે ખરેખર વિચારક-બુદ્ધિની ખામી જણાય છે.
* અશુભ કર્મોનો બોજો દુઃખ અને અશાન્તિ ભોગવવા દ્વારા ઘટે છે, તો તેમાં ગભરાવાની જરૂર શી?
* સુખશાન્તિનાં સાધનોને ઉમંગપૂર્વક ભોગવવાથી બાંધીને લાવેલ શુભકર્મની મુંડી ખલાસ થાય છે, તો ગભરામણ થવાને બદલે હર્ષ-આનંદ કેમ? આ હકીકત ખૂબ જ વિચારણીય છે.
* વિચારોને અમલમાં મૂકતાં પહેલાં વિવેકબુદ્ધિથી પરિણામનો વિચાર કરવો જરૂરી છતાં સંસ્કારોના ધક્કાથી વિચાર-શક્તિ વિકૃત બની જવાથી વિપરીત માર્ગે આપણી દોડધામ ચાલુ રહે છે.
* ગુણાનુરાગ અને સ્વદોષદર્શન આરાધક-ભાવને વધારવા-ટકાવવા ઉપયોગી બાબત છે.
* ડાહ્યા અને સમજુ ગણાતા માનવો પણ વિકારી-ભાવોના ઉદયમાં વિવેકહીન બની જાય છે, તેથી આંતરની જાગૃતિથી ઉદયમાં આવતા વિકારી ભાવોને ફળશૂન્ય બનાવવા પ્રયત્ન કરવો જરૂરી છે.
* ભોગની વાસના મનને બહેકાવી દે છે, તેથી સદ્‌વિચાર વિવેક કે સમજણને વ્યવહારૂ બનવા માટેની ભૂમિકા ખલાસ થઈ જાય છે.
* જ્ઞાનીઓના ચરણે વિનયથી બેસી દૃષ્ટિની કેળવણી કર્યા વિના વસ્તુનું સાચું સ્વરૂપ સમજાતું નથી.

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ-૩૮૦૦૦૧